

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
# ભાગ – ૧૦

# ચાર મૂલ સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : કયા ચાર સૂત્રો મૂલ સૂત્ર કહેવાય છે ? શા માટે ?**

**જવાબ–** નંદી સૂત્રની આગમ સૂચીમાં અંગબાહ્ય સૂત્રોમાં આ સૂત્રોની ગણના થઈ છે. જેમાં એક ઉત્તરાધ્યયન સૂત્ર કાલિક સૂત્રોમાં છે. શેષ ત્રણ સૂત્ર એટલે કે દશવૈકાલિક સૂત્ર, નંદી સૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર ઉત્કાલિક સૂત્રો છે.

ગણધર પ્રભુ દ્વાદશાંગી શાસ્ત્રોની રચના કરે છે. તે બધા કાલિકસૂત્ર હોય છે. તેમાંથી જ ઉદ્ધૃત કરીને જે શાસ્ત્રોની રચના બહુશ્રુત આચાર્યો કરે છે તે પણ ગણધરોની શબ્દ રચના હોવાથી કાલિક સૂત્ર કહેવાય છે. જે શાસ્ત્રોમાં શબ્દ રચના આચાર્યોની થઈ જાય અને ભાવો ગણધર રચિત આગમના જ હોય તે શાસ્ત્ર ઉત્કાલિક સૂત્ર કહેવાય છે.

આ પરિભાષાના આધારે જ સંભવતઃ નંદી સૂત્રમાં કાલિક અને ઉત્કાલિક સૂત્રોના બે વિભાજન થયા છે. માટે અહીં ઉત્તરાધ્યયન સૂત્રમાં ગણધરોની મૌલિક શબ્દાવલિ છે અને શેષ ત્રણ સૂત્ર દશવૈકાલિક આદિમાં આચાર્યોની પોતાની શબ્દશૈલી છે છતાં ભાવો ગણધરકૃત શાસ્ત્રોમાંથી લીધેલ છે, તેમ સમજી લેવું જોઈએ.

આ પુસ્તકમાં ચાર મૂલ સૂત્રો સાથે આવશ્યક સૂત્રને પણ લીધેલ છે. અપેક્ષાથી તે નોકાલિક નોઉત્કાલિક અંગબાહ્ય શાસ્ત્ર છે. આ શાસ્ત્રના પાઠોના ઉચ્ચારણ માટે કાલ–અકાલ કે સ્વાધ્યાય–અસ્વાધ્યાયનો કોઈ નિયમ નથી. ખરેખર તે શાસ્ત્ર ગણધર રચિત હોવા છતાં પણ ૨૪ કલાકમાં ક્યારે ય પણ તેના પાઠોનું ઉચ્ચારણ થઈ શકે છે. તે યથાસમયે અવશ્ય કરણીય હોવાના કારણે જ 'આવશ્યક સૂત્ર' નામથી ઓળખાય છે.

જિનશાસનનો આ વીતરાગ ધર્મ વિનયમૂળ ધર્મ છે, તેમ ભગવતી સૂત્રમાં કહેવામાં આવેલ છે. પ્રસ્તુતના ચારે સૂત્રો વિનય મૂળ ધર્મની પ્રધાનતાવાળા છે એટલે કે તેમાં વિનયથી જ વિષયનો કે અધ્યયનનો પ્રારંભ થયેલ છે. જેમ કે ઉત્તરાધ્યયનનું પહેલું અધ્યયન વિનયનું છે. દશવૈકાલિકના પહેલા અધ્યયનની





પહેલી ગાથામાં ધર્મી વ્યક્તિ દેવો માટે પણ નમસ્કરણીય છે તેમ વિનય ધર્મને સ્વીકારેલ છે. નંદી સૂત્રના પ્રારંભમાં ૫૦ ગાથાઓમાં વિનયમૂલક ગુણ સ્તુતિ છે. તેમજ અનુયોગદ્વાર સૂત્રનો પ્રારંભ વિનયમૂલક જ્ઞાનથી થયેલ છે. આ રીતે ચારેય સૂત્રોમાં ધર્મના મૌલિક ગુણ વિનય–જ્ઞાનની મુખ્યતાએ વર્ણન પ્રારંભ થયેલ છે.

આગમોમાં ક્યાંય પણ આ શાસ્ત્રોને 'મૂલસૂત્ર' એમ કહેવાયેલ નથી. છતાં પણ પોતાની ગુણ ગરિમાથી આ શાસ્ત્રો અજ્ઞાત કાલથી મૂળસૂત્રોના નામથી પ્રસિદ્ધિ પામેલ છે અને સર્વ માન્ય પણ છે.

## આત્મ હિત શિક્ષા

**જો આત્મકલ્યાણ કરવું હોય તો.....**

- *જોશમાં હોશ અને ક્રાન્તિમાં શાન્તિ જાળવવી.*
- *પર નિંદા, તિરસ્કારિત (તુચ્છ) ભાષા અને ભાવ–ભંગીથી મુક્તિ પામો.*
- *મારા-તારાના ભેદથી બચીને રહો.*
- *સમભાવોથી પોતાના સંયમ જીવનને સફળ બનાવો.*
- *દ્રવ્ય ક્રિયાની ઉત્કૃષ્ટતાની સાથે-સાથે ભાવ શુદ્ધિ એટલે હૃદયની પવિત્રતા પામીને પરમ શાંત અને ગંભીર બનવું.*
- *સંકુચિત, ક્ષુદ્ર અને અધીરાઈવાળી મનોદશાથી મુક્ત બનવું*
- *ગંભીર સંત રત્ન બનીને, જિનશાસનમાં પ્રકાશ ફેલાવીને પોતાનું જીવન ધન્ય બનાવવું.*
- *સાધુ અને સાધુઓની વાણી આ જગતમાં અમૃતસમ છે.*
- *અમૃત જો ઝેરનું કામ કરે તો તે આશ્ચર્ય છે.*
- *કોઈનું સારૂં ન કરી શકો તો, કોઈનું ખરાબ તો ન જ કરો.*
- *કોઈની નિંદા, તિરસ્કાર આત્માને માટે ઝેર સમાન છે, તે સંસાર પરિભ્રમણનો રસ્તો છે. (જુઓ–સૂય. અ. ૨, ઉ. ૨, ગા.૨.)*
- *કોઈને નીચે પાડવાની ચેષ્ટા કરવી દુષ્ટવૃત્તિ છે.*
- *સંપ્રદાયના નશામાં ફુલાવું મૂર્ખતા છે. સમભાવ ધરવાથી અને પવિત્ર હૃદયી બનવાથી સંસાર તરવો શક્ય બને છે.*
- *નાની એવી જીંદગાનીમાં કોઈથી અપ્રેમ અથવા વૈરભાવ ન કરવો.*

# ઉત્તરાધ્યયન સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો મૌલિક પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** આ શાસ્ત્રમાં શ્રેષ્ઠ શ્રેષ્ઠતમ ઉપદેશી, આચાર પ્રધાન, સંયમ પ્રધાન, વૈરાગ્ય પ્રધાન અને તત્ત્વ પ્રધાન અધ્યયનો હોવાથી તેનું નામ બહુશ્રુત આચાર્યોએ ઉત્તરાધ્યયન રાખેલ છે. તેમજ જૈન જગતમાં આ શાસ્ત્રને ભગવાન મહાવીરની અંતિમ દેશના રૂપે પણ માનવામાં આવે છે. જેનો મૌલિક આધાર એ છે કે તે અધ્યયનોનું પ્રાચીન નામ महावीर भासियाइ હતું અને તેની સાથે **"અંતિમ દેશના"** શ્રદ્ધાથી જોડાઈ ગયેલ માટે આ ભગવાનની અંતિમવાણી રૂપે પ્રસિદ્ધિ પામેલ શાસ્ત્ર છે.

ખરેખર આ અધ્યયનો પ્રશ્નવ્યાકરણ સૂત્રના છે અને તે શાસ્ત્ર ગણધર રચિત છે. સ્થાનાંગ, સમવાયાંગ અને નંદી સૂત્રમાં તેનો પરિચય છે. તે આધારે પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ઋષિભાષિત, મહાવીર ભાષિત અને આચાર્ય ભાષિત અધ્યયનો હતા. તેમજ ઘણી વિદ્યાઓ પણ તે શાસ્ત્રમાં હતી. શાસ્ત્ર લેખનના સમયે તે વિદ્યાઓનું લેખન કરવું ઉચિત ન જણાતાં સ્થગિત રાખેલ અને તેમાંથી અવશેષ રહેતા અધ્યયનોથી ઋષિભાષિત સૂત્ર, મહાવીર ભાષિત સૂત્ર (ઉત્તરાધ્યયન) અને આચાર્ય ભાષિત અધ્યયન રૂપે પ્રશ્નવ્યાકરણસૂત્રનું વિભાજીકરણ થયેલ છે. આમ ત્રણે ય સૂત્રો મૂલ રૂપે ગણધર રચિત જ છે. નંદી સૂત્રમાં તેના નામ પણ કાલિક સૂત્ર રૂપે જ લખાયેલ છે.

વર્તમાનમાં આ ત્રણેય શાસ્ત્રો ઉપલબ્ધ છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આશ્રવ સંવરનું વર્ણન અવશેષ રહેલ છે. ઋષિભાષિત સૂત્ર પણ ૪૫ અધ્યાય રૂપે ઉપલબ્ધ છે તથા ૩૬ અધ્યયનાત્મક ઉત્તરાધ્યયન સૂત્ર પણ મહાવીરની અંતિમ વાણીના નામે ઉપલબ્ધ છે.

**પ્રશ્ન–૨ : ભગવાન મહાવીરે મોક્ષ જતાં સમયે અંતિમ દેશના રૂપ કયા અધ્યયનો ફરમાવેલ ?**

**જવાબ–** સમવાયાંગ સૂત્રના વર્ણન પ્રમાણે ૫૫ સુખવિપાકના અને ૫૫ દુઃખ વિપાકના અધ્યયનો ભગવાને અંતિમ દેશના રૂપે ફરમાવેલ. સમવાયાંગમાં ઉત્તરાધ્યયના ૩૬ અધ્યયનો વર્ણન પામેલ છે પરંતુ તેની સાથે અંતિમ દેશનાની વાત કરેલ નથી, માત્ર છત્રીસમાં સમવાયમાં ૩૬ અધ્યયનના નામ ગણાવ્યા છે.





તેના માટે અંતિમ દેશનાની વાત ગ્રંથો અને વ્યાખ્યાઓમાં આવે છે કે અંતિમ સમયે ભગવાને ૩૬ અધ્યયનો ફરમાવીને ૩૭ મા અધ્યયનનો પ્રારંભ કર્યો હતો અને મોક્ષ પધારી ગયા. પરંતુ મૂળપાઠમાં આવું કંઈ વર્ણન છે જ નહીં.

**પ્રશ્ન–૩ : ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર વ્યાખ્યા સાહિત્ય કઈ રીતે ઉપલબ્ધ છે ?**

**જવાબ–** સર્વ પ્રથમ આ સૂત્ર ઉપર આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ નિર્યુક્તિ નામની વ્યાખ્યા કરેલ. જે વીર નિર્વાણની ૧૧ મી શતાબ્દિમાં થયા છે. ત્યાર પછી આ સૂત્ર પર ભાષ્ય રૂપે વ્યાખ્યા પણ થઈ પરંતુ આજે તે નિર્યુક્તિ અને ભાષ્ય ગાથાઓ પૂર્ણ રીતે ભળી ગયેલ છે. કારણ કે તે બંને પ્રાકૃત પદ્યમય હતી. માટે તે સર્વ વ્યાખ્યા આજે નિર્યુક્તિ રૂપે જ પ્રકાશિત થયેલ મળે છે. તે નિર્યુક્તિની સાથે તેના ઉપર જ ટીકારૂપ વ્યાખ્યા થઈ છે. તેમજ ચૂર્ણિ, અવચૂરી વગેરે ઘણી વ્યાખ્યાઓ થઈ છે. પ્રાચીન ટીકાઓમાં શાંત્યાચાર્ય કૃત ટીકા વિશેષ રૂપે પ્રસિદ્ધિ પામેલ છે અને પ્રકાશિત ઉપલબ્ધ પણ છે. તે સિવાય બીજી ઘણી વ્યાખ્યાઓ પણ પ્રકાશિત મળે છે. જે સંસ્કૃત, હિંદી, ગુજરાતી ભાષામાં વિવેચન રૂપે મળે છે.

આ શાસ્ત્ર બહુપ્રચલિત છે. ઘણા સાધુ-સાધ્વીજીઓ તેને સંપૂર્ણપણે કંઠસ્થ કરે છે. એ રસપ્રદ, રોચક અને ભાવભરેલું શાસ્ત્ર છે. માટે પ્રવચનમાં પણ તેનો બહુ ઉપયોગ થાય છે. એમ આ શાસ્ત્ર પોતે પણ ઉપદેશ ભરેલું છે. એમાં ૩૬ અધ્યયનો છે. જે સર્વે મળીને ૨૦૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે. આ શાસ્ત્રના સ્વાધ્યાયથી એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ઉતારવામાં આવે છે. એવી પરંપરા છે.

**પ્રશ્ન–૪ : આ શાસ્ત્રનાં ૩૬ અધ્યયનોનો સંક્ષિપ્ત પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** આ ૩૬ અધ્યયનોમાંથી ૧૩ અધ્યયન ધર્મકથાત્મક છે. જેમ કે– ૭મું, ૮મું, તેમજ–૯, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૭. આઠ અધ્યયનો ઉપદેશાત્મક છે, યથા– ૧, ૩, ૪, ૫, ૬, ૧૦, ૨૩, ૩૨. આઠ અધ્યયનો આચારાત્મક છે, જેમ કે– ૨, ૧૧, ૧૫, ૧૬, ૧૭, ૨૪, ૨૬, ૩૫. સાત અધ્યયનો સૈદ્ધાંતિક છે, જેમ કે– ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૬. આ સર્વેનો ટૂંક પરિચય આ રીતે છે– **(૧) પ્રથમ અધ્યયન :–** આ અધ્યયનનું નામ 'વિનયશ્રુત' છે. બાર પ્રકારના તપમાં વિનય એ આભ્યંતર તપ છે. ઉવવાઈ સૂત્રમાં વિનયના જ્ઞાન, દર્શન વગેરે ૭ પ્રકાર કહ્યા છે. દશવૈકાલિક સૂત્રમાં વિનય સમાધિ ચાર પ્રકારની કહી છે. પ્રસ્તુત અધ્યયનમાં વિનયના અનેક રૂપોને લક્ષ્યમાં રાખી વિષય વર્ણન કરવામાં આવ્યું છે.

**(૨) બીજું અધ્યયન પરીષહ :–** તપ સંયમનું પાલન કરતાં જે મન વચન અને કાયાના પ્રતિકૂલ પ્રસંગો ઉત્પન્ન થાય કે સંયમ માટે પ્રતિકૂલ પ્રસંગો ઊભા થાય તેને પરીષહ કહેવામાં આવે છે. પરીષહની તે પરિસ્થિતિઓને ધૈર્ય અને ઉત્સાહથી પાર કરી લેવી અને સંયમની મર્યાદાથી વિચલિત ન થવું તેને પરીષહને જીતવું કહેવાય. આ અધ્યયનમાં પરીષહનું સ્વરૂપ બતાવી તેને જીતવાની શિક્ષા આપવામાં આવી છે.

**(૩) ચાઉરંગીય :–** આ અધ્યયનમાં સંસારની વિવિધ યોનિઓમાં ભવભ્રમણ કરતાં પ્રાણી માટે મોક્ષ પ્રાપ્ત કરવાના ચાર અંગોની દુર્લભતા સમજાવી છે– (૧) માનવ ભવ (૨) ધર્મ શ્રવણ (૩) ધર્મ શ્રદ્ધા (૪) સંયમમાં પુરૂષાર્થ.

**(૪) અસંસ્કૃત :–** આ અધ્યયનમાં માનવ જીવનની ક્ષણભંગુરતા દર્શાવીને ત્યાગ વૈરાગ્ય અને સંયમ આરાધના માટેનો ઉપદેશ આપેલ છે.

**(૫) સકામ અકામ મરણ :–** આ અધ્યયનમાં બાલમરણ અને પંડિતમરણના વિષયમાં સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે વિષયાસક્ત જીવોનું બાલમરણ થાય અને ધર્માચરણ કરનારા શ્રમણો તેમજ શ્રમણોપાસકોમાંથી કેટલાકનું પંડિતમરણ થાય છે.

**(૬) ક્ષુલ્લક નિર્ગ્રંથીય :–** આ અધ્યયનમાં પ્રારંભમાં અજ્ઞાનને દુઃખનું કારણ કહીને જ્ઞાનનું મહત્ત્વ દર્શાવ્યું છે. સાથે જ ક્રિયા વિનાના એકલા જ્ઞાનને પણ અશરણભૂત કહીને નિર્ગ્રંથપણાનું મહત્ત્વ સ્થાપિત કર્યું છે.

**(૭) એડક (ઉરભ્રીય) :–** આ અધ્યયનમાં બોકડાના દષ્ટાંત વડે સંસારાસક્ત જીવોની દુર્દશાનું ચિત્રણ કરીને ધર્માચરણ કરનારા અનાશક્ત જીવોની શુભ અવસ્થા દર્શાવેલ છે.

**(૮) કાપિલીય :–** આ અધ્યયનમાં સંયમ ધર્મના વિવિધ ઉપદેશ પછી અંતે કપિલ મુનિના ઉપદેશનું સૂચન છે. જેમાં સ્ત્રીઓ માટે વિશેષ વિરક્ત ભાવ રાખવાનો સંકેત છે.

**(૯) નમિપ્રવજ્યા :–** આ અધ્યયનમાં નમિરાજર્ષિની દીક્ષાનું વર્ણન છે અને તે પ્રસંગે શકેન્દ્ર અને દીક્ષાર્થી નમિરાજનો પરસ્પરનો સંવાદ પ્રસ્તુત કરેલ છે.

**(૧૦) દ્રુમપત્રક :–** વૃક્ષના પીળા થયેલા પાંદડાઓના દષ્ટાંત વડે મનુષ્ય ભવની અસ્થિરતા સમજાવીને અપ્રમાદપણે ધર્માચરણ કરવાની પ્રેરણા આપી છે. તેમજ તે માટે દરેક ગાથાના અંતિમ ચરણમાં "समय गोयम मा पमायए" આ વાક્યને વારંવાર કહેલ છે.





**(૧૧) બહુશ્રુત મહાત્મ્ય :–** આ અધ્યયનમાં જ્ઞાન, જ્ઞાની અને વિનયવંતનું સ્વરૂપ દર્શાવીને બહુશ્રુત શ્રમણનું અનેક મહત્વશીલ ઉપમાઓ વડે વર્ણન કર્યું છે.

**(૧૨) હરિકેશીય :–** આ અધ્યયનમાં ચાંડાલ કુળમાં જન્મેલા હરિકેશી મુનિના તપસંયમનો પ્રભાવ વર્ણવેલ છે. તેમજ સાચા બ્રાહ્મણનું અને યજ્ઞનું તેમજ સ્નાનનું સ્વરૂપ સમજાવ્યું છે.

**(૧૩) ચિત્ત સંભૂતીય :–** આ અધ્યયનમાં ચિત્તમુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના કેટલાક ભવોનો સંબંધ બતાવ્યો છે. પૂર્વ ભવમાં કરેલા નિદાનને કારણે ચક્રવર્તીની નરકગતિ થઈ અને ચિત્તમુનિ આરાધના કરી મોક્ષે ગયા તેમ વર્ણન છે.

**(૧૪) ઈષુકારીય :–** આ અધ્યયનમાં ઈષુકાર નગરના ૬ જીવોનું વૈરાગ્યમય જીવન દર્શાવેલ છે. યથા– રાજા, રાણી, પુરોહિત, તેમની પત્ની અને તેના બે પુત્રો. એક બીજાના નિમિત્તે આ આત્માઓ બોધપામી સંયમ અંગીકાર કરી, તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરેલ.

**(૧૫) સભિક્ષુ :–** આ અધ્યયનમાં 'તેને ભિક્ષુ કહેવાય' આ વાક્ય વડે શ્રમણના ઘણાં સદ્ગુણો ગાથાઓમાં સંગ્રહિત કરેલ છે.

**(૧૬) બ્રહ્મચર્ય સમાધિ સ્થાન :–** શાસ્ત્રમાં બ્રહ્મચર્યની સુરક્ષા માટે કેટલાય સ્થાનો કહેવામાં આવે છે. તેમાંથી નવવાડ પ્રસિદ્ધ છે અને પ્રસ્તુત અધ્યયનમાં તે ૯ માં એક બોલ વધારીને ૧૦ સમાધિ સ્થાન રૂપે ગદ્યમાં અને પદ્યમાં એમ બંને રૂપે સમજાવેલ છે.

**(૧૭) પાપ શ્રમણીય :–** સંયમની વિધિઓનું યથાર્થ પાલન નહીં કરનાર શ્રમણને આ અધ્યયનની પ્રત્યેક ગાથામાં 'પાપી શ્રમણ' કહી સુશ્રમણ બનવાની પ્રેરણા આપેલ છે.

**(૧૮) સંજય :–** આ અધ્યયનમાં શિકાર કરવાના નિમિત્ત યોગે સંયતિ રાજાની ગર્દભાલી અણગાર પાસે દીક્ષાનું વર્ણન છે. ત્યાર પછી ક્ષત્રીય રાજર્ષીનાં હિતકારી આત્મીય વચનો છે. તેમજ મોક્ષગામી ચક્રવર્તીઓ અને ઘણા રાજાઓનું વર્ણન છે.

**(૧૯) મૃગાપુત્રીય :–** આ અધ્યયનમાં મૃગાપુત્રનું જીવન ચરિત્ર છે. તેને મુનિ દર્શનથી જાતિ સ્મરણ જ્ઞાન થયું તેમાં તેણે પૂર્વ ભવો અને નરકના ભવો પણ જોયા. તેમજ સંયમારાધનનો ભવ પણ જોયો. આ બધા જ્ઞાનથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. માતા-પિતાની આજ્ઞા લઈ એકાકી સંયમચર્યા સ્વીકારી, આરાધના કરી મોક્ષે ગયા ત્યાં સુધીનું વર્ણન છે. માતા-પિતા સાથે દીક્ષા માટે થયેલો વિસ્તૃત સંવાદ પણ આ અધ્યયનમાં રજૂ કરવામાં આવ્યો છે.

**(૨૦) મહાનિર્ગ્રંથીય :–** આ અધ્યયનમાં અનાથીમુનિ અને શ્રેણિક રાજાની વાર્તા છે. જેમાં મુનિએ પોતાના દીક્ષા લેવાનું કારણ સ્પષ્ટ કરીને પોતાની અનાથતા રજૂ કરી છે. તેમજ સનાથ થવાનું રહસ્ય પણ સમજાવ્યું છે. તેમાં સંયમની સાચી આરાધના કરવા માટેની સમજણ પણ આપી છે. તે બધી વિગતથી શ્રેણિક રાજા બહુ સંતુષ્ઠ થયા અને બોધ પામ્યા.

**(૨૧) સમુદ્રપાલ :–** આ અધ્યયનમાં વણિકપુત્ર સમુદ્રપાલનું દીક્ષા લેવાનું વર્ણન છે. એક ચોરને દંડિત થતાં જોઈ એને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દીક્ષા લઈને તેણે આત્મ કલ્યાણ કર્યું. કથાનક પછી સંયમના આચારોનું પણ વર્ણન ગાથાઓમાં છે.

**(૨૨) રથનેમિ :–** આ અધ્યયનમાં ભગવાન અરિષ્ટનેમિ, રાજેમતી અને રથનેમિનું જીવન વર્ણિત છે. જેમાં ભગવાનની જાન, દીક્ષાનું વિસ્તૃત વર્ણન છે અને સાધ્વી રાજેમતી અને શ્રમણ રથનેમિની એક ઘટના દર્શાવેલ છે. જેમાં સંયમથી વિચલિત થયેલા રથનેમિને રાજેમતી સાધ્વીએ કડક ઉપદેશથી પ્રતિબોધ આપ્યો છે. અંતે ત્રણે જણા તે જ ભવે મુક્તિ પામ્યાનું વર્ણન છે. આ વર્ણન વચ્ચે શ્રીકૃષ્ણ વાસુદેવનું પણ પ્રાસંગિક વર્ણન છે.

**(૨૩) કેશી ગૌતમીય :–** શ્રાવસ્તીનગરીમાં કેશી અને ગૌતમ બંને શ્રમણોનું મિલન અને ધાર્મિક ચર્ચા વાર્તાનું વર્ણન આ અધ્યયનમાં છે. અંતે કેશીસ્વામી ભગવાન મહાવીરના શાસનનો સ્વીકાર કરે છે.

**(૨૪) પ્રવચન માતા :–** આ અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન છે. જેમાં તેને 'અષ્ટ પ્રવચન માતા' એવું નામ આપેલ છે.

**(૨૫) જયઘોષ વિજયઘોષ :–** આ અધ્યયનમાં બે સગા ભાઈઓ વચ્ચેનો વાર્તાલાપ છે. મોટાભાઈ જયઘોષ મુનિ હતા. માસખમણના પારણે વિજયઘોષ બ્રાહ્મણની યજ્ઞશાળામાં ભિક્ષા માટે તેઓ આવેલ. ત્યાં તે બંને વચ્ચે થયેલ સંવાદ અહી રજૂ કરવામાં આવ્યો છે. અંતે વિજયઘોષે પણ દીક્ષા લીધી. બંને ભાઈ આરાધક થઈ મોક્ષે ગયા.

**(૨૬) સમાચારી :–** આ અધ્યયનમાં શ્રમણોની દસ પ્રકારની સમાચારીનું વર્ણન કરીને મુનિ જીવનની દિવસ-રાત્રિની જીવનચર્યાનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૨૭) ખલુંકીય :–** આ અધ્યયનમાં ગર્ગાચાર્ય તેમજ તેમના અવિનીત શિષ્યોનું વર્ણન છે. અંતે તે આચાર્યનો એકલ વિહાર કરી સાધના આરાધના કરવાનો પ્રસંગ વર્ણવેલ છે.





**(૨૮) મોક્ષમાર્ગ :–** આ અધ્યયનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષ માર્ગનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

**(૨૯) સમ્યક્ પરાક્રમ :–** આ અધ્યયનમાં મોક્ષ સાધના માટેના ૭૩ પ્રશ્નોત્તર આપવામાં આવ્યા છે.

**(૩૦) તપોમાર્ગ :–** આ અધ્યયનમાં તપનું સ્વરૂપ અને તેના ભેદપ્રભેદ દર્શાવેલ છે. તેમજ તપસ્યા કરવાની પ્રેરણા પણ કરી છે.

**(૩૧) ચરણવિધિ :–** આ અધ્યયનમાં સંયમ સંબંધી વિષયના ૧ થી ૩૩ સુધીના બોલ સંક્ષેપમાં આપેલ છે. તેમાં જ્ઞેય, હેય અને ઉપાદેય ત્રણે ય પ્રકારના તત્ત્વો દર્શાવેલ છે.

**(૩૨) પ્રમાદ સ્થાનીય :–** આ અધ્યયનમાં બ્રહ્મચર્ય સંબંધિત પ્રમાદ સ્થાનોનું નિરૂપણ કરી સાધકને તેનાથી સાવધાન રહેવા માટેની ખાસ ભલામણ કરવામાં આવી છે. ત્યારપછી પાંચ ઈન્દ્રિયના વિષયો અને મનોવિકાર થી વિરક્ત રહેવા માટે વિસ્તૃત બોધ આપવામાં આવેલ છે.

**(૩૩) કર્મ પ્રકૃતિ :–** આ અધ્યયનમાં આઠ કર્મ અને તેની ૭૧ પ્રકૃતિઓનું કથન કરી દરેક કર્મની જઘન્ય–ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે.

**(૩૪) લેશ્યા :–** આ અધ્યયનમાં ૬ લેશ્યાઓ સંબંધી વર્ણન છે. જેમાં લેશ્યાના વર્ણ, ગંધ આદિ વિસ્તારથી દર્શાવેલ છે. તે બધુ વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ ૧૭માં પણ આવેલ છે. વિશેષમાં અહીં લેશ્યાઓના લક્ષણ સ્પષ્ટ કરેલ છે. જેમાં તે–તે લેશ્યાવાળાના સ્વભાવ અને ગુણ-અવગુણો દર્શાવેલ છે.

**(૩૫) અણગાર :–** આ અધ્યયનમાં મુનિ ધર્મના યથાર્થ પાલન માટે પ્રેરણા કરીને કેટલીક સાવધાની રાખવાનું સૂચન છે.

**(૩૬) જીવાજીવ વિભક્તિ :–** આ અંતિમ અધ્યયનમાં પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદમાં વર્ણિત જીવ અજીવનું ભેદ-પ્રભેદ સાથેનું વર્ણન છે. તે દરેક ભેદના જીવોની સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર પણ અહીં દર્શાવેલ છે. અંતમાં પંડિતમરણ માટે સંલેખનાની વિસ્તૃત વિધિ તપસ્યાના ક્રમથી બતાવેલ છે.

આ રીતે આ ૩૬ અધ્યયનોમાં ધર્મકથા, ઉપદેશ, તત્ત્વ, સિદ્ધાંત, વાદ–વિવાદ, દીક્ષા સંબંધી સંવાદ, વિનય, સંયમ, તપ અને મોક્ષમાર્ગ વગેરે વિષયોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

OOOOO

# અધ્યયન–૧ : વિનયશ્રુત

**પ્રશ્ન–૧ : વિનીત-અવિનીતની ટૂંકમાં પરિભાષા શું છે ?**

**જવાબ–** ગુરુની આજ્ઞાનું પાલન કરનાર, ગુરુના સાંનિધ્યમાં રહેનાર અને ગુરુના ભાવોને ઈશારા માત્રથી સમજનાર, વિનીત શિષ્ય કહેવાય. તેનાથી વિપરીત ગુરુની આજ્ઞાનું પાલન નહીં કરનાર, ગુરુથી દૂર રહેનાર અને ગુરુના ભાવોને નહીં અનુસરનાર અવિનીત શિષ્ય કહેવાય.

**પ્રશ્ન–૨ : વિનયશીલ થવા માટેના બે પ્રેરક દૃષ્ટાંતો કયા છે ?**

**જવાબ–** (૧) જેવી રીતે સડેલા કાનવાળી કુતરીને સર્વ ઠેકાણેથી કાઢવામાં આવે છે. તેમ અવિનીત શિષ્ય સર્વત્ર તિરસ્કૃત થાય છે. (૨) જેમ ભૂંડ (સૂઅર) શાલિના ભોજનને છોડી વિષ્ટા તરફ જાય છે, તેમ અજ્ઞાની જીવો વિનયના સદાચરણોનો ત્યાગ કરી અવિનયના ખોટા આચારણો આદરે છે. તેમ જાણી મોક્ષ સાધકે કુતરી અને ભૂંડ જેવું ન થવું જોઈએ એટલે કે ગુણસંપન્ન વિનયવંત થઈ સન્માનના ભાગી થવું જોઈએ.

**પ્રશ્ન–૩ : ગુણવાન થવા માટે આ પ્રસંગે કઈ શિક્ષાઓ આપી છે ?**

**જવાબ–** સાધક શાંત સ્વભાવી થાય, વાચાલ–વધારે બોલનાર ન થાય, જ્ઞાનીઓ પાસે રહી મોક્ષાર્થવાળા આગમજ્ઞાન મેળવે, નિરર્થકની વિકથાઓનો ત્યાગ કરે, અનુશાસનનો સાદર સ્વીકાર કરે, ક્ષમાભાવ રાખે, ગુસ્સે ન થાય. સામાન્ય માણસો સાથે સહવાસ અને હાંસી-મજાક ક્રીડા ન કરે, ક્રોધમાં ઉગ્ર ન થાય, વધારે ન બોલે, યથાસમયે અધ્યયન તેમજ ધ્યાન કરે.

ક્યારેય પણ ભૂલ થઈ જાય તો અસત્ય ન બોલે, બીએ પણ નહીં તેમજ છુપાવે પણ નહીં. ગળિયાર બળદોની જેમ ન થવું પણ જાતિવંત અશ્વ જેવા થવું એટલે સંકેત માત્રથી ગુરુના આશયને સમજી લેનાર થવું.

અવગુણી અને કઠોર ભાષી શિષ્ય પોતાના મૃદુ અને શાંત ગુરુને પણ અશાંત કરી દેતો હોય છે. એનાથી વિપરીત ગુણવાન શિષ્ય પોતાના ઉગ્ર સ્વાભાવી ગુરુને પણ પ્રસન્ન રાખે છે. માટે પોતાના ગુણોનો અભ્યાસ વધારવો જોઈએ.

પૂછ્યા વગર વચ્ચે બોલવું નહીં. પૂછવા પર અસત્ય કયારેય બોલાય નહિ. ક્રોધ આવી જાય તો તેને નિષ્ફળ કરી દેવો. પ્રિય કે અપ્રિય સર્વ શબ્દોને





આત્મામાં સમભાવથી ધારણ કરવા. આ રીતે આત્મદમન કરી ગુણવાન થનાર સાધક સાચા સુખી થાય છે. સાધકે એમ વિચારવું કે– **"સ્વવશ આત્માને જે દમે નહીં, પરવશ નિશ્ચય દમાય."** જુઓ જગતના જીવોને કે તે કઈ કઈ રીતે દુઃખ પામે છે. માટે અહીં જ જ્ઞાનથી આત્મદમન કરી લેવું તે સર્વ અપેક્ષાએ શ્રેષ્ઠ છે. નહિતર ભવભવમાં પરવશપણે દમિત થવું પડે છે. તે માટે જાનવરો કે નારકીઓના પરવશપણાના દુઃખોનો વિચાર કરવો જોઈએ.

માટે સંયમથી પોતે જ આત્મદમન કરવું શ્રેષ્ઠ છે. તેમ કરનારને કયારેય દુર્ગતિમાં જવું પડે નહીં. ગુરુ વડીલોની સમક્ષ કે પાછળ કોઈ પણ પ્રકારે તેઓની અવહેલના–નિંદા કરવી નહિં.

**પ્રશ્ન–૪ : આચાર્યની સાથે બેસવા ઉઠવાનો અને બોલવાનો વ્યવહાર કેવો હોવો જોઈએ ?**

**જવાબ–** ગુરુને અડીને બેસાય નહીં, થોડું પાછળ રહીને બેસવું. ગુરુ સમક્ષ પીઠ રાખીને બેસવું નહીં, ઘુંટણ અડાડીને બેસવું નહીં. પગ ઉપર પગ રાખે નહીં, પગ છાતી પાસે સંકોચીને કે ગુરુ સામે પગ પસારીને બેસાય નહીં. ગુરુની કૃપા ઈચ્છનારે ગુરુના બોલાવવાથી ચુપ રહેવું નહીં પણ જવાબ આપી તત્કાળ હાજર થઈ જવું. વારંવાર બોલાવ્યા છતાં પણ ક્યારેય બેસી રહેવાય નહીં. પરંતુ આસન છોડી તત્કાલ ગુરુ પાસે આવી જવું. તેઓની વાતને ધ્યાનથી સાંભળવી. શિષ્યને કંઈ પણ પ્રશ્ન કરવાનો હોય તો ગુરુ પાસે જઈને ઉકડુ આસને બેસી પછી હાથ જોડીને પ્રશ્ન પૂછવા.

મુનિ અસત્ય ભાષણ ન કરે, નિશ્ચયકારી ભાષા પણ ન બોલે. બીજા ભાષા દોષોનું પણ વર્જન કરે. માયાયુક્ત કે કષાયયુક્ત વચન ન બોલે, સાવદ્ય પાપ પ્રેરક કે નિરર્થક વચનો પણ ન બોલે અને કોઈના મર્મકારી શબ્દો પણ ન બોલે.

**પ્રશ્ન–૫ : અહીં બ્રહ્મચર્યની સુરક્ષા માટે એક વ્યવહારિક નિયમ શું દર્શાવ્યો છે ?**

**જવાબ–** એકાંત સ્થાનોમાં કે સામુહિક સ્થાનોમાં એકલો સાધુ એકલી સ્ત્રી સાથે ઊભો ન રહે અને વાત પણ ન કરે. કારણ કે તેમ જોનારને અનુચિત લાગે એટલે કે શંકા કુશંકા થાય અને પોતાના સંયમને પણ ભય રહે છે. માટે સૂત્રકારની આ ભલામણને ખાસ કરીને ધ્યાનમાં રાખવી.

**પ્રશ્ન–૬ : શિષ્યે આચાર્યના અનુશાસનને કેવી રીતે સ્વીકારવું જોઈએ ?**

**જવાબ–** આચાર્યના મૃદુ કે કઠોર બધા અનુશાસનને શિષ્ય, હિતકારી અને પ્રિયકારી માને. અહિતકારી અને દ્વેષકારી માનનાર અવિનીત શિષ્ય કહેવાય છે. વિનીત અને બુદ્ધિમાન શિષ્ય ગુઢ વચનોમાં જ પોતાનું હિત માને છે.

જેમ ઉત્તમ અ✓થી તેનો શિક્ષક સદા પ્રસન્ન રહે છે. તેમ વિનીત પંડિત શિષ્ય પોતાના વર્તનથી ગુઢને પ્રસન્ન રાખે. અવિનીતના વ્યવહારો ગુઢને પણ ખિન્ન કરે છે અને તે પોતે પણ ગુઢના શિક્ષાવચન અને અનુશાસનને થપ્પડ, માર–પીટ કે ગાળો માનીને દુઃખી થાય છે. વિનીત શિષ્ય એવું કંઈ સમજતો નથી. તે તો ગુઢના વ્યવહારોને આત્મીયતા ભરેલા અને પ્યારયુક્ત સમજે છે. વિનીત શિષ્ય ક્યારેય પણ ગુઢ પ્રત્યે રોષ કરતો નથી. તેઓની સામે પણ બોલતો નથી. પરંતુ ગુઢ ક્યારેય અશાંત હોય તો તેમને પણ શાંત કરવાના પ્રયત્નો અને ઉપાયો આચરે છે. તેમજ ગુઢના મનોગત ભાવો જાણીને તદનુરૂપ વ્યવહાર કે આચરણ પોતે જ કરી લ્યે છે.

**પ્રશ્ન–૭ : ગોચરી સંબંધમાં વિવેક આ અધ્યયનમાં શું દર્શાવ્યું છે ?**

**જવાબ–** વિનયી શિષ્ય પોતાની ગોચારી મર્યાદાનો પૂરેપૂરો ખ્યાલ રાખે છે. જમણવાર વગેરેના પ્રસંગોમાં પંક્તિમાં ઊભા રહે નહીં. સમયે જ સામુદાનિક ભિક્ષા ગ્રહણ કરે. દાતાનાથી પણ ઉચિત દૂર ઊભો રહીને ગોચરી વહોરે. બીજા કોઈ યાચકો ઊભા હોય તો તેનો ઉલ્લંઘન કરે નહીં. તેમજ તેઓની સામે ઊભો પણ ન રહે. બીજી પણ પોતાના વેશની અનેક મર્યાદાઓ જાળવીને ભિક્ષાચરી કરે. આહાર કરવાનું સ્થાન જીવ રહિત હોય, ઉપરથી ઢંકાયેલ હોય, ત્યાં આહાર કરે. આહાર કરતાં પણ વિવેક રાખે, વેરવિખેર કરે નહીં અને આહારની નિંદા પ્રશંસા પણ કરે નહીં.

**પ્રશ્ન–૮ : વિનયયુક્ત ગુઢના ચિત્તની આરાધનાનું શું ફળ શિષ્યને થાય છે ?**

**જવાબ–** વિનીત શિષ્ય સર્વત્ર પૂજનીય પ્રશંસનીય થાય છે. જેમ પ્રાણીઓ માટે પૃથ્વી આધારભૂત છે. તેમ વિનીત શિષ્ય સર્વ શ્રેષ્ઠ ગુણો માટે આધારભૂત થાય છે. ગુઢ પણ તેના પર પ્રસન્ન થઈ અપૂર્વ શ્રુત લાભ તેને આપે છે. તેથી તે સંશય રહિત બંને છે. તે સદા ગુઢને મનોનુકૂલ ચાલે છે. તેથી તે મહાવ્રત અને તપ સમાધિમાં આગળ વધતાં આત્મતેજથી સંપન્ન થાય છે. તેવો તે વિનીત શિષ્ય દેવ, દાનવ અને માનવોથી પૂજિત થઈને સિદ્ધ ગતિ કે દેવગતિને પ્રાપ્ત કરે છે.

આ રીતે આ અધ્યયનમાં વિનયનો વિસ્તૃત અર્થ સ્વીકારીને આત્મ





વિકાસ, સંયમ વિકાસના અનેક ગુણો વર્ણવ્યા છે. અહીં મોક્ષ પ્રતિ ગતિ–ગમન કરાવનાર દરેક ગુણો વિનયમાં સમાવિષ્ઠ કર્યા છે.

# અધ્યયન–૨ : પરીષહ

**પ્રશ્ન–૧ : પરીષહો કયા છે અને તેને જીતવા કોને કહેવાય ?**

**જવાબ–** તપ-સંયમનું યથાવત પાલન કરતાં જે મન, વચન અને કાયાના અથવા સંયમ માટેના પ્રતિકૂલ પ્રસંગો ઉપસ્થિત થાય તેને પરીષહ કહ્યા છે. તે પરિસ્થિતિ ને ધૈર્ય–ઉત્સાહથી પાર કરી લેવી અને સંયમ મર્યાદાઓથી વિચલિત ન થવું, કોઈપણ નિયમોનો ભંગ ન કરવો. તે જ પરીષહને જીતવું કહેવાય. પરંતુ જો તે સંકટની ઊભી થયેલી પરિસ્થિતિમાં કોઈપણ નિયમ મર્યાદાનો ભંગ કરે કે સાધનાથી જ વિચિલત થઈ જાય, તે પરીષહને હારવું કહેવાય છે.

**પ્રશ્ન–૨ : બાવીસ પરીષહોનું સ્વરૂપ શું છે અને તે દરેકને જીતી કેમ શકાય ?**

**જવાબ– (૧) ક્ષુધા પરીષહ :–** અત્યંત ભૂખથી વ્યાકુલ થવું તે પરીષહ આવવું છે. તેમાં એષણાના નિયમોનો ભંગ ન કરતાં ધૈર્યથી શુદ્ધ ગવેષણા કરવી અને જ્યાં જ્યારે જેટલું મળે તેમાં સંતોષ રાખવો અને સમભાવોમાં રહેવું તે પરીષહ જીતવું છે.

**(૨) પિપાસા પરીષહ :–** તરસથી કંઠ સૂખે તો પણ મુનિ અદીન ભાવો કરે નહીં અને સમભાવથી સહન કરે, દેહ અને આત્માની ભિન્નતાનો વિચાર કરે, સંયમ મર્યાદા ભંગ ન કરે.

**(૩–૪) શીત–ઉષ્ણ પરીષહ :–** ટાઢ વધારે પડતી હોય ત્યારે પણ અગ્નિથી તાપવાનું અને મર્યાદાથી વધુ વસ્ત્રોની ચાહના ન કરવી. ગરમી વધુ થતાં પંખા અને સ્નાનની પણ ઈચ્છા ન કરવી. તો એ પરીષહ જીતવું કહેવાય.

**(૫) દંસમશક પરીષહ :–** મચ્છર, માખીના ત્રાસથી ગભરાય નહીં અને તે જીવોને સંત્રાસિત કરે નહીં.

**(૬) અચેલ પરીષહ :–** અલ્પવસ્ત્ર, સામાન્ય વસ્ત્ર અને મર્યાદિત વસ્ત્ર તેમજ મલીન વસ્ત્રો હોવા છતાં દીનતા કરે નહીં.

**(૭) અરતિ પરીષહ :–** સંયમ પાલનમાં ક્યારેય સંકટ ઉપસ્થિત થાય તો પણ શોકાકુળ બને નહીં. સંકટ સમયે પણ સંયમમાં પ્રસન્ન રહે.

**(૮) સ્ત્રી પરીષહ :–** શીલ રક્ષા હેતુ સ્ત્રી સંસર્ગનો પ્રસંગ આવવા છતાં પણ પૂર્ણ સાવધાન અને સતર્ક રહે. સ્ત્રી સંગને આત્મા માટે કીચડ સમ સમજી તેનાથી પૂર્ણ પણે વિરક્ત ભાવોમાં રહે.

**(૯) ચર્યા પરીષહ :–** વિહારના કષ્ટોને સમભાવે સહન કરે, પ્રસન્ન રહે અને ક્યાંય પણ લોકોમાં કે ઘરોમાં અને ગામોમાં આસક્તિ ભાવ રાખે નહીં. એકત્વ ભાવોમાં લીન રહે.

**(૧૦) શય્યા પરીષહ :–** વિહારમાં મકાન શરીરાનુકૂળ ન મળે તો ''એક રાત્રિ જેમ તેમ રહેવાનું છે'' એમ વિચારી સમભાવોમાં રહે વિષમભાવો કરે નહીં.

**(૧૧) નિષદ્યા પરીષહ :–** ભૂત–પ્રેત વગેરેથી યુક્ત મકાન મળે તો પણ નિર્ભય થઈને રહે, સહનશીલ રહે.

**(૧૨,૧૩) આક્રોશ–વધ પરીષહ :–** કઠોર શબ્દો કે માર–પીટના પ્રસંગે પણ મુનિ સમભાવ રાખે. મૂર્ખોની સદશ મૂર્ખ બને નહીં એટલે કે કોઈના પર ક્રોધ કરે નહીં, પ્રતિકાર કરે નહીં, શાંત ભાવોમાં રહે અને વિચાર કરે કે આત્મા તો અજર અમર છે, કોઈના મારવાથી આત્માનો કોઈ બગાડ સંભવ નથી.

**(૧૪–૧૫) યાચના–અલાભ પરીષહ :–** લાંબા સંયમ કાલમાં જીવન નિર્વાહ માટે ભિક્ષાચારીની આવશ્યકતા રહે છે. તેથી ભિક્ષાની યાચના કરવામાં કે ભિક્ષા ન મળવામાં ક્યારેય દીનતા કે ખેદ કરે નહીં પરંતુ જિનાજ્ઞા સમજીને તે સંયમ-તપમાં રમણ કરે.

**(૧૬) રોગ પરીષહ :–** અશાતાવેદનીય કર્મના ઉદયે ક્યારેક રોગ–આતંક આવી જાય ત્યારે ભિક્ષુ સંયમ સુરક્ષા અને કર્મ નિર્જરા માટે ચિકિત્સા ઉપચારની ઈચ્છા કરે નહીં. અદીનભાવે ઉપચાર કર્યા વગર રોગને સહન કરે તેમાં જ સાચી સાધુતા છે.

**(૧૭) તૃણ સ્પર્શ પરીષહ :–** અલ્પ વસ્ત્રોથી કે ક્યારેક અચેલ રહેવાથી અને ખુલા પગે પગપાળા ચાલવાથી તૃણ, કાંટા, પત્થર આદિથી કષ્ટ થાય તેને સહર્ષ સમભાવે સહન કરે.

**(૧૮) જલ્લ–મેલ પરીષહ :–** ગરમીમાં શરીર ઉપર પરસેવાથી મેલ જામી જાય તોપણ તેને અસ્નાન રૂપ જિનાજ્ઞા સમજીને સહન કરે, પણ સ્નાનની ઈચ્છા ન કરે. જીવન પર્યંત મેલને શરીર પર ધારણ કરે.





**(૧૯) સત્કાર પુરસ્કાર પરીષહ :–** વધારે માન સન્માન મળવા પર તેમાં ફુલાવું નહીં, વિરક્ત રહેવું અને બીજાના માન-સન્માન જોઈ તેની આકાંક્ષા કરવી નહીં. પરંતુ આ માન-સન્માનને સાધનામાં કીચડ સ્વરૂપ જાણી તેમાં ફસાવું નહીં.

**(૨૦) પ્રજ્ઞા પરીષહ :–** મતિ–શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ઉદયે બુદ્ધિની મંદતા રહે તો પણ ધૈર્ય સાથે પુરૂષાર્થ કરતાં રહેવું, હતાશ કે ખેદિત થવું નહીં.

**(૨૧) અજ્ઞાન પરીષહ :–** કઠિન તપાચરણ કરતાં પણ વિશિષ્ટ જ્ઞાન રૂપે અવધિ, મનઃપર્યવ કે કેવળજ્ઞાન ન થાય તો તેમાં મૂંઝાવું નહીં, ખેદ ન કરવો, પરંતુ ધૈર્યશીલ રહી કર્મક્ષયમાં પુરૂષાર્થ કરતાં રહેવું.

**(૨૨) દર્શન પરીષહ :–** જિનેશ્વર કથિત જીવ-અજીવ, લોક, પરલોક તથા સંયમધર્મ આદિ કોઈપણ તત્ત્વોમાં અશ્રદ્ધાના વિચાર આવે તો તેનું શીઘ્ર સમાધાન કરી લેવું અને સર્વજ્ઞોના સર્વોત્કૃષ્ટ વચનોની પૂરેપૂરી શ્રદ્ધા રાખવી. અશ્રદ્ધાના ભાવોને નિષ્ફળ કરી દેવા. લોકમાં જિનેશ્વર જેવા પવિત્ર, પરિપૂર્ણ જ્ઞાની બીજા કોઈ નથી. માટે નિર્ગ્રંથ પ્રવચનમાં, એના તત્ત્વોનાં સ્વરૂપમાં, અટલપણે શ્રદ્ધા રાખવી. તેમજ નૂતન વિજ્ઞાનના અપૂર્ણ જ્ઞાનના ચક્કરમાં પણ પોતાના વિચારોને વીતરાગ વચનથી અન્યથા ન થવા દેવા.

આ રીતે આ સર્વ પરીષહોમાં ભિક્ષુ સાવધાન રહે. સંયમ અને સમકિતમાં સ્થિરપણે આગળ વધે. એમ જ પરીષહોથી પરાજિત ન થનાર સાધક શીઘ્ર આત્મ કલ્યાણ કરી લે છે.

# અધ્યયન–૩ : ચતુરંગીય

**પ્રશ્ન–૧ : ચાર બોલોની દુર્લભતા આ અધ્યયનમાં કઈ રીતે દર્શાવી છે ?**

**જવાબ–** મોક્ષ પ્રાપ્તિ માટેના માધ્યમ રૂપ ચાર અંગોની દુર્લભતા આ અધ્યયનમાં દર્શાવી છે. જેમ કે– (૧) મનુષ્ય ભવની પ્રાપ્તિ, (૨) ધર્મશ્રવણ, (૩) ધર્મશ્રદ્ધા, (૪) સંયમધર્મમાં પુરૂષાર્થ.

**(૧)** સંસારમાં વિવિધ ગતિઓ, યોનિઓ, જાતિઓ રૂપ ભવ ભ્રમણના સ્થાનો છે. જ્યાં જીવ પોતાના કર્માનુસાર સંપૂર્ણ વિશ્વમાં જન્મ-મરણ કરે છે. તે ક્યારેક દેવ, દાનવ, નારક; ક્યારેક કીટ, પતંગીયું, તિર્યંચ અને ક્યારેક બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર આદિ માનવ થાય છે. આ રીતે જીવનું ભ્રમણ ચાલતું જ રહે છે. કર્મોની

વિશુદ્ધિ થવા પર જ ક્યારેક જીવને ઉત્તમ માનવ ભવ પ્રાપ્ત થાય છે. **(૨)** મનુષ્ય ભવ પ્રાપ્ત થઈ જાય તો પણ ધર્મશ્રવણનો સંયોગ મળવો પણ મહાન પુણ્ય યોગે થાય છે.

**(૩)** ધર્મશ્રવણ મળવા છતાં પણ મિથ્યાત્વ કર્મના પ્રબળ ઉદયે કેટલાકને શ્રદ્ધા થતી નથી.

**(૪)** કેટલાક જીવોને શ્રદ્ધા પણ થઈ જાય છતાં આળસ, પ્રમાદ, શારીરિક પારિવારિક વિઘ્નોના કારણે ધર્મમાં, સંયમ ધર્મમાં પુઢષાર્થ કરવાનો અવસર મળતો નથી. મહાન પુણ્ય કર્મનો સંયોગ હોય ત્યારે જ જીવને સંયમ તપમાં પુઢષાર્થ કરવાનો મોકો મળે છે. સંયમની આરાધના એ જ જીવને મુક્ત કરવાનું પરમ સાધન છે. જે અહીં ચોથા અંગ રૂપે વર્ણવેલ છે.

**પ્રશ્ન–ર : નિર્વાણ પ્રાપ્તિ માટે સહજ મહત્ત્વશીલ ગુણ શું છે ?**

**જવાબ–** આ અધ્યયનની બારમી ગાથામાં કહ્યું છે કે કપટ પ્રપંચથી રહિત પૂર્ણ સરળ સ્વભાવી આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધ આત્મામાં જ ધર્મ સ્થિર રહે છે. ઘી થી સિંચિત અગ્નિ જેમ પ્રદીપ્ત થાય છે, તેમ તે નિરભિમાની સરળ આત્મા સંયમ તપથી પરમ નિર્વાણને પ્રાપ્ત કરે છે. માટે સંયમી આત્મામાં પણ સરલતા–નમ્રતા ગુણ પરમ આવશ્યક છે.

**પ્રશ્ન–૩ : ચાર બોલોની પ્રાપ્તિ પછી જીવનો આત્મવિકાસ કયા ક્રમથી થાય છે ?**

**જવાબ–** સંયમ-તપના આચરણથી કેટલાક જીવો તે જ ભવે મુક્ત થાય છે અને કેટલાક જીવ કર્મ અવશેષ રહેવાથી મહાઋદ્ધિ સંપન્ન અસંખ્ય વર્ષોના આયુષ્ય-વાળા વૈમાનિક દેવ થાય છે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને ફરી માનવ ભવમાં ઉચ્ચ કુલ આદિ સર્વ સુખ સંયોગોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પણ યથાસમયે કેવલી પ્રરૂપિત ધર્મની તેને પ્રાપ્તિ થાય છે. તેથી આ જ ચાર અંગોને દુર્લભ જાણી સંયમ સ્વીકારે છે અને તપસંયમથી કર્મોનો ક્ષય કરી શાશ્વત સિદ્ધ થાય છે.

માટે દરેક મોક્ષાર્થી આત્માએ આ ચાર મોક્ષના દુર્લભ અંગો જાણી શુભ સંયોગ મળતાં જ આળસ પ્રમાદ મોહ અને પુદ્ગલાસક્તિ અળગી કરી તપ સંયમમાં અગ્રેસર થવું જોઈએ અને માનવ ભવનો અધિકતમ લાભ મેળવી લેવો જોઈએ.





# અધ્યયન–૪ : અસંસ્કૃત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનની પ્રથમ ગાથામાં શું બોધ આપેલ છે ?**

**જવાબ–** ગાથાના પ્રથમ શબ્દ 'અસંસ્કૃત' ના આધારે જ આ અધ્યયનનું નામ રાખવામાં આવ્યું છે. તેમાં કહેલ છે કે આયુષ્ય સમાપ્ત થવા પર 'સંસ્કૃત' એટલે તેમાં વધારો થઈ શકે તેમ નથી અને માનવ જીવનમાં ઘડપણ પણ આવવાનું જ હોય, તે દુઃખોથી ભરપૂર હોય છે. એવા સમયે પ્રમાદી હિંસક અને અસંયત લોકો કોના શરણે જાય ? કારણ કે ધર્મ તો તેઓએ કરેલ નથી. ખરેખર એવા મહાસંકટના સમયે ધર્મ માત્ર જ જીવને શરણભૂત થાય છે. માટે પ્રમાદ છોડી અવસર મળતાં જ તપ, સંયમ, વ્રતનિયમોનું આચરણ કરી લેવું જોઈએ.

**પ્રશ્ન–ર : ધન ઉપાર્જનના સંબંધમાં અને કર્મ સિદ્ધાંતને લઈને અહીં શું નિર્દેશ આપેલ છે ?**

**જવાબ–** પ્રાણી, કુમતિના પ્રભાવથી ઘણા પાપ કર્મો કરી, ધનને અમૃત માની, તેના ઉપાર્જનમાં લાગેલા રહે છે. પરંતુ મૃત્યુ જ્યારે આવી પડે ત્યારે એ ધન કંઈ પણ મદદ કરી શકે નહીં અને એકઠા કરેલા કર્મોથી જીવ જ્યારે દુર્ગતિ–નરકમાં જાય તો ત્યાં પણ તે ધન દુઃખથી રક્ષા કરી શકે નહીં. જે પારિવારિક લોકો માટે ધન ઉપાર્જન કરવામાં પાપ કર્મો એકઠા કર્યા છે. તેના ફળભોગમાં તે બંધુગણ પણ કંઈક હિસ્સો લઈ શકે તેમ નથી. પોતાના કરેલા કર્મો પોતાને જ ભોગવવા પડે છે. માટે પહેલેથી ધન કમાવવામાં વિવેક પૂર્વક વર્તવું જોઈએ. પરંતુ ધન કમાવવામાં જ પાંગળું (બેભાન) થઈ જવું નહિ.

**પ્રશ્ન–૩ : ભારંડ પક્ષીની ઉપમા શા માટે આપવામાં આવી છે ?**

**જવાબ–** જેવી રીતે પક્ષીઓમાં કાગડો ચતુર પ્રાણી છે તે બહુજ સતર્ક રહે છે. તેનાથી વધુ સતર્ક આ ભારંડપક્ષી રહે છે. તેથી સતર્કતા માટે ભારંડ પક્ષીની ઉપમા આપવામાં આવી છે. જેમ ભારંડ પક્ષી સદા કાલ બહુજ સતર્ક સાવધાન અપ્રમત્ત હોય છે, તેમ સાધુને પણ સદા અપ્રમત રહેવા માટે તેની ઉપમા આપવામાં આવી છે. ગ્રંથોમાં આ ભારંડપક્ષી માટે બે મોઢા હોવાનું કથન મળે છે. તેથી તે આગળ અને પાછળ બંને બાજુ જોઈ વધુ સતર્ક રહે છે. સાધુની અપ્રમત્તતા પણ તેવી હોય તો તે સંયમમાં નિર્દોષતા વધુ જાળવી શકે છે.

**પ્રશ્ન–૪ : આ અધ્યયનમાં બીજી કઈ શિક્ષા પ્રેરણા આપવામાં આવી છે ?**

**જવાબ–** (૧) પોતાની ઈચ્છાઓ સ્વચ્છંદતાઓનો ત્યાગ કરી ભગવદાજ્ઞામાં જ સંપૂર્ણ જીવનને અપ્રમત્તપણે જોડનાર શીઘ્ર મોક્ષ પામે છે. (૨) પાછળથી ધર્મ કરવાનું કહેનાર ક્યારેય ધર્મ કરી શકે નહીં. કારણ કે અચાનક મૃત્યુ આવે ત્યારે અભ્યાસ વગર કઈ જ ધર્મ આચરણ તે કરી શકશે નહીં. તેથી દરરોજ કંઈક ન કંઈક ધર્માચરણનો અભ્યાસ રાખવો જ જોઈએ. (૩) સંયમકાળમાં કેટલાય લોભામણા પ્રસંગો કે પ્રતિકૂળ પ્રસંગો આવતા જ રહે છે. તેમાં સદા સાવધાન રહેવું જોઈએ. માટે ક્રોધાયમાન પણ ન થવું અને માયા લોભપણ ન કરવો. (૪) સમ્યગ્ શ્રદ્ધાન સાથે સંયમ પાલન કરતાં અંતિમ શ્વાસ સુધી ગુણોની આરાધના કરવી જોઈએ. અવગુણોથી કે અવગુણી અધર્મી વ્યક્તિઓથી સદા દૂર જ રહેવું જોઈએ. તેઓની સંગતિ પણ કરાય નહીં. કારણ કે તે રાગ–દ્વેષમાં ફસાયેલા અજ્ઞાની પ્રાણી બીજાઓને પણ રાગ-દ્વેષમાં જોડે છે.

## અધ્યયન–૫ : મરણ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** જન્મની સાથે મૃત્યુનો સંબંધ જોડાયેલ છે. જીવન જીવવું પણ એક કળા છે તો મૃત્યુ અંગે પણ એનાથી વધારે કળા જોઈએ છે. બાલમરણ અને પંડિત મરણના ભેદથી તે મરણના બે પ્રકાર છે. તે જ ક્રમશઃ અકામમરણ અને સકામ મરણ છે. બાલ જીવોનું અકામમરણ વારંવાર થતું રહે છે અને પંડિત પુઢષોનું અકામમરણ ઉત્કૃષ્ટ એક જ વાર થાય છે. અર્થાત્ જઘન્ય મધ્યમ આરાધનામાં ૭–૮ ભવ થઈ શકે છે. પરંતુ પ્રાણી ઉત્કૃષ્ટ આરાધનામાં તે જ ભવે મોક્ષ પામે છે.

**પ્રશ્ન–૨ : બાલ જીવોનું અકામમરણ કઈ રીતે વર્ણવેલ છે ?**

**જવાબ–** વિષયાસક્ત બાલજીવ અનેક ક્રૂર કર્મો કરે છે. કેટલાક પરલોકને પણ માનતા નથી. જગતમાં બધા જીવોનું જે થશે તે અમારું પણ થઈ જશે. એમ માની તે હિંસા, જૂઠ છલ–કપટ, ધૂર્તતા વગેરે કરી સુરા, માંસનું સેવન કરે છે. તેમજ ધન અને સ્ત્રીઓમાં ગૃદ્ધ બને છે. એવા લોકો અળસિયાની જેમ બે રીતે કર્મ ગ્રહણ કરે છે એટલે કે અળસિયું મોઢાથી અને શરીરથી, બંનેથી માટી ગ્રહણ કરે છે. તેમ તે અજ્ઞાની પ્રાણી રાગ-દ્વેષ બંનેથી કર્મો એકઠા કરે છે. તે પ્રાણીઓ મૃત્યુ થતાં અને દુર્ગતિમાં જતાં ત્યાંના દુઃખો જોઈ પશ્ચાત્તાપ કરે છે. જેમ અહીં ગાડાવાળો અટવીમાં ગાડાની ધરી તૂટી જવાથી શોક કરે છે. તેમ





ધર્માચરણ રહિત અજ્ઞાની પ્રાણી હારેલા જુગારીની સમાન મૃત્યુ સમયમાં પશ્ચાત્તાપ રૂપ આર્તધ્યાન કરે છે.

**પ્રશ્ન–૩ : પંડિતમરણનું સ્વરૂપ અહીં કઈ રીતે વર્ણવેલ છે ?**

**જવાબ–** પંડિતમરણ વિષમતાના કારણે સર્વ ભિક્ષુઓને પ્રાપ્ત થતું નથી અને ગૃહસ્થોની વિભિન્નતાના કારણે સર્વ શ્રાવકોને પણ પ્રાપ્ત થતું નથી. કેટલાક ગૃહસ્થોના સંયમ જીવન અર્થાત્ ધર્મ સાધના અનેક સાધુઓથી ઉચ્ચ હોય છે. છતાં સુસાધુઓનો સંયમ તો બધા ગૃહસ્થોથી સર્વોચ્ચ હોય છે.

ભિક્ષાજીવી કેટલાક શ્રમણોનું આચરણ અને શ્રદ્ધાન શુદ્ધ ન હોય, તેથી જ જટાધારણ, મુંડત્વ, નગ્નત્વ, વિભિન્ન વેશભૂષા, ચર્મ, વસ્ત્ર અને અન્ય ઉપકરણ ધારણ કરવાથી તેઓની દુર્ગતિથી મુક્તિ થઈ શકતી નથી. માટે ભિક્ષુ હોય કે ગૃહસ્થ હોય, તે શુશીલ અને સુવ્રતી હોય તો જ કલ્યાણ થઈ શકે કે દિવ્યગતિ પ્રાપ્ત કરી શકે. જે પૌષધ, વ્રતનિયમ અને સદાચરણનું પાલન કરતાં ગૃહસ્થ અવસ્થામાં રહે છે અથવા જે ઈન્દ્રિય વિષયોથી અને સંપૂર્ણ પાપોથી સંવૃત થઈ ભિક્ષા જીવનથી નિર્વાહ કરે છે, એવા શ્રમણ અને શ્રમણોપાસક મૃત્યુ સમયમાં સંત્રસ્ત થતા નથી પણ પંડિતમરણને પ્રાપ્ત કરે છે. તેમાં કોઈ સિદ્ધ ગતિ પામે અને કોઈ દેવ મનુષ્યનો ભવ કરી પરંપરાએ મુક્તિ પામે છે.

**પ્રશ્ન–૪ : આ અધ્યયનના વિષયનો ઉપસંહાર કઈ રીતે કરેલ છે ?**

**જવાબ–** આ અકામ-સકામ બંને મરણના પ્રતિફળની તુલના કરી મુમુક્ષુએ દયા ધર્મ અંગીકાર કરવો જોઈએ અને દેહના મમત્વનો ત્યાગ કરી અંતિમ સમયે ભક્ત પ્રત્યાખ્યાન આદિ કોઈપણ પંડિતમરણનો(સંથારાનો)સ્વીકાર કરવો જોઈએ.

## અધ્યયન–૬ : ક્ષુલ્લક નિર્ગ્રંથ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં નિર્ગ્રંથ ધર્મનું અને સંયમ ગ્રહણ કરવાની પ્રેરણાનું ટૂંકમાં વર્ણન હોવાથી આનું નામ ક્ષુલ્લક નિર્ગ્રંથીય રાખેલ છે. વાસ્તવમાં અહીં જ્ઞાન ક્રિયાનું સામંજસ્ય બતાવી આચરણનું મહત્ત્વ સ્થાપિત કરેલ છે.

**પ્રશ્ન–૨ : સંયમગ્રહણ અને આરાધનાની પ્રેરણાના ભાવો કઈ રીતે છે ?**

**જવાબ–** સંસારમાં અજ્ઞાની પ્રાણી જ દુઃખોની વૃદ્ધિ કરે છે. તેથી મુમુક્ષુ પ્રાણી

જીવાદિ તત્ત્વોનું જ્ઞાન કરી સત્યની ગવેષણા કરતાં બધા પ્રાણીઓ સાથે મૈત્રી-ભાવનો વ્યવહાર કરે. પારિવારિક જનોમાં પણ અસંરક્ષણ ભાવને જાણીને સ્નેહ રહિત બને તેમજ ધન સંપત્તિને પણ ચંચલ જાણી તેનો ત્યાગ કરે.

આ રીતે જ્ઞાનયુક્ત આચરણને હૃદયંગમ કરી પરિગ્રહને નરકનું પ્રમુખ કારણ સમજીને છોડી દે. સર્વ પ્રાણીઓને આત્મવત્ સમજી સાવદ્ય આચરણનો સર્વથા ત્યાગ કરી નિર્વદ્ય નિર્ગ્રંથના આચરણનો સ્વીકાર કરે. સાવદ્ય કર્મ અને પરિગ્રહના ત્યાગી મુનિ જીવન નિર્વાહ માટે ગૃહસ્થ દ્વારા પ્રદત્ત અને એષણા સમિતિની વિધિથી પ્રાપ્ત આહારનો જ સ્વીકાર કરે. તેમજ મુનિ,પક્ષીની જેમ સંગ્રહ વૃતિથી મુક્ત રહે.

**પ્રશ્ન–૩ : જ્ઞાન અને ક્રિયાના સામંજસ્ય માટે અહીં શું સમજાવેલ છે ?**

**જવાબ–** જગતમાં કેટલાક લોકો ધર્મના નામે કોરા જ્ઞાનને જ મહત્ત્વ આપે છે. તેનાથી જ સમકિત અને મુક્તિની કલ્પના તથા પ્રરૂપણા કરે છે. તેમજ આચરણમાં તેઓ તપસ્યા કંઈ જ કરતા નથી. તે લોકો પાપ ત્યાગનું આચરણ પણ કંઈ કરતા નથી. તેમજ જિનોક્ત શ્રમણ ધર્મ કે શ્રમણોપાસક ધર્મનો સ્વીકાર કે પુઢષાર્થ પણ કરતા નથી. માત્ર આત્મા-આત્મા, સમકિત-સમકિતની વાતોથી વચન વીર્ય માત્રની પુષ્ટી કરે છે. ખરેખર તે જ્ઞાની અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા કરવા છતાં પણ ચારિત્રમોહ કર્મના ઉદયમાં દબાયેલા હોય છે. એવી અજ્ઞાન દશામાં હોવા છતાં પોતાને પરમજ્ઞાની, સમકિતી અને આત્માર્થી માને છે. પરંતુ અહીં શાસ્ત્રકાર કહે છે કે વાસ્તવમાં તેઓને કંઈ પણ આત્મોન્નતિ ઉપલબ્ધ થતી નથી. પાપાચરણ અને ચારિત્ર મોહમાં ફસાયેલા અને વીતરાગ ધર્મની અધૂરી શ્રદ્ધાના કારણે તેઓનો તે વચનવીર્ય ધર્મની આરાધના કરાવી શકે નહીં અને દુર્ગતિથી રક્ષા પણ કરાવી શકે નહીં.

તેઓની દશા''બિલ્લી આવે તો ઉડી જવું'' એવા તોતા રટણ કરનારની સમાન હોય છે. તે તોતો બિલ્લી આવવા પર ઉડતું નથી અને તેની ઝપટમાં આવીને મૃત્યુ પામે છે. તેમજ કોરા જ્ઞાનની વાતો કરનાર પણ આચરણ વિના મૃત્યુ આવતાં દુર્ગતિની ઝપટમાં આવી જાય છે. ધર્મની આરાધના તો જ્ઞાન દર્શન ચારિત્ર અને તપના સુમેળથી જ થાય છે. આચરણ નિરપેક્ષ જ્ઞાનથી આરાધના સંભવિત નથી. માટે જિન ભાષિત જ્ઞાન અને ક્રિયા બંનેનું જીવનમાં સામંજસ્ય રાખવું જોઇએ. જિનોક્ત આચાર ધર્મની ઉપેક્ષા કરવી જોઇએ નહીં.





આ રીતે આ અધ્યયનમાં સંયમ રૂપ ત્યાગ માર્ગનો ઉપદેશ છે છતાં પણ અંતિમ ગાથાઓમાં જ્ઞાન–ક્રિયાના સુમેળની પ્રેરણા થઈ છે.

## અધ્યયન–૭ : એલક(ઉરભ્રીય)

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં દષ્ટાંતોના માધ્યમથી ધર્મ પ્રેરણા આપી છે. તે દષ્ટાંત મુખ્યતઃ ચાર છે– (૧) મેમનાનું બચ્ચું (૨) કાંગિણી (એક પાઈ) (૩) વણિક (૪) રાજા. મૂળ ગાથાઓમાં જ આ દષ્ટાંતોને સારી રીતે ઘટિત કરીને સમજાવેલ છે. શરૂઆતમાં ભેડના બચ્ચાનું દષ્ટાંત છે તેને એલક–એડક પણ કહેવામાં આવે છે. માટે અધ્યયનનું નામ એલક રાખેલ છે.

**પ્રશ્ન–૨ : ભેડના બચ્ચાનું (ઘેટાનું) દષ્ટાંત કઈ રીતે સમજાવેલ છે ?**

**જવાબ–** માંસાહારી લોકો ઘર આંગણામાં મેમનાનું(ઘેટાનું)પાલન પોષણ કરે છે અને કોઈ મહેમાન આવે ત્યારે તે મેમનાને મારી પકાવીને ખાય અને ખવડાવે છે. તે વાતને શાસ્ત્રકારે આ રીતે કહી છે– (૧) જે રીતે ખાવા-પીવામાં મસ્ત બનેલ ઘેટું માનો મહેમાનના આવવાની રાહ જુએ છે. મહેમાનના આવવા પર તેનું શિર ધડથી જુદું કરવામાં આવે છે. આ જ રીતે અધર્મિષ્ટ પ્રાણી નરકની ચાહના કરે છે. (૨) તે અજ્ઞાની પ્રાણી હિંસા, ઝૂઠ, ચોરી,લૂંટ કરનાર, મારામારી, સ્ત્રીવિષય લંપટ, મહારંભી, મહાપરિગ્રહી, સુરામાંસનું સેવન કરનાર, ફાંદ-વાળા અને પુષ્ટ શરીરવાળા થઈને નરકની આકાંક્ષા કરે છે. (૩) તે ઈચ્છિત ભોગોનું સેવન કરી, કષ્ટથી એકત્રિત કરેલી સંપૂર્ણ સામગ્રી અને ધનને છોડી, કરેલા કર્મોને સાથે લઈને જાય છે. તેમજ માત્ર વર્તમાનને જોનાર ભવિષ્યનો વિચાર ન કરનાર તેઓ ભારેકર્મી થઈ મરણ સમયે ખેદ પામે છે અને દુર્ગતિને પામે છે.

**પ્રશ્ન–૩ : કાંગિણીના દષ્ટાંતથી શું બોધ આપવામાં આવેલ છે ?**

**જવાબ–** એક યાત્રીએ ચોરોના ભયથી સુરક્ષા માટે પોતાની ૧૦૦૦ સોના મોહરો અટવીમાં દાટી દીધી અને ચોરોનો ભય સમાપ્ત થતાં તે સોનામોહરો કાઢીને ચાલ્યો. આગળ જતાં તેને યાદ આવ્યું કે મારી પાસે એક કાંગિણી હતી તે તો ત્યાં અટવીમાં જ ભૂલી ગયો. હવે તે ૧૦૦૦ સોના મોહરો પાછી જમીનમાં દાટીને કાંગિણી લેવા ગયો. પાછળથી કોઈએ તે સોનામોહરોને કાઢી લીધી અને

ચાલતો થયો. તે વ્યક્તિ કાંગિણી લઈને આવ્યો ત્યારે તેને ત્યાં સોનામોહરો મળી નહીં. હવે તે ખૂબ પશ્ચાત્તાપ કરે છે પણ ગયેલું ધન પાછું મળે જ નહીં, તેમ માની તે બહુ જ દુઃખી થયો.

અહીં શાસ્ત્રકાર સમજાવે છે કે તુચ્છ માનવીય સુખોની પાછળ માનવ, ધર્મ આરાધનથી પ્રાપ્ત થનાર દૈવિક અને મોક્ષ સુખોને ગુમાવી દે છે. આ તેઓની કાંગિણી માટે હજાર સોનામોહરો ગુમાવવા જેવી મૂર્ખતા છે. અતઃ ક્ષણિક અને અલ્પ સુખો માટે દેવોને પણ દુર્લભ એવા ધર્મારાધન માટેના માનવ ભવને ગુમાવવો જોઈએ નહીં.

**પ્રશ્ન–૪ : અહીં રાજાના દષ્ટાંતથી શું સમજાવ્યું છે ?**

**જવાબ–** એક રાજા અત્યંત બીમાર હતો. તેનો રોગ મટતો જ ન હતો. એક વૈદે તેમને કેરી ખાવાની મનાઈ કરી અને ચિકિત્સા કરતાં તેનો રોગ ઉપશાંત થયો. પછી વૈદે સદાને માટે કેરી ખાવાની રાજાને મનાઈ કરી દીધી. હવે રાજા સ્વસ્થ હતો. એકવાર ભ્રમણ કરતાં રાજા પોતાના રસાલા સાથે આમ્રવનમાં પહોંચી ગયા, ત્યાં વિશ્રામ કરતાં કેરીની સુગંધથી લલચાઈને તેને કેરી ખાવાની ઈચ્છા થઈ. પ્રધાન વગેરે બધાએ ના પાડી છતાં રાજાએ કેરી ખાધી અને પ્રાણ ગુમાવ્યા.

અહીં શાસ્ત્રકાર કહે છે કે અપથ્ય રૂપ કેરી ખાઈને રાજાએ રાજ્ય સુખ માનવીય સુખ બધા ગુમાવ્યા. તેમ માનવીય સુખ ભોગોમાં આસક્ત થયેલા માનવો, ધર્મથી દૂર રહી ભોગોમાં રચ્યા–પચ્યા રહે છે. તે માનવ ભવ હારી જાય છે. માટે મુમુક્ષુ આત્માઓએ હાનિ-લાભનો વિચાર કરીને માનવ ભવને ધર્માચરણથી સાર્થક કરવો જોઈએ.

**પ્રશ્ન–૫ : વણિકોના દષ્ટાંતથી અહીં શું સમજાવેલ છે ?**

**જવાબ–** ત્રણ વણિકો ધન કમાવા દેશાંતરે ગયા. પહેલો એક માણસ ખૂબ જ ધન કમાયો, બીજાએ જેટલું કમાયો તેટલું ખાઈ ખર્ચી નાખ્યું, મૂળ મૂઢી સાચવી રાખી. ત્રીજા માણસે ખાવા-પીવામાં બધી મૂળ મૂડી પણ સમાપ્ત કરી દીધી.

આ દષ્ટાંત વડે શાસ્ત્રકાર સમજાવે છે કે જે પ્રથમ માણસની જેમ ધર્મ કરણી વગેરેથી મનુષ્ય ભવનો સદુપયોગ કરી લે છે તે દેવત્વ અથવા મોક્ષ પામે છે, સુખી સુખી થઈ જાય છે. બીજા માણસની જેમ કેટલાક માણસો સદ્‌ગુણોના કારણે પુનઃ માનવ ભવ પામે છે પણ ધર્માચરણ વિના કંઈ આગળ વધતા નથી. ત્રીજા માણસની જેમ કેટલાક લોકો દુર્ગુણી થઈ મનુષ્ય ભવ પણ ગુમાવીને નરક





તિર્યંચના દુઃખો પ્રાપ્ત કરે છે. તે સદા માટે હારેલા રહે છે. આ દષ્ટાંતથી વિચાર કરી સુખ ઈચ્છનારે, માનવ ભવમાં ધર્મકરણી કરવાની તકને ગુમાવવી જોઈએ નહીં અને એનાથી સત્પુરુષાર્થ દ્વારા શાશ્વત મોક્ષ સુખો પ્રાપ્ત કરી લેવા જોઈએ.

આ ઉપરાંત શાસ્ત્રકારે મનુષ્ય અને દેવના સુખોની તુલના કરીને પણ કહ્યું છે કે મનુષ્યનું આયુષ્ય અને ભોગસુખ દેવોની આયુ અને સુખો સામે બહુ અલ્પ છે, સમુદ્ર સામે જળ બિંદુ જેવડા છે. માટે જે વ્યક્તિ માનવ સુખોથી વિરક્ત થઈ સંયમારાધના, ધર્મારાધના કરે છે તે અલ્પ ત્યાગથી અનુપમ મોક્ષ સુખોના ભાગીદાર બને છે. પરંતુ બધુ જાણી સમજી સાંભળીને પણ જે કંઈ જ ત્યાગ કરતા નથી. વર્તમાનમાં જ આસક્ત રહે છે. તેઓ માટે મનુષ્ય ભવ પ્રાપ્ત થવાનું અમૂલ્ય પ્રયોજન નષ્ટ થઈ જાય છે.

સાર એ છે કે અજ્ઞાની જીવો ધર્મ છોડીને અધર્મ સ્વીકારે છે અને દુઃખી થાય છે અને જ્ઞાની અધર્મ છોડી ધર્મ ધારણ કરી સુખી થાય છે.

# અધ્યયન–૮ : કાપિલીય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો વિષય પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં દુર્ગતિ અને દુઃખોથી મુક્તિ માટેના ઉપદેશ વચન છે યથા– (૧) સ્નેહ ત્યાગ (૨) ભોગોથી અલિપ્ત રહેવું. (૩) અહિંસક થવું (૪) રસાસક્તિ ત્યાગ (૫) નિમિત્ત જ્યોતિષવિદ્યા કથન ત્યાગ (૬) લોભથી સાવધાની (૭) અને સ્ત્રી સંગનો ત્યાગ.

**પ્રશ્ન–૨ : આ ઉપદેશ વચન કોનાથી સંબંધિત છે ?**

**જવાબ–** આ અધ્યયનની અંતિમ ગાથાથી સમજાય છે કે આ શિક્ષા વચનો કપિલ કેવલી દ્વારા કહેલા છે. જેનું સંકલન સૂત્રકાર ગણધર પ્રભુએ કરેલ છે. અધ્યયનની શરૂઆત પ્રશ્ન પૂછીને કરેલ છે. તેના ઉત્તરમાં આખું અધ્યયન કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૩ : અહીં ઉપદેશ વચનોમાં શું સમજાવવામાં આવ્યું છે ?**

**જવાબ– (૧)** સર્વ સ્નેહોનો ત્યાગ કરનાર દુઃખથી મુક્ત થાય છે. પછી તે સ્નેહ ઈન્દ્રિય વિષયોનો હોય કે ધનપરિવારનો હોય કે શરીરનો હોય અથવા યશકીર્તિનો હોય; તે સર્વ સ્નેહ ત્યાજ્ય છે. **(૨)** અધૈર્યશીલ માનવો માટે કામભોગો દુસ્ત્યાજ્ય

હોય છે. તે ભોગાસક્ત પ્રાણી શ્લેષ્મમાં(બળખામાં)પડેલી માખીની જેમ સંસારમાં ફસાઈને દુખી થાય છે. પરંતુ જેમ ધન કમાવા માટે વણિકો દુસ્તર સમુદ્રને પણ પાર કરે છે. તેમ સુવ્રતી શ્રમણ ભોગ સંસારને પાર કરી નિર્લિપ્ત થઈ સુખી થઈ જાય છે. **(૩)** કેટલાક પોતાને શ્રમણ માને છે પરંતુ તેઓ પ્રાણીઓને અને પ્રાણીવધને સમજતા જ નથી. તે દુર્ગતિને જ પામે છે. કારણ કે પ્રાણીવધનું અનુમોદન કરનાર પણ સંસારથી મુક્ત થઈ શકતા નથી. માટે સંપૂર્ણ જગતના જીવોને જાણી સમજીને સાધક મન, વચન અને કાયાથી તેઓની હિંસાનો ત્યાગ કરે છે. તે સંપૂર્ણ અહિંસાના પાલન માટે શુદ્ધ એષણા વિધિથી આહાર પ્રાપ્ત કરે છે. તેઓ સાવદ્ય ભિક્ષારૂપ આધાકર્મી આદિ દોષવાળા આહારને ઈચ્છતા નથી. **(૪)** નિર્દોષપ્રાપ્ત ભિક્ષામાં પણ ભિક્ષુ રસાસક્ત ન બને. પરંતુ જીવન નિર્વાહ માટે નીરસ, રૂક્ષ, શીતલ, સારહીન પદાર્થોનું સેવન કરે. રસાસક્ત થવાથી નિર્દોષ આહાર પણ સદોષ થઈ જાય છે. **(૫)** સાધુ કોઈપણ હેતુથી લક્ષણ, સ્વપ્ન આદિના ફળ ગૃહસ્થને બતાવે નહીં, પાપ શાસ્ત્રોનો પ્રયોગ કરે નહીં.

**(૬)** સંસારના પ્રાણીઓને જેમ જેમ ધનની વૃદ્ધિ થાય તેમ તેમ લોભની વૃદ્ધિ આગળને આગળ વધતી જાય છે. કારણ કે ઈચ્છાઓ આકાશ સમાન અનંત હોય છે. માટે ઈચ્છાઓને સદા નિયંત્રિત રાખવી જોઈએ. અહીં કપિલ મુનિના જીવનની એક ઘટના સૂચિત કરેલ છે.

એકવાર તે પત્નીના કહેવા પર રાજા પાસેથી બે માસા સોનાનું ઈનામ મેળવવા માટે રાત્રિએ ઘરથી નીકળેલ. ચોર સમજી સિપાહીઓ તેને પકડી રાજા સામે હાજર કર્યા. સાચી હકીકત બતાવતાં દયા ભાવે રાજાએ ખુશ થઈ ઈચ્છિત માંગવાનું કહ્યું. કપિલ એકાંતમાં વિચાર કરતાં કરતાં છેક આખું રાજ્ય માંગવા સુધી પહોંચી ગયો અને પાછો પોતાને સંભાળી લીધો અને વિરક્ત થઈને દીક્ષા લીધી હતી. માટે અહીં લોભ અને ઈચ્છાઓ ઉપર અંકુશ રાખવાનો સંકેત કરેલ છે.

**(૭)** છદ્મસ્થ સાધક બ્રહ્મચારીને સ્ત્રી શરીરથી સદા ભય રહે જ છે. માટે ભિક્ષુ સ્ત્રી સહવાસ અને અતિ પરિચયનો સદા ત્યાગ કરે. અહીં એક ગાથામાં સાધકને સાધનામાં સાવધાની માટે સ્ત્રીને રાક્ષસી રૂપે માનવાની પ્રેરણા પણ થઈ છે. તેનું તાત્પર્ય એ છે કે પોતાના મોહોદય પ્રબલ થતાં સ્ત્રી સંપર્ક સાધકને ક્યારેય પણ ભ્રષ્ટ કરી શકે છે. તેથી સાવધાની આવશ્યક છે. કપિલમુનિ પણ સંસારમાં પોતાના





યૌવન વયે એક સ્ત્રીના ચુંગાલમાં ફસાઈ ગયેલ હતા. તેની સ્મૃતિથી જ આવા ઉપદેશ વચનોનો અહી પ્રયોગ થયો છે.

**પ્રશ્ન–૪ : કપિલ મુનિનો આ ઉપદેશ કોના માટે થયેલ હતો ?**

**જવાબ–** પ્રસ્તુત અધ્યયનનું સૂક્ષ્મ સમીક્ષણ કરતાં જણાય છે કે આ સર્વ ઉપદેશ સામાન્યતઃ બધા શ્રમણો માટે થયેલ છે. છતાં આ સૂત્રના વ્યાખ્યાકારે આ સર્વ ઉપદેશને ૫૦૦ ચોરો માટે થયેલ સ્વીકાર્યો છે. ખરેખર કપિલ મુનિએ ૫૦૦ ચોરોને ઉપદેશ દઈ ધર્મમાં જોડ્યા હોય તે ઘટિત થઈ શકે. પણ અહીં આ અધ્યયનમાં વર્ણિત ઉપદેશ વચન ચોરો માટે હોય તેમ જણાતું નથી. આ ઉપદેશ શાસ્ત્રકારે સમસ્ત શ્રમણો માટે આપેલ હોય તેમ સમજાય છે અને અંતિમ ગાથાઓમાં કપિલમુનિ સાથે સંબંધ જોડ્યો છે. પણ ત્યાં મૂલપાઠમાં ૫૦૦ ચોરોનું કંઈ જ કથન થયું નથી. આ ઉત્તરાધ્યયન સૂત્ર ગણધર રચિત છે. આ વાત પહેલાં પ્રશ્નોત્તર રૂપે સમજાવેલ છે.

## અધ્યયન–૯ : નમિરાજર્ષિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** સતી મયણરેહા(મદનરેખા)ના પુત્ર નમિકુમાર દીક્ષા લેવા માટે તૈયાર થયેલ. ત્યારે તેઓના વૈરાગ્યની પરીક્ષા સ્વયં શક્રેન્દ્રે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને કરેલ. નમિ રાજર્ષિએ યથાર્થ જવાબો આપીને ઈન્દ્રને સંતુષ્ઠ કરેલ. બંને વચ્ચેનો સંવાદ આ સંપૂર્ણ અધ્યયનમાં ૧૦ પ્રશ્નોત્તર રૂપે વર્ણવેલ છે.

**પ્રશ્ન–૨ : દસ પ્રશ્નો કયા કયા હતા ?**

**જવાબ–** દીક્ષા સ્થળ ઉપરે દીક્ષાના પ્રત્યાખ્યાન પૂર્વે આ પ્રકારે પ્રશ્નો શક્રેન્દ્રે પૂછેલ. યથા– (૧) મિથિલા નગરીમાં કોલાહલ કેમ થઈ રહ્યો છે ? (૨) બળતા અંતઃપુરની સામે તમે કેમ જોતા નથી. (૩) નગરને સુરક્ષિત–અજેય કરી પછી તમે દીક્ષા લેજો (૪) ક્રીડા માટેના જળ મહેલ વગેરે બનાવી પછી દીક્ષા લેજો (૫) ચોર લુંટારાઓથી નગરીની રક્ષા કરી પછી દીક્ષા લેજો (૬) ઉદંડ રાજાઓને વશમાં કરી પછી દીક્ષા લેજો (૭) યજ્ઞ, દાન, બ્રાહ્મણ ભોજન–દક્ષિણા વગેરે આપી પછી દીક્ષા લેજો (૮) ઘોર(બહુ કઠણ)ગૃહસ્થાશ્રમ છે ત્યાં જ રહીને ધર્મારાધન કરવું જોઈએ. (૯) સોના-ચાંદી વગેરેથી કોષ ભંડાર ભરી પછી દીક્ષા

લેજો (૧૦) વર્તમાન સુખો છોડી ભાવી સુખોની આશા કરવી યોગ્ય નથી. તે પશ્ચાત્તાપ માટે થશે.

**પ્રશ્ન–૩ : આ પ્રશ્નોના ઉત્તર નમિ રાજર્ષિએ કઈ રીતે આપ્યા હતા ?**

**જવાબ–** (૧) નગરીના લોકો પોતાના સ્વાર્થ માટે કોલાહલ કરે છે, રોવે છે. (૨) જ્યાં મારું કંઈ છે નહીં ત્યાં ભવનોના બળવાથી મારા આત્માનું કંઈજ નુકશાન નથી. (૩) શ્રદ્ધા, તપ સંયમ વડે આત્મા કર્મ શત્રુઓથી અજેય થઈ શકશે. (૪) મહેલો અને ઘર, સંસાર પ્રવાહના વચ્ચે બનાવવાથી શું થશે. શાશ્વત મોક્ષ સ્થાને જ નિવાસ કરવો છે. (૫) રાજનીતિમાં ન્યાય અન્યાય બધું થાય છે. ચોર ડાકૂઓમાં સાચાં છટકી જાય છે અને જૂઠા દંડિત થઈ જાય છે. માટે આ દોષયુક્ત સ્થિતિ છે. (૬) રાજાઓને વશમાં કરવાની અપેક્ષાએ એક આત્માને વશમાં કરવો શ્રેષ્ઠ છે. યુદ્ધ પણ આત્મ દુર્ગુણો સાથે કરવું શ્રેષ્ઠ છે. બાહ્ય યુદ્ધથી કંઈ લાભ થવાનો નથી. આત્મ વિજયથી જ સાચા સુખની પ્રાપ્તિ થાય છે. (૭) દર મહિને ૧૦ લાખ ગાયોનું દાન આપનાર કરતાં કંઈ જ દાન ન કરનાર મુનિનું જીવન શ્રેષ્ઠ છે. (૮) ઘોર કે કઠણ સાધનાઓ એકાંત રૂપે મોક્ષનો હેતુ નથી. પરંતુ જ્ઞાન અને વિવેકની સાથે સંયમાચરણ યુક્ત તપ શ્રેષ્ઠ છે અને તે જ મુક્તિ પ્રાપ્ત કરવાનો યોગ્ય હેતુ છે. (૯) સુવર્ણ અને ચાંદીના પહાડો મળવાથી પણ સંતોષ અને ત્યાગ વગર ઈચ્છાઓ પૂર્ણ થનાર નથી. માટે ઈચ્છાઓનો ત્યાગ કરી સંયમાચરણ કરવું જ શ્રેષ્ઠ છે. (૧૦) આગામી ભોગ સુખોની ચાહના માટે સંયમ સાધના કરવાની હોતી નથી. તે તો એક માત્ર કર્મ ક્ષય માટે હોય છે. તેથી સંયમ સાધક ને પસ્તાવાનું કંઈ જ કારણ નથી. ભોગોની ચાહના માત્ર જ દુઃખદાઈ છે. માટે સાધક કોઈપણ ઐહિક ચાહનાથી સાધના કરતા નથી.

**પ્રશ્ન–૪ : આ અધ્યયનનો ઉપસંહાર કેવી રીતે વર્ણવેલ છે ?**

**જવાબ–** નમિરાજર્ષિના જવાબોથી સંતુષ્ટ થઈને શક્રેન્દ્ર બ્રાહ્મણ રૂપનો પરિવર્તન કરી, સાચા ઈન્દ્ર રૂપે ઉપસ્થિત થઈને નમિ રાજર્ષિની ગુણ સ્તુતિ કરતાં ભક્તિ યુક્ત વંદન નમસ્કાર કરી, આકાશ માર્ગે દેવલોકમાં ચાલ્યા ગયા. નમિ રાજર્ષિએ સંયમની આરાધના કરી આત્મ કલ્યાણ સાધ્યું. પ્રસ્તુત અધ્યયનમાં ભાવ દીક્ષિતની અપેક્ષાએ દીક્ષા પચ્ચક્ખાણ પૂર્વે જ શાસ્ત્રકાર તેમને નમિરાજર્ષિ કહ્યા છે અને ઈન્દ્રે તેમને રાજા અને ક્ષત્રિય શબ્દ વડે સંબોધન કર્યું છે. અપેક્ષાનયથી આ સર્વ શક્ય અને સત્ય છે તેમ સમજવું.





# અધ્યયન–૧૦ : દ્રુમ પત્રક

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો સંક્ષિપ્ત પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનનમાં મનુષ્ય જીવનની અસ્થિરતા, ચંચલતા અને દુર્લભતાનું વર્ણન કરી જીવનમાં ધર્માચરણની દુર્લભતા કહી છે. માટે બધા સુંદર સંયોગો પ્રાપ્ત કરી ''મુમુક્ષુ પ્રાણીએ ધર્મ પુરુષાર્થ કરવામાં જરા પણ આળસ પ્રમાદ ન કરવો'' એવી પ્રેરણા દરેક ગાથાના ચોથા ચરણમાં કરવામાં આવી છે. અવસ્થા પરિવર્તન થતાં ઈન્દ્રિયોની શક્તિહીનતા અને રોગાતંકથી શરીરની વિનશ્વરતાનું વર્ણન કરવામાં આવ્યું છે. દરેક ગાથામાં 'ગૌતમ' એવું સંબોધન હોવા છતાં પણ સમસ્ત મુમુક્ષુ પ્રાણીઓને સંબોધન કરી પ્રમાદ ઘટાડવાની કે નહીં કરવાની પ્રેરણા કરવામાં આવી છે.

**પ્રશ્ન–૨ : જીવનની ક્ષણભંગુરતા કયા દષ્ટાંત વડે સમજાવેલ છે ?**

**જવાબ–** અહીં બે દષ્ટાંતો આપવામાં આવ્યા છે– (૧) વૃક્ષનું પીળું થઈ ગયેલું પાંદડું ક્યારે ખરી પડે એ કાંઈ નિશ્ચિત્ત નથી. તે જ રીતે મુનષ્યનું આયુષ્ય ગમે ત્યારે ક્ષય પામી શકે છે. પ્રથમ ગાથામાં કહેલ આ જ પ્રથમ દષ્ટાંતના આધારે અધ્યયનનું નામ 'દ્રુમપત્રક' રાખેલ છે. (૨) તણખલાના અગ્ર ભાગે રહેલું ઓસ બિંદુ હવાના એક જ ઝટકાથી ક્યારેય પણ ખરી પડે છે. આ જ રીતે મનુષ્યનું આયુષ્ય ક્યારેય પણ નષ્ટ થઈ શકે છે. એવું ક્ષણભંગુર આ જીવન પણ અનેક આપદાઓથી પરિપૂર્ણ છે. માટે પ્રાપ્ત સંયોગમાં ધર્મ પુરુષાર્થ કરી લેવો જોઈએ. એમ કરવામાં ક્યારેય ક્ષણ માત્રનો પ્રમાદ ન કરવો જોઈએ.

**પ્રશ્ન–૩ : અહીં મનુષ્ય ભવ દુર્લભ કઈ અપેક્ષાથી કહેલ છે ?**

**જવાબ–** સંસારમાં જીવના ભવભ્રમણ કરવા માટેના કેટલાય સ્થળો છે. જેમાંથી પૃથ્વીકાયમાં ગયેલ જીવ ત્યાં લગાતાર અસંખ્યભવો કરી શકે છે. તે જ રીતે પાણી, અગ્નિ અને વાયુમાં ગયેલ તે જીવ ત્યાં દરેકમાં અસંખ્ય ભવો લગાતાર કરે છે અને અસંખ્યકાલ સુધી રહે છે. જો તે વનસ્પતિમાં ચાલ્યો જાય તો ત્યાં ઉત્કૃષ્ટ અનંત ભવો પણ કરી શકે છે. આ જ રીતે ત્રણ વિકલેન્દ્રિયમાં હજારો ભવ અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ૭–૮ ભવ તથા નરક દેવલોકમાં એક એક ભવ રૂપે જન્મ મરણ કરતાં સંસાર ચક્રમાં ભટકતા જીવને કયારેક પુણ્ય સંયોગે આ માનવ ભવ પ્રાપ્ત થાય છે. તેમાં પણ આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ, પરિપૂર્ણ ઈન્દ્રિયો, નિરોગી

શરીર, ધર્મશ્રવણ, ધર્મ શ્રદ્ધાનું મળવું ઉત્તરોત્તર દુર્લભ હોય છે. કારણ કે મનુષ્ય ભવ પામીને પણ કેટલાક પ્રાણીને અનાર્ય ક્ષેત્ર; ચોર, ડાકુ, કસાઈ, માંસાહારી કુલ અને અંધાપો, બહેરાપણું આદિ હીનાંગ, કુષ્ટરોગ આદિથી યુક્ત શરીર મળી જાય છે. કુતીર્થીની સંગતિ અને વિપરીત માન્યતાની બુદ્ધિ તેમજ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. જેનાથી તે સાચા જૈન ધર્મને સમજી પણ શકે નહીં. તેથી જ્ઞાનીઓનો સંદેશ છે કે બધા સુંદર સંયોગો યુક્ત માનવ ભવ પામીને ધર્મ પુરુષાર્થમાં જરા પણ આળસ કરવી નહીં.

**પ્રશ્ન–૪ : આ અધ્યયનમાં અન્ય કઈ શિક્ષા પ્રેરણાઓ આપી છે ?**

**જવાબ–** જીવન વ્યતીત થાય તેમ અવસ્થાઓ પણ બદલતી જાય છે. જેનાથી ઈન્દ્રિયો અને સંપૂર્ણ શરીરની શક્તિ પણ ક્ષીણ થાય છે. ઘડપણમાં પણ કેટલીય પરવશતા જીવને વૃદ્ધિ પામે છે. રોગાંતક પણ શરીરને નષ્ટ ભ્રષ્ટ કરે છે. માટે હે ગૌતમ ! (મુમુક્ષ પ્રાણી) ક્ષણમાત્ર સમય પણ પ્રમાદમાં ગુમાવવો જોઈએ નહીં. ધન પરિવાર મમત્વ બંધનનો ત્યાગ કરી યથાસમયે સંયમનો સ્વીકાર કરી લેવો જોઈએ.

સંસારમાં અનેક કુતીર્થના માર્ગ કંટકાકીર્ણ છે અને જિનમત–મોક્ષ માર્ગ સુવિશાલ તેમજ વિશુદ્ધ છે. એવા સુંદર ધર્મને પામીને ધૈર્યની સાથે સંસાર સમુદ્રને પાર પામવાના પુરુષાર્થમાં લીન રહેવું જોઈએ. કમજોર (નિર્બલ) ભારવાહક જો થાકીને વચમાં ભારને છોડી દે તો તેને પાછળથી પસ્તાવું પડે છે. માટે સંયમ ભારને સ્વીકારનારે ધૈર્યથી આગળ વધીને પાર પામવું જોઈએ. જેથી કરીને તેને પાછળથી પસ્તાવું ન પડે. અપેક્ષાએ સંયમ એ જ સંસારનો કિનારો છે ત્યાં પહોંચી રોકાવું નહીં અને ઝડપથી આગળ વધીને આરાધક થઈ મોક્ષ પ્રાપ્ત કરી લેવો જોઈએ.

# અધ્યયન–૧૧ : બહુશ્રુત પૂજા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં બહુશ્રુત જ્ઞાની શ્રમણનું મહત્ત્વ દર્શાવ્યું છે. જ્ઞાની શ્રમણ બનનારે વિનય સંપન્ન હોવું જરૂરી છે. માટે આ અધ્યયનના પ્રારંભમાં વિનીત-અવિનીતના લક્ષણ અને જ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા વગેરે સૂચિત કરેલ છે.





**પ્રશ્ન–૨ : વિનીત–અવિનીત તથા જ્ઞાન પ્રાપ્તિ માટેના યોગ્ય–અયોગ્ય કોને કહેલ છે ?**

**જવાબ– (૧)** વિદ્યાહીન, અભિમાની, સરસ આહારનો લોલુપી, અજિતેન્દ્રિય અને અસંબદ્ધ પ્રલાપી તથા અતિભાષી; એ અવિનીત હોય છે.

**(૨)** ક્રોધી, માની, પ્રમાદી, (અનેક અન્ય કાર્યોમાં કે ઈચ્છાપૂર્તિમાં વ્યસ્ત) રોગી અને આળસુ; એ ગુરુ પાસેથી શિક્ષા(જ્ઞાન)લાભ પ્રાપ્ત કરી શકતા નથી.

**(૩)** હાસ્ય ન કરનાર, ઈન્દ્રિય અને મન ઉપર કાબૂ રાખનાર, માર્મિક વચન ન બોલનાર, સદાચારી, દુરાચરણનો ત્યાગી, રસલોલુપતા રહિત, ક્રોધ રહિત અને સત્યપરાયણ; આ ગુણવાળા શિક્ષા (અધ્યયન) પ્રાપ્તિને યોગ્ય છે.

**(૪)** જે વારંવાર ક્રોધ કરે છે, ક્રોધને ચિરકાળ સુધી ટકાવી રાખે છે, મિત્રોને ઠુકરાવે છે, શ્રુતનું ઘમંડ કરે છે, અતિઅલ્પ ભૂલ થતાં કોઈનો તિરસ્કાર કરે છે, મિત્રની પીઠ પાછળ નિંદા કરે છે, જે દ્રોહી છે, અસંવિભાગી અને અપ્રીતિકર સ્વભાવવાળો છે તે અવિનીત કહેવાય છે. તે મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી.

**(૫)** ઉક્ત અવગુણોને દૂર કરી ગુણોને ધારણ કરનાર અને નમ્રવૃતિ, અચપલ, અમાયાવી, અકુતૂહલી, ક્લેશ કદાગ્રહથી દૂર રહેનાર, કુલીન, લજ્જાવાન, બુદ્ધિમાન મુનિ સુવિનીત કહેવાય છે.

**(૬)** ગુરુકુળવાસમાં રહીને શિષ્યે ઉક્ત ગુણયુક્ત બનવું જોઈએ. પ્રિયંકર અને પ્રિયવક્તા શિષ્ય, શ્રુતનું વિશાળ અધ્યયન કરી બહુશ્રુત બને છે.

**પ્રશ્ન–૩ : બહુશ્રુતજ્ઞાની માટે અહીં કઈ–કઈ ઉપમાઓ દર્શાવેલ છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં બતાવ્યું છે કે બહુશ્રુતજ્ઞાની મુનિ સંઘમાં અત્યધિક શોભાયમાન થાય છે. તેઓ માટે કહેલ ઉપમાઓ આ પ્રમાણે છે– **૧.** બહુશ્રુત મુનિ શંખમાં રાખવામાં આવેલ દૂધ સમાન સંઘમાં શોભાયમાન હોય છે, **૨.** ઉત્તમ જાતિના અશ્વ સમાન મુનિઓમાં શ્રેષ્ઠ હોય છે, **૩.** પરાક્રમી યોદ્ધા સમાન અજેય હોય છે, **૪.**હાથણીઓથી ઘેરાયેલા હાથી સમાન અપરાજિત હોય છે, **૫.** તીક્ષ્ણ શિંગડા અને પુષ્ટ સ્કંધવાળા બળદ પોતાના યૂથમાં સુશોભિત હોય છે તેમ તે સાધુ સમુદાયમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને જ્ઞાનથી પુષ્ટ થઈ સુશોભિત હોય છે, **૬.** આ જ રીતે તે મુનિ નિર્ભય સિંહ સમાન હોય છે, **૭.** અબાધિત બળ માં વાસુદેવ સમાન હોય છે, **૮.** ઐશ્વર્યમાં ચક્રવર્તી સમાન હોય છે, **૯.** દેવતાઓમાં શક્રેન્દ્ર સમાન હોય છે, **૧૦.** અજ્ઞાન અંધકાર નાશ કરવામાં સૂર્ય

સમાન હોય છે, **૧૧.** તારાઓમાં પ્રધાન પરિપૂર્ણ ચંદ્ર સમાન હોય છે, **૧૨.** પરિપૂર્ણ કોઠારો– ભંડારોની સમાન જ્ઞાન-ધનથી સમૃદ્ધ હોય છે, **૧૩.** શ્રેષ્ઠ જંબૂ સુદર્શન વૃક્ષ સમાન હોય છે, **૧૪.** નદીઓમાં સીતા નદી સમાન વિશાળ હોય છે, **૧૫.** પર્વતોમાં મેઢ પર્વતની સમાન ઉચ્ચ હોય છે, **૧૬.** સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર સમાન વિશાળ અને ગંભીર હોય છે.

એવા શ્રેષ્ઠ ગુણ અને ઉપમાઓથી સંપન્ન બહુશ્રુત ભગવાન સંઘમાં શ્રુતપ્રદાન કર્તા, શંકા સમાધાન કર્તા અને ચર્ચા વાર્તામાં સર્વત્ર અજેય હોય છે. માટે મોક્ષપથિક દરેક સાધકે લક્ષ્ય રાખી આગમાનુસાર શ્રુત અધ્યયન કરવામાં પુઢષાર્થશીલ રહેવું જોઈએ અને પ્રાપ્ત શ્રુતથી અહંનું પોષણ નહીં કરતાં સ્વ-પરનું કલ્યાણ કરવું જોઈએ.

# અધ્યયન–૧૨ : હરિકેશ મુનિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** અધ્યયનની પ્રથમ ગાથાનુસાર આમાં ચાંડાલ કુલોત્પન્ન ઉત્તમોત્તમ ગુણોના ધારક હરિકેશીબલ નામના જિતેન્દ્રિય મહાતપસ્વી મુનિનું વર્ણન છે કે જેઓ ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં મોક્ષે ગયા છે.

**પ્રશ્ન–૨ : હરિજન, ચાંડાલ આદિ હીનકુલોત્પન્નને શું દીક્ષા આપી શકાય ?**

**જવાબ–** સામાન્ય શ્રમણ તેઓને દીક્ષા આપી શકતા નથી. જાતિ સ્મરણ વગેરે જ્ઞાન થતાં તેઓ સ્વતઃ દીક્ષા લઈ શકે છે. તેમજ આગમ વિહારી આદિ વિશિષ્ટ જ્ઞાની પુઢષ તેઓને દીક્ષા આપી શકે છે. પછી તે એકલા વિહાર–વિચરણ કરી શકે છે અને કર્મ ક્ષય કરી મોક્ષે જઈ શકે છે. અર્થાત્ જિનશાસનમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટે જાતિવાદ બાધક નથી. મોક્ષના દરવાજા સદા સહુ માટે ખુલ્લા છે. છતાં સંસાર વ્યવહારનો વિવેક રાખવો આવશ્યક થાય છે. તે માટે તેઓને સમૂહમાં સાથે રાખી શકાય નહીં. તેઓ એકલા સ્વતંત્ર વિચરણ કરતાં કયારેય અન્ય શ્રમણો પાસે આવી શકે છે. મુનિ દર્શન કે પ્રવચન શ્રવણ માટે કોઈ માનવને પ્રતિબંધ હોતો નથી.

**પ્રશ્ન–૩ : યક્ષનો મુનિ સાથે શું સંબંધ હતો ? તેને કોઈએ સેવામાં રાખેલ હતો ?**





**જવાબ–** વ્યંતર દેવો કુતૂહલી અને કંઈક ભદ્રિક પરિણામી હોય છે. આ જ કારણે કયારેય સંયોગ મળી જતાં યક્ષ પોતે જ મુનિની ભક્તિ સેવામાં રહેવા લાગ્યો હતો.

**પ્રશ્ન–૪ : ભિક્ષા દેવી કે ન દેવી એ વ્યક્તિની ઈચ્છા પર નિર્ભર હોય છે તો પછી ત્યાં જૈન મુનિને વિવાદ કરવાની શું આવશ્યકતા હતી ?**

**જવાબ–** મુનિએ યક્ષને બોલાવ્યો નથી તેણે પોતે જ ગુપ્ત રહી બોલવાનું શરૂ કરી દીધું હતું. મુનિ શરીર યક્ષાવિષ્ટ થઈ ગયેલ હતું. તેથી તેઓનું ત્યાંથી ચાલ્યા જવાનું કે નહીં બોલવું એ સ્વવશ હતું નહીં. એટલે કે તે જવાબ–સવાલ બધા જ યક્ષના હતા. યક્ષે પણ બહુ જ શાલીનતાથી ભિક્ષા દેવાનું નિવેદન કર્યું હતું અને મુનિનો પરિચય આપ્યો હતો.

**પ્રશ્ન–૫ : તો પછી વિવાદ કેમ વધી ગયો અને ઉપદ્રવ સુધી પહોંચી ગયો ?**

**જવાબ–** દાન માટે યોગ્ય, ઉત્તમ ક્ષેત્ર એકાંત રૂપે બ્રાહ્મણ જ છે એમ બ્રાહ્મણોના બોલવા પર યક્ષે કહ્યું કે તમે વેદ ભણ્યા છો પરંતુ તેનો અર્થ કે મર્મ સમજતા નથી. જે હિંસાદિ પાપોના ત્યાગી અને કષાયોથી રહિત હોય તે જ સાચા બ્રાહ્મણ હોય છે. તમે તો જ્ઞાનનો માત્ર બોજ લઈને ચાલો છો. એ સાંભળીને બ્રાહ્મણો ગુસ્સે થયા અને આહાર આપવાની ચોક્કસ રીતે મનાઈ કરી દીધી. ત્યારે પણ યક્ષે મુનિના ગુણોનું વર્ણન કરતાં યજ્ઞના અલાભનો આક્ષેપ કર્યો કે મુનિને દાન ન આપો તો યજ્ઞનો શું લાભ થશે ? આ રીતે બંને તરફી આગ્રહના કારણે મારપીટ અને ઉપદ્રવ સુધી વાત વધી ગઈ. એમાં જૈનમુનિનો કોઈ દોષ હતો નહીં. કારણ કે યક્ષે મુનિને બોલવાનો અવસર જ આપ્યો નથી.

**પ્રશ્ન–૬ : ભદ્રાનો મુનિ સાથે પહેલાંનો શું પરિચય હતો ?**

**જવાબ–** તે વખતે ભદ્રા પુરોહિતની પત્ની હતી. તે કૌશલ દેશના રાજાની પુત્રી હતી. બાલ્ય કાલમાં તે રાજકુમારી એકવાર પોતાની સહેલીઓ સાથે રમત રમતાં ત્યાં જ મંદિરમાં ધ્યાનમાં ઊભેલા હરિકેશી મુનિ ઉપર થૂંકી હતી. ત્યારે ય પણ યક્ષે તે રાજકુમારીને દંડિત કરી હતી. પછી રાજાએ મુનિ પાસે આવીને ક્ષમા યાચના કરી હતી અને યક્ષે તે રાજકુમારી ભદ્રાને પાછી સાજી–સારી કરી દીધી હતી. પછી કોઈના બતાવવાથી રાજાએ રાજકુમારીને મુનિ દ્વારા નહીં સ્વીકારતાં પુરોહિતને દાનમાં આપી દીધી હતી. આ કારણે ભદ્રાએ મુનિને ઓળખી લીધા અને બાળકોને ઉપદ્રવ કરવાથી રોકવા લાગી હતી.

**પ્રશ્ન–૭ : ભદ્રાએ બાળકોને રોકતાં કઈ ઉપમાઓ યુક્ત કથન કર્યું હતું ?**

**જવાબ–** બાળકોને ઉપાલંભ આપતા તેણી એ કહ્યું કે–જે મુનિની તમે અવહેલના કરી રહ્યા છો એ તમામ કર્તવ્ય–પર્વતને નખોથી ખોદવા સમાન, લોઢાને દાંતોથી ચાવવા સમાન, આગને પગથી ખૂંદવા સમાન મૂર્ખતા ભરેલું છે. ભિક્ષા સમયે ભિક્ષુનું અપમાન કરવું એ કાર્ય પતંગિયાઓનું આગમાં પડી ભસ્મ થવા સમાન થાય છે. પછી ભદ્રાએ પુરોહિત સાથે મુનિનો અનુનય વિનય કરીને યક્ષને શાંત કર્યો હતો. ત્યારે ઉપદ્રવ સમાપ્ત થયો અને મુનિને આદર સાથે ભિક્ષા આપી.

**પ્રશ્ન–૮ : પાંચ દિવ્ય કયા છે ? અને તે ક્યારે પ્રગટ થાય છે ?**

**જવાબ–** મહાતપસ્વી મુનિને માસખમણનું પારણું હોય, કોઈને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય અને ત્યારે નજીકમાં દેવનો સંયોગ મળી જાય તો તે દેવ પાંચ દિવ્ય પ્રગટ કરે છે. જ્ઞાતાસૂત્ર વર્ણિત ધર્મઢચિ અણગારના માસખમણના પારણામાં પાંચ દિવ્ય પ્રગટ થયા ન હતા. કારણ કે ત્યાં દાતાના ભાવ પવિત્ર ન હતા. આ અધ્યયનમાં કહેલ પાંચ દિવ્યો આ પ્રમાણે છે– (૧) સુગંધી જળ (૨) અચિત્ત પુષ્પવૃષ્ટિ (૩) ધનનો વરસાદ (૪) દુંદુભીનાદ (૫) આકાશમાં અહોદાનં–અહોદાનંની ઘોષણા. યજ્ઞશાળામાં પાંચ દિવ્યો પ્રગટ થતાં લોકોમાં એ સ્પષ્ટ થયું કે જાતિની અપેક્ષા તપ-સંયમનું મહત્ત્વ વધુ છે. દ્રવ્યયજ્ઞ કરનારાઓ કરતાં મુનિનો ભાવયજ્ઞ વિશેષ પ્રભાવક રહ્યો.

**પ્રશ્ન–૯ : મુનિએ બ્રાહ્મણોને સાચા યજ્ઞ અને સ્નાનનું સ્વરૂપ શું સમજાવ્યું ?**

**જવાબ–** પુરોહિતની જિજ્ઞાસા થતાં મુનિએ ઉપદેશની ભાષામાં સમજાવ્યું કે– અગ્નિ અને પાણી વડે બાહ્ય શુદ્ધિ કરવાથી આત્માની ઉન્નતિ થતી નથી. પરંતુ પાપકર્મોનો સંગ્રહ થાય છે. છ કાયાના જીવોની ક્યારે ય પણ હિંસા કરવી નહીં, કરાવવી નહીં; જૂઠ, અદત્તનો ત્યાગ કરી, સ્ત્રી, પરિગ્રહ અને ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો એ જ સાચો મહાયજ્ઞ છે. આ ભાવ યજ્ઞમાં આત્મા જ્યોતિનું સ્થાન છે, તપ જ્યોતિ છે, મન વચન અને કાયા એ હોમદ્રવ્ય નાખવાના કડછા છે, શરીર છાણ(કંડા) છે, અને કર્મો કાષ્ઠ છે, સંયમયોગ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે શાંતિપાઠ છે. આ ઋષિઓનો પ્રશસ્ત યજ્ઞ(હોમ) છે.

**સાચું સ્નાન :–** અકલુષિત અને પ્રશસ્ત લેશ્યાવાળાનો સંયમ એ ધર્મ જળનો હોજ છે, બ્રહ્મચર્ય એ શાંતિ તીર્થ છે, પ્રશસ્ત અધ્યવસાય એ નિર્મળ જળ છે. જેમાં સ્નાન કરી મુનિ શીતલતા(કર્મ રહિત મોક્ષ અવસ્થા) ને પ્રાપ્ત કરે છે. આવું આ ઋષિઓનું પ્રશસ્ત સ્નાન હોય છે.





**પ્રશ્ન–૧૦ : મુનિ માટે બાળકોના અને ભદ્રાના શબ્દો કેવા કેવા હતા ?**

**જવાબ– બાળકોના શબ્દો :–** અરે આ દૈત્ય–રાક્ષસ રૂપે કોણ આવી રહ્યું છે? કાળા રંગવાળો વિકરાળ, ચપટી(દબાયેલી) નાકવાળો, જીર્ણ વસ્ત્રોવાળો, ધૂળ અને મેલથી ભરેલો, પિશાચ જેવો તેમજ ઉકરડી પર ફેકવા જેવાં ગાભા, ગળામાં પહેરેલ, નહીં જોવા લાયક આ કોણ છે ?

**ભદ્રાના શબ્દો :–** નરેન્દ્ર દેવેન્દ્રોથી પૂજિત વંદિત, ઋષિ, ઉગ્રતપસ્વી, મહાત્મા, જિતેન્દ્રિય, સંયતિ, બ્રહ્મચારી, મહાયશસ્વી, મહાભાગ, મહાપ્રભાવશાળી, ઘોર વ્રતોનું પાલન કરનાર, ઘોર પરાક્રમી મુનિ.

**મુનિ માટે આગમના શબ્દો–**જિતેન્દ્રિય ભિક્ષુ, પાંચ સમિતિવંત, ત્રણ ગુપ્તિવંત, સંયત, સુસમાધિવંત શ્રમણ.

# અધ્યયન–૧૩ : ચિત્તસંભૂતિ

**પ્રશ્ન–૧ : પ્રસ્તુત અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં ઘણા ભવોથી સાથે આવતા બે સગાભાઈઓનું વર્ણન છે. તેઓનું અહીં નામ ચિત્ત અને સંભૂતિ કહેલ છે. વર્તમાન ભવમાં બંને જુદા પડ્યા હતા. ચિત્ત શ્રેષ્ઠી કુળમાં જનમ્યા અને દીક્ષા લીધી. સંભૂતિ, હસ્તિનાપુરમાં બ્રહ્મદત્ત નામે ચક્રવર્તી રાજા થયા. વિચરણ કરતા ચિત્તમુનિ હસ્તિનાપુર આવ્યા, ત્યાં બંનેનો મેળાપ થયો.

**પ્રશ્ન–૨ : પૂર્વમાં બંનેએ કયા કયા ભવો સાથે કર્યા હતા ?**

**જવાબ–** તે બંનેના પહેલાંના થયેલા ૫ ભવો આ રીતે છે– (૧) દશાર્ણ દેશમાં બંને ભાઈઓ દાસ–સેવક હતા. (૨) કાલિંજર પર્વત ઉપર મૃગ હતા. (૩) મૃત ગંગા નદીના કાંઠે હંસ હતા. (૪) કાશીનગરીમાં ચાંડાલ કુળમાં હતા. ત્યાં બંનેએ દીક્ષા લીધી (૫) બંને મહર્દ્ધિક દેવ થયા. આ રીતે પાંચ ભવો સંગાથે કર્યા હતા.

**પ્રશ્ન–૩ : આ ભવમાં બંનેનો સંગાથ કેમ છૂટી ગયો ?**

**જવાબ–** સંભૂતિ મુનિએ પૂર્વ ભવમાં સંયમ સાધના કરતાં ચક્રવર્તી થવાનું નિદાન કર્યું. ચિત્ત મુનિએ ખૂબ સમજાવ્યા પણ તેઓએ તેની આલોચના શુદ્ધિ કરી નહીં. આ કારણે તે ચક્રવર્તી રાજા થયા. ચિત્ત મુનિએ સંયમની સમ્યક્ આરાધના કરી, માટે આ ભવમાં મુનિ થયા. નિયાણાના કારણે બંને જુદા પડી ગયા.

**પ્રશ્ન–૪ : નિદાનનું ફળ સંભૂતિને શું મળ્યું ?**

**જવાબ–** આ ભવમાં તેને ચક્રવર્તી રાજાની ઋદ્ધિ તો મળી ગઈ પરંતુ ચિત્તમુનિ દ્વારા ઘણા પ્રયત્ન કરવા છતાં તેમના ઉપર ઉપદેશની અસર થઈ નહીં. સંયમ ગ્રહણ કરવાની કે વ્રત પ્રત્યાખ્યાન કરવાની ભાવના થઈ નહીં. એમને એમ ભોગોમાં આસક્ત રહીને આયુષ્ય પૂર્ણ થતાં નરકે ગયા. મનુષ્ય ભવ તથા બંને ભાઈઓનો મેળાપ પણ વ્યર્થ ગયો. ચિતમુનિએ પણ તેમનું ભોગોનું નિમંત્રણ સ્વીકાર્યું નહીં, સંયમમાં વિચરણ કર્યું અને તેઓ સર્વ કર્મક્ષય કરી મોક્ષે ગયા.

**પ્રશ્ન–૫ : નિયાણું કરવા છતાં બંને જણા દેવલોકમાં સાથે કેમ રહ્યા ?**

**જવાબ–** સંભૂતિ મુનિએ નિયાણાનું પ્રતિક્રમણ કર્યું નહીં. છતાં તપ સંયમમમાં બંને બરોબર સાથે રહ્યા અને લેશ્યા પણ સંભૂતિની વિશુદ્ધ રહી. આ રીતે લેશ્યા અને તપ સંયમની કરણીના કારણે બંને જણાએ દેવલોકનો ભવ સાથે કર્યો હતો. તેમજ નિયાણા કર્યા પહેલાં જ કદાચ આયુષ્યનો બંધ થઈ ગયો હોય તો પણ એમ થઈ શકે છે. ભોગોનું નિયાણું કરવાથી તે કરણી વ્યર્થ જતી નથી, પણ આગળ ધર્મનો અંતરાય થવાથી ગતિ બગડી જાય છે. નિયાણા કરનારની લેશ્યાઓની વિચિત્રતાથી કેટલાય પ્રકાર થાય છે. દ્રૌપદીએ ભોગોનું નિયાણું કર્યુ હતું છતાં તેણીને સંયમની પ્રાપ્તિ થઈ હતી.

## અધ્યયન–૧૪ : ભૃગુ પુરોહિત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો સંક્ષિપ્ત પરિચય શું છે ?**

**જવાબ–** પૂર્વ ભવમાં ૬ જીવોએ તપ સંયમનું પાલન કરી દેવ થયા હતા અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને ક્રમશઃ ઈષુકાર નગરીમાં રાજા, રાણી, પુરોહિત અને પુરોહિત પત્ની તેમજ પુરોહિતના બે પુત્રો થયા. આ ભવમાં સર્વ પ્રથમ બંને પુરોહિત પુત્રોને જાતિસ્મરણ જ્ઞાન થયું. સંયમ લેવાની ભાવનાથી પિતા સાથે તેમનો સંવાદ થયો. પછી પુરોહિત વિરક્ત થતાં તેમનો પત્ની સાથે સંવાદ થયો અને ત્યાર પછી રાજા–રાણીનો પણ દીક્ષા માટે સંવાદ થયો. અંતે છએ જીવોએ દીક્ષા લઈને આત્મકલ્યાણ કર્યું.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનના વર્ણનથી જણાય છે કે દીક્ષા માટે આજ્ઞા લેવાની જરૂરી હોય છે. છતાં ય શાસ્ત્રમાં કેટલીય જગ્યાએ આજ્ઞા લેવાનું કેમ આવતું નથી ?**





**જવાબ–** શાસ્ત્રમાં વર્ણન ક્યારેક ટૂંકમાં અને કયારેક વિસ્તારથી હોય છે. આ કારણે આજ્ઞા લેવાનું વર્ણન ચુકાઈ જાય છે. આ જ રીતે ગ્રંથો અને કથાનકોમાં પણ આજ્ઞા લેવાનું વર્ણન ચુકાઈ જાય છે. તો પણ જૈનમુનિ કોઈને આજ્ઞા વગર દીક્ષા દેતા નથી. તેઓને અદત્ત ગ્રહણનો ત્યાગ હોય છે. દીક્ષા દેવામાં તેઓને શિષ્ય ગ્રહણ કરવાનું હોય છે. તેથી આજ્ઞા લેવી જરૂરી થઈ જાય છે. માટે કોઈપણ અધિકારીની આજ્ઞા લેવાનું સમજી લેવું જોઈએ.

બીજા વિષયની પ્રમુખતા હોય ત્યારે પણ આજ્ઞા લેવાનો પાઠ રહી જાય છે. જેના પરિવારનો કોઈ અધિકારી ન હોય તો સંઘના વ્યક્તિની કે રાજા વગેરેની યથા પ્રસંગે આજ્ઞા લેવાનું સમજી લેવું. જેમ કે અર્જુનમાળીની દીક્ષાના વર્ણનમાં પણ આજ્ઞા લેવાનો ખુલાશો નથી. ભગવાનના માતા-પિતાની દીક્ષાના ભગવતી સૂત્રના વર્ણનમાં પણ આજ્ઞા લેવાનો પાઠ નથી. આ બધું, વર્ણન પદ્ધતિનું કારણ સમજી લેવું જોઈએ. કારણ કે સ્વયં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પણ ભાઈની આજ્ઞા માટે બે વર્ષ સંસારમાં રોકાયા હતા અને આજ્ઞા લઈને દીક્ષા લીધી હતી. જિનશાસનમાં સર્વ શ્રમણોને ત્રીજા મહાવ્રતની શુદ્ધિ માટે શિષ્ય અદત્ત ગ્રહણ કરવાનું હોતું નથી અને દીક્ષા લેનારનું પણ કર્તવ્ય થઈ જાય છે કે વિનય સાચવીને જ દીક્ષા લેવાય. આ રીતે કોઈપણ મુંઝવણ વગર દીક્ષા માટે આજ્ઞા લેવાનો ધ્રુવ નિયમ સમજી લેવો જોઈએ.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનના પિતા-પુત્રના સંવાદમાંથી કયા તત્ત્વો જાણવા મળે છે ?**

**જવાબ– (૧)** પિતાની પ્રેરણાના ઉત્તરમાં પુત્રોએ કહ્યું કે માત્ર વેદોનું અધ્યયન ત્રાણ–શરણભૂત થઈ શકે નહીં, બ્રાહ્મણોને જમાડવા માત્રથી કોઈ નરક ગમનથી મુક્ત થઈ શકે નહી અને સંતાનોત્પતિ થઈ જવાથી કંઈ સદ્ગતિ થઈ જાય નહીં. વાસ્તવમાં સાવદ્ય યોગના ત્યાગથી જ જીવની કર્મોથી મુક્તિ થઈ શકે છે અને પોતાના શુભ કર્તવ્યોથી સદ્ગતિ થાય છે. **(૨)** કામભોગો ક્ષણ માત્રનું સુખ અને બહુકાળ વ્યાપી દુઃખો આપનાર છે, દુઃખ રૂપ અનર્થોની ખાણ સમાન છે, મુક્તિના એ વિરોધી છે. તેથી ભોગ સુખો માટે સંસારમાં રોકાવું યોગ્ય નથી. **(૩)** કામભોગોથી અતૃપ્ત માનવ રાત-દિવસ ધન કમાવામાં વ્યસ્ત રહે છે. પરંતુ તે પણ જરા–ઘડપણ અને મૃત્યુથી ઘેરાઈ જાય છે. માટે ક્ષણમાત્ર પણ સંસારના પ્રમાદમાં ફસાઈ જવાની આવશ્યકતા નથી. **(૪)** ધર્માચરણના લક્ષ્યમાં, ધન–

કુટુંબ કે ભોગ સામગ્રીનો સંબંધ હોતો નથી. ધર્માચરણ તો માત્ર કર્મ ક્ષય અને મોક્ષ મેળવવા માટે જ હોય છે. તેમજ આત્માની પૂર્ણ શુદ્ધાવસ્થાને પ્રગટાવવા માટે હોય છે. અતઃ કોઈ એમ ન સમજી લે કે દૈવી સુખો માટે સંયમ લેવાય છે. સંયમ અંગીકાર કરનારને સંસારની કોઈ પણ અપેક્ષા હોતી નથી.

**(૫)** અરણી કાષ્ઠમાંથી આગ અને તલોમાંથી તેલ અને દૂધમાંથી ઘી ઉત્પન્ન થાય છે. તેમ શરીરમાંથી આત્મા ઉત્પન્ન થતો નથી. આત્મા એ અરૂપી તત્ત્વ છે, ઈન્દ્રિય ગ્રાહ્ય નથી અને અમૂર્ત હોવાથી આત્મ તત્ત્વ શાશ્વત છે. ઉત્પન્ન થવાનું કે નષ્ટ થવાનું એ બધુ રૂપી પદાર્થોનો સ્વભાવ છે. **(૬)** સંપૂર્ણ સંસાર મૃત્યુથી પીડિત છે. ઘડપણથી ઘેરાયેલો છે. વીતનાર દિવસો મનુષ્યની ઉંમર ઉપર પડનાર અમોઘ શસ્ત્ર ભૂત છે. **(૭)** વ્યતીત થનાર દિવસો ફરીથી આવવાના નથી. ધર્માચારણ કરનારના તે દિવસો સફળ થઈ જાય છે. **(૮)** જેને મૌતની સાથે મિત્રતા છે, જેની પાસે મૌતથી ભાગી જવાની શક્તિ છે અને જેને જ્ઞાન છે કે હું હમણા મરવાનો નથી, તે જ વ્યક્તિ ધર્મને પછી કરવાના ભરોસે મૂકી શકે છે. પરંતુ આવી શક્તિઓ સામાન્યતયા અસંભવ છે. તેથી ધર્માચરણના ભાવો થતાં અને સમય મળતાં જ ધર્માચરણ કરી લેવાનું હોય છે.

**પ્રશ્ન–૪ : અધ્યયનના બીજા સંવાદથી કયા તત્ત્વો ઉપસી આવે છે ?**

**જવાબ–** (૧) જેમ સર્પ ત્વચા (ખોળી) ને મૂકીને મુક્ત ભાવે ચાલ્યો જાય છે. તેમ વિરકતાત્મા સંસારના સમસ્ત સંયોગો અને સુખોને છોડી દે છે.

(૨) જેમ રોહિત મત્સ્ય જાળને કાપીને ભાગી છૂટે છે તેમ વિરક્તાત્મા મોહજાળ છોડી–ત્યાગ કરી મુક્ત વિહારી શ્રમણ બની જાય છે.

(૩) ધન અને કામભોગોને છોડી જીવને એકલા જ જવું પડે છે. કંઈ પણ સાથે જતું નથી, માત્ર સંગ્રહ કરેલા કર્મો જ સાથે જાય છે.

(૪) જે આ ભૌતિક સુખ સંપન્નતા છે તે માંસના લોચા સમાન છે. જે પક્ષીની પાસે માંસનો લોચો હોય તેને બીજા પક્ષીઓ ઝાપટ મારે અને દુઃખી કરે છે. તેમ ભૌતિક સુખ–સંપન્નતા માટે પણ બને છે. જે માંસના લોચા સમાન ભૌતિક સુખોનો ત્યાગ કરી દે તે આ કલહ ઝાપટથી મુક્ત થઈ જાય છે. તેમજ પરિગ્રહ મુક્ત મુનિ પરમસુખી થઈ જાય છે.

(૫) એક બીજાના નિમિત્તથી પણ સંયમ ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે. એવા કોઈપણ નિમિત્તને સ્વીકારી લેવું જોઈએ. પ્રસ્તુત અધ્યયનમાં પુત્રોના વૈરાગ્યને





દૂર કરવાનો પ્રયત્ન કરતાં પુરોહિત પોતે જ વિરક્ત થઈ જાય છે. તેમ ક્રમશઃ છએ જીવો પ્રબુદ્ધ થઈ ગયા હતા.

## અધ્યયન–૧૫ : સભિક્ષુ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** ગુણ સંપન્ન ભિક્ષુ કેવા હોય તેનો પરિચય, આ અધ્યયનમાં ભિક્ષુના વિવિધ આચારો અને ગુણો તેમજ વિશિષ્ટ ગુણો વડે દર્શાવેલ છે. અહીં કહેલ ઘણા બધા ગુણો તો દરેક શ્રમણમાં હોવા જરૂરી છે અને કેટલાક ગુણો આદર્શ રૂપ વિશિષ્ટ છે. જેને ધારણ કરનાર શ્રમણ, શ્રેષ્ઠ અને આદર્શ શ્રમણ હોય છે. જે જિનકલ્પી કે પડિમાધારી શ્રમણની કોટીમાં ગણાય છે. સામાન્ય સ્થવિરકલ્પી શ્રમણોમાં અલ્પક્ષમતા, અલ્પ અભ્યાસવાળા શ્રમણો પણ હોય છે. જેઓને એ વિશિષ્ટ ગુણોની સાધનાના અભ્યાસમાં ક્રમશઃ આગળ વધવાનું હોય છે. ટૂંકમાં કહેવાનું એ છે કે આ અધ્યયનમાં ભિક્ષુના વિવિધ ગુણોનું સંકલન છે.

**પ્રશ્ન–૨ : તે વિશિષ્ટ અને સામાન્ય ગુણો કયા છે ?**

**જવાબ–** (૧) ભિક્ષુ સરલાત્મા, જ્ઞાનાદિથી સહિત, અન્ય સ્થવિર સંતો સાથે રહેનાર, રાત્રિ આહાર-વિહારથી ઉપરત, આત્મરક્ષક, મુર્ચ્છાભાવ રહિત હોય છે. વંદન-પ્રશંસાના અનાકાંક્ષી આત્માર્થી, તપસ્વી, મોહી પુઢષોની સંગતિનું વર્જન કરનાર, કુતૂહલ રહિત હોય છે.

(૨) પાપ શાસ્ત્રોનો એટલે કે જ્યોતિષ મંત્ર, તંત્ર, ઔષધ ભેષજનો પ્રયોગ નહીં કરનાર અને ઐહિક પ્રયોજનથી રાજા કે શિલ્પી આદિ ગૃહસ્થોનો વધુ સંપર્ક–પરિચય નહીં કરનાર ભિક્ષુ કહેવાય છે.

(૩) ગૃહસ્થ દ્વારા ભિક્ષાદિ આપવા કે ન આપવા તેમજ નિષેધ કરવા પર તટસ્થ રહેનાર, સામાન્ય આહાર મળવાથી તેની નિંદા ન કરનાર ભિક્ષુ છે.

(૪) જીવોના ખેદ–દુઃખને જાણનાર, તેઓને આત્મવત્ સમજનાર, કોઈને અપમાનિત ખિંસિત ન કરનાર, મંદ કષાયી, અલ્પાહારી, ગૃહત્યાગી, એકત્વમાં લીન રહેતા વિચરણ કરનાર ભિક્ષુ હોય છે. આ સર્વે ભિક્ષુના **સામાન્ય ગુણો** છે.

**વિશેષગુણો–** (૧) સંકલ્પોનું છેદન કરનાર, પરિચય અને ઈચ્છાઓને સીમિત રાખનાર, અજ્ઞાત ભિક્ષાજીવી, આક્રોશ–વધને સમ્યક્ સહન કરનાર, આકુલતા

કે હર્ષ-શોક ન કરનાર, શયન આસન, શીત-ઉષ્ણ, ડાંસ-મચ્છર આદિ પરીષહોથી ગ્લાનિભાવ ન કરનાર ભિક્ષુ હોય છે.

(૭) રોગાતંક ના સમયે વૈદ્ય આદિનું શરણ અને ચિકિત્સાનો પરિત્યાગ કરનાર સંયમી ભિક્ષુ હોય છે.

(૮) સામાન્ય ઘરોમાં ભિક્ષા માટે જનારા, ભયાનક સ્થાનો અને ભયંકર અવાજો વડે ભયભીત ન થનારા, આગમ જ્ઞાનમાં કોવિદ, પરીષહ વિજેતા, ઉપશાંત તે ભિક્ષુ કહેવાય છે. આ વિશિષ્ઠ સાધક અભ્યસ્ત શ્રમણોના આદર્શ ગુણો છે.

ભિક્ષુનું લક્ષ્ય આ ઉપરોક્ત સર્વ ગુણો ધારણ કરી પૂર્ણ ગુણ સંપન્ન થવાનું હોય છે.

## અધ્યયન–૧૬ : બ્રહ્મચર્ય સમાધિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** શ્રમણોના પંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય વ્રતનું વિશેષ મહત્ત્વ છે. તે બ્રહ્મચર્યની સમ્યગ્ આરાધના માટે આભ્યંતર વિચારો–ભાવોનું પવિત્ર અને વિકારમુક્ત હોવું જરૂરી છે. તેથી બ્રહ્મચર્યની સુરક્ષા માટે કેટલીય બાહ્ય સાવધાનીઓ રાખવી જરૂરી હોય છે. જેને આગમકારોએ અહીં સમાધિ સ્થાન રૂપે વર્ણવેલ છે. પ્રચલનમાં તે નિયમોને બ્રહ્મચર્યની વાડના નામે ઓળખાય છે. આ સૂત્રોક્ત સાવધાનીઓ પ્રત્યેક શ્રમણ-શ્રમણી અને બ્રહ્મચારીને સમજી અને આચરણ અભ્યાસમાં લાવવી અત્યંત હિતાવહ છે. જેનાથી તેનું બ્રહ્મચર્ય વ્રત પાલન નિરાબાધ અને સહજ સફળ થાય છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં કહેલ બ્રહ્મચર્ય મહાવ્રતની તે સાવધાનીઓ કઈ છે ?**

**જવાબ–** અહીં કહેલ સાવધાનીઓ શ્રમણોના લક્ષ્યથી છે, છતાં સ્ત્રી શબ્દની જગ્યાએ પુરુષ શબ્દ પ્રયોજીને શ્રમણીઓ માટે પણ તે નિયમો યથાયોગ્ય સમજી લેવા જોઈએ. સૂત્રોક્ત દશ સમાધિ સ્થાન– (૧) સ્ત્રી આદિની સાથે એક મકાનમાં રહેવું નહીં (૨) કામરાગ વધારનારી સ્ત્રી સંબંધી વાર્તાઓ કરવી નહીં, સાંભળવી નહીં. (૩) સ્ત્રીઓનો વધુ સંપર્ક પરિચય કરવો નહીં, (૪) સ્ત્રીના અંગોપાંગ એકીટસે જોવા નહીં, દષ્ટિ પડતાં જ ફેરવી લેવી. (૫) સ્ત્રીનાં રુદન, ગીત, હાસ્ય, ક્રંદન વગેરે શબ્દો સાંભળવામાં આસક્ત ન થવું. (૬) પૂર્વ અનુભૂત





સ્ત્રી વિષયોના હાવભાવોનું ચિંતન મનન કે સ્મરણ કરવું નહીં. (૭) કામવાસના વર્ધક ઉત્તેજક પદાર્થો કે પૌષ્ટિક ભોજન તેમજ રસાયણિક ઔષધિઓનું સેવન કરવું નહીં. (૮) પેટ ભરીને કે ઠાંસી–ઠાંસીને જમવું નહીં. (૯) વિભૂષાવૃત્તિનો ત્યાગ કરવો, (૧૦) મનોજ્ઞ શબ્દ, રૂપ આદિની આસક્તિનો ત્યાગ કરવો, પાંચે ય ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો એટલે એ ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત અને ઉદાસીન રહેવું.

આ રીતે બ્રહ્મચર્ય–સંયમના જેટલા બાધક કે શંકા સ્થાનો છે તેનો ત્યાગ કરવો. આ રીતે ભાવ સમાધિ યુક્ત બ્રહ્મચર્ય પાલક સાધક દેવ–દાન–માનવ વગેરે સર્વને માટે નમસ્કરણીય હોય છે અને આવા સાધક સંયમારાધક થઈ મુક્ત થાય છે.

## અધ્યયન–૧૭ : પાપી શ્રમણ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** જે શ્રમણ સંયમ સ્વીકાર્યા પછી આળસ અને પ્રકૃતિ દોષથી કે લક્ષ્ય ગૌણ કરીને આગમ સામાચારીનું યથાર્થ પાલન કરતા નથી, ઉપેક્ષા કરે છે. તેઓને આ અધ્યયનની પ્રત્યેક ગાથામાં 'પાપી શ્રમણ' એવા વિશેષણથી નવાજ્યા છે.

**પ્રશ્ન–૨ : પાપી શ્રમણ કહેવા લાયક તે દૂષણો ક્યા–ક્યા આ અધ્યયનમાં વર્ણવેલ છે ?**

**જવાબ– (૧)** જે શ્રુત અધ્યયનમાં તલ્લીન રહેતા નથી. **(૨)** નિદ્રાશીલ હોય એટલે ખાઈ, પીને દિવસે પણ સૂઈ રહે. **(૩)** આચાર્ય-ઉપાધ્યાય કોઈ સૂચના, પ્રેરણા કરે ત્યારે ક્રોધ કરે, તેમનો સમ્યક્ વિનય, સેવા-ભક્તિ ન કરે, ઘમંડી બને. **(૪)** જીવ રક્ષા અને યતનાનું લક્ષ ન રાખનારા. **(૫)** ભૂમિનું પ્રતિલેખન કર્યા વિના જ્યાં-ત્યાં બેસનારા. જોયા વિના ગમનાગમન કરનારા. **(૬)** શીઘ્ર અને ચપલગતિએ ચાલનારા. **(૭)** પ્રતિલેખનની વિધિનું પાલન ન કરનારા. **(૮)** માયાવી, લાલચી, ઘમંડી, વાચાળ, મન અને ઈન્દ્રિયોનો નિગ્રહ ન કરનારા, અસંવિભાગી અને અપ્રિય સ્વભાવવાળા. **(૯)** વિવાદ, કલહ અને કદાગ્રહશીલ સ્વભાવવાળા. **(૧૦)** જ્યાં ત્યાં ફરતા રહેનાર, અસ્થિર આસનવાળા. **(૧૧)**

શયનવિધિનું પાલન ન કરનારા અર્થાત્ ઉતાવળે સૂઈ જનારા. **(૧૨)** વિગયોનું વારંવાર સેવન કરવા છતાં તપશ્ચર્યા ન કરનારા. **(૧૩)** સવારથી સાંજ સુધી ખાનારા. **(૧૪)** અસ્થિર ચિત્તવાળા થઈ ગણ–ગચ્છમાં વારંવાર પરિવર્તન કરનારા. **(૧૫)** નિમિત બતાવનારા તેમજ યંત્ર, મંત્ર, તંત્ર તથા વિદ્યા આદિનો પ્રયોગ કરી ગૃહસ્થોને બતાવનારા. **(૧૬)** સામુદાનિક(અનેક ઘરોની)ભિક્ષા ન કરનારા, નિત્ય એક જ ઘરથી આમંત્રણ સ્વીકારી આહાર-પાણી લેનારા, ગૃહસ્થના આસન શયનનો ઉપયોગ કરનારા. આ સર્વે સંયમના દૂષણો છે.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનના ઉપસંહારમાં શું કહેવાયેલ છે ?**

**જવાબ–** તે પાપી શ્રમણો લોકમાં નિંદા પાત્ર થાય છે. સાધુ સમુદાયમાં પણ હીન દષ્ટિથી જોવાય છે, બહુમાન દષ્ટિએ ઓળખાતા નથી. આગળ વધીને તે શિથિલાચારી કહેવાય છે અને પોતાના બંને લોક બગાડે છે. આમ જાણી જે શુદ્ધ સંયમ સમાચારીનું પાલન કરી પ્રસ્તુત અધ્યયન કથિત દોષોનો ત્યાગ કરે છે તે સુવ્રતી મુનિ અમૃત સમાન પૂજિત થાય છે અને પરલોકના આરાધક થાય છે.

# અધ્યયન–૧૮ : સંયતિ મુનિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં મુખ્યતઃ સંયતિ રાજાનું વર્ણન છે. જેણે શિકાર કરવાના નિમિત્તે ગુઢ ગર્દભાલી અણગારથી બોધ પામી દીક્ષા લીધી હતી. પ્રસંગાનુસાર અહીં ક્ષત્રિય રાજર્ષિના બોધ વચનો પણ છે. જેમાં મોક્ષગામી કેટલાય મોટા રાજાઓનું યશોગાન છે.

**પ્રશ્ન–૨ : ગર્દભાલી અણગાર વડે સંયતિ રાજાને પ્રતિબોધવા માટેના શિક્ષા વચનોનો સાર શું છે ?**

**જવાબ–** કંપિલ્લપુર નગરના રાજા શિકાર માટે એક મૃગની પાછળ ઘોડા ઉપર જતાં કંપિલ ઉદ્યાનમાં ધ્યાનસ્થ ગર્દભાલી અણગાર પાસે પહોંચી ગયા. મૃગને મુનિ પાસે જોઈને રાજા ભયભીત થયા. મુનિની ક્ષમાયાચના અનુનય–વિનય કરવા લાગ્યા. અવસર જોઈને મુનિએ રાજાને અભય વચન કહી ઉપદેશ આપ્યો. તેનો સાર આ પ્રમાણે છે– **(૧)** આ જીવને બીજા નિરપરાધી પ્રાણીઓને મારતી વખતે સહેજ પણ વિચાર નથી આવતો પરંતુ જ્યારે પોતાની ઉપર આંશિક





આપત્તિની સંભાવના પણ હોય તોપણ ગભરાઈને દીનતાનો સ્વીકાર કરી લે છે. **(૨)** અનિત્ય એવા આ જીવનમાં સ્વયંનું મૃત્યુ પણ અવશ્ય થવાનું છે, કોઈ અમર નથી રહેવાનું, તેથી હિંસાદિમાં મગ્ન રહેવાથી કોઈ લાભ નથી. **(૩)** સર્વસ્વ છોડી એક દિવસ અવશ્ય જવું તો પડશે જ, આ જીવન વીજળી સમાન ચંચળ છે; છતાં પ્રાપ્ત થયેલ રાજ્યાદિમાં પ્રાણી આસક્ત થઈ પરલોકનો વિચાર કરતો નથી, તે અજ્ઞાન દશા છે. **(૪)** સગા-સંબંધીનો સાથ પણ જ્યાં સુધી માણસ જીવતો છે ત્યાં સુધી જ છે. મૃત્યુ બાદ કેવલ શુભાશુભ કર્મો જ સાથે આવે છે. પરિવારના સભ્યો પણ મૃત્યુ પછી ઘરમાં રાખતા નથી. રાજા પ્રતિબુદ્ધ થયા અને યથા સમયે દીક્ષિત થયા.

**પ્રશ્ન–૩ : ક્ષત્રિય રાજર્ષિ કોણ હતા અને તેઓ કઈ રીતે સંયતિ મુનિ સાથે આત્મીયતાનો વ્યવહાર કર્યો ?**

**જવાબ–** સૂત્રમાં ક્ષત્રિય રાજાનો કોઈ પરિચય આપેલ નથી. છતાં તે વર્ણનથી એમ જણાય છે કે તેઓ ગર્દભાલી અણગારના પરિવારના કે નજીકના જ વડીલ શ્રમણ હતા. સંયતિ મુનિને જોઈ તેઓને સહજ આત્મીયતાના ભાવો થયા. સંયતિ મુનિના તેઓએ ગુણગાન કર્યા, અનુરાગ દર્શાવ્યો અને પછી તેઓને સાવધાન સતર્ક રહેવા માટે અન્યમતો–સિદ્ધાંતોનો પરિચય કરાવ્યો. ત્યાર પછી તેમના ઉત્સાહ વધારવા માટે જિનશાસનમાં મુક્ત થયેલા અનેક મોટા રાજાઓનું યશોગાન કર્યું.

**પ્રશ્ન–૪ : ક્ષત્રિય રાજર્ષિના ઉદ્બોધનનો ટૂંકમાં સાર શું છે ?**

**જવાબ– (૧)** સંસારમાં અનેક એકાંતવાદી ધર્મ છે. એકાંત હોવાથી તેનું કથન યુક્તિ સંગત નથી હોતું, તેથી સમ્યક્ તત્ત્વોની શ્રદ્ધા સાથે સમ્યક્ ધર્મમાં સ્થિર રહેવું જોઈએ. ટૂંકમાં સાર એ છે કે–કોઈપણ સિદ્ધાન્તવાળા હોય પણ જો પાપ કાર્યમાં અનુરક્ત રહે તો દુર્ગતિને પ્રાપ્ત કરે છે અને જે પાપનો ત્યાગ કરી અહિંસક, દયામય, આર્યધર્મનું આચરણ કરે છે તે દિવ્યગતિને પ્રાપ્ત કરે છે. **(૨)** લોકમાં દેખાતા વિભિન્ન એકાન્તવાદી સિદ્ધાન્ત મિથ્યા છે અને નિરર્થક છે; તેવું જાણી સ્યાદ્વાદમય સમ્યક્ નિષ્પાપ માર્ગનું અનુસરણ કરવું જોઈએ.

**(૩)** દસ ચક્રવર્તી રાજાઓએ પણ સંપૂર્ણ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી સંયમ-તપની આરાધનાથી મુક્તિ મેળવી. બે ચક્રવર્તીએ(આઠમા અને બારમા) સાંસારિક સુખમાં આસક્ત બની સંયમ અંગીકાર ન કર્યો તો તેઓ આસક્તદશામાં જ

મૃત્યુ પામી નરકમાં ગયા. (૪) દશાર્ણભદ્ર રાજા, નમિ રાજા, કરકંડુ, દુર્મુખ, નગતિ રાજા, ઉદાયન રાજા, શ્વેત રાજા, વિજય, મહાબલ ઈત્યાદિ મોટા મોટા રાજાઓએ સંયમ ધારણ કરી આત્મ કલ્યાણ કર્યું.

આ પ્રમાણે જાણીને શૂરવીર મોક્ષાર્થી સાધકે મોક્ષ માર્ગમાં દઢતાપૂર્વક પરાક્રમ કરવું જોઈએ.

# અધ્યયન–૧૯ : મૃગાપુત્ર

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** પૂર્વ ભવમાં પાંચમહાવ્રતધારી આરાધક એક શ્રમણનો જીવ, દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી સુગ્રીવ નગરના બલભદ્ર અને બલશ્રી રાજા-રાણીના ઘેર મૃગાપુત્ર નામે રાજકુમાર રૂપે ઉત્પન્ન થયો. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના શાસનનો સમય ચાલતો હતો.

યૌવનવયમાં માનુષિક સુખો ભોગવતાં એક સમયે મૃગાપુત્રે રાજમાર્ગમાં જતાં મુનિને જોયા. ચિંતન–વિચારણા કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તે જ્ઞાન વડે મૃગાપુત્ર પોતાનો દેવ ભવ, માનવ ભવ, સંયમ માર્ગ તેમજ અતીત ભવોમાં કરેલા નરક વગેરેના ભવો જાણવા જોવા લાગ્યો. તે સંસારથી વિરક્ત થયો. દીક્ષાની આજ્ઞા માટે માતા-પિતા પાસે પહોંચી ગયો. માતા-પિતા સાથે પ્રેમ–મોહનો સંવાદ થયો. તે સંવાદને અહીં શાસ્ત્રકારે ઘણો સરસ રોચક અને વિસ્તારથી આપેલ છે. તેનાથી આ અધ્યયન ઉપદેશનો, સંયમના મહત્ત્વનો, નરક દુઃખોનાં વર્ણનનો ભંડાર થઈ ગયો છે. આ અધ્યયનના શ્રવણ ચિંતન મનનથી ઘણા ભવી જીવો મોક્ષ માર્ગમાં સંયમ જીવનનો સ્વીકાર કરી આત્મકલ્યાણ કરે છે. એવું આ અધ્યયનનું સ્પષ્ટ પ્રભાવક વર્ણન છે. ઘણા સાધુ-સાધ્વી આ અધ્યયનને પ્રવચનમાં લઈને શ્રોતા જનોને વૈરાગ્યથી સિંચિત કરે છે. મૃગાપુત્ર અણગારે એકાકી વિચરણ કરી અનેક વર્ષોની સંયમ પર્યાયનું પાલન કરી એક માસના સંથારાના અંતે સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ ગતિને પ્રાપ્ત કરી.

**પ્રશ્ન–૨ : જાતિ સ્મરણ જ્ઞાન કયા કર્મના ક્ષયોપશમથી થાય છે ?**

**જવાબ–** અધ્યવસાયોની વિશુદ્ધિથી, કોઈ વસ્તુ–ઘટનાના અનુપ્રેક્ષણ કરતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તેમજ તેની સાથે મોહકર્મના પણ ક્ષય–





ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. મિથ્યાદષ્ટિ જીવને જાતિસ્મરણ અજ્ઞાન થાય છે. માટે અહીં મોહનીય કર્મના ક્ષયનું કથન છે. તેથી મૃગાપુત્રને એ જ્ઞાન જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. સૂત્રમાં સંક્ષેપમાં ગાથા હોવાથી "મોહં ગયસ્સ સંતસ્સ" એટલું જ કથન છે. આ સાથે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સ્વતઃ સમજી લેવું.

આ જાતિસ્મરણ જ્ઞાનથી ક્યારેક એક ભવ અને ક્યારેક ઘણા ભવો જોવાય જાય છે. તેમજ તે ભવના આચરણો, સ્થળોનું પણ જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન–૩ : મૃગાપુત્ર અણગાર, ભગવાન ઋષભદેવના શાસનમાં થયા એ ક્યાંથી જણાય ?**

**જવાબ–** તેમણે પૂર્વ ભવમાં પાંચ મહાવ્રત પાલન કર્યા હતા અને દેવલોકની અસંખ્ય વર્ષની ઉંમર પૂર્ણ કરીને આવ્યા હતા તથા આ ભવમાં પણ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કર્યો હતો. મધ્યમ તીર્થંકરોનાં શાસનમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં ચાતુર્યામ ધર્મ હોય છે. પાંચ મહાવ્રત હોય નહીં. પ્રથમ તીર્થંકરનું શાસન અડધા ક્રોડાક્રોડ સાગરોપમ જેટલું ચાલે છે. જેમાં જીવ દેવલોક જઈને પાછા આવી શકે છે. માટે ઋષભદેવ ભગવાનના શાસનમાં મૃગાપુત્રના હોવાની વાત યુક્તિ સંગત છે.

**પ્રશ્ન–૪ : મૃગાપુત્રના માતા-પિતા સાથેના સંવાદથી કયા ઉપદેશ વચનો પ્રગટ થાય છે ?**

**જવાબ–** **(૧)** કામભોગ કિંપાક ફળ સમાન, ભોગવવામાં(સેવન કરતી સમયે) સુંદર અને મિષ્ટ લાગે છે પણ તેનું પરિણામ કટુ છે અર્થાત્ દુઃખદાયી છે. **(૨)** આ શરીર અનિત્ય, અશુચિમય, અશાશ્વત અને ક્લેશનું ભાજન છે. તેને પહેલાં કે પછી અવશ્ય છોડવું જ પડશે. પાણીના પરપોટાની સમાન આ જીવન ક્ષણ ભંગુર છે. **(૩)** સંસારમાં જન્મ, જરા, રોગ અને મરણ એ ચાર મહા દુઃખ છે. બાકી તો આખોય સંસાર દુઃખમય છે. **(૪)** સંસારરૂપી અટવીમાં ધર્મરૂપી ભાતું લીધા વિના પ્રવાસ કરનારા જીવ રોગ આદિ દુઃખોથી પીડિત થાય છે.

**પ્રશ્ન–૫ : સંયમ જીવનની દુષ્કરતાનું વર્ણન કયા પ્રકારે કરેલ છે ?**

**જવાબ–** સમસ્ત પ્રાણીઓ પ્રત્યે કે વેરવિરોધ રાખનારાઓ પ્રત્યે પણ સમતા-ભાવ ધારણ કરવા રૂપ અહિંસાનું પૂર્ણ પાલન કરવું દુષ્કર છે. સદા અપ્રમત્ત ભાવે, હિતકારી અને સત્ય ભાષા ઉપયોગપૂર્વક બોલવી દુષ્કર છે. પૂર્ણ રૂપે

અદત્તને ત્યાગી નિર્વદ્ય અને એષણીય આહારાદિ ગ્રહણ કરવા કઠિન છે. સમસ્ત કામભોગોનો ત્યાગ કરવો અને વિવિધ સંગ્રહ પરિગ્રહનો તેમજ તેના મમત્વનો પરિત્યાગ કરવો અતિ દુષ્કર છે. રાત્રિ ભોજનનો ત્યાગ કરવો અને ખાદ્ય પદાર્થ કે ઔષધ ભેષજનો સંગ્રહ ન કરવો સુદુષ્કર છે. બાવીસ પરીષહ સહેવા, લોચ કરવો તથા વિહાર કરવો અતિ કષ્ટમય છે.

**પ્રશ્ન–૬ : આ અધ્યયનમાં સંયમ જીવનના પાલન માટે મહત્ત્વશીલ ઉપમાઓ કઈ આપેલ છે ?**

**જવાબ–** જીવનભર જાગૃતિ પૂર્વક આ બધા જ સંયમ ગુણોને ધારણ કરવા એટલે.... કે તે– **૧.** લોખંડનો મોટો બોજ કાયમ ઉપાડી રાખવા સમાન છે. **૨.** ગંગા નદીના પ્રતિશ્રોતમાં ચાલવા સમાન છે. **૩.** ભુજાઓથી સમુદ્ર પાર કરવા સમાન છે. **૪.** રેતીના કવલ ચાવવા સમાન છે. **૫.** તલવારની તીક્ષ્ણ ધાર પર ચાલવા સમાન છે. **૬.** મીણના દાંતે લોખંડના ચણા ચાવવા સમાન છે. **૭.** પ્રદીપ્ત અગ્નિશિખાને પીવા સમાન છે. **૮.** કપડાની થેલીને હવાથી ભરવા સમાન છે. **૯.** મેઢપર્વતને ત્રાજવાથી તોળવા સમાન છે. અર્થાત્ ઉપરના બધા જ કાર્યો દુષ્કર છે. તેની સમાન સંયમ પાળવો પણ અત્યંત દુષ્કર છે.

**પ્રશ્ન–૭ : સંવાદમાં વર્ણવેલ નરક દુઃખોનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ–**અગ્નિની ઉષ્ણતા કરતાં પણ નરકની ગરમી અનંત ગુણી છે. અહીંની ઠંડીથી નરકની ઠંડી અનંતગુણી છે. જ્યાં નારકીને વારંવાર ભૂંજવામાં આવે છે, કરવતથી કાપવામાં કે ટુકડા કરવામાં આવે છે. મુદ્ગરોથી માર મારવામાં આવે છે. તીક્ષ્ણ કાંટાઓમાં ઢસેડવામાં આવે છે. ઘાણીમાં પીલવામાં આવે છે, છેદન-ભેદન કરવામાં આવે છે. બળપૂર્વક ઉષ્ણ જાજ્વલ્યમાન રથમાં જોતરવામાં આવે છે, તૃષા લાગતાં તીક્ષ્ણ ધારવાળી વૈતરણી નદીમાં નાખવામાં આવે છે તેમજ ઉકાળેલ લોઢું, સીસું, તાંબુ પીવડાવવામાં આવે છે.

'તમને માંસ પ્રિય હતું', એમ કહી અગ્નિ સમાન પોતાના જ માંસને લાલચોળ કરી પકાવીને ખવડાવવામાં આવે છે. 'તમને વિવિધ મદિરાઓ ભાવતા હતા' એમ કહી ચરબી અને લોહી ગરમ કરી પીવડાવે છે. નરકમાં કેટલીક વેદના પરમાધામી દેવકૃત હોય છે. વૈક્રિય શરીર અને દીર્ઘ આયુષ્ય હોવાથી નારકી જીવો મરતા નથી. રાઈ જેટલા ટુકડા કરવામાં આવે છતાં પારાની સમાન તેમનું શરીર પુનઃ સંયુક્ત થઈ જાય છે. આ પ્રકારે અહીં બતાવ્યું છે કે સંયમના કષ્ટથી





અનંતાધિક નરકમાં દુઃખો છે. તેને જીવ પરવશતાથી અને અનિચ્છાએ સહન કરીને આવ્યો છે. નરકનું વિશેષ વર્ણન જીવાભિગમ, સૂયગડાંગ આદિ અનેક શાસ્ત્રોમાં છે.

**પ્રશ્ન–૮ : મુનિ જીવનની કંઈક વિશેષતાઓ સાથે અધ્યયનનો ઉપસંહાર કેમ કરેલ છે ?**

**જવાબ–** મુનિ જીવનમાં રોગનો ઉપચાર ન કરવો તે પણ એક સિદ્ધાંત છે. તેના માટે મૃગ-પશુનું દષ્ટાંત આપી સમજાવ્યું છે કે પશુને રોગ આવતાં આહારનો ત્યાગ કરી વિશ્રામ કરે છે અને સ્વસ્થ થયા પછી જ આહાર ગ્રહણ કરે છે. મુનિ પણ રોગ આવતાં મૃગની જેમ સંયમારાધના કરે. મુનિ લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, નિન્દા-પ્રશંસા, માન-અપમાનમાં સદા સમાન ભાવ રાખે, હાસ્ય-શોકથી દૂર રહે, ચંદન વૃક્ષની સમાન ખરાબ કરનારનું પણ ભલું જ કરે, તેના પ્રતિ શુભ હિતકારી અધ્યવસાય રાખે. અંતિમ ગાથામાં કહેવામાં આવ્યું છે કે– ધન દુઃખોની વૃદ્ધિ કરાવનાઢ છે. મમત્વ બંધન મહાભયને પ્રાપ્ત કરાવનાઢ છે. ધર્માચરણ– વ્રત, મહાવ્રત ધારણ કરવાથી અનુત્તર સુખોની પ્રાપ્તિ થાય છે.

# અધ્યયન–૨૦ : અનાથી મુનિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં ગુણસુંદર નામના શ્રેષ્ઠી પુત્રની દીક્ષા સંબંધી ઘટનાનું વર્ણન છે. શ્રેણિક રાજા સાથેની વાર્તામાં મુનિએ પોતાને અનાથ બતાવ્યા હતા અને આગળના વાર્તાલાપમાં અનાથ-સનાથનો વાસ્તવિક અર્થ દર્શાવેલ. તેથી આ અધ્યયનનું નામ અને મુનિનું નામ "અનાથી મુનિ" પ્રસિદ્ધ થયેલ. **ગુણસુંદર** નામ તો કથાનકમાં મળે છે.

**પ્રશ્ન–૨ : શ્રેણિક રાજા તે સમયે બૌદ્ધધર્મી હતા છતાં તેમની મુનિ સાથે વાર્તા કેમ થઈ હતી ?**

**જવાબ–** એક વખત મહારાજા શ્રેણિક ફરતાં-ફરતાં ઉદ્યાનમાં આવ્યા. ત્યાં અનાથિમુનિને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા જોયા. મુનિના રૂપ, યૌવન, સૌમ્યતા તથા વૈરાગ્યને જોઈ શ્રેણિકને આશ્ચર્ય થયું . તે યોગ્ય શિષ્ટાચાર જાળવી વંદન કરી બેઠા અને પૂછ્યું કે– ' આપે દીક્ષા શા માટે લીધી ?' મુનિએ પ્રત્યુત્તરમાં

કહ્યું– 'હું અનાથ હતો.' રાજાએ કહ્યુ– 'તમારો નાથ હું બનું છું' રાજ્યમાં પધારો.' ત્યારે મુનિએ અનાથતાનું વર્ણન કર્યું કે– મારે માતા-પિતા, ભાઈ-બહેન પત્નિ પરિવાર અને પ્રભૂત ધન ભંડાર હતો, છતાં મારી રોગજનિત મહાન વેદનાને કોઈ મટાડી શક્યા નહિ કે તેમાં ભાગ પડાવી શક્યા નહિ, ઉપાયો બધા નિષ્ફળ થતાં મેં દીક્ષા લીધી. સર્વ હકીકત અને ઉપદેશ સાંભળી શ્રેણિક રાજા બોધ પામ્યા અને ધર્માનુરાગી બન્યા.

**પ્રશ્ન–૩ : જીવની વાસ્તવિક અનાથતા કઈ રીતે સમજાવવામાં આવી છે ?**

**જવાબ–** પુષ્કળ ધન, માતા-પિતા, ભાઈ-બહેન અને પત્ની હોવા છતાં પણ આ જીવની રોગથી કે મૃત્યુથી કોઈ રક્ષા કરી શકતા નથી. તેથી રાજા હોય કે શેઠ, બધા અનાથ છે; કારણ કે હજારો દેવ, હજારો સ્ત્રીઓ, હજારો રાજા, કરોડોનો પરિવાર, ચૌદ રત્ન, નવનિધાન; આ બધું જ હોવા છતાં ચક્રવર્તી એકલો, અસહાય બની મૃત્યુ આવતાં નરકમાં ચાલ્યો જાય છે. અર્થાત્ આ બધા જ પદાર્થ મૃત્યુ અને દુઃખોથી બચાવી શકતા નથી. આ રીતે જેનું કોઈ રક્ષક નથી તે સર્વ અનાથ છે.

**પ્રશ્ન–૪ : વાસ્તવિક સનાથ કોને બતાવેલ છે ?**

**જવાબ–** સંયમ ધર્મ સ્વીકાર કરનાર માણસ સનાથ હોય છે. ધર્મ તેને દુઃખમાં પણ સુખી રહેવાની પ્રેરણા કરે છે. મૃત્યુ સમયે પણ મહોત્સવ જેવા આનંદનો અનુભવ કરાવે છે અને અંતમાં દુર્ગતિમાં જવા દેતો નથી. તેથી આવો સંયમધર્મ યુક્ત આત્મા સનાથ બને છે. માટે હે રાજન્ ! હવે તો હું સનાથ થઈ ગયો છું.

**પ્રશ્ન–૫ : સંયમ ધારણ કરનાર બધા સનાથ હોતા નથી, આ વાતને કેમ સમજાવેલ છે ?**

**જવાબ–** કેટલીક વ્યક્તિઓ સંયમ સ્વીકાર કરવા છતાં પણ અનાથ હોય છે. તે બીજા પ્રકારની અનાથતા છે. એટલે કે સંયમધારણ કર્યા પછી પણ કેટલાક સાધક આત્માને દુર્ગતિથી બચાવી શકતા નથી. જેમ કે– **૧.** જે મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરતો નથી. **૨.** મન, ઈન્દ્રિય અને કષાયનો નિગ્રહ કરતો નથી. **૩.** રસોમાં આસક્ત રહે છે. **૪.** ચાલવા, બોલવા, ગવેષણા કરવામાં પણ સંયમની મર્યાદાઓ હોય છે, તેનું ધ્યાન રાખીને પાલન કરતો નથી અર્થાત્ સમિતિ, ગુપ્તિનું સમ્યક્ પ્રકારે પાલન કરતો નથી. **૫.** જે લોકોને ભૂત-ભવિષ્યના નિમિત્ત કહે છે; રેખા, લક્ષણ, સ્વપ્નાદિનું ફળ બતાવે છે; વિદ્યામંત્રથી ચમત્કાર બતાવે છે; સાવદ્ય અનુષ્ઠાનોમાં અને ગૃહકાર્યોમાં ભાગ લે છે. **૬.** જે ઔદ્દેશિક ખાદ્ય પદાર્થાદિ લે





છે અથવા એષણીય-અનેષણીય જે મળે તે લે છે. આ રીતે જે સ્વીકૃત ઉત્તમ સંયમની વિરાધના કરે છે, તે પણ અનાથ છે. એટલે કે જેનો સંયમ દૂષિત બની જાય છે તે દુર્ગતિથી બચી શકતો નથી. તેથી સાધુ થવા છતાં તે અનાથ છે.

**પ્રશ્ન–૬ : સંયમનું શુદ્ધ પાલન નહીં કરનારાઓ માટે ઉપમાઓ વડે કેમ સમજાવેલ છે અને અધ્યયનનો ઉપસંહાર કેમ કરેલ છે ?**

**જવાબ–** સૂત્રમાં આવા સાધુની નગ્નતા, મુંડન આદિ વૃતિઓને મોક્ષમાર્ગની સાધનામાં મહત્વહીન નિરર્થક બતાવી છે. કાચના ટુકડાની સમાન ખોટી બતાવી છે. એવા સંયમચ્યુત સાધકોને બન્ને લોકમાં સંક્લેશ પ્રાપ્ત કરનારા અને કર્મક્ષય નહીં કરનારા બતાવ્યા છે. જે રીતે વિષ પીવું, ઉલ્ટું શસ્ત્ર ગ્રહણ કરવું અને અવિધિથી યક્ષને (દેવને) સાધવો દુઃખદાયી નીવડે છે; તે જ રીતે સંયમની વિધિથી વિપરીત આચરણ તે સાધકનું હિત કરી શકતું નથી. આ પ્રમાણે ધર્મનો સ્વીકાર કરવો તે **પહેલી સનાથતા** છે અને સંયમ ગ્રહણ કર્યા પછી જિનાજ્ઞાનું પ્રામાણિકપણે યથાર્થ પાલન કરવું **બીજી સનાથતા છે.** બન્ને પ્રકારની સનાથતા ધારણ કર્યા પછી જ જીવન સફળ અને આરાધક બને છે.

# અધ્યયન–૨૧ : સમુદ્રપાલ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** જૈન દર્શનના જાણકાર (પારંગત) પાલિત શ્રાવકને સમુદ્રપાળ નામનો પુત્ર હતો. એક વખત સમુદ્રપાલે પોતાના ભવનમાં બેઠા-બેઠા ચોરને મૃત્યુદંડ માટે લઈ જવાતો જોયો. તેના અશુભ કર્મોનાં કડવા ફળોનું ચિંતન કરતાં-કરતાં સમુદ્રપાલને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંયમ સ્વીકાર્યો. અંતમાં કર્મ ક્ષય કરી નિર્વાણ પામ્યા.

**પ્રશ્ન–૨ : પ્રસ્તુત અધ્યયનમાં સંયમ આરાધના સંબંધી ઉપદેશ પ્રેરણા વચન કયા છે ?**

**જવાબ– (૧)** મુનિ ત્રસ-સ્થાવર બધા જીવો પ્રત્યે અનુકંપા રાખે. સાવદ્ય યોગોનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરે. **(૨)** પોતાના બળને જાણીને મુનિ સંયમમાં વિચરણ કરે અને તપ ધારણ કરે. **(૩)** સિંહની સમાન સદા નિર્ભય બની વિચરે. **(૪)** પરીષહોને સમ્યક પ્રકારે સહન કરી કર્મ ક્ષય કરે પરંતુ

કિંચિત્માત્ર પણ ગભરાય નહીં. **(૫)** આશ્રવનો સદા નિરોધ કરે. અકિંચન અને અમમત્વી બને.

## અધ્યયન–૨૨ : અરિષ્ટનેમિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં બાવીસમાં તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિનો જીવન પરિચય છે. તેમના પિતા–સમુદ્ર વિજય, માતા–શિવાદેવી હતા. કૃષ્ણ વાસુદેવ તેઓના પિતરાઈ ભાઈ હતા. તેઓએ રાજીમતી સાથે નેમિ કુમારના લગ્ન નક્કી કર્યા હતા. પશુઓનો કઢણ પોકાર સાંભળીને અરિષ્ટનેમિ કુમારે જાનને પાછી ફેરવી લીધી હતી. ત્યાર પછી વર્ષીદાન આપીને દીક્ષા લીધી.

ભગવાનનો દીક્ષા મહોત્સવ કૃષ્ણ વાસુદેવે કર્યો હતો અને દીક્ષા સમયે આશીર્વચન પણ આપ્યા હતા. કારણ કે ઉંમરમાં કૃષ્ણ મોટા હતા. એકદા રથનેમિ મુનિ ગુફામાં ધ્યાન કરતા હતા ત્યારે વરસાદના કારણે વસ્ત્ર રહિત થયેલી રાજીમતી સાધ્વીને જોઈને વિચલિત થઈ ગયા હતા. પરંતુ રાજીમતીના શિક્ષા વચનો વડે પુનઃ સંયમમાં સ્થિત થઈ ગયા હતા. પછી કર્મ ક્ષય કરી બંને જણા મુક્ત થયા. આ સર્વ કથા વર્ણન અધ્યયનમાં સ્પષ્ટ રીતે વર્ણવેલ છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનના વિશેષ જ્ઞાતવ્ય તત્ત્વો ક્યા છે ?**

**જવાબ–** તીર્થંકરના શરીરમાં ૧૦૦૮ લક્ષણો હોય છે. આવું કથન પ્રશ્નવ્યાકરણ સૂત્ર અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોમાં પણ છે. પરંતુ ૧૦૦૮ નો ખુલાસો શાસ્ત્રમાં કે ગ્રંથોમાં ક્યાં ય જોવા મળતો નથી. આ લક્ષણો હાથ–પગ, મસ્તક તથા અન્ય અંગોપાંગોમાં હોય છે. (૨) તીર્થંકર વગેરે ચરમ શરીરી જીવોને વજ્ર ઋષભનારાચ સંઘયણ હોય છે. સંસ્થાન કોઈપણ હોય શકે છે. પરંતુ તીર્થંકરોને એક માત્ર સમચોરસ સંસ્થાન અને સુંદર સુડોલ શરીરની આકૃતિ હોય છે. વર્ણ કોઈપણ હોય શકે છે. અરિષ્ટનેમિનો શ્યામ વર્ણ હતો.

ભોગાસક્ત વ્યકિત પણ મનુષ્યભવને દુર્લભ કહી મનુષ્ય સંબંધી ભોગોમાં આનંદ માને છે. જ્યારે મોક્ષાર્થી સાધક, મનુષ્ય ભવની દુર્લભતાને મોક્ષ પ્રાપ્તિના હેતુભૂત સમજે છે. કારણકે ભોગોની સુલભતા તો અન્ય ગતિમાં પણ થાય છે પરંતુ સંયમ અને મોક્ષની આરાધના ફક્ત મનુષ્યભવમાં જ થાય





છે. તેથી દુર્લભ મનુષ્ય ભવનો ઉપયોગ જ્ઞાની આત્મા મુક્તિ સાધનમાં જ કરે અને બાકી બધા કાર્યોને તેઓ મનુષ્યભવના દુરૂપયોગ રૂપ સમજે.

સ્વ-પરની એકાંત હિત ભાવનાથી કહેવાયેલા **કટુ વચન પણ સુભાષિત વચન** હોય છે. શબ્દોને પ્રભાવશાળી બનાવી ઉચ્ચારણ કરવું તે ક્રોધ અને અભિમાનથી ભિન્ન છે. કષાયનો ત્યાગ કરી, ઈન્દ્રિયોને વશમાં રાખી ગુપ્તિઓથી યુક્ત થઈને, દઢતાથી સંયમના નિયમોનું પાલન કરવાથી જીવ આત્મકલ્યાણ સાધી શકે છે. આ જ ગુણોના આસેવન અને ધારણથી રથનેમિ મુનિ અને રાજેમતી સતીએ આત્મકલ્યાણ સાધ્યું હતું.

## અધ્યયન–૨૩ : કેશી–ગૌતમ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર ગૌતમ સ્વામી અને પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના અવધિજ્ઞાની શ્રમણ કેશી સ્વામી પોતાના શિષ્ય પરિવારની સાથે શ્રાવસ્તિ નગરીમાં પધાર્યા. બન્ને અલગ-અલગ ઉદ્યાનમાં ઉતર્યા હતા. ગમનાગમન, ભિક્ષાચરી આદિ વખતે તે-તે શ્રમણોનું પરસ્પર મિલન અને પરિચય થાય છે. કંઈક આચારાદિની ભિન્નતા હોવાથી શિષ્યોમાં ચર્ચા થાય છે. શિષ્યોની જિજ્ઞાસાઓના સમાધાન માટે ઉચિત અવસર જોઈ બન્ને પ્રમુખ શ્રમણ (કેશી–ગૌતમ) એકત્રિત થઈ પ્રશ્નોત્તર, વાર્તાલાપની ગોઠવણ કરે છે. ગૌતમ સ્વામી, કેશી શ્રમણ પાસે શિષ્ય પરિવાર સહિત જાય છે. પરસ્પર સમ્યક વિનય-વ્યવહાર આસન આદાન-પ્રદાન કરે છે. ત્યાં અન્ય અનેક દર્શક શ્રોતા તથા અનેક જાતિના દેવો પણ આવે છે. કેશી સ્વામી 'મહાભાગ' સંબોધન દ્વારા ગૌતમ સ્વામીને પ્રશ્ન પૂછે છે; જ્યારે ગૌતમ સ્વામી 'ભંતે' સંબોધનપૂર્વક કેશી સ્વામીને અનુમતિ અને ઉત્તર આપે છે. અંતે કેશી સ્વામી ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં સમર્પિત થઈ જાય છે, પુનઃ દીક્ષિત થઈ જાય છે.

**પ્રશ્ન–૨ : કેશી સ્વામી અને ગૌતમ સ્વામી વચ્ચે કેટલા સવાલ-જવાબ થયા હતા ?**

**જવાબ–** આ અધ્યયનની ઉપસંહાર ગાથાઓથી એમ જણાય છે કે તે બંનેનું સમ્મિલન અનેક દિવસો સુધી ચાલ્યું હતું. તેમાં ઘણા શંકા-સમાધાન થયા હશે. પ્રસ્તુત અધ્યયનમાં મુખ્ય ૧૨ પ્રશ્નોનું સંકલન ઉપલબ્ધ છે.

**પ્રશ્ન–૩ : તે ૧૨ પ્રશ્નો કયા કયા છે ?**

**જવાબ–** (૧) બંનેનાં વસ્ત્રોમાં અંતર શા માટે દેખાય છે ? (૨) ચાતુર્યામ ધર્મ અને પાંચ મહાવ્રત એમ વ્રત સંખ્યામાં અંતર શા માટે છે ? (૩) અનેક શત્રુઓ છે તેને તમે કેમ પરાસ્ત કર્યા છે ? (૪) અનેક બંધનો છે તેનાથી તમો મુક્ત કેમ રહો છો ? (૫) જે હૃદયમાં ઉત્પન્ન થાય છે તે વિષ-લતાને તમે કેમ છેદી નાખી છે? (૬) પ્રજ્વલિત અગ્નિને તમોએ કેમ શાંત કરેલ છે ? (૭) ઉદ્દંડ ઘોડાને તમે કેમ કાબૂમાં રાખો છો ? (૮) ઘણાં કુપંથો સંસારમાં છે તેનાથી તમો કેવી રીતે સુરક્ષિત રહો છો ? (૯) સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓ માટે દ્વીપ–શરણભૂત શું છે ? (૧૦) સમુદ્રમાં ડામાડોલ થતી નૌકાથી તમે કેમ સમુદ્ર પાર કરો છો ? (૧૧) જગતમાં ઘોર અંધકાર છવાઈ રહેલ છે તેને કોણ પ્રકાશ આપશે ? (૧૨) દુઃખથી ભરપૂર આ સંસારમાં શાશ્વત સુખ સ્થાન ક્યાં છે, કયું છે ?

**પ્રશ્ન–૪ : આ પ્રશ્નોના જવાબ ગૌતમ સ્વામીએ કઈ રીતે આપ્યા હતા ?**

**જવાબ– (૧)** પાર્શ્વનાથ ભગવાનના સાધુઓનો સચેલકધર્મ(મૂલ્ય અને મર્યાદા માં ઈચ્છિત વસ્ત્રો ધારણ કરવા રૂપ) હોય છે અને ભગવાન મહાવીરના સાધુઓનો અચેલક ધર્મ (અલ્પ મૂલ્ય અને મર્યાદિત વસ્ત્ર ધારણ કરવા રૂપ)હોય છે.

સંયમયાત્રા અને ઓળખાણ(પ્રતીતિ-પરિચય) માટે કોઈપણ લિંગ (વેષ)નું પ્રયોજન હોય છે; જે વ્યવસ્થા અને આજ્ઞાનુસાર તેમજ ગૂઢ હેતુ પૂર્વક હોય છે. નિશ્ચયમાં તો મોક્ષના મુખ્ય સાધન સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર છે. તેની આરાધનામાં કોઈપણ તીર્થંકરના શાસનમાં કે કોઇ પણ ભેદે મોક્ષ જનારામાં ભિન્નતા હોતી નથી.

**(૨)** આ જ પ્રમાણે બંનેમાં ચાતુર્યામ ધર્મ અને પંચમહાવ્રત ધર્મ રૂપ અંતર હોય છે. તે અંતર ફક્ત વ્યવહાર રૂપ કે સંખ્યા સંબંધી જ છે, તત્વ સંબંધી નથી. આ બંને તફાવતોનું કારણ એ છે કે મધ્યમ બાવીસ તીર્થંકરના સમયે કાલ પ્રભાવે મનુષ્ય સરલ અને પ્રજ્ઞા સંપન્ન અધિક હોય છે. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસન કાળના મનુષ્ય ઉક્ત ગુણસંપન્ન અતિ અલ્પ હોય છે પરંતુ વક્ર જડની સંખ્યા અધિક હોય છે.

**(૩)** આત્મા, ચાર કષાય અને પાંચ ઈન્દ્રિય; આ દસને જીતવામાં જ પૂર્ણ વિજય છે, અર્થાત્ આત્મપરિણતિને જિનાજ્ઞામાં સમર્પિત કરી દેવી. જ્ઞાનાત્મા દ્વારા કષાયાત્માને શિક્ષિત કરી નિયંત્રિત કરવો, સમભાવથી રહેવું, વૈરાગ્ય ભાવો





દ્વારા ઈન્દ્રિયોની ચંચલતાને શાંત કરવી, ઈચ્છાઓનો નિગ્રહ કરવો, આ સર્વ ઉપાયો આત્મવિજય પ્રાપ્ત કરવા માટે જરૂરી છે.

**(૪)** રાગ,દ્વેષ અને સ્નેહ સંસારમાં બંધનરૂપ છે, જાળ રૂપ છે, તેનું છેદન કરવું જોઈએ. અર્થાત્ મોક્ષસાધકે તે પરિણામોથી મુક્ત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાન અને વિવેક દ્વારા રાગ,દ્વેષ અને સ્નેહ પરિણામોથી મુક્ત થઈ શકાય છે.

**(૫)** તૃષ્ણા–ઈચ્છાઓ અને લાલસાઓ એ હૃદયમાં રહેનારી વિષ વેલડીઓ છે. તેથી મોક્ષાર્થીએ સમિતિ દ્વારા ગુપ્તિ તરફ અગ્રેસર થવું જોઈએ. આ લોક અને પરલોકની સંપૂર્ણ લાલસાઓથી ક્રમશઃ મુક્ત થવું જોઈએ. પ્રશંસા, પ્રતિષ્ઠા, સન્માનની ઈચ્છા પણ મુનિએ જીવનમાંથી સમૂળ ઉખેડી ફેંકી દેવી જોઈએ. તો જ વિષ ભક્ષણ રૂપી દુર્ગુણોથી મુક્તિનો સંભવ છે.

**(૬)** કષાય, આત્મગુણોને બાળવામાં અગ્નિ સમાન છે, તેથી ગુસ્સો, ઘમંડ, ચાલાકી અને ઈચ્છાઓને શ્રુત, સદાચાર, તપ દ્વારા શાંત કરવામાં પ્રયત્નશીલ બનવું.

**(૭)** મન લગામ વિનાના ઉદ્દંડ ઘોડા સમાન છે. તેને ધર્મ શિક્ષાથી એટલે કે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, આત્મ સ્વરૂપ ચિંતન, કર્મ સ્વરૂપ ચિંતનથી વશમાં રાખવું જોઈએ. શ્રુતરૂપ દોરીની લગામ તેનો નિગ્રહ કરવામાં સર્વશ્રેષ્ઠ સાધન છે. તેથી સાધુએ સદા શ્રુત અધ્યયન, પુનરાવર્તન, અનુપ્રેક્ષા આદિમાં લીન રહેવું તથા મનની સ્વચ્છંદતા અને ઉદ્દંડતાને નષ્ટ કરવામાં સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**(૮)** વીતરાગ, સર્વજ્ઞ–દર્શિત સ્યાદ્વાદ ધર્મ જ ન્યાય યુક્ત છે. આ ઉત્તમ માર્ગની આરાધનાથી જીવ સંસાર ભ્રમણથી મુક્ત થાય છે.

**(૯)** સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને ધર્મજ ત્રાણ–શરણભૂત છે.

**(૧૦)** મનુષ્યનું શરીર નૌકા છે, જીવ નાવિક છે; જેની ક્ષમતા સંયમ-તપ આરાધનાની નથી, તે શરીર છિદ્રવાળી નાવની સમાન છે. એવી અસહાયક શરીરરૂપી નૌકાથી સમુદ્ર પાર થઈ શકતો નથી. તેનાથી ઉલટું જે શરીર સંયમ- તપની વૃદ્ધિમાં સહાયક છે, તે છિદ્રરહિત નૌકા સમાન છે. તેનાથી જીવ રૂપી નાવિક સંસાર સમુદ્ર પાર કરી મુક્ત થઈ શકે છે.

**(૧૧)** આ જગતના ભાવ અંધકારને દૂર કરી જ્ઞાન પ્રકાશ ફેલાવનારા સૂર્ય 'તીર્થંકર પ્રભુ' છે. તે સમસ્ત પ્રાણીઓને જ્ઞાન પ્રકાશ આપે છે.

**(૧૨)** સિદ્ધ શિલાથી ઉપર લોકાગ્રમાં ક્ષેમકારી, કલ્યાણકારી ધ્રુવ સ્થાન છે. જ્યાં

વ્યાધિ, વેદના અને જન્મ-મરણ નથી. શારીરિક-માનસિક દુઃખ નથી. તે સ્થાનને પ્રાપ્ત કરનારા મુનિ ભવભ્રમણના સંકલેશથી સદાને માટે મુક્ત થઈ જાય છે.

**પ્રશ્ન–૫ : મધ્યમ તીર્થંકરોના શ્રમણોની વેશ ભૂષામાં શું વિશેષતા હતી ?**

**જવાબ–** અંતિમ તીર્થંકરના શ્રમણો અલ્પમૂલ્ય કે સામાન્ય અને પાણકોરાના વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. મધ્યમ તીર્થંકરના શ્રમણોના વસ્ત્ર સ્વચ્છ કિંમતી જોવામાં સુંદર હતા. જેમ આજ પણ શ્રમણોમાં અંતર જોવાય છે તેમ સમજવા. રંગનું અંતર કહેવાનું કથન ખોટું છે. કોઈપણ શાસ્ત્રના મૂળપાઠમાં એવી વાત છે નહીં. એમ થવું વ્યવહારિક પણ નથી અને કોઈ ધર્મમાં એવું હોય નહીં કે એક શ્રમણના વસ્ત્રો લાલ-પીળા અને બીજાના વસ્ત્રો સફેદ હોય. બજારમાં ચાલતાં એ શ્રમણોના વસ્ત્રમાં એવું અંતર હોય તો કેટલું ખરાબ લાગશે. આનો વિચાર કરીને રંગની વાતને આગ્રહમાં નહીં લેવી જોઈએ.

**પ્રશ્ન–૬ : મહાવ્રતોની સંખ્યાનું અંતર પણ શા માટે જરૂરી છે ?**

**જવાબ–** મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મ શાશ્વત છે. ત્યાં સદાકાલ ચાતુર્યામ ધર્મનું નિરૂપણ થાય છે. ભરત એરવત ક્ષેત્રમાં પણ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમમાંથી સાધિક બે ક્રોડાક્રોડી સાગરોપમ જેટલા સમયમાં જ શ્રમણ ધર્મ હોય છે. ૨૪ તીર્થંકરો ક્રમથી થાય છે. તેમાં એક તીર્થંકરના શ્રમણ અતિ સરળ અને ભોળા હોય છે અને એક તીર્થંકર(અંતિમ) ના શ્રમણોમાં વક્રતા અને હોશિયારી વધુ હોય છે. તેથી તે બે તીર્થંકરના શ્રમણો માટે પાંચ મહાવ્રત સ્પષ્ટ કરવા આવશ્યક થાય છે. મધ્યમ તીર્થંકરોના શાસનમાં બુદ્ધિમાન અને યોગ્ય સમજી જનાર વધુ હોય છે. તેથી મહાવિદેહની જેમ જ એમનો ચાતુર્યામ ધર્મ રાખવામાં આવે છે. માત્ર બે તીર્થંકરોના શાસનમાં પંચ મહાવ્રતારોપણ કરીને સ્પષ્ટીકરણ કરાય છે. તેમાં કારણ તો સમગ્ર સાધકો માટે હિત દષ્ટિનું છે. છેદોપસ્થાનીય ચારિત્ર પણ બે તીર્થંકરોના શાસનમાં હોય છે. બીજા સર્વેયને સામાયિક ચારિત્ર જ છે. તેમાં સાવદ્યયોગ ત્યાગમાં જ ૧૮ પાપોનો ત્યાગ સમાવિષ્ટ થઈ જાય છે અને તેઓ સંક્ષેપમાં પણ પૂર્ણ સમજી જાય છે.

# અધ્યયન–૨૪ : અષ્ટ પ્રવચન માતા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ સ્પષ્ટ કરેલ





છે. સમિતિ અને ગુપ્તિ એ સંયમના પ્રાણ છે. તેથી દ્વાદશાંગ રૂપ સંપૂર્ણ જિન પ્રવચન આમાં જ સમાવિષ્ટ માનેલ છે. એટલે કે પ્રવચનનું ધ્રુવ લક્ષ્ય છે મોક્ષ. મોક્ષનું પ્રધાન સાધન છે– સંયમ અને સંયમમાં પ્રમુખ સ્થાન સમિતિગુપ્તિનું છે. તેથી એને 'અષ્ટ પ્રવચનમાતા' કહેલ છે. માટે આ અધ્યયનનું નામ પણ અષ્ટ પ્રવચન માતા રાખેલ છે.

**પ્રશ્ન–૨ : પાંચ સમિતિનું સ્વરૂપ શું છે ?**

**જવાબ–** પાંચ સમિતિના નામ– (૧) ઈર્યા સમિતિ (૨) ભાષા સમિતિ (૩) એષણા સમિતિ (૪) આદન–નિક્ષેપણા સમિતિ (૫) ઉચ્ચાર પ્રશ્રવણ પરિઠાવણિયા સમિતિ.

**(૧) ઈર્યાસમિતિ–** સાધુ દિવસ દરમ્યાન જ ગમનાગમન કરી શકે છે. સંયમ, શરીર તથા સેવાના પ્રયોજને ચાલતાં, યુગમાત્ર ભૂમિનું પ્રતિલેખન કરતાં, એકાગ્રચિત્તે, છકાયના જીવોની રક્ષા કરતાં, મૌનપૂર્વક ચાલવું. તે ઉપરાંત સૂવું, બેસવું, ઊઠવું વગેરે પ્રવૃતિઓ ઉપયોગ રાખીને યતનાપૂર્વક કરવી, આ ઈર્યા સમિતિ છે.

**(૨) ભાષાસમિતિ–**કષાયોથી રહિત અને અહિંસાનું પૂર્ણપણે પાલન થાય તેવી ભાષા બોલવી જોઈએ. ક્રોધ, માન, માયા, લોભયુક્ત ભાષા; હાસ્ય, ભય, વાચાળતા અને વિકથા પ્રેરિત ભાષા; કઠોરકારી, કર્કશકારી, છેદકારી, ભેદકારી, મર્મકારી સાવદ્યકારી, નિશ્ચયકારી, અસત્ય અને મિશ્રભાષા ન બોલવી પરંતુ વારંવાર વિચારીને હિતકારી, પ્રિયકારી, સત્ય અને વ્યવહાર ભાષા બોલવી જોઈએ; આ ભાષા સમિતિ છે.

**(૩) એષણાસમિતિ–** આહારાદિની નિષ્પત્તિમાં સાધુનું નિમિત્ત હોય એવા ઉદ્‌ગમ સંબંધી દોષયુક્ત આહારાદિ ન લેવા, આહારાદિની પ્રાપ્તિ માટે કોઈ સંસારીવૃત્તિ કે પ્રવૃતિ અથવા દીનવૃત્તિ ન કરવી, આહારાદિ ગ્રહણ કરતી વખતે પણ કિંચિત જીવ વિરાધના ન થાય તેવું લક્ષ્ય રાખવું, પરિભોગેષણાના પાંચ મુખ્ય અતિચાર તથા અન્ય અનેક દોષોનો પરિત્યાગ કરી આહારાદિ વાપરવા; આ એષણા સમિતિ છે.

**(૪) આદાન–નિક્ષેપણા સમિતિ–**આવશ્યક ઉપધિ અને સપરિસ્થિતિક ઉપધિ– વસ્ત્ર, પાત્ર, રજોહરણ, પુસ્તક, દંડ આદિ ઉપરથી ન પડે તેમ ભૂમિને સ્પર્શીને પછી મૂકવા; મૂકતાં પહેલાં તે ભૂમિનું પ્રતિલેખન કરવું; આ રીતે કોઈપણ વસ્તુ ગ્રહણ કરતાં કે મૂકતાં ઉપયોગ રાખવો તે આયાણ ભંડમત્ત નિક્ખેવણા સમિતિ છે.

**(૫) ઉચ્ચાર પ્રશ્રવણ પારિઠાવણિયા સમિતિ**– મળમૂત્ર આદિ પરઠવવાના પદાર્થોને યતનાપૂર્વક પરઠવવા. જીવરહિત અચેત સ્થાને પરઠવવા. કોઈને પીડાકારી ન થાય તેવો વિવેક રાખવો; તે પરિઠાવણિયા સમિતિ છે.

**પ્રશ્ન–૩ : ત્રણ ગુપ્તિનું શું સ્વરૂપ છે ?**

**જવાબ–** સંયમ જીવનના અને શરીરના આવશ્યક કાર્યોને યત્નાથી કરવા; તેનું નામ સમિતિ છે તથા મન,વચન અને કાયાની અશુભ પ્રવૃતિઓ અલ્પ, અલ્પતમ કરવી એટલે ઉત્તરોત્તર સીમિત કરતા રહેવું; તેને ગુપ્તિ કહેવાય. અધ્યયનમાં છેલ્લે દર્શાવ્યું છે કે સંપૂર્ણ અશુભ પ્રવૃત્તિઓની નિવૃત્તિ તે ગુપ્તિ છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સમ્યક્ આરાધન કરનારા પંડિત પુરુષ સંસાર સાગરને શીઘ્રતાથી તરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**મનગુપ્તિ :–** ચાર પ્રકારના સત્ય અસત્ય આદિ મનથી અને મન સંબંધી આરંભ સમારંભથી નિવૃત્ત થવું, એ મનગુપ્તિ છે.

**વચનગુપ્તિ :–** સત્ય આદિ ચાર પ્રકારના વચનથી અને વચન સંબંધી આરંભ સમારંભથી નિવૃત્ત થવું, તેને ઘટાડવું, મૌન રાખવું એ વચનગુપ્તિ છે.

**કાયગુપ્તિ :–** ઉઠવું, બેસવું, ચાલવું ઉલ્લંઘન કરવું આદિ કાયાની પ્રવૃત્તિ ઓછી કરવી. તેમજ કાયાથી સંરંભ–સમારંભ આરંભનો ત્યાગ કરવો કાયગુપ્તિ છે.

અંતે ગાથા–૨૬ માં કહ્યું છે કે આ પાંચ સમિતિઓ ચારિત્રની પ્રવૃત્તિ છે અને ગુપ્તિઓ અશુભથી સંપૂર્ણ નિવૃત્તિ રૂપ છે. આ સર્વેયનું સમ્યક્ આરાધન કરનાર પંડિત પુરુષ સંસારથી મુક્ત થઈ જાય છે.

## અધ્યયન–૨૫ : જયઘોષ-વિજયઘોષ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યનનમાં જયઘોષ વિજયઘોષ બ્રાહ્મણ બંધુઓનું વર્ણન છે. બંને સગા ભાઈઓ હતા. મોટા ભાઈ જયઘોષે દીક્ષા લીધી અને વિજયઘોષ, બ્રાહ્મણ ધર્મનું પાલન કરતા હતા. એકવાર જયઘોષ મુનિ માસખમણના પારણાના દિવસે ભાઈની યજ્ઞશાળામાં ભિક્ષા માટે આવ્યા. આહાર દાન માટે બંને ભાઈઓ વચ્ચે વાર્તાલાપ થયો. મુનિએ સાચા બ્રાહ્મણનું સ્વરૂપ સમજાવ્યું. બોધ પામી વિજયઘોષે પણ દીક્ષા લીધી. બંને ભાઈઓ મોક્ષગામી થયા.





**પ્રશ્ન–૨ : બંને વચ્ચે આહારદાન સંબંધમાં શું ચર્ચા થઈ ?**

**જવાબ–** 'જયઘોષ મુનિને ગોચરીએ આવ્યા જોઈ વિજયઘોષ ભાઈએ સ્પષ્ટ કહી દીધું કે આપ બીજે ક્યાંય જાઓ, હું અહીં આપને ભિક્ષા આપીશ નહીં. આ યજ્ઞનો આહાર નિયમ પ્રમાણે બ્રાહ્મણો ને જ અપાય કે જે વેદોના પારગામી, યજ્ઞાર્થી, જ્યોતિષાંગના જ્ઞાતા અને ધર્મના પારગામી હોય. તેમજ સ્વ–પરના કલ્યાણ કરવામાં સમર્થ હોય.

મુનિએ ભાઈના કલ્યાણ માટે કહ્યું કે તમે વેદના મુખ્યને, યજ્ઞના મુખ્યને, નક્ષત્રોના મુખ્યને તથા ધર્મના મુખ્યને જાણતા જ નથી. જો જાણતા હોય તો કહો. આ આક્ષેપ વચનો સાંભળી વિજયઘોષ બ્રાહ્મણ સંદેહમાં આવી ગયા અને નમ્રતાથી બોલ્યા કે હું તો એ કંઈ જાણતો નથી, આપ જ આ બધું સમજાવો ! મુનિએ કહ્યું– તપ અને ધ્યાન રૂપી અગ્નિમાં કર્મોની આહુતિ કરવી એ જ સાચો અગ્નિહોત્ર છે. આવા ભાવયજ્ઞનો કરનાર યજ્ઞાર્થી તે જ વેદમાં પ્રમુખ છે. જ્યોતિષ મંડલમાં પ્રમુખ ચંદ્ર છે અને ધર્મમાં પ્રમુખ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ છે.

**પ્રશ્ન–૩ : સાચા બ્રાહ્મણનું સ્વરૂપ મુનિએ કેમ સમજાવ્યું ?**

**જવાબ– (૧)** જે સાધક કોઈપણ વ્યક્તિમાં સ્નેહ કે આસક્તિ નથી રાખતો પરંતુ સંયમમાં (જિનાજ્ઞામાં) રમણ કરે છે; નિર્મલ હૃદયી થઈ રાગ-દ્વેષ અને ભયથી દૂર રહે છે; કષાયો અને શરીરને કૃશ કરે છે; હિંસા, જૂઠ, અદત્ત અને કુશીલનો સર્વથા ત્યાગ કરે છે; કમળની સમાન ભોગોથી અલિપ્ત રહે છે; તે બ્રાહ્મણ છે. **(૨)** જે અલોલુપી, નિર્દોષ ભિક્ષાજીવી, અકિંચન(સંયમોપકરણ સિવાય કંઈ જ રાખતા નથી) અને ગૃહસ્થોના પરિચય તથા આસક્તિ રહિત છે; તે બ્રાહ્મણ છે. **(૩)** વેદ પશુવધનું વિધાન કરનારા છે; યજ્ઞ હિંસાકારી પાપ કૃત્યો યુક્ત સ્પષ્ટ દેખાય છે; તેથી તે દુર્ગતિમાં જતાં દુઃશીલ પ્રાણીઓની રક્ષા કરી શકતા નથી. **(૪)** કેવલ માથું મુંડાવવાથી શ્રમણ નથી થવાતું, 'ૐ' નો જાપ કરવા માત્રથી બ્રાહ્મણ નથી કહેવાતા, પરંતુ સમભાવ ધારણ કરવાથી શ્રમણ અને બ્રહ્મચર્ય પાલન કરવાથી બ્રાહ્મણ કહેવાય છે. તેમજ જ્ઞાનાધ્યયન કરવાથી મુનિ અને તપશ્ચર્યા કરવાથી તપસ્વી થવાય છે.

દિવાલ ઉપર ભીની માટીનો ગોળો ફેંકવામાં આવે તો ચીટકી જાય છે અને સૂકી માટીના ગોળાને ફેંકવાથી તે દિવાલને ચોંટતો નથી. તે જ પ્રકારે વિષય લાલસાયુક્ત જીવો સંસારમાં વળગ્યા રહે છે, સંસારમાં ફસાઈ જાય છે અને

વિરક્ત અનાસક્ત જીવો સંસારથી મુક્ત બની જાય છે. આ સંપૂર્ણ ઉપદેશથી વિજયઘોષ બ્રાહ્મણને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ભાઈ મુનિ પાસે દીક્ષિત થઈ ગયા.

# અધ્યયન–૨૬ : સમાચારી

## પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?

**જવાબ–** આ અધ્યયનમાં શ્રમણોની દસ પ્રકારની સામાન્ય નિયમિત સમાચારીનું કથન કરીને પછી સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અને સૂર્યાસ્તથી બીજે દિવસે સૂર્યોદય સુધી આમ સંપૂર્ણ અહોરાત્રિની દિન ચર્યા કહી છે. તેમાં પણ પ્રતિલેખના સંબંધી વિધિ–દોષનું, આહાર કરવાના અને છોડવાના ૬–૬ કારણોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. દિનચર્યા પણ પોરસી કાલના આધારે કહી છે. માટે પોરસી કાલને જાણવાની ગણિત વિધિનું જ્ઞાન પણ દર્શાવ્યું છે.

## પ્રશ્ન–૨ : દસ પ્રકારની સમાચારી કઈ છે ?

**જવાબ–** **(૧)** ભિક્ષુએ ઉપાશ્રયની બહાર જતી વખતે **'આવસ્સહિ'** શબ્દનું ઉચ્ચારણ કરવું જોઈએ. જેનો અર્થ થાય છે કે હું સંયમના આવશ્યક પ્રયોજનથી જ બહાર જઉં છું. **(૨)** ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે ''નિસ્સહિ'' શબ્દનું ઉચ્ચારણ કરવું અર્થાત્ હું મારા કાર્યથી નિવૃત્ત થઈને આવી ગયો છું. **(૩-૪)** પોતાનું કે અન્યનું દરેક કાર્ય ગુઢની આજ્ઞા લઈને જ કરવું જોઈએ. **(૫)** આહારાદિની પ્રાપ્તિ થયા બાદ અન્યને નિમંત્રણ આપવું. **(૬)** જ્ઞાનાદિ ગ્રહણ કરતી વખતે પણ ગુર્વાદિને એ પ્રમાણે કહેવું કે આપની ઈચ્છા હોય તો મને શાસ્ત્રજ્ઞાન આપો. **(૭)** ભૂલ થઈ હોય, તેનું જ્ઞાન થવા પર **'મિચ્છામિ દુક્કડં'** બોલવું. **(૮)** ગુઢના વચનોને સાંભળ્યા બાદ **'તહત્તિ'** શબ્દનું ઉચ્ચારણ કરવું અને તેનો સ્વીકાર કરવો. **(૯)** ગુઢની સેવાને માટે સદાય તત્પર રહેવું. **(૧૦)** શ્રુત અધ્યયનાર્થે કોઈપણ આચાર્યાદિની સમીપે રહી અધ્યયન કરવું; આ દસવિધ સમાચારી કહી છે.

## પ્રશ્ન–૩ : સંપૂર્ણ અહોરાત્રની દિનચર્યા કયા પ્રકારે દર્શાવી છે ?

**જવાબ–** ભિક્ષુએ રાત્રિના ચતુર્થ પ્રહરમાં સ્વાધ્યાય કરવો જોઈએ. જ્યારે દિશા લાલ થાય ત્યારે પ્રતિક્રમણ કરવું જોઈએ. સૂર્યોદય થયા બાદ પ્રતિલેખન કરી





ગુઢની આજ્ઞા લઈ, અન્ય કોઈ સેવા કાર્ય ન હોય તો પ્રથમ પ્રહર સુધી સ્વાધ્યાય કરવો. પ્રથમ પ્રહરના અંતમાં પાત્ર પ્રતિલેખન કરવું. બીજા પ્રહરમાં ધ્યાન અર્થાત્ અનુપ્રેક્ષા કરવી. ત્રીજા પ્રહરમાં ભિક્ષાદિ શારીરિક આવશ્યક કર્તવ્યોથી નિવૃત્ત થવું. ચતુર્થ પ્રહરમાં પાત્ર પ્રતિલેખન કરી તેને બાંધી મૂકી દેવા અને અન્ય ઉપકરણોની પ્રતિલેખના કરી સ્વાધ્યાયમાં લીન થવું.

ચોથા પ્રહરના અંતમાં રાત્રિને માટે શયનભૂમિનું અને મળ-મૂત્ર પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરવું. સૂર્યાસ્તથી માંડી લાલ દિશા રહે તે સમય દરમ્યાન પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ સમાપ્ત થતાં દિશાવલોકન કરી સ્વાધ્યાયનો સમય થતાં પ્રથમ પ્રહર સુધી સ્વાધ્યાય કરવો. દ્વિતીય પ્રહરના પ્રારંભમાં ધ્યાન કર્યા બાદ વિધિપૂર્વક શયન કરવું. તૃતીય પ્રહરના અંતમાં નિદ્રા અને શયનથી નિવૃત્ત થઈ; ધ્યાન આદિ કરી સ્વસ્થ થઈ જવું. ફરી ચતુર્થ પ્રહરમાં સ્વાધ્યાય કરવો. આ ભિક્ષુની સંક્ષિપ્ત દિનચર્યા કહી છે.

## પ્રશ્ન–૪ : પ્રતિલેખના સંબંધી વિધિ–દોષો અહીં કઈ રીતે કહ્યા છે ?

**જવાબ–** આ અધ્યયનની ગાથા–૨૩ થી ૩૧ સુધી પ્રતિલેખના સંબંધી વિધિ દોષોનું વર્ણન આ પ્રકારે છે– **(૧)** સર્વ પ્રથમ મુખવસ્ત્રિકાની પ્રતિલેખના કરવી. પછી પૂંજણી અને રજોહરણની ફલિઓને આંગળિઓ વચ્ચે લઈ લઈને તેની પ્રતિલેખના કરવી અને ત્યાર પછી પછેડી આદિ વસ્ત્રોની પ્રતિલેખના કરવી. **॥૨૩॥** **(૨)** ઉકડું આસને બેસવું, વસ્ત્રને ભૂમિથી ઊંચે રાખવું, વસ્ત્રને સારી રીતે પકડી રાખવું, ઉતાવળ કરવી નહીં, વસ્ત્રને ચોકસાઈથી જોવું , આવશ્યક હોય ત્યારે ધીમેથી ખંખેરવું કે પૂંજવું **॥૨૪॥** **(૩)** વસ્ત્રને વધુ હલાવવું કે નચાવવું નહીં; વસ્ત્રના વચ્ચે સળ ન રહી જાય, અયતનાથી જાટકવું નહીં, ભીંતને વસ્ત્ર અડાડવું નહીં, પછેડીના ૬ વિભાગ (પુરિમા) કરવા અને દરેક વિભાગમાં ત્રણ દષ્ટિ(ઉપર, નીચે, વચ્ચે) થી જોવું. ત્રણ વિભાગમાં ૯ દષ્ટિ(ખોડા) એમ આખી પછેડીના (૬×૩) ૧૮ ખોડા (દષ્ટિ) થયા. એ એક બાજુના હોય છે. બીજી બાજુ પલટીને તેના પણ ૧૮ ખોડા (દષ્ટિ) થાય છે. કુલ ૩૬ દષ્ટિથી સંપૂર્ણ પછેડીની પ્રતિલેખના પૂર્ણ થાય છે. વચ્ચે જરૂરી થાય તો હાથથી કોઈ જીવ આદિને દૂર કરવા **॥૨૫॥**

**(૪)** પ્રતિલેખના વિધિ પૂર્વક ન કરે, અડધી(અપૂર્ણ) પલેવણા કરે, પ્રતિલેખના કરવાના વસ્ત્રને શરીર, હાથ-પગ નીચે દાબી દે, વસ્ત્રને આજુ-બાજુ સ્પર્શ કરે,

અડાડે, વસ્ત્રને જાટકે, ફટકે, ફેંકે, યોગ્ય આસનથી ન બેસે, આ દોષોને પ્રમાદ પ્રતિલેખન કહ્યું છે. ॥૨૬॥ **(૫)** વસ્ત્રને સારી રીતે ન પકડે, શરીર હાથ કે જમીનને અડાડતાં પ્રતિલેખન કરે, એક જ દષ્ટિમાં આખું વસ્ત્ર કે વિભાગને જોઈ લે, વધારે ઝાટકે, હાથ કે પૂંજણીનો ઉપયોગ ન કરે, દષ્ટિ અને વિભાગ બરોબર ન કરે, તેમાં આળસ કરે, એકાગ્રચિત્ત ન રાખે અને ભૂલી જવાથી ગણતરી કરે, આ દોષો છે. ॥૨૭॥ **(૬)** વસ્ત્ર પ્રતિલેખના વિધિમાં ઓછું અધકું કે વિપરીત કરે. ॥૨૮॥ **(૭)** પ્રતિલેખન કરતાં પરસ્પર વાતો ન કરે, ઉપદેશ, પ્રત્યાખ્યાન ન દે, સ્વાધ્યાય પણ ન કરે ॥૨૯॥ **(૮)** આ ઉપર દર્શાવેલી અવિધિથી કે પ્રમાદથી પ્રતિલેખન કરવામાં ૬ કાય જીવોની વિરાધના થાય છે અને સાચી વિધિથી ઉપયોગ પૂર્વક કરવામાં ૬ કાય જીવોની રક્ષા થાય છે. ॥૩૦॥

**પ્રશ્ન–૫ : મુનિ માટે આહાર કરવાના અને છોડવાના કારણો કેટલા અને કયા કયા છે ?**

**જવાબ–** છ કારણેથી મુનિ આહાર કરે. જેમ કે– (૧) ભૂખ લાગવાથી (૨) ઈર્યા સમિતિના સમ્યક્ પાલન માટે એટલે કે આંખોની રોશની સાચવવા માટે (૩) દસ પ્રકારની વૈયાવચ્ચ કરવાની શક્તિ જાળવવા માટે (૪) વિહાર આદિ સંયમ નિયમોના યથાર્થ પાલનની ક્ષમતા રાખવા માટે (૫) જીવન નિર્વાહ માટે એટલે આયુષ્ય છે ત્યાં સુધી પ્રાણોને ધારણ કરવા માટે (૬) ધર્મ ચિંતન સ્વાધ્યાય ધ્યાન આદિમાં સમાધિ ભાવ રહે તે માટે.

છ કારણોથી મુનિ આહાર છોડે. જેમ કે– (૧) રોગાતંક એટલે ઉગ્ર રોગ થવા પર (૨) દેવ મુનષ્ય કે તિર્યંચના મારણાંતિક ઉપસર્ગ સમયે (૩) બ્રહ્મચર્યની સમાધિ માટે એટલે વિકાર ભાવોની ઉપશાંતિ માટે (૪) વરસાદ, વાવાજોડા કે ધુમ્મસના સમયે તેમજ ત્રસ જીવોની વધારે ઉત્પત્તિના સમયે ગોચરી ન જઈ શકાય તે માટે, (૫) કર્મ નિર્જરાર્થે તપસ્યા કરવાના ભાવોથી અને (૬) આજીવન અનશન કરવા એટલે સંથારા–સંલેખના કરવા માટે.

## અધ્યયન–૨૭ : ગર્ગાચાર્ય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** સ્થવિર ગર્ગાચાર્યના અશુભ કર્મોદયે બધા શિષ્ય તેમને માટે અસમાધિ ઉત્પન્ન કરાવનારા થયા. તેમની આજ્ઞાપાલન અને ચિત્ત આરાધના કરવામાં





એક પણ શિષ્ય સફળ ન થયો. તેથી નિરાશ થઈ ગર્ગાચાર્ય શિષ્યોને ત્યજી એકલા રહીને સંયમની આરાધના કરવા લાગ્યા અને પરમ શાંતિનો અનુભવ કરતાં સંયમ-તપની આરાધના કરી કલ્યાણ સાધ્યું.

**પ્રશ્ન–૨ : ગર્ગાચાર્યના જીવન વર્ણનથી શું નિષ્કર્ષ પ્રગટ થાય ?**

**જવાબ–** ગળીયો બળદ (માલિકની આજ્ઞાનુસાર ન ચાલનાર) અને ગાડીવાન બંને પરસ્પર દુઃખી થાય છે. તે જ રીતે અવિનીત શિષ્ય અને ગુઢ બંને દુઃખી થાય છે. તેઓના માયા, જૂઠ, કલહાદિ પ્રવૃત્તિઓથી સંયમનો નાશ થાય છે. તેથી અશુભ કર્મ અથવા અનાદેય નામકર્મનો તીવ્ર(જોરદાર) ઉદય જાણી એવા સમયમાં યોગ્ય અવસર જાણી એકાકી વિહાર કરી આત્મ કલ્યાણ કરવું જ હિતકર થાય છે. અવિનીત સાધુ કોઈ ઘમંડી હોય છે, કોઈ દીર્ઘ ક્રોધી હોય છે, કોઈ ભિક્ષાદિ પ્રવૃત્તિમાં આળસુ હોય છે; તો કોઈ વડીલોની શિક્ષા-પ્રેરણા સાંભળવા જ નથી ઈચ્છતા, બલ્કે કુતર્ક કરી સદા પ્રતિકૂળ વર્તન કરે છે. મોક્ષાર્થી મુનિએ આવા કુલક્ષણવાળા સાથીઓનો પણ ત્યાગ કરવો જોઈએ.

## અધ્યયન–૨૮ : મોક્ષ માર્ગ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ ધર્મ એ જ મોક્ષમાર્ગ છે; મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ છે. પ્રસ્તુત અધ્યયનમાં આ ચારેયનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. માટે અધ્યયનનું નામ પણ 'મોક્ષમાર્ગ' રાખવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૨ : જ્ઞાનનું સ્વરૂપ અહીં કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ–** સર્વ પ્રથમ મતિ જ્ઞાન આદિ પાંચ ભેદ કહ્યા છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ દર્શાવ્યું છે એટલે કે– ગુણોનો આધાર–આશ્રય તે દ્રવ્ય છે. એક દ્રવ્યના આશ્રયે અનેક ગુણો હોય છે. પર્યાયો દ્રવ્ય અને ગુણ બંનેને આશ્રય કરીને રહે છે અર્થાત્ દ્રવ્ય અને ગુણ બંનેની પર્યાયો હોય છે. ત્યાર પછી છ દ્રવ્યોનો સંક્ષિપ્ત પરિચય છે જેમાં જીવ અજીવના વિશેષ લક્ષણ સ્પષ્ટ કર્યા છે. જીવનું લક્ષણ પણ બે રીતે (અપેક્ષાએ) કહ્યું છે– (૧) સામાન્ય રીતે ઉપયોગ લક્ષણવાળો, જ્ઞાન દર્શન ગુણવાળો અને સુખ–દુઃખનો અનુભવ કરનાર, એ જીવ હોય છે. (૨) અપેક્ષાએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ આ પણ જીવના (સંસારી) જીવના

જ લક્ષણો હોય છે. પુદ્ગલ અને પુદ્ગલના ગુણો– શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, અને વર્ણાદિ એ પુદ્ગલ દ્રવ્યના લક્ષણ છે. ભેગા મળવું, છૂટા પડવું, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગ એ પર્યાયના લક્ષણો છે.

**પ્રશ્ન–૩ : દર્શનનું સ્વરૂપ અહીં કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ–** જીવ આદિ નવ તત્ત્વોને જાણીને તેનું જ્ઞાન કરીને તે સર્વની યથાર્થ શ્રદ્ધા કરવી, આ જ સમકિત છે. તે સમકિત પણ જીવને ૧૦ પ્રકારે પ્રાપ્ત થાય છે– **(૧)** સ્વાભાવિક રીતે પોતાના જ્ઞાન ચિંતનથી **(૨)** ઉપદેશ, પ્રેરણા કે કોઈના સમજાવવાથી **(૩)** વડીલોની આજ્ઞાથી કે આ આપણો ધર્મ છે અથવા જ્ઞાનીઓની આજ્ઞા સમજીને સ્વીકારવું **(૪)** શાસ્ત્રના અભ્યાસથી **(૫)** બીજ રુચિ– અલ્પજ્ઞાનથી પછી પોતે તેનો વિસ્તાર સમજવાથી **(૬)** શ્રુતનું નિરંતર પૂર્ણ અધ્યયન કરવાથી **(૭)** સર્વ દ્રવ્ય, સર્વ દષ્ટિ, સર્વનય–નિક્ષેપ, પ્રમાણ ચર્ચા સહિત જ્ઞાનના વિસ્તારથી થનારું સમકિત **(૮)** ક્રિયા–આચારના પાલનથી, સામાયિક વગેરે વ્રત, ત્યાગ, નિયમ કરવાથી અને તેના પાલનથી **(૯)** સંક્ષેપમાં સમજીને કે આ ધર્મ કરવો સારો છે. બધાની સાથે શ્રદ્ધાથી રહેવું. જ્ઞાન ચર્ચા આદિમાં કંઈ ઉપયોગ ન રાખવો એવા ભોળા ભદ્રિક જીવોનું સમકિત. **(૧૦)** અસ્તિ કાયધર્મ અર્થાત્ ૬ દ્રવ્ય, શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ વગેરે જિનશાસનમાં અનુપમ તત્ત્વો છે. અન્યત્ર એવું નહીં મળે એમ જાણી માનીને શ્રદ્ધા કરવી.

**સમકિતનું મહત્ત્વ :–** પરમાર્થ પરિચય વગેરે સમકિતના ૪ શ્રદ્ધાન છે. સમકિત વગર ચારિત્ર એકલું હોઈ શકે નહીં. બંને સાથે હોઈ શકે છે. સમકિત, ચારિત્ર વિના એકલું પણ હોય શકે. પરંતુ તે એક બે ભવ સુધી રહી શકે છે. પછી વચ્ચે વ્રત, પ્રત્યાખ્યાન કે સંયમ મળી જવાથી તે સમકિત લગાતાર અનેક ભવો સુધી સાથે રહી શકે છે.

**સમકિતના આઠ અંગ :–** (૧) નિઃશંકિત રહેવું (૨) આકાંક્ષા રહિત હોવું (૩) ધર્મના ફળમાં સંદેહ રહિત થવું (૪) જ્ઞાન વૃદ્ધિ કરવી (૫) સુસંગતિથી શ્રદ્ધા પુષ્ટ કરવી (૬) પોતે સ્થિર–દ્રઢ થવું અને બીજાઓને પણ ધર્મમાં સ્થિર કરવા (૭) ધર્મનો પ્રેમ વધારવો (૮) ધર્મની દલાલી, પ્રભાવના, પ્રેરણા પ્રચાર કરવો.

**પ્રશ્ન–૪ : ચારિત્ર અને તપ રૂપ ધર્મ(મોક્ષ માર્ગ)ની સમજાવટ કઈ રીતે છે?**

**જવાબ–** સામાયિક આદિ પાંચ ચારિત્ર છે. જેમાં છદ્મસ્થ અને કેવલી બંનેના ચારિત્ર છે. **ચયરિત્ત કરં ચારિત્રં**=કર્મોના સંગ્રહને અલ્પ–ઓછા કરનાર ચારિત્ર





કહેવાય છે. તપના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ હોય છે. આનો વિસ્તાર ભગવતી સૂત્ર આદિમાં હોવાથી અહીં સંક્ષિપ્તમાં કથન કરેલ છે.

ઉપવાસ આદિ બાહ્યતપ અને સ્વાધ્યાય આદિ આભ્યંતર તપમાં યથાશક્તિ વૃદ્ધિ કરતા રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. શરીરના મમત્વને દૂર કરી કર્મક્ષય કરવામાં સંપૂર્ણ આત્મશક્તિને કાર્યાન્વિત કરવી. **દેહં પાતયામિ કાર્યં સાધયામિ** અથવા **દેહ દુઃખં મહાફલં** ના સિદ્ધાંતને આત્મસાત કરી તપારાધના કરવી. ધ્યાન પછી અંતિમ તપ 'વ્યુત્સર્ગ' છે એમાં મન, વચન, કાયા, કષાય, ગણસમૂહ, શરીર તથા આહારનું વ્યુત્સર્જન(ત્યાગ) કરવામાં આવે છે.

જ્ઞાનથી તત્ત્વોને, આશ્રવ-સંવર આદિને જાણવું. દર્શનથી તેના વિષયમાં યથાવત્ શ્રદ્ધા કરવી; ચારિત્રથી નવા કર્મબંધને રોકવા અને તપથી પૂર્વકર્મોનો ક્ષય કરવો; આ પ્રકારે ચારેયના સુમેળપૂર્વક મોક્ષની પરિપૂર્ણ સાધના થાય છે. કોઈપણ એકના અભાવમાં સાધનાની સફળતાનો સંભવ નથી. માટે કર્મક્ષયરૂપ મુક્તિ અર્થે મહર્ષિ ચતુર્વિધ મોક્ષમાર્ગમાં પરાક્રમ કરે છે.

# અધ્યયન–૨૯ : સમ્યક્ પરાક્રમ

**પ્રશ્ન–૧ : પ્રસ્તુત અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં મોક્ષ માર્ગમાં સમ્યક પરાક્રમ કરવા લાયક ૭૩ સવાલ જવાબો વડે વિવિધ ધર્મ આરાધના માટેના તત્ત્વોનું, આચારોનું મહત્ત્વ સમજાવેલ છે. આ અધ્યયનના નામ માટે બે પરંપરા છે– (૧) સમ્યક્ત્વ પરાક્રમ (૨) સમ્યક્ પરાક્રમ. અહીં એ સમજવું જોઈએ કે પરાક્રમ એ સમ્યક્ કે અસમ્યક્ બે પ્રકારનો થઈ શકે છે. મોક્ષ માર્ગમાં જે પરાક્રમ થાય તે સમ્યક્ હોય છે. અહીં મોક્ષ આરાધના માટેના તત્ત્વો આચારોના ફળની પૃચ્છા કરેલ છે. તેથી અહીં સમ્યક્ પરાક્રમ એ નામ પ્રાસંગિક અને સુસંગત છે.

**પ્રશ્ન–૨ : ૭૩ સમ્યક્ પરાક્રમના બોલ કયા છે અને તેનું આધ્યાત્મિક ફળ શું દર્શાવેલ છે ?**

**જવાબ–** દરેક બોલનું આધ્યાત્મિક ફળ અનુક્રમે આ પ્રમાણે બતાવેલ છે–**(૧) વૈરાગ્ય ભાવોની વૃદ્ધિ કરીને સંસારથી ઉદાસીન બનવાથી– ૧.** ઉત્તમ ધર્મ શ્રદ્ધાની પ્રાપ્તિ થાય છે. **૨.** તેથી પુનઃ વૈરાગ્ય વૃદ્ધિ થાય છે **૩.** તીવ્ર કષાય

ભાવોની સમાપ્તિ થાય છે **૪.** નવા કર્મબંધની અલ્પતા થાય છે **૫.** સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ આરાધના કરવાવાળા કોઈ જીવ તે જ ભવમાં તો કોઈ જીવ ત્રીજા ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

**(૨) નિવૃત્તિની વૃદ્ધિ અને ત્યાગ વ્રતની વૃદ્ધિ કરવાથી–૧.** પદાર્થો પ્રત્યે અનાસક્ત ભાવ પૈદા થાય છે. **૨.** ઈન્દ્રિયના વિષયોમાં વિરક્ત ભાવ થાય છે.**૩.** હિંસાદિ પ્રવૃતિઓનો ત્યાગ થાય છે. **૪.** સંસારનો અંત અને મોક્ષની ઉપલબ્ધિ થાય છે.

**(૩) ધર્મ ઉપર શ્રધ્ધા રાખવાથી– ૧.** સુખ-સુવિધા પ્રત્યેનો લગાવ ઓછો થઈ જાય છે. **૨.** સંયમનો સ્વીકાર કરવામાં આવે છે. **૩.** શારીરિક-માનસિક દુઃખોનો વિચ્છેદ થઈ જાય છે અને **૪.** બાધા રહિત સુખની પ્રાપ્તિ થાય છે.

**(૪) ગુરુ અને સહવર્તી સાધુઓની સેવા કરવાથી–૧.** કર્તવ્યનું પાલન થાય છે. **૨.** આશાતનાઓથી બચી જવાય છે. **૩.** આશાતના ન થવાથી દુર્ગતિનો નિરોધ થાય છે. **૪.** તેમના ગુણ, ભક્તિ-બહુમાન કરવાથી સદ્ગતિની પ્રાપ્તિ થાય છે. **૫.** વિનયાદિ અનેક ગુણોની ઉપલબ્ધિ થાય છે. ૬. અન્ય જીવોને વિનય સેવાનો આદર્શ ઉપલબ્ધ થાય છે.

**(૫) પોતાના દોષોની આલોચના કરવાથી**–મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા અને અનંત સંસારની વૃદ્ધિ કરનારા માયા, નિદાન અને મિથ્યાત્વ રૂપ ત્રણ શલ્યોનો નાશ થાય છે. સરલ ભાવો પ્રાપ્ત થાય છે.

**(૬) આત્મનિંદા કરવાથી–૧.** પશ્ચાત્તાપથી શુદ્ધ થઈને વિરક્તિ ભાવોની વૃદ્ધિ થાય છે. **૨.** તેનાથી ગુણસ્થાનોની ક્રમશઃ વૃદ્ધિ થઈ મોહનીય કર્મનો ક્ષય થાય છે.

**(૭) બીજાની સમક્ષ પોતાની ભૂલ પ્રગટ કરવાથી** – જીવ પોતાના અનાદર, અસત્કાર જન્ય કર્મોની ઉદીરણા કરે છે અને ક્રમશઃ ઘાતી કર્મોનો ક્ષય થાય છે.

**(૮) સામાયિક કરવાથી**–પાપ પ્રવૃત્તિઓ છૂટી જાય છે.

**(૯) ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાથી**–સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે.

**(૧૦) વંદના કરવાથી–૧.** નીચ ગોત્રકર્મનો ક્ષય અને ઉચ્ચ ગોત્રકર્મનું ઉપાર્જન થાય છે. **૨.** તેની આજ્ઞાને લોકો શિરોધાર્ય કરે તેવું સૌભાગ્ય અને લોકચાહનાને પ્રાપ્ત કરે છે.

**(૧૧) પ્રતિક્રમણ કરવાથી–૧.** લીધેલા વ્રત પ્રત્યાખ્યાનોની શુદ્ધિ થાય છે. **૨.**





જેનાથી ચારિત્ર શુદ્ધ થાય છે. **૩.** સમિતિ-ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતામાં જાગૃતિ રહે છે. **૪.** ભાવયુક્ત પ્રતિક્રમણ કરવાથી સંયમમાં વૃદ્ધિ થાય છે. **૫.** માનસિક નિર્મળતાની ઉપલબ્ધિ થાય છે.

**(૧૨) કાયોત્સર્ગ કરવાથી અર્થાત્ મન-વચન તથા શરીરને પૂર્ણતઃ વ્યુત્સર્જન કરવાથી–૧.** સાધક કર્મના બોજથી હલકો બને છે. **૨.** પ્રશસ્ત ધ્યાનમાં લીન થઈ ઉત્તરોત્તર સુખ પૂર્વક વિચરણ કરે છે. **(૧૩) પ્રત્યાખ્યાન કરવાથી**– આશ્રવોનો નિરોધ થાય છે, જેથી કર્મબંધ ઓછા થાય છે.

**(૧૪) સિદ્ધ સ્તુતિ કરવાથી અર્થાત્ નમોત્થુણંનો પાઠ કરવાથી–૧.** જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી વિશિષ્ટ બોધિની પ્રાપ્તિ થાય છે. **૨.** અને વિશિષ્ટ જ્ઞાન સંપન્ન જીવ આરાધના કરવા યોગ્ય બને છે.

**(૧૫) પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાથી–૧.**ચારિત્ર નિરતિચાર બને છે. **૨.** પાપાચરણોનું સંશોધન થાય છે. **૩.** સમ્યગ્ જ્ઞાનની ઉપલબ્ધિ અને ચારિત્રની સમ્યક્ પ્રકારે આરાધના થાય છે.

**(૧૬) કાળપ્રતિલેખન એટલે અસ્વાધ્યાયના કારણોની યોગ્ય જાણકારી મેળવવાથી**– જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય છે.

**(૧૭) ક્ષમાયાચના કરવાથી–૧.** ચિત્ત પ્રસન્ન થાય **૨.** બધા જીવો પ્રત્યે મૈત્રી ભાવના પ્રગટે **૩.** મનની નિર્મળતા થવાથી તે સર્વત્ર નિર્ભય બની જાય છે.

**(૧૮) સ્વાધ્યાય કરવાથી**–જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

**(૧૯) વાચનાથી**–આચાર્યાદિ પાસેથી મૂળ પાઠ અને અર્થની વાચના લેવાથી **૧.** સર્વતોમુખી કર્મોનો ક્ષય થાય છે. **૨.** વાચના લેવાથી શ્રુત પ્રત્યે ભક્તિ ભાવની વૃદ્ધિ થાય છે અને સમ્યક્ શાસ્ત્ર વાચના લઈ બહુશ્રુત થવાથી શ્રુતના ઉપેક્ષા દોષ અને આશાતના દોષથી બચી જાય છે. **૩.** તે સદા શ્રુતાનુસાર નિર્ણય કરનાર થાય છે તથા **૪.** તે જિન શાસનના અવલંબન ભૂત બને છે. **૫.** જેનાથી મહાન નિર્જરાનો લાભ અને મુક્તિનો લાભ થાય છે.

**(૨૦) સૂત્રાર્થના વિષયમાં પ્રશ્ન પૂછી સમાધાન પ્રાપ્ત કરવાથી–૧.** સૂત્રાર્થ જ્ઞાનની વિશુદ્ધિ થાય છે. **૨.** સંશયોનું નિરાકરણ થાય છે; જેથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય થાય છે.

**(૨૧) સૂત્રોનું પરાવર્તન કરવાથી–૧.** સ્મૃતિની પુષ્ટિ થાય છે. **૨.** ભૂલાયેલું

જ્ઞાન તાજું થાય છે. ૩. પદાનુસારિણી બુદ્ધિનો વિકાસ થાય છે અર્થાત્ એક પદના ઉચ્ચારણથી આગળના પદ સ્વતઃ યાદ આવી જાય છે.

**(૨૨) સૂત્રોના તત્વોની મનમાં વિચારણા ચિંતવના કરવાથી**–**૧.** કર્મ શિથિલ બને છે, તેની સ્થિતિ ઘટે છે, ઓછા થાય છે, મંદ થાય છે. **૨.** કર્મબંધથી અને સંસારથી શીઘ્ર મુક્તિ થાય છે.

**(૨૩) ધર્મોપદેશ દેવાથી– ૧.** સાધક પોતાના કર્મોની મહા નિર્જરા કરે છે, **૨.** જિન શાસનની પણ ઘણી પ્રભાવના કરે છે, અને તે **૩.** આગામી ભવોમાં મહાભાગ્યશાળી થવાના કર્મોનું ઉપાર્જન કરે છે.

**(૨૪) શ્રુતની સમ્યક આરાધના કરવાથી** – **૧.** અજ્ઞાનનો નાશ થઈ જાય છે. **૨.** તે જ્ઞાની ક્યાંય પણ સંક્લેશ–ચિત્તની અસમાધિને પામતા નથી.

**(૨૫) મનને એકાગ્ર કરવાથી**– ચિત્તની ચંચળતા સમાપ્ત થાય છે.

**(૨૬) સંયમ લેવાથી**– મુખ્ય આશ્રવ એટલે કર્મ આવવાના રસ્તા બંધ થઈ જાય છે અર્થાત્ હિંસા વગેરે મોટા-મોટા પાપોનો લગભગ પૂર્ણપણે ત્યાગ થઈ જાય છે.

**(૨૭) વિવિધ (૧૨ પ્રકારની) તપસ્યા કરવાથી** – પૂર્વબદ્ધ કર્મ આત્માથી અલગ થઈ જાય છે.

**(૨૮) અલ્પકર્મી થઈ જવાથી** – તે ક્રમશઃ યોગ નિરોધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. પછી ઝડપથી મુક્ત થઈ જાય છે.

**(૨૯) શાંતિપૂર્વક અર્થાત્ ઉતાવળ, ઉદ્વેગ વિના મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવાથી અથવા સુખની અપેક્ષાથી રહિત થઈ જવાથી** – **૧.** જીવ ઉત્સુકતા રહિત અને શાંતિપ્રિય સ્વભાવ તેમજ વ્યવહાર વાળો બને છે. **૨.** શાંતિ પૂર્વક પ્રવૃત્તિ કરનારા જ વાસ્તવમાં પ્રાણીઓની પૂર્ણ અનુકંપા રાખી શકે છે. એવો તે અનુકંપા પાલક સાધક, ઉત્સુકતા અને ઉતાવળી પ્રવૃત્તિઓ કરતો નથી. જેથી તે શોક મુક્ત રહે છે અને ૫. ચારિત્ર મોહનીય કર્મોનો વિશેષ રૂપે ક્ષય કરે છે.

**(૩૦) મન અનાસક્ત થઈ જવાથી** – **૧.** પ્રાણી બાહ્ય સંસર્ગોથી અને તેનાથી ઉત્પન્ન થનારી પરિણતિઓથી મુક્ત થઈ જાય છે. **૨.** એવો સાધક સદા એકત્વભાવમાં જ તલ્લીન બની તેમાં દત્તચિત્ત રહે છે. **૩.** અને તે રાત દિવસ (પ્રતિક્ષણ) પ્રતિબંધોથી રહિત થઈને આત્મભાવોમાં રહે છે તેમજ અપ્રમત્ત ભાવોથી યુક્ત રહીને સદા અંતર્મુખી રહે છે.





**(૩૧) જનાકૂલતાથી અને સ્ત્રી વગેરેથી રહિત એવા એકાંત સ્થાનના સેવનથી** – **૧.** ચારિત્રની રક્ષા થાય છે. **૨.** એવો ચારિત્ર રક્ષક સાધક પૌષ્ટિક આહારનો ત્યાગ કરે છે. **૩.** દઢ ચારિત્રવાળો બને છે. **૪.** એકાંતમાં જ રમણ કરનારો થાય છે. **૫.** અંતઃકરણથી મોક્ષ પથિક બનીને કર્મોની ગ્રંથીને તોડી દે છે.

**(૩૨) ઈન્દ્રિયો અને મનને વિષયોથી દૂર રાખવાથી– ૧.** જીવ નવા-નવા પાપ કર્મ ન કરવામાં જ સંતુષ્ટ રહે છે અર્થાત્ તે પાપાચરણ કરવામાં ઉત્સાહ રહિત થઈ જાય છે. **૨.** અને પૂર્વ ઉપાર્જિત કર્મોનો ક્ષય કરીને, સંસાર અટવીને પાર કરી મુક્ત થઈ જાય છે.

**(૩૩) સામૂહિક આહાર પાણીનો ત્યાગ કરવાથી** – **૧.** શ્રમણ પરાવલંબનથી મુક્ત થાય છે. **૨.** સ્વાવલંબી બને છે. **૩.** તે પોતાના લાભથી સંતુષ્ટ રહેવાનો અભ્યાસી થઈ જાય છે. અને **૪.** પરલાભની આશાઓથી મુક્ત થઈ જાય છે. **૫.** સંયમ ગ્રહણ કરવો જીવનની પ્રથમ સુખશય્યા છે તો તેમાં સામૂહિક આહારનો ત્યાગ કરવો જીવનની બીજી સુખશય્યા છે, અર્થાત્ સંયમની સાધનાની સાથે સામૂહિક આહારનો ત્યાગ કરીને સાધક ***બીજી અનુપમ સુખ સમાધિ*** પ્રાપ્ત કરે છે.

**(૩૪) સંયમ જીવનમાં શરીરોપયોગી વસ્ત્ર આદિ ઉપકરણોને ઘટાડવા કે ત્યાગ કરવાથી** – **૧.** જીવને તે ઉપધિ સંબંધી લાવવું, રાખવું, સંભાળવું પ્રતિલેખન કરવું તથા સમયે-સમયે તેના સંબંધી અનેક સુધાર, સંસ્કાર આદિ કાર્યો કરવામાંથી મુક્તિ મળે છે. **૨.** જેથી પ્રમાદ અને વિરાધના ઘટે છે. **૩.** સ્વાધ્યાયની ક્ષતિનો બચાવ થાય છે. **૪.** ઉપધિ સંબંધી આકાંક્ષાઓ રહેતી નથી **૫.** અને એવા અભ્યાસી જીવને ઉપધિની અનુપલબ્ધિ થવા પર પણ ક્યારે ય સંક્લેશ થતો નથી.

**(૩૫) આહારનો ત્યાગ કરતા રહેવાથી કે આહારને ઘટાડતા રહેવાથી – ૧.** જીવવાના મોહનું ધીમે–ધીમે છેદન થાય છે. **૨.** તથા તે જીવ આહારની અનુપલબ્ધિ થવા પર સંક્લેશ પામતો નથી પરંતુ **૩.** તેવી પરિસ્થિતિમાં પણ પ્રસન્નચિત્ત રહી શકે છે. **૪.** દુઃખાનુભૂતિ કરતો નથી.

**(૩૬) કષાયોના પ્રત્યાખ્યાન માટે પ્રયત્ન કરતા રહેવાથી** – **૧.** પ્રાણી વીતરાગ ભાવની સમકક્ષ ભાવોની પ્રાપ્તિ કરે છે. **૨.** એવો જીવ સુખ-દુઃખ બંને સ્થિતિમાં સમપરિણામી રહે છે, અર્થાત્ હર્ષ કે શોકથી પોતાના આત્માને અલિપ્ત રાખે છે.

**(૩૭) યોગની પ્રવૃત્તિઓને અલ્પતમ કરવાથી કે તેનો ત્યાગ કરવાથી** – **૧.** જીવ યોગ રહિત, આશ્રવ રહિત થઈને કર્મબંધ રહિત સ્થિતિને પ્રાપ્ત કરે છે. **૨.** અને પૂર્વ કર્મોનો ક્ષય કરી દે છે.

**(૩૮) શરીરનો પૂર્ણપણે ત્યાગ કરી દેવાથી** – **૧.** પ્રાણી આત્માને સિદ્ધ અવસ્થાના ગુણોથી યુક્ત બનાવી લે છે **૨.** લોકાગ્રે પહોંચીને આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. **૩.** જન્મ-મરણ અને સંસાર ભ્રમણથી સદાને માટે છૂટી જાય છે.

**(૩૯)*કોઈપણ કાર્યમાં બીજાઓનો સહયોગ લેવાનું છોડી દેવાથી અર્થાત્ સમૂહમાં રહેવા છતાં પણ પોતાનું બધું કાર્ય જાતે કરવા રૂપ એકત્વચર્યામાં રહેવાથી*** – **૧.** સાધક સદા એકત્વભાવમાં રમણ કરે છે. **૨.** એકત્વની સાધનાથી અભ્યસ્ત થઈ જાય છે. **૩.** અનેક પ્રકારની અશાંતિથી તેમજ કલહ, કષાય, કોલાહલ અને હુંસાતુંસી વગેરે પ્રવૃત્તિઓથી મુક્ત થઈ જાય છે. **૪.** તથા તેમને સંયમ, સંવર અને સમાધિની વિશિષ્ટ પ્રકારની પ્રાપ્તિ થાય છે.

**(૪૦) આજીવન અનશન કરવાથી અર્થાત્ મૃત્યુ સમય નજીક જાણીને સ્વતઃ સંથારો ગ્રહણ કરી લેવાથી** – ભવ પરંપરાની અલ્પતા થઈ જાય છે, અર્થાત્ તે પ્રાણી ભવ ભ્રમણ ઘટાડી અતિ અલ્પ ભવોમાં મુક્તિ પ્રાપ્ત કરી લે છે.

**(૪૧) સંપૂર્ણ દૈહિક પ્રવૃત્તિઓનો નિરોધ કરવાથી અર્થાત્ દેહ રહેવા છતાં પણ દેહાતીત બની જવાથી** – તે કેવળજ્ઞાની યોગ નિરોધ અવસ્થાને પ્રાપ્ત કરી, ચાર અઘાતી કર્મ ક્ષય કરી મુક્ત થઈ જાય છે.

**(૪૨) વેશ અનુસાર આચાર વિધિનું ઈમાનદારી પૂર્વક પાલન કરવાથી અથવા અચેલકતા ધારણ કરવાથી** – **૧.** સાધક હળવાપણું પ્રાપ્ત કરે છે. **૨.** સ્પષ્ટ અને વિશ્વસ્ત લિંગવાળો બને છે. **૩.** અપ્રમત્ત ભાવોની વૃદ્ધિ થાય છે. **૪.** તે સાધક જિતેન્દ્રિય, સમિતિવંત તેમજ વિપુલ તપવાળો થઈ જાય છે. **૫.** બધા પ્રાણીઓ માટે વિશ્વસનીય બની જાય છે.

**(૪૩) સાધુઓની સેવા શુશ્રૂષા કરવાથી** – તીર્થંકર નામકર્મ બંધ રૂપ પુણ્ય ઉપાર્જન થાય છે.

**(૪૪) વિનય આદિ સર્વ ગુણોથી સંપન્ન થઈ જવાથી** – **૧.** જીવ ઉત્તરોત્તર મુક્તિગમનની નજીક થઈ જાય છે અને **૨.** શારીરિક માનસિક દુઃખોનો ભાગીદાર બનતો નથી. એટલે અનેક દુઃખોથી છૂટી જાય છે.

**(૪૫) વીતરાગ ભાવોમાં રમણતા કરવાથી** – **૧.** જીવ સ્નેહ અને તૃષ્ણાના





અનુબંધનોથી મુક્ત થઈ જાય છે અને **૨.** મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દ રૂપ આદિનો સંયોગ થવા છતાં સદા વિરક્ત ભાવો સાથે નિઃસ્પૃહ બની રહે છે.

**(૪૬) ક્ષમા ધારણ કરવાથી** – સાધક કષ્ટ, ઉપસર્ગ કે પરીષહો ઉપસ્થિત થાય ત્યારે દુઃખી બનતો નથી. પરંતુ પરીષહ વિજેતા બનીને પ્રસન્ન રહે છે.

**(૪૭) નિર્લોભી બનીને રહેવાથી** – **૧.** પ્રાણી અકિંચન, નિષ્પરિગ્રહી અને સાચો ફકીર બની જાય છે. **૨.** એવા સાચા સાધક પાસે અર્થ લોલુપી લોકો કંઈ પણ ઈચ્છા કે આશા રાખતા નથી.

**(૪૮) સરળતા ધારણ કરવાથી** – **૧.** ભાષામાં અને કાયામાં તથા ભાવોમાં સરળતા એકરૂપ બની જાય છે. **૨.** એવી વ્યક્તિનું જીવન વિવાદ રહિત બની જાય છે. ૩. અને તે ધર્મનો સાચો આરાધક બને છે.

**(૪૯) મૃદુતા, લઘુતા, નમ્રતા, કોમળતાના સ્વભાવને ધારણ કરવાથી** – **૧.** જીવ ઉદ્ધત ભાવ અથવા ઉદ્દંડ સ્વભાવવાળો બનતો નથી. **૨.** અને તે વ્યક્તિ આઠ પ્રકારના મદ(ઘમંડ) ના સ્થાનોનો વિનાશ કરી દે છે.

**(૫૦) અંતરાત્મામાં સચ્ચાઈ ધારણ કરવાથી** – **૧.** જીવ ભાવોની વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. **૨.** અરિહંત ભાષિત ધર્મનો અને પરલોકનો આરાધક બને છે.

**(૫૧) પ્રમાણિકતા પૂર્વક કાર્ય કરવાથી** – **૧.** જીવ અપૂર્વ-અપૂર્વ કાર્ય કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. **૨.** તથા તેની કથની અને કરણી એક થઈ જાય છે.

**(૫૨) મન, વચન અને કાયાની સચ્ચાઈ ધારણ કરવાથી**– જીવ પોતાની બધી પ્રવૃત્તિઓને વિશુદ્ધ કરે છે.

**(૫૩) મનને ગોપવવાથી અર્થાત્ અશુભ મનને રોકીને તેને શુભરૂપમાં પરિણત કરતા રહેવાથી** – **૧.** જીવ ચિત્તની એકાગ્રતા વાળો બને છે. **૨.** અશુભ સંકલ્પોથી મનની રક્ષા કરી, સંયમની આરાધના કરે છે.

**(૫૪) વચનને ગોપવવાથી અર્થાત્ મૌનવ્રત ધારણ કરવાથી**– **૧.** જીવ વિચાર શૂન્યતાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ સંકલ્પ-વિકલ્પોથી મુક્ત બનવામાં અગ્રેસર બને છે. **૨.** અને તેને આધ્યાત્મ યોગ તેમજ શુભ ધ્યાનની પ્રાપ્તિ થાય છે.

**(૫૫) કાયાના ગોપનથી અર્થાત્ અંગોપાંગના ગોપનથી**– **૧.** કાયિક સ્થિરતાને પ્રાપ્ત કરે છે. **૨.** તેમજ પાપના આશ્રવોનો નિરોધ કરે છે.

**(૫૬) મનને આગમ કથિત ભાવોમાં સારી રીતે જોડવાથી**– **૧.** જીવ

એકાગ્રતા અને જ્ઞાનની વિશિષ્ટ ક્ષમતા પ્રાપ્ત કરે છે. **૨.** તથા તે સમકિતની વિશુદ્ધિ અને મિથ્યાત્વનો ક્ષય કરે છે.

**(૫૭) વાણીને સ્વાધ્યાયમાં સારી રીતે જોડવાથી– ૧.** ભાષાથી સંબંધિત સમકિતના વિષયની વિશુદ્ધિ થાય છે. **૨.** તેને સુલભ બોધિની પ્રાપ્તિ થાય છે અને દુર્લભ બોધિનો ક્ષય થાય છે.

**(૫૮) સંયમના યોગોમાં કાયાને સારી રીતે જોડવાથી– ૧.** ચારિત્રની વિશુદ્ધિ થાય છે અને **૨.** સર્વ દુઃખોથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**(૫૯) આગમજ્ઞાન–સંપન્ન થવાથી – ૧.** વિશાળ તત્ત્વોનો જ્ઞાતા બની જાય છે. ૨. સૂત્ર જ્ઞાનથી સંપન્ન જીવ, દોરો પરોવેલ સોયની જેમ સંસારમાં સુરક્ષિત રહે છે. અર્થાત્ ક્યાંય પણ ખોવાઈ જતો કે ભૂલો પડતો નથી. **૨.** સિદ્ધાંતોમાં કોવિદ બનેલો તે જ્ઞાની લોકોમાં પ્રમાણિક અને આધારભૂત પુરૂષ માનવામાં આવે છે.

**(૬૦) જિન પ્રવચનમાં ગાઢ શ્રદ્ધા સંપન્ન થવાથી– ૧.** પ્રાણી મિથ્યાત્વનો વિચ્છેદ કરી દે છે. અને **૨.** ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. અર્થાત્ તેનો સમકિત રૂપી દીપક ક્યારે ય બુઝાતો નથી તથા તે **૩.** જ્ઞાન-દર્શનની ઉત્તરોત્તર વૃદ્ધિ કરતો થકો અનુત્તર જ્ઞાન-દર્શન પ્રાપ્ત કરે છે.

**(૬૧) ચારિત્રથી સુસંપન્ન બનવાથી–** જીવ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી, અંતમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

**(૬૨-૬૬) પાંચેય ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી– ૧.** જીવ મનોજ્ઞ-અમનોજ્ઞ ઈન્દ્રિય-વિષયો ઉપસ્થિત થવા છતાં રાગ-દ્વેષ અને કર્મ બંધ કરતો નથી.

**(૬૭-૭૦) ચારે કષાયો પર વિજય પ્રાપ્ત કરી લેવાથી– ૧.** સાધક ક્રમશઃ ક્ષમા, નમ્રતા, સરલતા અને નિર્લોભીપણાના ગુણથી સંપન્ન બની જાય છે. **૨.** અને કષાયજન્ય કર્મ બંધ નહિ કરતાં પૂર્વ કર્મોનો ક્ષય કરે છે.

**(૭૧-૭૩) રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પાપ પર વિજય પ્રાપ્ત કરવાથી અર્થાત્ તેવા પરિણામોનો ક્ષય કરી દેવાથી– ૧.** સાધક રત્નત્રયની આરાધનામાં ઉપસ્થિત થાય છે. **૨.** પછી મોહ કર્મ આદિનો ક્ષય કરી સર્વજ્ઞ સર્વદર્શી બને છે. **૩.** તેને કેવળ બે સમયની સ્થિતિવાળા શાતા વેદનીય કર્મનો જ બંધ થાય છે. **૪.** અંતર્મુહૂર્ત આયુષ્ય શેષ રહેવા પર તે કેવળી ત્રણે યોગ અને શ્વાસોશ્વાસનો નિરોધ કરે છે. **૫.** જેથી તેના આત્મપ્રદેશ શરીરની બે તૃતીયાંશ અવગાહનામાં સ્થિર થઈ જાય છે, અર્થાત્ પછી આત્મ પ્રદેશોનું શરીરમાં ભ્રમણ બંધ થઈ જાય





છે. **૬.** અંતમાં સંપૂર્ણ કર્મક્ષય કરીને અને શરીરનો ત્યાગ કરીને, તે જીવ શાશ્વત સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી લે છે.

સમ્યક્ પરાક્રમ નામના આ અધ્યયનમાં દર્શિત સર્વ સ્થાનોમાં સાધકોએ યથાશક્તિ, યથાસમય, સમ્યક્પણે પરાક્રમ કરતાં જ રહેવું જોઈએ. એમ કરવાથી જ સંયમમાં ઉપસ્થિત થનારા તે સાધકો આત્મકલ્યાણ સાધીને સદાને માટે કૃતકૃત્ય બની જાય છે.

**પ્રશ્ન–૩ : આ ૭૩ પ્રશ્નોના મૂળપાઠમાં શું કંઈક વ્યુત્ક્રમ થયેલ છે ?**

**જવાબ–** અહીં ૧૫, ૧૬, ૧૭ નંબરના પ્રશ્નમાં વ્યુત્ક્રમ=કંઈક ફેરબદલ થયેલ હોય તેમ જણાય છે. જે લેખન પરંપરામાં ક્યારેક થવું સંભવ છે. વાસ્તવમાં પ્રશ્ન–૧૬ ને ૧૫, પ્રશ્ન–૧૭ ને ૧૬ અને પ્રશ્ન–૧૫ ને ૧૭ ના સ્થાને રાખવા જોઈએ. જેમ કે– (૧૫) પ્રાયશ્ચિત્ત કરણે (૧૬) ખમાવણયા (૧૭) કાલ પડિલેહણયા, આ રીતે પ્રશ્નોનો ક્રમ હોવો જોઈએ. તે ક્રમ સહી અને તર્ક સંગત છે. તેમજ પ્રવૃત્તિથી પણ અનુકૂળ છે. પ્રવૃત્તિમાં આપણે ગુરુવંદન કરીને પ્રાયશ્ચિત્ત લઈએ, પછી પ્રત્યક્ષ શ્રમણોને ખમાવીએ છીએ અને ત્યાર પછી સ્વાધ્યાય માટે કાલની પ્રતિલેખના થાય છે.

## અધ્યયન–૩૦ : તપોમાર્ગ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** અહીં તપનું સ્વરૂપ સમજાવીને પછી તેના ભેદ-પ્રભેદ દ્વારા વિસ્તારમાં વર્ણન કરેલ છે. ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં પણ તપના ભેદ-પ્રભેદ કહેલ છે. પ્રશ્નોત્તર રૂપે તે ભેદ અમોએ ભગવતી સૂત્રમાં આપી દીધા છે. તે માટે ***(જુઓ પ્રશ્નોત્તર ભાગ–૪).*** અહીં સંક્ષિપ્ત સ્વરૂપ દર્શાવેલ છે.

**પ્રશ્ન–૨ : અધ્યયનના પ્રારંભમાં તપ સંયમનું મહત્ત્વ કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ–** જેવી રીતે મહાસરોવરમાં પાણી આવવાના માર્ગ બંધ કરી દેવાથી અને પાણીને બહાર કાઢતાં રહેવાથી તેમજ સૂર્યના તાપથી ક્રમશઃ પાણી સુકાઈ જતાં તેનું પાણી ખાલી કરી શકાય છે. તેવી રીતે શ્રમણોના સંપૂર્ણ નવા કર્મોનો અટકાવ થાય છે, પછી ઉતરોત્તર તપનું આચરણ કરતાં રહેવાથી કરોડો ભવોના સંચિત કરેલા કર્મો પણ ક્ષય થઈ જાય છે. અર્થાત્ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ,

પરિગ્રહ અને રાત્રિભોજનથી સર્વથા નિવૃત્ત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત, કષાયોથી મુક્ત, જિતેન્દ્રિય, ત્રણ ગર્વ અને ત્રણ શલ્યથી રહિત મુનિ કર્માશ્રવથી પણ રહિત થઈ જાય છે. અનશન આદિ છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્ત સ્વાધ્યાય, ધ્યાન આદિ છ પ્રકારના આભ્યંતર તપનું અધિકાધિક આચરણ કરવાથી મુનિ ક્રમશઃ કર્મોથી મુક્ત બની જાય છે.

**પ્રશ્ન–૩ : બાર પ્રકારના તપનો આ અધ્યયન વર્ણિત ટૂંકમાં ભાવ શું છે ?**

**જવાબ– (૧)** નવકારસી, પોરસી, નીવી, આયંબિલ, કે ઉપવાસથી લઈને છ માસ સુધીનું તપ અને અન્ય અનેક શ્રેણી, પ્રતર આદિ તપ વગેરે **ઈત્વરિક અનશન** તપ છે. સંથારો કરવો એ **આજીવન અનશન** છે. તે પણ શરીરના બાહ્ય પરિકર્મ યુક્ત અને પરિકર્મ રહિત બંને પ્રકારનો હોય છે.

**(૨)** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયના ભેદથી **ઊણોદરી** તપના પાંચ પ્રકાર છે. ભૂખથી ઓછું ખાવું, દ્રવ્ય ઊણોદરી છે. બીજા ચાર ભેદ અભિગ્રહ સંબંધિત છે.

**(૩)** પેટી, અર્ધપેટી આદિ આઠ પ્રકારની ગોચરી અને સાત પ્રકારની પિંડેષણા તેમજ અન્ય અનેક પ્રકારના નિયમ-અભિગ્રહમાંથી કોઈપણ અભિગ્રહ કરીને ભિક્ષા માટે જવું એ **ભિક્ષાચર્યા** તપ છે.

**(૪)** પાંચ વિગયમાંથી કોઈપણ એક અથવા અનેક વિગયનો ત્યાગ કરવો અથવા અનેક મનગમતા(પ્રિય) ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરવો **રસપરિત્યાગ** તપ છે.

**(૫)** વીરાસન આદિ અનેક કઠિન આસન કરવા, રાત્રિભર એક આસન કરવું, લોચ કરવો, પરીષહ વગેરે સહન કરવા; એ બધા **કાયક્લેશ** તપ છે.

**(૬)** જંગલ, વૃક્ષ, પર્વત, સ્મશાન વગેરે એકાન્ત સ્થાનમાં આત્મલીન થઈને રહેવું તેમજ કષાય, યોગ અને ઈન્દ્રિય-વિષયોનો ત્યાગ કરવો **પ્રતિસંલીનતા** તપ છે.

**(૭)** દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો, **પ્રાયશ્ચિત્ત** તપ છે.

**(૮)** ઊભા થવું, આસન આપવું, હાથ જોડીને મસ્તક નમાવવું આદિ ગુઢ ભક્તિ અને ભાવ સુશ્રૂષા કરવી **વિનય** તપ છે.

**(૯)** આચાર્ય, સ્થવિર, રોગી, નવદીક્ષિત આદિ દશવિધ શ્રમણોની યથાશક્તિ સેવા કરવી **વૈયાવચ્ચ** તપ છે.





**(૧૦) સ્વાધ્યાય–૧.** નવાં-નવાં સૂત્રો અને શાસ્ત્રોના મૂળપાઠ અને અર્થની વાચના લેવી, તેમને કંઠસ્થ કરવા, **૨.** શંકાઓને પૂછીને સમાધાન કરવું **૩.** શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું. **૪.** અનુપ્રેક્ષા કરવી, **૫.** ધર્મનો ઉપદેશ આપવો વગેરે, એ **સ્વાધ્યાય** તપ છે.

**(૧૧)** આત્મસ્વરૂપનું; એકત્વ, અન્યત્વ, અશરણ આદિ ભાવનાઓનું, લોકના સ્વરૂપનું, એકાગ્રચિત્તથી આત્માનુલક્ષી સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિંતન કરતાં-કરતાં તેમાં લીન થઈ જવું, તે **ધ્યાન તપ** છે. તે ધ્યાનમાં પ્રથમ અવસ્થા ધર્મધ્યાનરૂપ છે અને એકાગ્રતામાં આગળ વધીને, સાધક અતિ સૂક્ષ્મ ધ્યાન અવસ્થારૂપ શુક્લ ધ્યાનને પ્રાપ્ત કરે છે.

**(૧૨) વ્યુત્સર્ગ–** મન, વચન, કાયાની વૃત્તિઓનો નિર્ધારિત સમય માટે પૂર્ણ રૂપથી (પૂરેપૂરી રીતે) ત્યાગ કરવો **યોગ-વ્યુત્સર્ગ** છે. તેને પ્રચલિત ભાષામાં કાયોત્સર્ગ(કાઉસ્સગ્ગ) કહેવામાં આવે છે. એવી રીતે કષાયોનું કર્મોનું, સમૂહ-ગણનું વ્યુત્સર્જન કરીને એકાકીપણે રહેવું, વગેરે બધા ય **વ્યુત્સર્ગ તપ** છે. તેના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકાર છે.

આ બાહ્ય અને આભ્યંતર તપને જે મુનિ યથાશક્તિ ધારણ કરી, તેમાં ઉતરોત્તર વૃદ્ધિ કરતાં સમ્યક્ આરાધન કરે તે શીઘ્ર સંસારથી મુક્ત થાય છે.

## અધ્યયન–૩૧ : ચરણવિધિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય અને વિષય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં એકથી લઈને તેત્રીસ બોલ સુધી આચારના વિષયો પરનું વર્ણન છે. જેમાં કેટલાક જ્ઞેય(જાણવા જેવા) છે. કેટલાક ઉપાદેય(આદરવા જેવા) છે અને કેટલાક હેય(છોડવા લાયક) છે. સમિતિ, ગુપ્તિ, મહાવ્રત, શ્રમણ ધર્મ, પડિમા, આદિ **ઉપાદેય** છે. કષાય, દંડ, અસંયમ, બંધન, શલ્ય, ગર્વ, સંજ્ઞા, ભય, મદ આદિ હેય છે. છ કાય, ભૂતગ્રામ, પરમાધામી, સૂત્ર–કૃતાંગ સૂત્ર, જ્ઞાતાસૂત્ર, દશાશ્રુત સ્કંધ વગેરે સૂત્રોના અધ્યયન જ્ઞેય છે. અંતમાં, ગુઢ રત્નાધિકની તેત્રીસ આસાતનાઓનું વર્ણન છે. આ વર્ણિત બોલોનો વિસ્તાર અન્ય સૂત્રોમાં આવી ગયેલ છે. તે માટે પ્રશ્નોત્તર ભાગોમાં યથાસ્થાને જોઈ લેવું જોઇએ.

# અધ્યયન–૩૨ : પ્રમાદ સ્થાન

**પ્રશ્ન–૧ : આ અધ્યનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં મૈથુનભાવ અને પાંચ ઈન્દ્રિયોના વિષયના સંદર્ભમાં વિસ્તાર પૂર્વક વર્ણન કરીને, પ્રમાદાચરણ વિશે સમજાવીને, એનાથી આત્માને સાવધાન અને સુરક્ષિત રહેવાની પ્રેરણા આપવામાં આવી છે અને સુરક્ષિત રહેવાની વિધિનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. અધ્યયનના પ્રારંભમાં સંયમની સુંદર સમાધિ અને મોક્ષની સુખદ પ્રાપ્તિ માટે મહત્ત્વપૂર્ણ તત્ત્વો દર્શાવ્યા છે.

**પ્રશ્ન–૨ : પ્રારંભના મહત્ત્વશીલ તત્ત્વો કયા છે ?**

**જવાબ– (૧)** સંપૂર્ણજ્ઞાનને પ્રગટ કરવાથી તથા અજ્ઞાન અને મોહનો ત્યાગ કરવાથી તેમજ રાગ દ્વેષનો ક્ષય કરવાથી એકાન્ત સુખના સ્થાનરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. **(૨)** એ માટે – **૧.** વૃદ્ધ અને ગુઢજનોની સેવા **૨.** બાલ જીવોની સોબતનો ત્યાગ **૩.** સ્વાધ્યાય **૪.** એકાન્તનું સેવન **૫.** સૂત્રાર્થ ચિંતન **૬.** પરિમિત આહાર **૭.** યોગ્ય સાથી **૮.** જનાકુલતા રહિત સ્થાન; આ વાતોનું ધ્યાન રાખવું જોઈએ. **(૩)** કદાચ કર્મયોગે યોગ્ય સહાયક સાથી ન મળે તો આત્માર્થી મુનિ સમસ્ત પાપોનું નિવારણ કરતાં બ્રહ્મચર્યની સાધનામાં વિશિષ્ટ સાવધાન રહેતાં એકલા જ વિચરણ કરે. **(૪)** લોભ, તૃષ્ણા અને મોહના ત્યાગથી દુઃખોનો શીઘ્ર નાશ સંભવ છે. **(૫)** રાગ, દ્વેષ અને મોહ એ કર્મોના મૂળ છે અને કર્મ એ દુઃખ-સંસારનું મૂળ છે.

**પ્રશ્ન–૩ : બ્રહ્મચર્ય સમાધિ સુરક્ષા માટે અહીં કઈ રીતે શિક્ષા સૂચનો કરવામાં આવ્યા છે ?**

**જવાબ– (૧)** બ્રહ્મચર્યના સાધક આરાધક મુનિઓએ રસોનું, વિગયોનું અધિક પ્રમાણમાં સેવન ન કરવું, પેટ ભરીને કયારેય ન ખાવું, સ્ત્રી આદિના સંપર્ક રહિત અને તેના નિવાસ રહિત, એકાન્ત સ્થાનમાં રહેવું; સ્ત્રીના હાસ્ય, વિલાસ, રૂપ, લાવણ્ય વગેરેનું શ્રવણ કે અવલોકન ન કરવું તેમજ સ્ત્રી વિશે ચિંતન ન કરવું. **(૨)** વિભૂષિત દેવાંગનાઓ પણ બ્રહ્મચર્યમાં લીન બનેલા મુનિઓને ચલિત કરવામાં સમર્થ ન હોય, એવા સાધક માટે પણ ભગવાને સ્ત્રી આદિથી રહિત સ્થાનમાં રહેવું જ એકાંત હિતકારી કહ્યું છે. **(૩)** 'કિંપાક ફળ' સ્વાદમાં, વર્ણમાં, ખાવામાં અતિ મનભાવક હોય છે પરંતુ તેનું પરિણામ વિષમય હોય છે. તેવી જ રીતે કામભોગોનું પરિણામ મહા દુઃખદાયી હોય છે.





**(૪)** સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષો પર પક્ષીઓ આવજા કરતાં રહે છે. તે જ રીતે પૌષ્ટિક ભોજન કરનારના મનમાં વિકાર વાસનાના સંકલ્પો આવતા રહે છે. **(૫)** જેમ ઘણાં વૃક્ષોવાળા(લાકડાવાળા) જંગલમાં લાગેલી આગને શાંત કરવી મુશ્કેલ છે એવી જ રીતે અતિ ભોજન કરનારના ચિતમાં અસાધ્ય કામાગ્નિ ઉત્પન્ન થાય છે તે બ્રહ્મચારીઓ માટે જરા પણ હિતકારી નથી. **(૬)** જે રીતે બિલાડીના આવાસ પાસે ઉંદરોનું રહેવું કયારે ય ઉચિત નથી તેવી જ રીતે સ્ત્રીના નિવાસ સ્થાનમાં સાધુને સાથે રહેવું, ગમનાગમન કરવું, હંમેશાં અનુચિત હોય છે.

**પ્રશ્ન–૪ : પાંચ ઈન્દ્રિય વિષય અને મનોવિકારમાં સાવધાન રહેવા માટે અહીં વિસ્તૃત અને વિવિધ બોધ આપેલ છે તેનો સાર શું છે ?**

**જવાબ– (૧)** પાંચ ઈન્દ્રિયોમાં આસક્ત બનેલો આ જીવ અનેક પ્રકારના પાપોનું આચરણ કરતો હોય છે. તે વિષયોને સંતોષવામાં મુગ્ધ બનીને રાત-દિવસ દુઃખી અને અશાન્ત રહે છે. જૂઠ, કપટ, ચોરી આદિ કરે છે અને અનેક પ્રકારના કર્મ બાંધીને સંસાર વધારે છે.

**(૨)** પ્રસ્તુત અધ્યયનમાં પાંચ ઈન્દ્રિયો અને કામભોગની આસક્તિથી જીવન નાશ કરનાર પ્રાણીઓનું ઉદાહરણ આપીને, તે ઉદાહરણ દ્વારા વિષયોથી વિરક્ત થવાની પ્રેરણા આપવામાં આવી છે.

**(૩)** શ્રોતેન્દ્રિયમાં હરણ, ચક્ષુઈન્દ્રિયમાં પતંગીયું, ઘ્રાણેન્દ્રિયમાં સર્પ, રસનેન્દ્રિયમાં મચ્છ, સ્પર્શેન્દ્રિયમાં પાડો અને કામભોગમાં હાથી, પોતાના પ્રાણ ગુમાવી દે છે.

**(૪)** મોક્ષાર્થી સાધક આ બધા વિષયોમાં 'જલ કમલવત્' વિરક્ત રહીને સંસારથી અલિપ્ત રહે છે.

**(૫)** વિરક્ત, જ્ઞાની, અને સતત સાવધાન સાધકને માટે આ ઈન્દ્રિયોના વિષય જરા પણ દુઃખ આપનાર થતા નથી, અર્થાત્ તે (સાધક આત્મા) તેમાં લેપાતો જ નથી. કારણ કે સદા તેના તરફ વીતરાગ ભાવો જેવી દષ્ટિ રાખે છે.

**(૬)** આમ દુઃખ આ વિષયોમાં નથી, પરંતુ આત્માના રાગ-દ્વેષ જન્ય પરિણામોમાં અને આસક્તિમાં તથા અજ્ઞાનમાં જ દુઃખ ભરેલું છે. જ્ઞાની અને વિરક્ત આત્માઓને માટે આ બધા વિષયો જરા પણ પીડાકારી થતા નથી. આ ઈન્દ્રિયોના વિષયો તો સ્વતઃ હંમેશા તે વિરક્ત આત્માથી દૂર ભાગે છે.

આ જાણીને મુનિઓ નિરંતર વિરક્તતાના ભાવોમાં વૃદ્ધિ કરીને સંકલ્પ-વિકલ્પોથી મુક્ત થઈને સંપૂર્ણ તૃષ્ણા ઈચ્છાઓથી મુક્ત બને છે.

# અધ્યયન–૩૩ : કર્મ પ્રકૃતિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં, મૂળ કર્મ પ્રકૃતિ આઠ અને ઉત્તર પ્રકૃતિ **૭૧** કહેવામાં આવી છે. વેદનીય અને નામ કર્મના બે-બે ભેદ કહીને તેના પુનઃ અનેક ભેદ છે એવું પણ સૂચન કર્યું છે. આઠ કર્મોની જઘન્ય ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ દર્શાવેલ છે. કર્મ સંબંધી વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ–૨૩ માં છે.

**પ્રશ્ન–૨ : આઠ કર્મોના ૭૧ ભેદ અહીં કઈ રીતે કરેલ છે અને આ અધ્યયનનો ટૂંક સાર શું છે ?**

**જવાબ–** **(૧)** જ્ઞાનાવરણીયના–૫ **(૨)** દર્શનાવરણીયના–૯ **(૩)** વેદનીયના–૨ **(૪)** મોહનીયના–૨૮ **(૫)** આયુષ્યના–૪ **(૬)** નામકર્મના–૨ **(૭)** ગોત્રકર્મના–૧૬ **(૮)** અંતરાયના–૫; આ સર્વ મળીને કુલ– **૭૧** થાય છે.

એક સમયમાં અનંત કર્મોના પુદ્ગલ આત્મા સાથે લાગે છે. તે દશેય દિશાઓમાંથી લાગે છે અને બધા આત્મ પ્રદેશો પર તેનો બંધ સમાન રૂપે હોય છે. આઠ કર્મોની બંધ સ્થિતિ આ પ્રમાણે છે–

| ક્રમ | કર્મ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | અંતર્મુહૂર્ત | ત્રીસ ક્રોડાક્રોડ સાગરોપમ |
| ૨ | દર્શનાવરણીય | અંતર્મુહૂર્ત | ત્રીસ ક્રોડાક્રોડ સાગરોપમ |
| ૩ | વેદનીય | અંતર્મુહૂર્ત | ત્રીસ ક્રોડાક્રોડ સાગરોપમ |
| ૪ | મોહનીય | અંતર્મુહૂર્ત | સિત્તેરક્રોડાક્રોડ સાગરોપમ |
| ૫ | આયુષ્ય | અંતમુહૂર્ત | તેત્રીસ સાગરોપમ |
| ૬ | નામ | આઠ મુહૂર્ત | વીસ ક્રોડાક્રોડ સાગરોપમ |
| ૭ | ગોત્ર | આઠ મુહૂર્ત | વીસ ક્રોડાક્રોડ સાગરોપમ |
| ૮ | અંતરાય | અંતર્મુહૂર્ત | ત્રીસ ક્રોડાક્રોડ સાગરોપમ |

મોક્ષાર્થી સાધકે આ કર્મોને જાણીને નવો કર્મ બંધ ન કરવો જોઈએ અને પૂર્વે બાંધેલા કર્મોનો તપ-સંયમથી ક્ષય કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.





# અધ્યયન–૩૪ : લેશ્યા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં લેશ્યા સંબંધી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, સ્થાન, સ્થિતિ આદિ વિવિધ રીતે વર્ણન છે. તે સર્વ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના પદ–૧૭ માં આવી ગયેલ છે. લેશ્યાઓના લક્ષણ અહીં વિશેષ છે, તે પ્રજ્ઞાપનામાં નથી.

**પ્રશ્ન–૨ : લેશ્યા સંબંધી સંક્ષિપ્ત પરિચય અને લક્ષણો કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ–** કૃષ્ણ, નીલ, કાપોત આ ત્રણ લેશ્યા અશુભ છે અને તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યાઓ શુભ છે અથવા ત્રણ અધર્મ લેશ્યાઓ છે તે જીવને દુર્ગતિમાં લઈ જનાર છે અને **ત્રણ ધર્મ લેશ્યાઓ જીવને સદ્ગતિમાં લઈ જનાર છે.** લેશ્યા, દ્રવ્ય અને ભાવ રૂપ બે પ્રકારની હોય છે. ભાવ લેશ્યા તો આત્માના પરિણામ અર્થાત્ અધ્યવસાય રૂપ છે અને તે અરૂપી છે. દ્રવ્ય લેશ્યા પુદ્ગલમય હોવાથી રૂપી છે. તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, સ્થાન, સ્થિતિ વગેરેના સ્વરૂપનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. ભાવ લેશ્યાની અપેક્ષાએ અહીં – લક્ષણ, ગતિ, આયુબંધનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧) કૃષ્ણ લેશ્યાનાં લક્ષણ :–** પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત, અગુપ્ત, અવિરત, તીવ્ર ભાવોથી આરંભ સમારંભમાં પ્રવૃત્ત, નિર્દય, ક્રૂર, અજિતેન્દ્રિય, આ પ્રકારના પરિણામોવાળા જીવને કૃષ્ણ લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૨) નીલ લેશ્યાનાં લક્ષણ :–** ઈર્ષ્યાળુ, કદાગ્રહી, અજ્ઞાની, માયાવી (કપટી), નિર્લજ્જ, આસક્ત, ધૂર્ત, પ્રમાદી, રસ-લોલુપ, સુખૈશી, અવ્રતી, ક્ષુદ્ર સ્વભાવી, આ પ્રકારના પરિણામોવાળા જીવને નીલ લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૩) કાપોત લેશયાનાં લક્ષણ :–** વક્ર, વક્રઆચરણવાળો, કપટી, સરલતા રહિત, દોષોને છુપાવનારો, મિથ્યાદષ્ટી, અનાર્ય, હંસોડ(હાસ્ય પ્રિય), દુષ્ટવાદી, ચોર, મત્સર ભાવવાળો; આ પ્રકારના પરિણામોવાળા જીવને કાપોત લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૪) તેજો લેશ્યાનાં લક્ષણ :–** નમ્રવૃત્તિ, ચપળતા રહિત, માયા રહિત, કુતૂહલ રહિત, વિનયયુક્ત, ઈન્દ્રિયોનું દમન કરનાર, સમાધિવાન, પ્રિયધર્મી, દ્રઢધર્મી, પાપભીરુ, મોક્ષાર્થી; આ પ્રકારના પરિણામોવાળા જીવને તેજો લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૫) પદ્મ લેશ્યાનાં લક્ષણ :–** ક્રોધ, માન, માયા, લોભ અત્યંત અલ્પ હોય, પ્રશાંત ચિત્ત, ઈન્દ્રિયોનું દમન કરનાર, તપસ્વી, અલ્પભાષી, ઉપશાંત, જિતેન્દ્રિય વગેરે આ પ્રકારના પરિણામવાળા જીવને પદ્મ લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૬) શુક્લ લેશ્યાનાં લક્ષણ :–** આર્ત-રૌદ્ર ધ્યાનને છોડીને ધર્મ અને શુક્લ ધ્યાનમાં લીન, પ્રશાન્ત ચિત્ત, ઈન્દ્રિયોનું દમન કરનાર, સમિતિવાન, ગુપ્તિવાન, ઉપશાંત, જિતેન્દ્રિય વગેરે આ પ્રકારના ગુણોથી યુક્ત સરાગી હોય કે વીતરાગી તે પરિણામોવાળા જીવને શુક્લ લેશ્યાવાળો સમજવો જોઈએ.

**(૭)** અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીકાલના જેટલા સમય હોય છે તેટલા અસંખ્યાત સ્થાન(દરજજા) લેશ્યાઓના હોય છે.

**(૮) લેશ્યાઓની સ્થિતિ :–**

| જીવ | લેશ્યા વિવરણ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| જીવ | કૃષ્ણલેશ્યા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરો૦ |
| જીવ | નીલલેશ્યા | અંતર્મુહૂર્ત | પલ્યો૦અસં૦ભાગઅધિક૧૦ સાગરો૦ |
| જીવ | કાપોતલેશ્યા | અંતર્મુહૂર્ત | પલ્યો૦ અસં૦ ભાગ અધિક ત્રણ સાગરો૦ |
| જીવ | તેજોલેશ્યા | અંતર્મુહૂર્ત | પલ્યો અસં૦ ભાગ અધિક બે સાગરો૦ |
| જીવ | પદ્મલેશ્યા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક દસ સાગરો૦ |
| જીવ | શુક્લલેશ્યા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરો૦ |
| નારકી | કાપોતલેશ્યા | ૧૦ હજાર વર્ષ | પલ્યો૦ અસં૦ ભાગ અધિક ૩ સાગરો૦ |
| નારકી | નીલલેશ્યા | પલ્યો૦ અસં૦ ભાગ અધિક ત્રણ સાગરો૦ | પલ્યો૦ અસં૦ભાગ અધિક ૧૦સાગરો૦ |
| નારકી | કૃષ્ણલેશ્યા | પલ્યો૦ અસં૦ ભાગ અધિક દસ સાગરો૦ | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરો૦ |
| દેવતા | કૃષ્ણલેશ્યા [૧] | ૧૦ હજાર વર્ષ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| દેવતા | નીલલેશ્યા | પલ્યો૦ અસં૦ ભાગ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| દેવતા | કાપોતલેશ્યા | પલ્યો૦ અસં૦ ભાગ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| દેવતા | તેજોલેશ્યા | ૧૦ હજાર વર્ષ | પલ્યો૦અસં૦ભાગ અધિક બે સાગરો૦ |
| ભવનપતિ | તેજોલેશ્યા | ૧૦ હજાર વર્ષ | સાધિક એક સાગરોપમ |





| જીવ | લેશ્યા વિવરણ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| વાણવ્યંતર | તેજોલેશ્યા | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| જ્યોતિષી | તેજોલેશ્યા | પલ્યો.નો ૮મો ભાગ | ૧ પલ્યોપમ અને એક લાખ વર્ષ |
| વૈમાનિક | તેજોલેશ્યા | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ સાધિક |
| વૈમાનિક | પદ્મલેશ્યા | ૨ સાગરો૦ સાધિક | ૧૦ સાગરોપમ |
| વૈમાનિક | શુક્લલેશ્યા | ૧૦ સાગરો૦ સાધિક | ૩૩ સાગરો૦ અંતર્મુહૂર્ત અધિક |
| તિર્યંચ | ૬ લેશ્યા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| મનુષ્ય | ૫ લેશ્યા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| મનુષ્ય | શુક્લલેશ્યા | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડ પૂર્વ વર્ષ |

***નોંધ :*** *દેવતાઓમાં કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ સમયાધિક હોય છે. તેનાથી નીલલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાતગણી હોય છે, ત્યારપછી કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ સમયાધિક હોય છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાતગણી હોય છે. તેમ છતાં બધી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેવાય છે. ચાર્ટમાં આપેલી આ સર્વ સ્થિતિઓ દ્રવ્યલેશ્યાની મુખ્યતાએ સમજવી.*

**(૯)** કોઈપણ લેશ્યા જ્યારે પ્રારંભ થાય તેના પ્રથમ આદિ સમયમાં જીવ મરતો નથી. અસંખ્ય સમયનું અંતર્મુહૂર્ત થયા પછી અને અસંખ્ય સમયનું અંતર્મુહૂર્ત લેશ્યાનું બાકી રહે ત્યારે જીવ મરીને પરલોકમાં જાય છે. તેથી જે લેશ્યામાં મરીને જાય છે તે જ લેશ્યામાં પરભવમાં જન્મે છે.

**(૧૦)** મુમુક્ષુ આત્માઓએ લેશ્યાઓના સ્વરૂપ(લક્ષણ)ને જાણી અપ્રશસ્ત લેશ્યાઓનું વર્જન કરી, તેવા પરિણામોથી દૂર થઈ, પ્રશસ્ત લેશ્યાના લક્ષણ રૂપ ભાવોમાં, પરિણામોમાં આત્માને સ્થાપિત કરી સ્થિત રાખવી.

# અધ્યયન–૩૫ : અણગાર માર્ગ

**પ્રશ્ન–૧ : આ અધ્યનનો પરિચય શું છે ?**

**જવાબ–** આમાં સંયમધર્મની શુદ્ધ આરાધના માટે અનેક ઉપદેશ વચન છે.

**પ્રશ્ન–૨ : તે ઉપદેશ વચન કઈ રીતે છે ?**

**જવાબ– (૧)** ગૃહવાસનો ત્યાગ કરી સંયમનો સ્વીકાર કરનાર મુનિએ હિંસા આદિની ઈચ્છા અને લોભનો ત્યાગ કરવો જોઈએ.

**(૨)** મનોહર ઘરમાં રહેવાની ઈચ્છા પણ ન કરવી જોઈએ.

**(૩)** કોઈપણ પ્રકારના મકાનોના નિર્માણ કાર્યમાં અંશતઃ પણ ભાગ ન લેવો જોઈએ. કારણ કે તે કાર્ય ત્રસ-સ્થાવર અનેક જીવોના સંહારરૂપ બને છે. તેની અનુમોદના અને પ્રેરણા આપવી એ પણ મહાન પાપ કર્મોને પેદા કરનાર છે એટલે મહાન કર્મબંધ કરાવનાર થાય છે.

**(૪)** એવી જ રીતે આહાર પાણી પકાવવાનું અને પકાવતાને અનુમોદન આપવાનું કાર્ય પણ અનેક પાપોથી યુક્ત છે અર્થાત્ ઘણાં જીવોની હિંસા કરનાર છે. તેથી અણગારોએ આવા કાર્યોમાં ભાગ ન લેવો અને તેઓને માટે કોઈ આહાર પાણી બનાવે તો તેને ગ્રહણ કરવાની મનથી પણ ઈચ્છા ન કરવી.

**(૫)** મુનિ ધન-સંપત્તિ રાખવાની મનથી પણ ઈચ્છા ન કરે. સોના અને પત્થરને સમાનભાવથી જુએ. કંઈ પણ ખરીદે નહિ અને ખરીદનારને અનુમોદન આપે નહિ. કારણકે એવું કરનાર વણિક(વ્યાપારી) હોય છે.

**(૬)** મુનિ સામુદાનિક (અનેક ઘરેથી ફરીને) પ્રાપ્ત થયેલ ભિક્ષાથી જીવન નિર્વાહ કરે, લાભાલાભમાં સંતુષ્ટ રહે, સ્વાદ માટે કંઈ પણ ન ખાય; પૂજા, પ્રતિષ્ઠા, વંદન–નમસ્કાર કે સન્માનની મનથી પણ ઈચ્છા ન કરે અર્થાત્ એના માટે કોઈ પણ પ્રવૃતિ ન કરે. નિર્મમત્વી અને નિરહંકારી બનીને સાધના કરે. મૃત્યુના સમયે આહારનો ત્યાગ કરીને, શરીર પરથી મૂર્છા હટાવીને, દેહાતીત બનીને શુક્લ ધ્યાનમાં લીન બને. આ પ્રકારે આરાધના કરનાર, કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે.

# અધ્યયન–૩૬ : જીવાજીવભક્તિ

**પ્રશ્ન–૧ : આ અધ્યનનો પરિચય શું છે ?**

**જવાબ–** અહીં જીવાજીવનું ભેદ–પ્રભેદ યુક્ત વર્ણન છે. જે પ્રજ્ઞાપના અને જીવાભિગમ સૂત્રમાં પણ આવેલ છે. અહીં અંતે કાંદર્પિક આદિ પ્રવૃત્તિઓનું તેમજ ૧૨ વર્ષની સંલેખનાનું ક્રમશઃ વિશિષ્ટ વર્ણન છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનનો સંક્ષિપ્ત સાર શું છે ?**





**જવાબ– (૧)** આ અધ્યયનમાં અરૂપી અને રૂપી અજીવના ભેદ-પ્રભેદ સાથે તેમનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે અને પછી જીવના વર્ણનનો પ્રારંભ કરતાં, સિદ્ધોના ભેદ અને સ્વરૂપની સમજણ આપવામાં આવી છે; સાથે-સાથે સિદ્ધસ્થાન, સિદ્ધશિલાનું વર્ણન છે. અંતમાં, સિદ્ધોની અવગાહના અને તેમના અતુલ સુખોનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૨)** પૃથ્વીકાયનું વર્ણન કરતાં, કઠણ પૃથ્વીના ૩૬ અને મૃદુ પૃથ્વીના સાત ભેદ કહેવામાં આવ્યા છે. અને પછી તેની સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર-કાળ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૩)** પૃથ્વીકાયના વર્ણન અનુસાર બાકીના ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, નારકીના જીવ, તિર્યંચપંચેન્દ્રિય જલચર આદિ, મનુષ્ય અને ચારે ય જાતિના દેવોના ભેદ-પ્રભેદ; નામ, સ્થિતિ, કાયસ્થિતિ અને અંતરકાળ બતાવવામાં આવ્યા છે.

**(૪)** આ જીવ-અજીવનું સ્વરૂપ જાણીને અને શ્રદ્ધા કરીને મુનિ સંયમમાં રમણતા કરે. ક્રમશઃ સંલેખના કરે. તે સંલેખના (સંથારો કરવા પહેલાની સાધના) જઘન્ય ૬ મહિનાની, મધ્યમ ૧ વર્ષની અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની હોય છે.

**(૫)** મુનિ કોઈ પણ પ્રકારનું નિયાણું ન કરે તેમજ હાસ્ય વિનોદવાળી કાંદર્પિકવૃત્તિ; મંત્ર કે નિમિત્ત પ્રયોગરૂપ આભિયોગિક વૃત્તિ, કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુના અવર્ણવાદ રૂપ કિલ્વિષિકવૃત્તિ; રૌદ્રભાવ રૂપ આસુરીવૃત્તિ અને આત્મઘાત રૂપ મોહી વૃત્તિ કરીને સંયમની વિરાધના ન કરે.

**(૬)** જિનવચનમાં અનુરક્ત બનીને ભાવપૂર્વક આગમ આજ્ઞાનું પાલન કરવાથી જીવ કર્મમળ રહિત અને સંક્લેશ રહિત બનીને, ક્રમશઃ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે.

**પ્રશ્ન–૩ : બાર વર્ષની ઉત્કૃષ્ટ સંલેખનાની વિધિ અને સ્વરૂપ શું છે ?**

**જવાબ–** દ્રવ્યથી શરીરને તપસ્યા વડે અને ભાવથી કષાયોને કૃશ(પાતળા) કરવા એ સંલેખના સાધના છે.

**સંલેખના ધારણ ક્યારે અને શા માટે :–** જ્યારે શરીર અત્યંત અશક્ત દુર્બલ અને ઢગ્ગ થઈ જાય, ધર્મ પાલન કરવું દુષ્કર થઈ જાય અથવા આવો એહસાસ થઈ જાય કે શરીર હવે વધારે રહેવાનું નથી, ત્યારે સંલેખના કરવી. સંયમગ્રહણ કરતાં જ અથવા સંયમ પાલનમાં સક્ષમ અને સશક્ત શરીર હોય ત્યારે સંલેખના સંથારો કરાય નહીં. આ જ અભિપ્રાયથી શાસ્ત્રકારે ગાથા–૨૫૦

માં કહેલ છે કે **'તઓ બહૂણિ વાસાણિ, સામણ્ણં અણુપાલિયા'** પરંતુ જ્યારે શરીર ધર્મ પાલનમાં અસમર્થ થઈ જાય ત્યારે સંલેખના કરવામાં ઉપેક્ષા કે ઉદાસીનતા રાખવી યોગ્ય નથી. તેવા સમયે મુનિ વિચાર કરે કે મેં દીર્ઘ સંયમ પર્યાયનું પાલન કર્યુ છે. વિશાલ શિષ્ય પરિવાર પણ મારે થઈ ગયો છે. હવે મારું કર્તવ્ય છે કે અંતિમ આરાધના કરી આત્મ કલ્યાણ કરું.

આ રીતે શ્રમણ પાછલી ઉંમરે સંઘ, સમાજ, શિષ્ય, શરીર, ઉપકરણ આદિનો મોહ મમત્વ છોડી સંલેખના સંથારો અંગીકાર કરે એ જ શ્રેષ્ઠ છે.

સંલેખના સંબંધી પ્રસ્તુત અધ્યયનમાં દર્શાવેલ વિધિ આ પ્રમાણે છે– અહીં ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની સંલેખનાની વિધિનો ક્રમ દર્શાવેલ છે. પહેલાં ચાર વર્ષોમાં ધાર વિગયનો ત્યાગ કરે. બીજા ચાર વર્ષોમાં ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ યથેચ્છ તપસ્યા કરે. ત્યાર પછી બે વર્ષ (નવમું દસમું) એકાંતરે આયંબિલ કરે. પછી અર્ધા વર્ષ (૧૦ાા) સુધી સામાન્ય તપ કરે, વિકટ તપ ન કરે. (બે વર્ષ આયંબિલ કરેલ છે તે માટે) ત્યાર પછી અર્ધા વર્ષ (૧૦ાા થી ૧૧ સુધી) ઉત્કટ તપ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, અઠાઈ આદિ કરે. આ અગિયારમા વર્ષે પરિમિત આયંબિલ કરે. બારમા વર્ષે નિરંતર આયંબિલ કરે, તેમાં અવસર જોઈ યથાસમયે ૧૫ દિવસનો કે મહિનાનો સંથારો ગ્રહણ કરે. એટલે કે વિધિ સહિત ભક્ત પ્રત્યાખ્યાન તપ સ્વીકારે. આ ૧૨ વર્ષની અપેક્ષાએ વર્ણન છે.

**મધ્યમ સંલેખના એક વર્ષ :–** આમાં ૧૨ મહીનામાં ઉપર કહેલ વિભાજનની તપસ્યા વિભાજિત કરવી, વર્ષની જગ્યા મહીના કહેવા. જઘન્ય સંલેખના ૬ માસ એટલે ૧૨ પક્ષની હોય છે. તેથી ઉપરોકત વિભાજનને પક્ષ સંખ્યામાં વિભાજિત કરી લેવું. એકાએક મૃત્યુ સમય આવી જાય ત્યારે એનાથી પણ નાની સંલેખના કરી શકાય અથવા સંલેખના વિના સીધે–સીધો સંથારો ગ્રહણ કરી શકાય.

ooooo

# ॥ઉત્તરાધ્યયન સૂત્ર સંપૂર્ણ॥



# દશવૈકાલિક સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો મૌલિક પરિચય શું છે ?**

**જવાબ–** આ સૂત્ર સંપૂર્ણ પણે સાધ્વાચારથી સંબંધિત છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં આનું નામ અંગબાહ્ય ઉત્કાલિક આગમોમાં છે. આ સૂત્રમાં દસ અધ્યયન છે અને ઉત્કાલિકનો પર્યાય શબ્દ વૈકાલિક છે. અતઃ આ શાસ્ત્રનું નામ દશવૈકાલિક રાખવામાં આવ્યું છે. અંતમાં બે ચૂલિકા છે તેને અધ્યયન સંખ્યામાં ગણ્યું નથી. આ શાસ્ત્ર પદ્યમય છે.પરંતુ ચૌથા અને નવમા અધ્યયનમાં કંઈક ગદ્યપાઠ છે. પાંચમા અધ્યયનમાં બે અને નવમા અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે. બીજા કોઈ અધ્યયનમાં ઉદ્દેશક નથી.

ચૂલિકા પર્વત પર પણ હોય છે છતાં પર્વતની ઊંચાઈમાં એની ગણના કહેવાતી નથી. જેમ કે વૈતાઢ્ય પર્વત ૨૫ યોજન ઊંચો છે, મેરુ પર્વત લાખ યોજન ઊંચો છે. અહીં પણ કૂટ અને ચૂલિકાની ગણના થઈ નથી. આ જ રીતે દશવૈકાલિકની બે ચૂલિકા છે તેની ગણના અધ્યયનમાં નથી થઈ. કૂટ અને ચૂલિકા પર્વતનું જ અંગ હોય છે. તેમજ ચૂલિકા સહિત દશવૈકાલિકની રચના મૌલિક જ છે. મહાવિદેહ ક્ષેત્રથી ચૂલિકા લાવવાનું ઐતિહાસિક કથન કલ્પના માત્ર છે. કારણ કે દશવૈકાલિકના ચૂર્ણિકાર શ્રી અગત્સ્યસિંહ સૂરિએ ચૂલિકાને આચાર્ય શય્યંભવ કૃત જ માની છે, સ્વીકારી છે. મહાવિદેહથી લાવવાની વાત તેઓએ કરી નથી.

ઉત્તરાધ્યયન સૂત્રની જેમજ દશવૈકાલિક સૂત્ર પણ જૈન સંઘમાં બહુ પ્રચલિત શાસ્ત્ર છે. કારણ કે સાધુ-સાધ્વીજીને માટે પ્રારંભિક અને અતિ ઉપયોગી હોવાથી પ્રાયઃ દરેક સાધક આ સૂત્રને કંઠસ્થ ધારણ કરે છે. આની ગાથાઓ પણ સરળ સુગમ શૈલીમાં છે. ઉત્તરાધ્યયન સૂત્રની અપેક્ષા આ નાનું શાસ્ત્ર છે અને ૭૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

આ શાસ્ત્ર ઉપર અગસ્ત્યસિંહ સૂરિ અને જિનદાસગણી એ બે આચાર્યોની ચૂર્ણિ ઉપલબ્ધ છે. આચાર્ય હરિભદ્રસૂરિની પ્રાચીન ટીકા ઉપલબ્ધ છે. ત્યાર પછી પણ ટીકાઓ અને વ્યાખ્યાઓની અનેક રચના થયેલ છે જે સંસ્કૃત હિંદી ગુજરાતી વગેરે ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ સૂત્રનું મુદ્રણ પણ અનેક સ્થળેથી થયેલ. જેની હજારો નકલો મળે છે.

**પ્રશ્ન–૨ : દશવૈકાલિક સૂત્રની રચના શય્યંભવ સ્વામીએ શું પોતાના પુત્ર મનક મુનિ માટે કરેલ ?**

**જવાબ–** ઈતિહાસમાં એમ જાણવા મળે છે કે શય્યંભવ સ્વામીએ પોતાના આઠ વર્ષના પુત્ર મનકને દીક્ષા આપી હતી અને તેના આયુષ્યને ૬ મહીનાનું અવશેષ જાણીને તેને માટે દશવૈકાલિક સૂત્રની રચના કરી હતી. પછી એના દિવંગત થવા પર તે શાસ્ત્રને પુનઃ વિલીન કરવાનો સંકલ્પ કર્યો હતો. પણ સંઘના આગ્રહથી તે શાસ્ત્રને રહેવા દીધું. તેના ફળ સ્વરૂપે આજે દશવૈકાલિક સૂત્ર ઉપલબ્ધ રહેલું છે.

**સમીક્ષા :–** 'મનક' ગર્ભમાં હતો ત્યારે શય્યંભવ સ્વામીએ દીક્ષા લીધી હતી અને મનક આઠ વર્ષનો થયો ત્યારે તેની દીક્ષા પર્યાય આઠ વર્ષની થઈ હતી. તે સમયે આચાર્ય પ્રભવ સ્વામી પણ હતા. તો આઠ વર્ષની દીક્ષામાં શાસ્ત્ર રચનાની અને વિલીન કરવાની સર્વ સત્તા એમના હાથમાં માનવી, એવી વાત કંઈ ઉપયુક્ત લાગતી નથી. શાસ્ત્ર બનાવવા અને મટાડવા તે એક રમત તો નથી ને.

બીજી વાત એ કે મનક માટે બનાવેલા શાસ્ત્રમાં રથનેમિ રાજીમતીની ઘટના અને મદ્ય સેવન કરનાર કપટી સાધુઓના કથનની એમાં શું આવશ્યકતા પડી ? એટલે કે તે વર્ણન પણ અપ્રાસંગિક થાય છે. માટે મનક સંબંધી કથાનક નિર્યુક્તિ ભાષ્યોની રચનાના સેંકડો વર્ષ પછી ઈતિહાસની કલ્પના કરનારા વિદ્વાનોની ઉપજ હોય તેમ જણાય છે.

**પ્રશ્ન–૩ : આચાર્ય ભદ્રબાહુ સ્વામીના છેદ સૂત્રોની રચના પહેલાં શું દશવૈકાલિક સૂત્રની રચના થઈ ગઈ હતી ?**

**જવાબ–** નિર્યુક્તિ, ભાષ્ય આદિમાં નવ દીક્ષિતના શાસ્ત્ર અધ્યયનનો ક્રમ દર્શાવેલ છે. ત્યાં બતાવેલ છે કે આચારાંગ, નિશીથના પહેલાં જ દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રને ભણાવવાનો ક્રમ છે અને તેનાથી પહેલાં આવશ્યક સૂત્ર ભણાવવાનો ક્રમ છે. અતઃ આ સ્પષ્ટ છે કે આ બંને સૂત્ર દીક્ષાર્થી કે નવદીક્ષિતને પ્રારંભિક અધ્યયનમાં ઉપયોગી શાસ્ત્ર છે અને વ્યાખ્યાકારોએ તેને અધ્યયન ક્રમમાં નિયુક્ત પણ કરેલ છે.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ વ્યવહાર સૂત્રમાં સાધુઓના અધ્યયનનો જે ક્રમ આપ્યો છે. તેમાં આ બંને ઉપયોગી અને અતિ ઉપયોગી શાસ્ત્રોનું કથન કર્યું નથી. એનું કારણ એ જ થઈ શકે છે કે આ બંને સૂત્રો વ્યવહાર સૂત્રની રચનાની પૂર્વે બનેલ ન હોય. જેમાં ઉત્તરાધ્યયન સૂત્રના નહીં હોવાની વાત તો સ્પષ્ટ થઈ





ગયેલ કે એ દેવર્ધિગણિના સમયે પ્રશ્નવ્યાકરણના વિભાજનથી બનેલ છે. પરંતુ દશવૈકાલિકની રચના માટે આચાર્ય શય્યંભવનું જે નામ મળે છે, તેઓ ભદ્રબાહુ સ્વામી કરતાં બે પાટ પહેલાં થઈ ગયેલા છે.

આ પ્રકારના ઉપલબ્ધ ઈતિહાસ તત્ત્વો અનુસાર દશવૈકાલિક સૂત્ર ભદ્રબાહુ સ્વામીના સમયે ઉપલબ્ધ હતું. છતાં એટલા ઉપયોગી પોતાના પૂર્વજ આચાર્ય દ્વારા રચાયેલ, સંઘના આગ્રહથી સૂત્ર રૂપે રાખેલ એવા વિશિષ્ટ શાસ્ત્રના અધ્યયનનો ઉલ્લેખ ભદ્રબાહુ દ્વારા અધ્યયન ક્રમમાં ન રાખવાનું અને પોતાના રચેલા ત્રણ શાસ્ત્રોને અધ્યયન ક્રમમાં રાખવું આ એક ઘણો વિચારણીય પ્રશ્ન છે.

આ પ્રશ્નની વિચારણાથી જ એ ફલિત થાય છે કે દશવૈકાલિક સૂત્ર પણ ભદ્રબાહુના સમય પછી જ અને નંદીસૂત્રના પૂર્વ કોઈ દ્વારા રચાયેલ હોય પરંતુ કથાઓમાં કોઈએ શય્યંભવ અને મનક સાથે જોડી દીધું હોય ! આમ પણ સંભવ છે કે શય્યંભવ નામના અન્ય આચાર્ય થયા હોય જેઓએ દશવૈકાલિકની રચના કરેલ હોય અને નામ સામ્યતાથી ઈતિહાસમાં ચૌદપૂર્વી શય્યંભવ સાથે જોડી દીધેલ હોય !

આમ થવું અસંભવ પણ નથી કારણ કે અગિયારમી શતાબ્દીમાં થયેલ દ્વિતીય ભદ્રબાહુ અને વરાહમિહિરના કથાનક અને નિર્યુક્તિઓની રચના પ્રથમ ભદ્રબાહુ સ્વામી (ત્રીજી શતાબ્દીમાં) સાથે જોડી દીધેલ છે. આ વાતને મંદિરમાર્ગી ધુરંધર વિદ્વાન આગમોદ્ધારક અને ઈતિહાસ અન્વેષક સંશોધક મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ.સા. એ પણ પોતાની બૃહત્કલ્પ ભાષ્યની પ્રસ્તાવનામાં સ્વીકાર્યું કે નામ સામ્યતાથી કથાનક ઘટનાઓ મિશ્રિત થયેલ છે. ચૌદપૂર્વી ભદ્રબાહુ ત્રણ છેદ સૂત્રના કર્તા જુદા છે અને નિર્યુક્તિઓ રચનાર દ્વિતીય ભદ્રબાહુ સ્વામી જુદા છે. વરાહમિહિરના ભાઈ ભદ્રબાહુ સ્વામી ૧૧ મી શતાબ્દીમાં થયા છે.

આ માટે કહેવાનો સાર એ છે કે ઈતિહાસ કથાનકોના વર્ણનના સંબંધમાં અનુપ્રેક્ષણને સદા સ્થાન રાખવું જોઈએ પરંતુ કોઈ પણ ઘટના કે ઈતિહાસના વિષયમાં આગ્રહ કે દુરાગ્રહ રાખવો જોઈએ નહીં.

આ ચર્ચાનો ફલિતાર્થ એ થયો કે ઉત્તરાધ્યયન સૂત્ર અને દશવૈકાલિક સૂત્ર ૧૪ પૂર્વી ભદ્રબાહુના સમયે અને વ્યવહાર સૂત્રની રચના સમયે ઉપલબ્ધ ન હતા પછી જ બંને શાસ્ત્રોની રચના થઈ છે, એ જ અધિક સંભવ છે તેમજ શય્યંભવ નામ સામ્યતાથી ઈતિહાસમાં એવો કોઈ સંબંધ જોડાઈ ગયેલ છે.

દશવૈકાલિકના રચનાર શય્યંભવ સ્વામી બીજા જ હતા તે ચૌદપૂર્વી ન હતા.

**પ્રશ્ન–૪ : આ સૂત્રના દશ અધ્યયનનો વિષય પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** (૧) પહેલા અધ્યયનમાં ધર્મનું સ્વરૂપ અને મહત્ત્વ દર્શાવીને ભિક્ષુની ભિક્ષાવૃત્તિને ભ્રમરવૃત્તિની ઉપમા આપી છે. (૨) સ્ત્રી પરીષહથી નહીં ડગવાની પ્રેરણા રથનેમિ અને રાજેમતિના ઘટિત કથાનક દ્વારા આપેલ છે. (૩) ત્રીજા અધ્યયનમાં શ્રમણોના અનાચરણીય સ્થાનોનું નિરૂપણ છે. (૪) ચોથા અધ્યયનમાં છજ્જીવનિકાયની હિંસાત્યાગના પ્રતિજ્ઞા વચન છે તેમજ પંચ મહાવ્રતારોપણ છટ્ઠા રાત્રિભોજન વ્રત સહિત છે. (૫) પાંચમા પિંડેષણા અધ્યયનમાં ગોચરી સંબંધી વિધિનિયમ અને દોષોનું વિસ્તારથી વર્ણન બે ઉદ્દેશકોમાં ૧૫૦ ગાથાઓ દ્વારા થયેલ છે. (૬) છટ્ઠા અધ્યયનમાં સંયમના નાના મોટા નિયમોને ૧૮ સ્થાનો દ્વારા કહેલ છે અને તેનું દ્રઢતાથી પાલન કરવાની પ્રેરણા છે.(૭) સાતમા અધ્યયનમાં ભાષાના દોષોને સ્પષ્ટ કરતાં ભાષાનો વિવેક સમજાવ્યો છે. (૮) આઠમા અધ્યયન 'આચારપ્રણિધિ'માં સંયમના અનેક મહત્ત્વપૂર્ણ વિષયો ઉપર પ્રકાશ પાથરેલ છે. (૯) નવમા અધ્યયનમાં ચાર ઉદ્દેશક રૂપ વિભાજનમાં શ્રમણના વિનયધર્મને વિસ્તારથી સમજાવેલ છે. (૧૦) દશમા અધ્યયનમાં ભિક્ષુના વિશિષ્ટ ગુણોનો નિર્દેશ કરીને આદર્શ ભિક્ષુ બનવાની પ્રેરણા થઈ છે. ત્યાર પછી પ્રથમ ચૂલિકામાં સંયમભાવોને સ્થિર રાખવાનો અને બીજી ચૂલિકામાં પરિસ્થિતિવશ એકલવિહાર કરવાનો અને તેમાં સાવધાની વર્તવાનો નિર્દેશ છે. આમ વિવિધ સંયમ વિષયોના વિશ્લેષણ સાથે સૂત્ર પૂર્ણ થાય છે.

## અધ્યયન–૧ : દ્રુમ પુષ્પિકા

**પ્રશ્ન–૧ : ધર્મનું સ્વરૂપ અને મહત્ત્વ કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ–** (૧) આત્મકલ્યાણની સાધના માટે સ્વીકારેલ ધર્મ અહિંસા પ્રધાન, સંયમ પ્રધાન અને તપ પ્રધાન હોવો જોઈએ. (૨) ૧૭ પ્રકારના સંયમનું પાલન પૂર્ણપણે થાય તે સંયમપ્રધાન ધર્મ છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી અને પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના નાના મોટા કોઈપણ પ્રાણીની હિંસાની પ્રેરણા ધર્મના નામે પણ ન હોય તે અહિંસા પ્રધાન ધર્મ કહેવાય. (૩) બાર પ્રકારના તપથી યુક્ત અનેક વિશિષ્ટ સાધના–આરાધનાઓ જ્યાં થાય તે તપ પ્રધાન ધર્મ કહેવાય. આ ત્રણ પ્રમુખ ગુણોના સુમેળવાળો ધર્મ આત્મકલ્યાણનો





શ્રેષ્ઠ માર્ગ છે. તેનું ભાવપૂર્વક પાલન, આરાધન કરનાર પોતાના આત્મ કલ્યાણના લક્ષને સફળ કરી શકે છે અને તેવા સાધક, દેવો માટે પણ વંદનીય પૂજનીય બની જાય છે.

**પ્રશ્ન–૨ : વૃક્ષના ફળોમાંથી કરાતી ભ્રમરવૃત્તિની ઉપમા જૈન શ્રમણની ભિક્ષાવૃત્તિને કઈ રીતે આપવામાં આવી છે ?**

**જવાબ–** વૃક્ષ પોતાના સ્વભાવથી ફૂલોમાં રસ તૈયાર કરે છે. ભ્રમર અનેક ફૂલોમાંથી અનેક વૃક્ષો પર જઈને થોડો થોડો રસ ગ્રહણ કરે છે. આ જ રીતે ભિક્ષુ ગૃહસ્થ દ્વારા સહજ બનેલા આહારાદિમાંથી થોડો થોડો આહાર અનેક ઘરોમાંથી ગ્રહણ કરે છે. આ રીતે ત્રણ વાતોની ભ્રમરવૃત્તિથી સમાનતા છે.

દરેક ઉપમા, દ્રષ્ટાંત એક દેશીય હોય છે માટે કંઈક અસમાનતા ભિક્ષાવૃત્તિ અને ભ્રમરવૃત્તિમાં હોઈ શકે છે. જેમ કે (૧) ભ્રમર અદત્ત ગ્રહણ કરે છે મુનિ ગૃહસ્થે આપેલો આહાર લે છે. (૨) શ્રમણ એષણાના સંપૂર્ણ નિયમોનું પાલન કરતા આહાર ગ્રહણ કરે છે, ભ્રમરને કોઈ નિયમ હોતો નથી. (૩) ભ્રમર સચિત્ત ફૂલોથી સચિત્ત રસ ચૂસે છે, મુનિ અચિત્ત આહાર ગ્રહણ કરે છે, સચિત્તનો ત્યાગ કરે છે.

આ ઉપમાથી શ્રમણ માટે એ સ્પષ્ટ કર્યું છે કે તે કોઈ એક વ્યક્તિ ઉપર અવલંબિત રહેતા નથી. **'ણાણાપિંડરયા'** સંયમ–નિયમોનું ધ્યાન રાખીને અનેક ઘરોમાંથી આહાર દિવસે જ ગ્રહણ કરે છે.

આ રીતે ઉપમામાં સમાનતા–અસમાનતા કે વિશેષતા હોય છે. પૂર્ણતયા કોઈ ઉપમા કોઈને લાગુ પડતી નથી.

## અધ્યયન–૨ : શ્રામણ્ય પૂર્વક

**પ્રશ્ન–૧ : અધ્યયનના નામથી અહીં શું ફલિત થાય છે ?**

**જવાબ–** શ્રામણ્ય એટલે સાધુતા. સાધુતામાં સૌથી પહેલાં કામ વિકારથી નિવૃત્તિ આવશ્યક છે. આ અધ્યયનમાં કામવિકારથી નિવૃત્તિનો ઉપદેશ મુખ્ય છે. માટે અધ્યયનનું નામ ''શ્રામણ્યપૂર્વક'' રાખવામાં આવ્યું છે.

આ રીતે સંયમ સાધના માર્ગમાં આવનાર દરેક સાધકને અન્ય ગુણોમાં પ્રધાન ગુણ બ્રહ્મચર્ય પાલનની ભાવનાપૂર્ણ આવશ્યકતા છે. એ જ આ અધ્યયનનો ઘોષ છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં ત્યાગી કોને કહેલ છે ?**

**જવાબ–** સાધન સંપન્ન વ્યક્તિ ત્યાગ વૈરાગ્યથી અને જ્ઞાનથી ભાવિત થઈને વસ્ત્ર, તેલ, ઈત્રાદિ અલંકાર અને સ્ત્રી, ઘર, પરિવારનો ત્યાગ કરે છે તે ત્યાગી કહેવાય છે. જેને ત્યાગ માટેની કોઈ ભાવના નથી તેમજ જ્ઞાન વૈરાગ્ય પણ નથી પરંતુ સાધન ન હોવાથી ઉપભોગ ન કરી શકે તો તે ત્યાગી કહેવાય નહીં.

સાધન સંપન્નતામાં કોઈના પાસે થોડું હોય કે ઘણું હોય એનો સવાલ આવતો નથી. મહત્ત્વની વાત એ છે કે ત્યાગવાની ભાવના અને જ્ઞાન વૈરાગ્ય હોવા જરૂરી છે. એવા જ્ઞાન વૈરાગ્યવાળી વ્યક્તિ ચાહે ગરીબ હોય તો અલ્પત્યાગ કરે છે અને અમીર હોય તો વધુ ત્યાગ કરે છે તથાપિ જે હોય તેને ત્યાગવાની ભાવના પ્રધાન છે.એવો સૂત્રનો આશય સમજવો જોઈએ.

**પ્રશ્ન–૩ : વિકાર ભાવો પર વિજય પ્રાપ્ત થાય તે માટે સાધકને અહીં શું સંદેશ–નિર્દેશ આપવામાં આવ્યો છે ?**

**જવાબ–** સંયમગ્રહણ કર્યા પછી સંયમ વ્યવહારના નિયમ પાળવા સિવાય ખાવું, પીવું, મોજ કરવી આવું લક્ષ સાધકનું ન હોય. તેને તો વધુમાં વધુ ત્યાગ, તપની વૃદ્ધિ કરવાની હોય છે. પોતાની ક્ષમતાનો વિચાર કરી ત્યાગ તપમાં આગળ ને આગળ વધવાનું હોય છે. ત્યાગ-તપમાં જેવું કે– ઊણોદરી, વિગય ત્યાગ, દ્રવ્ય ત્યાગ, ઉપવાસ, પોરસી, વિશેષ તપસ્યા, આતાપના આદિમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. સંયમના નિયમો જેમ કે– લોચ, વિહાર, આત્મ નિર્ભર સમસ્તકાર્ય તેમજ સેવાકાર્ય વગેરે દરેક ભાવયુક્ત ક્ષમતાનુસાર કરતા રહેવું જોઈએ. જીવનને તપોમય અને પરિશ્રમી રાખવું જોઈએ. ત્યારે જ ખરેખર સાધક કામવિકારના ભાવોથી સદા સહજ રીતે નિવૃત્ત રહી શકે છે. આ શિક્ષા આ અધ્યયનની પાંચમી ગાથાથી ફલિત થાય છે.

**પ્રશ્ન–૪ : અગંધનકુળ અને ગંધનકુળનું શું તાત્પર્ય છે ?**

**જવાબ–** આ શબ્દનો પ્રયોગ રાજેમતી સાધ્વીએ રથનેમિને સંબોધન કરતાં કર્યો હતો. આમાં સાપના કુલોનું કથન છે. અગંધનકુળના સાપ અગ્નિમાં બળીને મરવું પસંદ કરે છે પણ વમેલા વિષને પાછું ચૂસી લેતા નથી. ગંધનકુલના સાપ પ્રસંગ આવતા મૃત્યુના ભયથી વિષ પાછું ચૂસી લે છે.

સાધ્વી રાજેમતીએ રથનેમિ અણગારને નિર્દેશ કર્યો હતો કે તમે ઉચ્ચકુળ ખાનદાનના છો, તમને ગંધનકુળના સાપ જેવા થઈને વમેલા ભોગોની પુનઃ





આકાંક્ષા કરવી યોગ્ય નથી. તમે પોતાના ત્યાગમાં અગંધનકુળના સાપ જેવા દઢ પ્રતિજ્ઞ રહો, બંનેના કુળની મહિમાનું ધ્યાન રાખો, અસ્થિર આત્મા ન થાઓ પરંતુ સંયમના પરિણામોમાં સ્થિર–મકકમ રહો. ગાથા–૬ થી ૯ સુધી આવું સૂચન કરેલ છે. દસમી ગાથામાં કહ્યું છે કે રથનેમિ પોતાના શીલધર્મમાં સ્થિર થઈ ગયા. રાજેમતીએ ખૂબ હિંમત રાખીને બંનેના સંયમ જીવનની રક્ષા કરી લીધી હતી.

**પ્રશ્ન–૫ : રાજેમતીએ આ પ્રસંગે કંઈક કટુ અનુચિત શબ્દોનો પ્રયોગ કર્યો હતો ?**

**જવાબ–** સ્વ–પરની એકાંત હિત ભાવનાથી કહેલા કટુવચન પણ સુભાષિત વચન થાય છે. અહીં દસમી ગાથામાં રાજેમતીના શબ્દોને સુભાષિત વચન કહ્યા છે. શબ્દોને પ્રભાવશાળી રીતે કહેવા તે ગુસ્સા અને ઘમંડથી અલગ હોય છે. જિનશાસનમાં આવા વ્યવહારોના સમયે એકાંત નિયમ(રહેતો)ચાલતો નથી. દરેક નિયમ ઉપનિયમમાં હાનિ-લાભની વિચારણાનો વિકલ્પ પણ હોય છે. માટે કોઈની હિત ભાવનાથી તેને ખોટા માર્ગથી બચાવવા માટે કટુ શબ્દોનું ઉચ્ચારણ પણ નિર્દોષ ગણાય છે. રાજેમતી સાધ્વીએ ગાથા–૭ અનુસાર રથનેમિ શ્રમણ માટે કટુ શબ્દ પ્રયોજ્યા હતા, છતાં તેને શાસ્ત્રકારે સુભાષિત વચનોમાં સ્વીકાર્યા છે. બંને આત્મા તે જ ભવે મોક્ષગામી થયા.

# અધ્યયન–૩ : ક્ષુલ્લકાચાર

**પ્રશ્ન–૧ : અધ્યયનના નામકરણનો આશય શું છે ?**

**જવાબ–** અઢાર સ્થાનોનું વિસ્તૃત વર્ણન ૬૯ ગાથાઓ દ્વારા છઠ્ઠા અધ્યયનમાં છે, તેનું **મહાચારકહા** નામ છે અને ૧૫ ગાથાના આ ત્રીજા લઘુ અધ્યયનમાં સંક્ષિપ્ત વર્ણન હોવાથી **ક્ષુલ્લકાચાર** નામ રાખ્યું છે. પ્રસ્તુત અધ્યયનમાં શ્રમણના અનાચરણીય સ્થાનોના નામ છે, તેના દ્વારા જ તેનો અર્થ ભાવ સ્પષ્ટ થાય છે. આ રીતે બંને અધ્યયનોના નામ પરસ્પર સંબંધિત છે એકમાં સંક્ષિપ્ત રૂપે માત્ર નામ સંકલન છે, બીજામાં ૧૮ સ્થાનોને વિસ્તારથી સમજાવ્યા છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં અનાચરણીય સ્થાન કયા કયા દર્શાવ્યા છે અને તેની સંખ્યાના વિષયમાં શું નિર્દેશ છે ?**

**જવાબ–** ગાથાઓમાં સામાન્ય રૂપથી અનાચરણીય સ્થાનોનું સંકલન છે પરંતુ તેની સંખ્યા ક્યાંય દર્શાવી નથી. કારણ કે શ્રમણ માટેના અનાચરણીય સ્થાનો અનેક આગમોમાં વિવિધ રીતે વર્ણવેલ છે. તે સહુની ગણતરી સેંકડોની સંખ્યામાં થઈ જાય છે. તથાપિ પૂર્વાચાર્યોએ આ અધ્યયનની અપેક્ષાએ શ્રમણોના **પર(બાવન)** અનાચાર પ્રસિદ્ધ કરેલ છે– **૧.** સાધુના નિમિત્તે બનેલું **૨.** ખરીદેલું ૩. સામે લાવેલ **૪.** નિત્ય નિમંત્રણ યુક્ત **૫.** રાજપિંડ **૬.** દાનપિંડ **૭.** શય્યાતર પિંડ **૮.** સચિત્ત કે મિશ્ર આહાર-પાણી **૯.** સચેત મૂળા, આદુ, શેરડીના ટુકડા, કંદમૂળ, ફળ તેમજ બીજ આદિ **૧૦.** સચિત્ત સંચળ, સિંધવ નમક, સામુદ્રિક નમક, રોમ નમક, કાળું નમક તેમજ પંસુખાર આદિ નમક, આ ઉપરોક્ત પદાર્થોને ગ્રહણ કરવા સાધુને માટે અનાચાર છે.

**૧૧.** રાત્રિભોજન **૧૨.** રાત્રિ સંગ્રહ **૧૩.** ગૃહસ્થનાં વાસણો **૧૪.** છત્ર **૧૫.** ઔષધ ઉપચાર **૧૬.** જૂતા-પગરખા **૧૭.** અગ્નિ જલાવવો **૧૮.** આસંદી= મુઢા(દુષ્પ્રતિલેખ્ય આસન) **૧૯.** પલંગ(ખાટ આદિ) **૨૦.** ગૃહસ્થના ઘરમાં બેસવું **૨૧.** સુગંધી અત્તર-તેલ **૨૨.** પુષ્પ આદિની માળા **૨૩.** પંખા આદિથી હવા નાખવી વગેરે. આ બધું સાધુ માટે ત્યાગ કરવા યોગ્ય છે.

**૨૪.** સ્નાન **૨૫.** સમ્બાહન-મર્દન **૨૬.** દંતપ્રક્ષાલન **૨૭.** દેહ અવલોકન(કાચ આદિમાં મુખ જોવું) **૨૮.** ઉબટન(પીઠી) **૨૯.** ધૂવણ(નાક દ્વારા જલ પ્રાણાયામ) **૩૦.** વમન **૩૧.** બસ્તીકર્મ **૩૨.** વિરેચન(જુલાબ) **૩૩.** અંજન **૩૪.** મંજન **૩૫.** વિભૂષા. આ સર્વ શરીર પરિકર્મ ભિક્ષુ માટે ત્યાજ્ય છે.

**૩૬.** અષ્ટાપદ રમત **૩૭.** નાલિકા ખેલ **૩૮.** ગૃહસ્થની સેવા **૩૯.** નિમિત્ત આદિથી આજિવિકા વૃત્તિ **૪૦.** ગૃહસ્થ શરણે રહેવું. આવા કાર્યો સંયમ મર્યાદાને યોગ્ય નથી. ભિન્ન પદ્ધતિએ ગણવાથી આ **ચાલીસ**ના બદલે **બાવન** થઈ જાય છે.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનના ઉપસંહારમાં મહર્ષિ નિર્ગ્રંથો માટે શું કહે છે ?**

**જવાબ– (૧)** મુનિ પાંચ આશ્રવોના ત્યાગી, છ કાયના રક્ષક, ત્રણ ગુપ્તિને ધારણ કરનાર અને પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર હોય છે. **(૨)** સુસમાધિવંત મુનિ ગ્રીષ્મ ૠતુમાં આતાપના લે છે, શીતકાળમાં નિર્વસ્ત્ર રહે છે અને વર્ષા ૠતુમાં પ્રવૃત્તિનો સંકોચ કરી એક સ્થાન પર રહે છે. **(૩)** તેઓ દુષ્કર સંયમ-તપનું પાલન કરીને, પરીષહ-ઉપસર્ગ સહન કરીને, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.





# અધ્યયન–૪ : છજ્જીવનિકાય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું વર્તમાનમાં શું મહત્ત્વ છે ?**

**જવાબ–** આ સંપૂર્ણ અધ્યયનનું ઉચ્ચારણ નવદીક્ષિતને મહાવ્રતારોપણ–વડી દીક્ષા આપવાના સમયે પરિષદ સમક્ષ કરવામાં આવે છે. ત્યાર પછી એ મુનિ સામાયિક ચારિત્રમાંથી છેદોપસ્થાપનીય ચારિત્રમાં આવે છે. બંને ચારિત્રની આચારવિધિ–સમાચારીમાં કંઈક ભિન્નતા હોય છે. આ જ કારણે બૃહત્કલ્પ સૂત્રમાં ઉદ્દેશક–૬માં છ પ્રકારની કલ્પસ્થિતિમાં બંને ચારિત્રની જુદી જુદી કલ્પસ્થિતિ કહેવામાં આવી છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનનું વર્ણન કયા ક્રમથી છે ?**

**જવાબ–** પ્રારંભમાં છકાયનો પરિચય સજીવ સચિત્ત હોવાની અપેક્ષાએ આપેલ છે. પછી પાંચ મહાવ્રતોનું અને છટ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતનું સ્વરૂપ, પ્રતિજ્ઞાપાઠ યુક્ત આપેલ છે. ત્યાર પછી ફરીથી ૬ કાયનું વિસ્તૃત વર્ણન, પ્રતિજ્ઞા પાઠ સાથે આપેલ છે. અંતે ૨૯ ગાથાઓથી યતના, જ્ઞાન અને સંયમનું મહત્ત્વ મુક્તિ પ્રાપ્તિ સુધી દર્શાવેલ છે. પાછળની ચાર ગાથાઓમાં ઉપસંહાર કરતાં સુગતિની સુલભતા, દુર્લભતા તેમજ પાછલી વયે દીક્ષા લેનારની સુગતિ કેમ થાય તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનનો ટૂંક સાર શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં વિષય સરળ અને વિસ્તારથી છે તેમજ બહુ પ્રચલિત છે. પાંચ મહાવ્રતોનું સ્વરૂપ આચારાંગ અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં તથા ૬ કાયાનું સ્વરૂપ અનેક તત્ત્વશાસ્ત્રોમાં છે. માટે અહીં સંક્ષેપમાં વિશેષ વિવરણ આપીએ છીએ. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયમાં કેટલાક એક દેખાતા હોવા છતાં અલગ-અલગ જીવો છે. ત્રસકાયમાં તો પ્રત્યક્ષ રીતે અલગ જીવો છે. આમ બધાના રક્ષણ માટે પહેલું અહિંસા મહાવ્રત છે. પહેલા મહાવ્રતના પાલનના સહકારમાં બીજા સત્ય મહાવ્રત, ત્રીજા અદત્તાદાન મહાવ્રત, ચોથા બ્રહ્મચર્ય મહાવ્રત, પાંચમા અપરિગ્રહ મહાવ્રતનું પાલન કરવાનું છે.

**વાયુકાયની અપેક્ષા– ૧.** ફૂંક મારવી અને **૨.** હવા નાંખવાનો તે શ્રમણ ત્યાગ કરે છે. બાકીની પ્રવૃત્તિમાં તે ચાલવું, ઊઠવું, બેસવું, બોલવું, ખાવું, સૂવું આદિ યતનાથી સાવધાનીથી અર્થાત્ વેગ રહિત, શાન્તિથી કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ બને

છે. નાડીના સ્પંદન માત્રથી પણ વાયુકાયના જીવોની હિંસા થાય છે, તેથી ઉપરોક્ત અપેક્ષાથી ભિક્ષુને વાયુકાય સંબંધી પ્રતિજ્ઞા જીવન પર્યંતની હોય છે. આ બધી જ પ્રતિજ્ઞાઓને ગ્રહણ કરવામાં તેના સ્વયંનું એટલે આત્મકલ્યાણનું પ્રયોજન હોય છે. જનકલ્યાણ એ સંયમ-ગ્રહણનું પ્રયોજન હોતું નથી. તે તો તેની સંયમ યોગરૂપ સ્વાધ્યાય પ્રવૃત્તિ છે.

સંયમ પાલન કરવામાં– સંયમ સંબંધી બધી વિધિઓનું, જીવ-અજીવ આદિ તત્ત્વોનું જ્ઞાન કરવું, ચિંતન કરવું અને અનુભવ કરવો અત્યંત આવશ્યક છે, તેના માટે સૂચિત ગાથાનો ભાવ હિન્દી પદ્યમાં આ પ્રકારે છે.

**પ્રથમ જ્ઞાન પીછે ક્રિયા, યહ જિનમત કા સાર**
**જ્ઞાન સહિત ક્રિયા કરે, તો ઉતરે ભવ પાર ।૧।**

જ્ઞાન વિના હિત-અહિતનો કર્તવ્યા-કર્તવ્યનો બોધ થતો નથી, કર્મ બંધ અને નિર્જરાનું જ્ઞાન પણ નથી થતું, જે હોવું સાધનામાં આવશ્યક છે. સુખશીલ, નિદ્રાશીલ, પ્રક્ષાલન(ધોવાની)પ્રવૃતિ કરનાર સાધુની સદ્ગતિ થવી દુર્લભ છે. તપ-ગુણોની પ્રધાનતાવાળા, સરળ બુદ્ધિ, ક્ષમાદિ ધર્મોનું પાલન કરનાર, પરીષહ વિજેતા ભિક્ષુની સદ્ગતિ થવી સુલભ છે. પાછલી વયે(વૃદ્ધાવસ્થામાં) પણ દુર્લભ સંયમને પ્રાપ્ત કરી જે તપ, સંયમ, ક્ષમા, બ્રહ્મચર્યમાં લીન રહે છે, તે પણ જલ્દીથી કલ્યાણ કરી લે છે અર્થાત્ અલ્પસમયનું પણ શુદ્ધ ભાવપૂર્વકનું સંયમ પાલન સદ્ગતિને પ્રાપ્ત કરાવી દે છે.

**પ્રશ્ન–૪ : આ સંપૂર્ણ ચોથું અધ્યયન વડી દીક્ષા પ્રસંગે પરિષદમાં વાંચન કરાય છે, તો ત્યાં સજ્ઝાય અસજ્ઝાય સંબંધી કોઈ દોષ તેને લાગે છે ?**

**જવાબ–** આ અધ્યયનનો સંપૂર્ણ મૂલપાઠ એકવારમાં પૂરેપૂરો નહીં વંચાય પરંતુ કટકે કટકે વાંચીને તેનો અર્થ પરમાર્થ સમજાવતાં વિશ્લેષણ કરાય છે. માટે સામુહિક વાચનાની જેમ જ એના સ્વાધ્યાય-અસ્વાધ્યાયનો વિવેક સમજી લેવો. આ સૂત્ર ઉત્કાલિક છે તેથી ૧૨ વાગ્યા સુધી તો વાચનામાં અકાલનો પ્રશ્ન આવતો નથી. ગ્રહણ, પૂનમ, એકમ વગેરે અસ્વાધ્યયના દિવસો ટાળવા માટે અને નવદીક્ષિત સાધુ–સાધ્વીના વ્યક્તિગત અસ્વાધ્યાયને ટાળવા માટે આ શાસ્ત્રમાં સાત દિવસ પછી પણ ૪, ૫ દિવસ સુધી વડી દીક્ષા આપવાની છૂટ દીધી છે. આ કારણે ૭+૫=૧૨મા દિવસ સુધી વડી દીક્ષા આપી શકાય છે. તેનું કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.





# અધ્યયન–૫ : પિંડેષણા

**પ્રશ્ન–૧ : ગોચરીમાં ગયેલા શ્રમણને કઈ–કઈ બાબતોનો વિવેક રાખવાનું આ અધ્યયનમાં સમજાવેલ છે ?**

**જવાબ– (૧)** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે. બંનેમાં આહારાદિની ગવેષણા અને પરિભોગેષણા સંબંધી વિધિ અને નિષેધ છે.ગવેષણા એટલે મેળવવું અને પરિભોગેષણા એટલે વાપરવું.

**(૨)** ભિક્ષાના યોગ્ય સમયે ભિક્ષુ ઉદ્વેગ અને મૂર્છાથી રહિત થઈ ચાર હાથ પ્રમાણ ભૂમિમાં બીજ, લીલોતરી તેમજ ત્રસ-સ્થાવર જીવોનું શોધન-સંરક્ષણ કરતાં, શાંત ચિત્તે તેમજ મંદ ગતિથી ચાલે.

**(૩)** કંટક આદિથી યુક્ત તેમજ વિષમ માર્ગેથી ન જાય.

**(૪)** તુસ અથવા રાખ આદિમાં ચાલવું હોય અને પગ ઉપર સચેત રજ હોય તો પગનું પ્રમાર્જન કરવું જોઈએ.

**(૫)** વેશ્યાઓના મહોલ્લામાં ગોચરીએ ન જાય.

**(૬)** ઉગ્ર-પશુ, રમતા બાળક તેમજ કલેશ, યુદ્ધ આદિથી યુક્ત માર્ગો પર ન જાય.

**(૭)** ગોચરી માટે જતી વખતે ઉતાવળથી ન ચાલે, વાતો કરતાં થકા ન ચાલે કે હસતાં થકા ન ચાલે.

**(૮)** ચોરીની શંકાના સ્થાનરૂપ મકાનની સંધિ આદિને જોતાં થકા ન ચાલે અને રાજા કે રાજપુરુષ આદિના ગુપ્ત વાતચીતના સ્થાનોથી દૂર રહે.

**(૯)** નિષિદ્ધ તેમજ અપ્રતીતકારી કુળોમાં ન જાય.

**(૧૦)** દરવાજા, પડદા વગેરે ઢાંકયા હોય તો ગૃહસ્થની આજ્ઞા વિના ન ખોલે.

**(૧૧)** મળ-મૂત્રના આવેગને રોકે નહિ.

**(૧૨)** ફૂલ, બીજ વિખરાયેલ ન હોય તેવા તેમજ પ્રકાશયુક્ત સ્થાનમાં ગોચરી કરે.

**(૧૩)** વાછરડા, કૂતરા આદિ પશુને ઓળંગીને કે દૂર કરીને જાય નહિ.

**(૧૪)** સ્ત્રી તેમજ કોઈ પણ પદાર્થો કે સ્થાનોને આસક્તિ ભાવથી ન જુએ.

**(૧૫)** જે ઘરમાં સાધુના પ્રવેશ યોગ્ય જેટલી સ્થાનમર્યાદા હોય ત્યાં સુધી જ જાય.

**(૧૬)** સચેત–પાણી, પૃથ્વી, બીજ, લીલોતરીનું વર્જન કરી ઊભા રહે.

**(૧૭)** પદાર્થને ઢોળતાં થકા ભિક્ષા દે તો ન લેવી. પ્રાણી, બીજ, લીલોતરીનો સ્પર્શ કરતાં કે કચડતાં થકા દે તોપણ ભિક્ષા ન લેવી, પાણીની વિરાધના કે સ્પર્શ કરીને દે તોપણ ગોચરી ન લેવી.

**(૧૮)** ભિક્ષા દેતાં પહેલાં કે પછી હાથ, વાસણ આદિ ધોવે તો ભિક્ષા ન લેવી.

**(૧૯)** દાતાના હાથ, વાસણ આદિ કોઈ પણ સચેત અથવા મિશ્ર પદાર્થ, લીલોતરી, બીજ, મીઠું, સચેત પૃથ્વી કે જળબિન્દુથી લિપ્ત હોય કે સંયુક્ત હોય તો તેની પાસેથી ભિક્ષા ન લેવી.

**(૨૦)** ભાગીદારોની ભાવના જાણીને અનુકૂળતા હોય તો ભિક્ષા લેવી.

**(૨૧)** ગર્ભવતી સ્ત્રી માટે બનેલ આહાર, તેના ખાધા પહેલાં ન લેવો, અગર તેને ઊભા થવું કે બેસવું પડે તો પણ તેના હાથથી આહાર ન લેવો.

**(૨૨)** બાળકને સ્તનપાન કરાવતી સ્ત્રી તેને રડતું છોડી વહોરાવે તો ન લેવો.

**(૨૩)** કોઈ પદાર્થની કલ્પ્ય-અકલ્પ્યની શંકા પડે તો ન લેવો.

**(૨૪)** બહુ જ ભારે પદાર્થને ઉપાડવો પડે અથવા કોઈ પેકિંગ ખોલવું પડે અર્થાત્ મુશ્કેલીથી કાંઈપણ દેવામાં આવે તો ન લેવું.

**(૨૫)** કોઈ પણ પ્રકારનું દાન-પિંડ કે શ્રમણ નિમિત્તે બનાવેલ, ખરીદેલ કે તેના માટે સામેથી લાવેલ તેમજ મિશ્ર, પૂતિકર્મદોષવાળો આહાર ન લેવો.

**(૨૬)** દોષની શંકા હોય અને તે પદાર્થ લેવો આવશ્યક હોય તો નિર્ણય કરવા માટે, તેને કોણે બનાવ્યો, તે જાણકારી કરીને પછી તેને જ પૂછવું કે કોના માટે બનાવ્યો ? ક્યારે બનાવ્યો ? વગેરે; સરળ ભદ્રિક પરિણામી વ્યક્તિને એકાદ પ્રશ્ન કરી તેમજ હોંશિયાર અનુરાગીને અનેક પ્રશ્ન કરી સાચો નિર્ણય કરવો.

**(૨૭)** સચેત પાણી, ફૂલ, લીલોતરી, બીજ વગેરેની ઉપર રાખેલ ખાદ્ય પદાર્થ ન લેવો.

**(૨૮)** અગ્નિ પર રાખેલ પદાર્થ તેમજ અગ્નિની વિરાધના કરીને દેવામાં આવતો પદાર્થ ન લેવો.

**(૨૯)** અસ્થિર લાકડા, શિલા કે પત્થર પર ન ચાલવું.

**(૩૦)** ઉપર, નીચેથી નીસરણી લગાવીને આપે અથવા દાતાના પડી જવાનો કે લપસી જવાનો ભય હોય તે પ્રકારે દે અથવા કષ્ટપૂર્વક દે તો ન લેવો.

**(૩૧)** કંદ, મૂળ, આદુ, ફળ અથવા ભાજી વગેરે સચેત હોય અથવા શસ્ત્રથી





કાપેલ હોય તો પણ ન લેવા અર્થાત્ પાકા ફળ કાપીને બીજ કાઢેલ હોય અને કાચી વનસ્પતિ અગ્નિમાં પાકેલી હોય તો જ અચેત બને છે અને ત્યારે તે ભિક્ષુ માટે ગ્રાહ્ય બને છે.

**(૩૨)** વેચવા માટે ખુલ્લી પડેલી, સચેત રજથી યુક્ત મીઠાઈ આદિ ન લેવી.

**(૩૩)** જેમાં ફેંકવા યોગ્ય ભાગ વધારે હોય તેવી વસ્તુ ન લેવી.

**(૩૪)** લોટના વાસણ ધોયેલ, ચોખા ધોયેલ કે અન્ય કોઈપણ પદાર્થથી લિપ્ત, વાસણ ધોયેલ પાણી, જોવામાં સાદું હોય કે ખરાબ પરંતુ તરસ છીપાવવા યોગ્ય હોય અને ધોયેલ પાણીને એક ઘડી યા બે ઘડી(૨૪ કે ૪૮ મિનિટ) થઈ ગયેલ હોય તો તે પાણી ભિક્ષુ ગ્રહણ કરી શકે છે. ક્યારેક જોવાથી તે પાણી તરસ છીપાવવા માટે શંકાવાળું લાગે તો ચાખીને પણ નિર્ણય કરી શકાય છે. લીધા પછી પણ તરસ છીપાવવા યોગ્ય ન લાગે તો વિધિપૂર્વક અચેત સ્થાને પરઠી દેવું જોઈએ.

**(૩૫)** ગોચરીમાં ગયેલ ભિક્ષુ ક્યારેક કોઈ પદાર્થ શારીરિક કારણથી ત્યાંજ વાપરી લેવો જરૂરી સમજે તો એકાન્ત ઓરડાની આજ્ઞા લઈ ખાઈ-પી શકે છે પરંતુ ત્યાં ગંદકી બિલકુલ ન કરે.

**(૩૬)** ભિક્ષા લઈ ઉપાશ્રયમાં વિનયપૂર્વક પ્રવેશ કરવો, ગુરુને આહાર દેખાડવો, ઈરિયાવહીનો કાઉસગ્ગ કરવો, દોષોની આલોચના કરવી, સ્વાધ્યાય કરવો, તેમજ અસાવદ્યવૃત્તિની અનુમોદનાનું ચિંતનરૂપ ધ્યાન કરવું. ત્યાર પછી અન્ય સાધુને નિમંત્રણ કરવું, નિમંત્રણ સ્વીકાર કરે તો તેમને દઈ અથવા તેમની સાથે આહાર કરવો. નિમંત્રણ ન સ્વીકારે તો એકલા જ યતનાથી વિધિપૂર્વક આહાર કરવો.

**(૩૭) આહાર વાપરવાની વિધિ–** આહારની નિંદા-પ્રશંસા ન કરવી, સ્વાદ માટે પદાર્થોનો સંયોગ ન કરવો. જે કારણથી જેટલો આહાર જરૂરી હોય તેટલો જ લેવો. પરંતુ પોતાના ખોરાકથી કંઈક ઓછું અવશ્ય ખાવું.

**(૩૮)** અતિ ધીમે અથવા અતિ જલ્દી ન ખાવું. પહોળા પાત્રમાં અને નીચે ન વેરાય તેમ, મોઢેથી ચટાચટ કે સુડ-સુડ આદિ કોઈ પ્રકારનો અવાજ ન આવે તે પ્રકારે ખાવું કે પીવું.

**(૩૯)** જેવા પણ સંયમ યોગ્ય, સ્વાસ્થ્ય યોગ્ય આહારાદિ મળે તો તેને ઘી-સાકર સમાન માનીને ચિત્તની પ્રસન્નતાપૂર્વક વાપરવું.

**(૪૦)** અતિ અલ્પ આહાર મળે તો પણ ખેદ ન કરવો, તપ સમજી સંતોષ રાખવો.

**(૪૧)** નિઃસ્વાર્થ ભાવથી(અર્થાત્ પ્રત્યુપકારની કોઈ આશા ન રાખતા થકા) દેનારા દાતા અને નિઃસ્પૃહ ભાવથી(અર્થાત્ આશીર્વચન આદિ ન બોલતા થકા અને રાગભાવ કે કોઈ પ્રત્યુપકાર ન કરતા થકા) લેનાર મુનિને 'મુહાદાઈ' અને 'મુહાજીવી' કહેવામાં આવે છે અને બંને સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–૨ : બીજા ઉદ્દેશકમાં ગોચરી સંબંધી અન્ય કયા વિવેક રાખવાનું સમજાવ્યું છે ?**

**જવાબ– (૧)** જરૂરિયાત મુજબ ભિક્ષુ આહાર કર્યા પહેલાં કે પછી પણ પુનઃ ગોચરીએ જઈ શકે છે. ધ્યાન એ જ રાખવાનું કે તે વસ્તી–એરિયામાં ભિક્ષા મળવાનો અનુકૂળ સમય હોવો જોઈએ.

**(૨)** માર્ગમાં પશુ કે પક્ષી, દાણા(આહાર-પાણી) ચણી રહ્યા હોય તો તેમને કોઈ પણ પ્રકારે અંતરાય ન પડે તેનો વિવેક રાખવો.

**(૩)** ગોચરી ગયેલ ભિક્ષુ ગૃહસ્થના ઘેર વાત કરવા માટે ન ઉભો રહે કે ન બેસે.

**(૪)** બારી–બારણા, દરવાજા કે તેના કોઈ પણ વિભાગનું અવલંબન ન લે.

**(૫)** કોઈ યાચક દ્વાર પર ઉભેલ હોય તો તેના ઘેર ભિક્ષા લેવા ન જવું અને તેની સામે ઉભા રહેવું ન જોઈએ.

**(૬)** જલજ ખાદ્ય વનસ્પતિ કે ઈક્ષુ ખંડ આદિ અચેત, તેમજ શસ્ત્ર પરિણત ન હોય તો ન લેવા. મગફળી વારંવાર સારી રીતે શેકેલ ન હોય તો ન લેવી. તેની જેમ જ અન્ય પણ શેકવામાં આવે તેવા પદાર્થોના વિષયમાં સમજી લેવું જોઈએ.

**(૭)** બીજ, ફળ તેમજ અન્ય વનસ્પતિઓ તથા તે બધાના ચૂર્ણ જો અચેત ન હોય તથા અગ્નિ આદિથી શસ્ત્ર પરિણત ન હોય, તો ન લેવા.

**(૮)** ભિક્ષુ સામાન્ય ઘરને છોડી શ્રીમંત ઘરોમાં ગોચરી જવાનો આગ્રહ ન રાખે.

**(૯)** ખાદ્ય-પદાર્થ અથવા અન્ય વસ્ત્ર, શય્યા-સંસ્તારક વગેરે હોવા છતાં અને સામે દેખાવા છતાં દાતા ન દે તો કિંચિત્ પણ ખિન્ન ન થવું.

**(૧૦)** અધિક સન્માન આપનાર હોય તો પણ ભિક્ષુ તેના પાસે કોઈ વિશિષ્ટ વસ્તુ ન માગે અર્થાત્ સામાન્યરૂપથી ગૃહસ્થે દેવા યોગ્ય પદાર્થ રોટલી, શાક, પાણી, છાસ આદિની યાચના ભિક્ષુ કરી શકે છે.

**(૧૧)** જે પણ ભિક્ષા મળે તેમાં લોભ ન કરતાં આવશ્યકતા અનુસાર જ લે. સાથે જ દાતા અને બાજુમાં ઉભેલી વ્યક્તિના ભાવોનો વિવેક રાખીને લે. તેમજ ગુઢ





આદિથી કોઈ વસ્તુ સંતાડીને ન ખાય. પ્રાપ્ત આહારને સરળભાવ તેમજ સરળ વ્યવહારથી સંયમ યાત્રાના નિર્વાહ માટે, આસક્તિ ભાવથી રહિત બનીને ખાય.

**(૧૨)** કપટ કરનાર, રસમાં આસક્ત અથવા ગુપ્ત રીતથી માદક પદાર્થનું સેવન કરનાર ક્યારે ય પણ આરાધક થતાં નથી તેમજ તે નિંદાને પાત્ર બને છે.

**(૧૩)** બુદ્ધિમાન મુનિ પૌષ્ટિક પદાર્થોનો તેમજ માદક પદાર્થ તથા પ્રમાદનો ત્યાગ કરતાં ઉત્કૃષ્ટ તપ-આચરણથી સંયમની આરાધના કરે છે અને પ્રશંસા પ્રાપ્ત કરે છે.

**(૧૪)** જે તપ, વ્રત, સાધુના રૂપ તેમજ આચારના ચોર હોય છે અર્થાત્ જે આ વિષયોમાં ભગવાનની આજ્ઞાથી વિપરીત આચરણ કરે છે અથવા શક્તિ હોવા છતાં પણ વ્રત-નિયમોનું ઔત્સર્ગિક ઉત્કૃષ્ટ આચરણ કરતા નથી, તપમાં આગળ વધવાની રુચિ રાખતા નથી, વસ્ત્ર-પાત્ર આદિમાં ઊણોદરી કરતાં થકા, અચેલ, અપાત્ર થવા પ્રયત્ન કરતા નથી, પરંતુ છતી શક્તિએ આરામથી રહેવાનું લક્ષ્ય રાખે છે, તેને અહીં **'ચોર'** કહેવામાં આવેલ છે.

**(૧૫)** આવો સાધક, કિલ્વિષિક દેવ, તિર્યંચ, નરક ગતિમાં ભ્રમણ કરે છે. તેથી સરળતાપૂર્વક, શક્તિ અનુસાર તપ સંયમમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા રહેવું જોઈએ તેમજ એષણાના વિવિધ નિયમો-ઉપનિયમોને, ઔદ્દેશિક આદિ દોષોને ગુઢ આદિ પાસે સારી રીતે સમજીને એષણા સમિતિનું વિશુદ્ધરૂપે પાલન કરતા રહેવું જોઈએ.

# અધ્યયન–૬ : મહાચાર કથા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં અઢાર સ્થાનો કઈ રીતે કહ્યા છે ?**

**જવાબ–** ચોથા અધ્યયનમાં કહેલ ૬ વ્રત અને ૬ કાયાને લઈને તેમાં ૬ બોલ સાધ્વાચારના મેળવીને આ અધ્યયનમાં ૧૮ સ્થાનોનું બીજા ઢંગથી વિશ્લેષણ કરી પદ્યમાં સમજાવેલ છે. સાથે એમ પણ કહ્યું છે કે આ સ્થાનો આબાલવૃદ્ધ, રોગી, નિરોગી બધા સાધુ–સાધ્વીને અખંડ રૂપે પાળવા આવશ્યક હોય છે. આમાંથી કોઈપણ સ્થાનની વિરાધના કરનાર શ્રમણ પોતાના સાધુપણાથી ભ્રષ્ટ થાય છે.

આ રીતે ૧૮ સ્થાનોનું મહત્ત્વ સ્થાપિત કરીને પછી તે દરેકનું ક્રમશઃ

વિશ્લેષણ ૨, ૩ કે ૪ ગાથાઓમાં કરવામાં આવ્યું છે. તે સ્થાન આ પ્રમાણે છે– (૧–૬) પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વ્રત (૭–૧૨)છ કાય (૧૩) અકલ્પનીય (૧૪) ગૃહસ્થ ભાજન (૧૫) પલ્યંક (૧૬) નિષદ્યા (૧૭) સ્નાન (૧૮) વિભૂષા–શોભા. આમાંથી ૬નું પાલન, ૬નું રક્ષણ અને ૬ સ્થાનોનું વર્જન કરવાનું કહ્યું છે.

**પ્રશ્ન–૨ : છ વ્રતોનું વિશ્લેષણ કઈ રીતે કરેલ છે ?**

**જવાબ– (૧)** બધા જ ત્રસ અને સ્થાવર જીવ જીવવા ઈચ્છે છે, પ્રાણીવધ ઘોર પાપ છે. તેથી મુનિ તેનો સર્વથા(કરવું, કરાવવું, અનુમોદન કરવું–મન, વચન, કાયાથી) ત્યાગ કરે છે.

**(૨)** જૂઠું બોલવું પર પીડાકારી છે, તેમજ અવિ✓ાસ ઉત્પન્ન કરનાર છે. તે બધા ધર્મોમાં ત્યાજ્ય ગણેલ છે. તેથી મુનિ પોતાના માટે કે બીજા માટે ક્રોધાદિ કષાય વશ અથવા હાસ્ય કે ભયથી પણ જૂઠુ બોલવાનો સર્વથા ત્યાગ કરે છે.

**(૩)** કોઈ દ્વારા દીધા વિના કે આજ્ઞા વિના મુનિ તૃણ માત્ર પણ ગ્રહણ કરતા નથી.

**(૪)** મૈથુન સંસર્ગ, મહાન દોષોને તેમજ પ્રમાદને ઉત્પન્ન કરનાર છે. વળી તે અધર્મનું મૂળ છે તથા પરિણામમાં દુઃખદાયક છે. તેથી મુનિ અબ્રહ્મચર્યનો સર્વથા ત્યાગ કરે છે.

**(૫)** મુનિ સંયમના આવશ્યક ઉપકરણો રાખવા સિવાય કોઈપણ પદાર્થોનો સંગ્રહ કરતા નથી. આવશ્યક ઉપકરણોમાં પણ મમત્વભાવ રાખતા નથી, કેવળ સંયમ જીવનના નિર્વાહ માટે તેમજ દેહ સંરક્ષણ માટે તે ઉપકરણોને ધારણ કરે છે. મુનિને પોતાના શરીરમાં પણ મમત્વભાવ ન રાખવો. મમત્વ, મૂર્છા જો હોય તો શરીર તેમજ ઉપકરણને પણ પરિગ્રહ ગણવામાં આવે છે. ગાથા ૧૮–૧૯માં કહ્યું છે કે મીઠું, તેલ, ઘી, ગોળ વગેરે ખાદ્ય સામગ્રીનો સંગ્રહ કરનાર **ગૃહસ્થ છે, સાધુ નથી.**

**(૬)** અનેક સૂક્ષ્મ, ત્રસ તેમજ સ્થાવર પ્રાણી રાત્રે દેખાતા નથી. એષણા સમિતિ તેમજ ઈર્યા સમિતિનું પાલન પણ રાત્રે થઈ શકતું નથી. તેથી મુનિ રાત્રે સંપૂર્ણ આહારનો ત્યાગ કરે છે.

**પ્રશ્ન–૩ : છ કાયાનું વિશ્લેષણ કઈ રીતે કરેલ છે ?**





**જવાબ–** સુસમાધિવંત શ્રમણ પૃથ્વીકાયાની હિંસા ત્રણ કરણ અને ત્રણ યોગથી કરે નહીં. પૃથ્વીકાયની હિંસા કરતાં તેના આશ્રયમાં રહેલા દષ્ટ અને અદષ્ટ એવા ત્રસ આદિ જીવોની પણ હિંસા થાય છે. આમ એક કાયાની હિંસા પણ અન્ય હિંસા દોષ યુક્ત હોય છે એમ જાણી મુનિ જીવનભર માટે હિંસાનો ત્યાગ કરે છે. આ રીતે અપ્કાય, વનસ્પતિકાય અને ત્રસકાયનું વિશ્લેષણ પણ સમજવું.

અગ્નિ અન્ય જીવો માટે તીક્ષ્ણ શસ્ત્ર છે, તેને સહેવું સર્વથા દુષ્કર છે. તે છએ દિશાઓમાં રહેલા પ્રાણીઓને બાળીને ભસ્મ કરે છે. તેથી પ્રકાશ માટે કે તાપ માટે કોઈપણ હેતુથી અગ્નિના આરંભનો મુનિ જીવનપર્યંત ત્યાગ કરે છે.

વાયુકાયની હિંસા પણ સાવદ્ય બહુલ છે. માટે છકાય રક્ષક મુનિ પંખા વગેરેથી હવા કરતા કરાવતા નથી અર્થાત્ વીંઝતા વીંઝાવતા નથી. તેમજ વસ્ત્રાદિ ઉપકરણોને પણ યતનાથી ઉપયોગમાં લે છે તથા જીવનપર્યંત વાયુકાયની હિંસા અને અયતનાનો ત્યાગ કરે છે. આ રીતે વિવેક રાખી મુનિ છકાય જીવોનું રક્ષણ કરે છે.

**પ્રશ્ન–૪ : અન્ય ૬ સ્થાનોનું વિશ્લેષણ કઈ રીતે કરવામાં આવ્યું છે ?**

**જવાબ– અકલ્પનીય–** જે પોતાના નિમિત્તથી બનેલ, ખરીદેલ, અન્ય ઓરડાથી કે નહીં દેખાતા સ્થાનથી સામે લાવેલ આહાર ગ્રહણ કરે છે, નિત્ય નિમંત્રણ સ્વીકારીને મનોજ્ઞ અને સદોષ આહાર ગ્રહણ કરે છે, તે પ્રાણીવધનું અનુમોદન કરે છે, તેથી તેવું કરનાર તીર્થંકર ભગવાનની આજ્ઞામાં નથી.

**ગૃહી-ભાજન–** મુનિએ ગૃહસ્થના થાળી, વાટકાં, ગ્લાસ વગેરેમાં આહાર-પાણી વાપરવા નહીં, કારણ કે પછી ગૃહસ્થ તે વાસણોને ધોવા માટે સચેત પાણીની વિરાધના કરે કે તે ધોયેલા પાણીને ગટર આદિમાં ફેંકે અથવા તે ફેંકેલ પાણી ક્યાંક ભેગું થવાથી તેમાં ત્રસ જીવ પડીને મરે છે.(કપડાં ધોવા કે પાણી શીતલ કરવા અર્થે, ગ્રહણ કરાતા સાધનો માટે આ વિધાન લાગુ પડતું નથી. કારણ કે તે સાધનો ગૃહસ્થને ધોવા પડતા નહીં; સાધુ પોતે જ સ્વચ્છ કરીને રાખે છે.)

**પલંગ**, ખાટ, મુઢા(વિશેષ પ્રકારની ખુરશી) વગેરે દુષ્પ્રતિલેખ્ય શય્યા આસનોને ઉપયોગમાં ન લેવાં.(સુપ્રતિલેખ્ય કાષ્ટ, પ્લાસ્ટિકના ઉપકરણો માટે આ નિયમ લાગુ પડતો નથી.)

ગોચરી માટે ગયેલ ભિક્ષુ ક્યાંય પણ **ગૃહસ્થના ઘેર ન બેસે.** ત્યાં બેસવાથી– બ્રહ્મચર્યમાં વિપત્તિ, પ્રાણી વધ અને અન્ય ભિક્ષાજીવિકોના અંતરાયનું

કારણ તેમજ ઘરના માલિકના ક્રોધનું નિમિત્ત બને છે, મતલબ કે એવા કુશીલ વર્ધક સ્થાનનો મુનિ સર્વથા ત્યાગ કરે. વૃદ્ધ, રોગી, તપસ્વી આ ત્રણે ગોચરીમાં ગૃહસ્થના ઘેર ક્યારેક બેસી શકે છે.

રોગી હોય કે સ્વસ્થ, **સ્નાન** કરવું કોઈપણ સાધુને કલ્પતું નથી. તેમ કરવાથી તે આચારથી ભ્રષ્ટ બને છે. તેમનું સંયમ શિથિલ બની જાય છે. તેથી ભિક્ષુ ઠંડા કે ગરમ પાણીથી ક્યારે ય પણ સ્નાન કરતા નથી.

ઉબટન, માલિસ આદિ કરવું તેમજ શરીર કે વસ્ત્રોને સુસજ્જિત-**વિભૂષિત** કરવા, એ કાર્યો ભિક્ષુને કલ્પે નહિ. નગ્ન, મુંડ, દીર્ઘ રોમ અને દીર્ઘ નખવાળા બ્રહ્મચારી ભિક્ષુને વિભૂષાથી પ્રયોજન શું હોય ?

વિભૂષાવૃત્તિથી અથવા તેના સંકલ્પ માત્રથી ભિક્ષુને ચીકણા કર્મનો બંધ થાય છે. કારણ કે તેના માટે અનેક સાવદ્ય પ્રવૃત્તિઓ કરવી પડે છે. વિભૂષાવૃત્તિથી ભિક્ષુ ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી છ કાય જીવના રક્ષક મુનિ વિભૂષા વૃત્તિનું સેવન કરતા નથી.

**પ્રશ્ન–૫ : આ ૧૮ બોલોની આરાધનાનો શું લાભ દર્શાવ્યો છે ?**

**જવાબ–** આ અઢાર સ્થાનોનું અખંડ આરાધન કરનાર તત્ત્વવેત્તા મુનિ મોહ રહિત થઈને તપ સંયમમાં અને ક્ષમા આદિ યતિધર્મોમાં તલ્લીન થઈ જાય છે. તે નવા કર્મ બંધ કરતો નથી અને પૂર્વકૃત કર્મોનો ક્ષય કરે છે. તે નિર્મમત્વી, ઉપશાંત, નિષ્પરિગ્રહી, યશસ્વી મુનિ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે અથવા વૈમાનિક દેવ થાય છે.

## અધ્યયન–૭ : સુવાક્ય શુદ્ધિ

**પ્રશ્ન–૧ : અધ્યયનમાં ભાષા સંબંધી દોષ અને વિવેક કઈ રીતે સમજાવેલ છે ?**

**જવાબ– (૧)** આ અધ્યયનમાં ભાષા સંબંધી વિવેક શીખવતાં સૂક્ષ્મતમ સત્યનું નિરૂપણ કરવામાં આવેલ છે.

**(૨)** વેશ માત્ર જોઈને કોઈ 'સ્ત્રીને પુરુષ' કહે, તો પણ તેને અસત્ય ભાષણના પાપ કર્મનો બંધ થાય છે. તેથી મુનિએ સાવધાનીપૂર્વક સત્ય ભાષણ કરવું જોઈએ.

**(૩)** જઈશું, ખાઈશું, કરીશું, બોલીશું, એવા ભવિષ્યકાળ સંબંધી નિશ્ચયાત્મક પ્રયોગ ભિક્ષુ ન કરે, પરંતુ જવાનો વિચાર છે, ખાવાનો ભાવ છે, કરવાનો ભાવ છે ઈત્યાદિ એ રીતે બોલવું જોઈએ.





**(૪)** ત્રસ-સ્થાવર પ્રાણીનો વિનાશ થાય તેવી ભાષા ન બોલવી જોઈએ.

**(૫)** કાણાને કાણો, આંધળાને આંધળો, રોગીને રોગી ઈત્યાદિ કોઈને પીડાકારી ભાષા ન બોલવી જોઈએ. તેમજ મુનિએ દુષ્ટ, મૂર્ખ, કપટી, બદમાસ, લંપટ, કૂતરો વગેરે કઠોર ભાષા બોલવી ન જોઈએ.

**(૬)** મા, દાદી, ભાભી, માસી, ફૈબા, દાસી, સ્વામિની અથવા પિતા, દાદા, મામા, માસા, ફુઆ, દાસ, સ્વામી વગેરે ગૃહસ્થ વચન ન બોલવા પરંતુ વ્યક્તિના નામ આદિથી કે બહેન, ભાઈ, બાઈ જેવા યથાયોગ્ય સંબોધનથી બોલાવવા જોઈએ.

**(૭)** મનુષ્ય, પશુ-પક્ષીના વિષયમાં 'આ જાડા તાજા છે, ખાવા પકાવવા યોગ્ય છે' વગેરે ન બોલવું જોઈએ.

**(૮)** આ વૃક્ષ, મકાનના લાકડા માટે યોગ્ય છે, તેમ ન બોલવું. આ જ રીતે ફળ, ધાન્ય, વનસ્પતિના સંબંધમાં ખાવા-પકાવવા યોગ્ય છે તથા નદીના વિષયમાં આ તરવા યોગ્ય છે, તેનું પાણી પીવા યોગ્ય છે વગેરે સાવદ્ય ભાષા ન બોલવી.

**(૯)** શુદ્ધ પ્રાપ્ત આહાર માટે પણ 'આ સારૂ બનાવ્યું છે, સારૂ પકાવ્યું છે', વગેરે ભાષા ન બોલવી.

**(૧૦)** આ વસ્તુ સર્વોત્કૃષ્ટ છે, દુનિયામાં આવું અન્ય ક્યાંય નથી, એમાં અગણિત અસંખ્ય ગુણ છે અથવા આ વસ્તુ ખરાબ છે વગેરે ન બોલવું જોઈએ.

**(૧૧)** 'બધું જ' શબ્દનો પ્રયોગ મુનિએ ન કરવો, જેમ કે 'બધું જ કહી દઈશ', 'બધું જ કરી લઈશ', 'બધું જ ખાઈશ' વગેરે.

**(૧૨)** ખરીદવા-વેચવાની પ્રેરણા અથવા નિષેધ સૂચક ભાષા ન બોલવી.

**(૧૩)** ગૃહસ્થને આવો, બેસો, જાવ, કરો, ખાઓ વગેરે આદેશ વાક્ય ન કહેવા.

**(૧૪)** લોકમાં ઘણા વેશધારી સાધુ હોય છે, હિંસાના પ્રેરક, માયાવી, ભગવાનની આજ્ઞાના ચોર, રસના આસક્ત, મહાવ્રત, સમિતિ, ગુપ્તિમાં અનુપયુક્ત હોય છે, છ કાય જીવોની યતનામાં લક્ષ્યહીન હોય છે, તેવા અસાધુ(કુસાધુ)ને સાધુ ન કહેવા. પરંતુ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપથી સંપન્ન હોય અને ઉપરોક્ત અવગુણોથી રહિત હોય તેવા સાધુઓ ને જ સાધુ કહેવા.

**(૧૫)** કોઈના જય અથવા પરાજયની ભવિષ્યસૂચક ભાષા ન બોલવી.

**(૧૬)** વરસાદ, ઠંડી, ગરમી, દુષ્કાળ, સુકાળ વગેરે કુદરતી રચનાઓના સંબંધમાં તેના થવા કે ન થવા સંબંધી કોઈ ભાષા ન બોલવી જોઈએ, એવી ભાષા નિરર્થક

છે, કારણ કે પ્રકૃતિ કોઈ મનુષ્યના વશમાં નથી.

**(૧૭)** 'આ તો રાજા છે', 'આ તો દેવ છે' એવી અતિશયોક્તિની ભાષા ન બોલવી. રિદ્ધિમાન, ઐશ્વર્યવાન, સંપત્તિશાળી વગેરે કહી શકાય છે.

**(૧૮)** સાવદ્ય કાર્યો(આરંભ-સમારંભ)ની પ્રેરક અથવા પ્રશંસક ભાષા ન બોલવી. નિશ્ચયકારી, પર-પીડાકારી; ક્રોધ, માન, માયા, લોભ અને ભયને વશ થઈ ન બોલવું તેમજ હાંસી-મજાકમાં ન બોલવું.

**(૧૯)** આ પ્રકારે ભાષાનાં ગુણ દોષો, વિધિ-નિષેધોને જાણીને વિચારપૂર્વક ભાષા પ્રયોગ કરનાર, ઈન્દ્રિયોને વશમાં રાખનાર, કષાયોથી રહિત તેમજ કોઈ પણ પ્રતિબંધથી કે કોઈના આશ્રયથી રહિત મુનિ કર્મોનો ક્ષય કરીને આરાધક બને છે.

# અધ્યયન–૮ : આચાર પ્રણિધિ

**પ્રશ્ન–૧ : વિવિધ આચારના ખજાના જેવું આ અધ્યયન કયા વિષયોથી પરિપૂર્ણ છે ?**

**જવાબ–** છઠ્ઠા અધ્યયનની જેમ આ અધ્યયનમાં સંયમની સાવધાનીનાં શિક્ષા વચન છે. પણ અહીં કોઈ સંખ્યા નિર્ધારિત કરેલ નથી. છતાં આચાર સ્થાનોનું વધુ અને નવું સંકલન છે, જેમ કે– (૧) છ કાય (૨) સૂક્ષ્મ ૮ તત્ત્વો (૩) પાંચ સમિતિ સંબંધી (૪) કષ્ટ સહિષ્ણુતા (૫) નિંદા–કષાય ત્યાગ (૬) પરાક્રમ (૭) વિનય–વિવેક (૮) શય્યા (૯) બ્રહ્મચર્ય સુરક્ષા (૧૦) મૂળ લક્ષ્ય (૧૧) ઉપસંહાર.

**પ્રશ્ન–૨ : આ આચાર વિષયોના વિશ્લેષણમાં શું સમજાવ્યું છે ?**

**જવાબ– (૧)** પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, લીલાઘાસ અને વૃક્ષમાં પણ જીવ છે અને નાના-નાના ત્રસ પ્રાણી છે, તેનામાં મનુષ્ય સમાન જ જીવ છે. મન, વચન, કાયાએ કરી હંમેશા તે જીવોની સાથે અહિંસક તેમજ સાવધાની યુક્ત વ્યવહાર કરવો જોઈએ. કોઈપણ લક્ષ્યથી અર્થાત્ **૧.** જીવન-નિર્વાહ માટે **૨.** યશ-કીર્તિ માટે **૩.** આપત્તિમાં અથવા **૪.** ધર્મ સમજીને જન્મ-મરણથી મુક્ત થવાના લક્ષ્યથી પણ મુનિએ તે સ્થાવર અને ત્રસ જીવોની હિંસા ન કરવી જોઈએ અને ન તો તેવા હિંસાજનક કાર્યોની પ્રેરણા કે અનુમોદના આપવી જોઈએ.

**(૨)** સચેત પૃથ્વી અથવા સચેત રજ યુક્ત આસન વગેરે પર ન બેસવું તથા સચેત પૃથ્વીના છેદન-ભેદન કે તેને ખોતરવી વગેરે કૃત્યો ન કરવા.





**(૩)** કાચું પાણી ન પીવું, ન તેનો સ્પર્શ કરવો, વરસાદ આદિથી ક્યારેક શરીર ભીંજાઈ જાય તો તેને લૂછવું નહિ, સ્પર્શ ન કરવો, પોતાની જાતે સુકાઈ જાય ત્યાં સુધી સ્થિરકાય ઊભા રહેવું.

**(૪)** અગ્નિનો સ્પર્શ કરવો કે તેને પેટાવવો, બુઝાવવો વગેરે ન કરવું.

**(૫)** પંખા, ફૂંક આદિથી હવા ન નાખવી.

**(૬)** વનસ્પતિનું છેદન-ભેદન ન કરવું, ન કરાવવું, તેમજ લીલા ઘાસ, ફૂલ આદિ ઉપર ઊભા ન રહેવું તેમજ ચાલવું-બેસવું વગેરે પ્રવૃતિ ન કરવી.

**(૭)** ત્રસ જીવોની મન, વચન અને કાયાથી હિંસા ન કરવી.

**આઠ સૂક્ષ્મ–** આઠ સૂક્ષ્મ (સજીવ) હોય છે, તેની રક્ષામાં અને યતનામાં અત્યંત સાવધાની રાખવી. તે આઠ સૂક્ષ્મ આ મુજબ છે– **૧.** ઝાકળ, ધુમ્મસ, બરફ, કરા આદિ જલ(સ્નેહ) સૂક્ષ્મ છે **૨.** વડ, ઉંબરના ફૂલ આદિ ફૂલ સૂક્ષ્મ છે. **૩.** તેવી ભૂમિના જ રંગના કંથવા આદિ, પુસ્તકોના સૂક્ષ્મજીવ તથા મચ્છર, લીખ, જૂ, મકોડા આદિ 'પ્રાણ સૂક્ષ્મ' **૪.** કીડીઓના દર **૫.** પાંચ પ્રકારની લીલ-ફૂગ **૬.** વડ આદિના બીજ 'બીજ સૂક્ષ્મ' **૭.** નાના-નાના અંકુર 'હરિતકાય સૂક્ષ્મ' **૮.** માખી, કીડી, ગરોળી, કંસારી આદિના ઈંડા 'અંડ સૂક્ષ્મ' છે.

તેથી મુનિ વસ્ત્ર, પાત્ર, શય્યા, આસન, ગમન ભૂમિ, પરિષ્ઠાપન ભૂમિને એકાગ્રચિત્તે સાવધાનીપૂર્વક જુએ અને જીવોની યતના કરે.

**પાંચ સમિતિ– (૧)** મુનિ વસ્ત્ર, પાત્ર, શય્યા, આસન, ગમનભૂમિ, પરિષ્ઠાપન ભૂમિને એકાગ્રચિત્તે સાવધાનીપૂર્વક જુએ અને જીવોની યતના કરે.

**(૨)** ગોચરી માટે ગયેલ સાધુ ત્યાં યતનાથી ઉભા રહે તેમજ પરિમિત ભાષા બોલે તથા દષ્ટિને કેન્દ્રિત રાખે, ત્યાં અનેક જોયેલી, સાંભળેલી અને અનુભવ કરેલી વાતોને ગંભીરતાથી હૃદયમાં ધારણ કરે. પણ જેને-તેને કે કોઈને કહે નહીં.

**(૩)** કોઈના પૂછવાથી કે પૂછ્યા વિના "કોના ઘરેથી શું મળ્યું કે શું ન મળ્યું; ખરાબ મળ્યું કે સારું મળ્યું;" ઈત્યાદિ ગૃહસ્થોને ન કહેવું.

**(૪)** ભિક્ષુ અનાસક્ત ભાવે અજ્ઞાત ઘરોમાં(મતલબ કે જે ઘરમાં સાધુના આવવાની તૈયારી કે ઈન્તેજારી ન હોય, એવા ઘરોમાં) નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત કરે, પરંતુ સાધુના નિમિત્તે બનાવેલ, ખરીદેલ કે લાવેલ સદોષ આહારને ગ્રહણ ન કરે

**(૫)** ભિક્ષુ સંતોષી તેમજ અલ્પ ઈચ્છાવાળો હોય તેમજ જેવા આહાર, શય્યા

વગેરે મળે તેમાં જ નિર્વાહ કરનાર તેમજ સંતોષ રાખી પ્રસન્ન રહેનાર બને.
**(૬)** જે ભાષાને બોલવાથી કોઈને અપ્રીતિ થાય, ગુસ્સો આવે; એવું ન બોલવું.
**(૭)** ગંભીરતાથી વિચાર કરીને અસંદિગ્ધ ભાષા બોલવી.
**(૮)** વિદ્વાન, બહુશ્રુત આદિની પણ ક્યારે ય ભાષામાં સ્ખલના–ભૂલ થઈ જાય તો તેમનો ઉપહાસ કરવો નહીં.
**(૯)** મુનિ સ્વપ્ન ફળ, નિમિત્ત, ઔષધ, ભેષજ ગૃહસ્થને ન બતાવે.

**કષાય– (૧)** મુનિ ઈચ્છા કે જરૂરિયાતથી અલ્પ મળે ત્યારે ક્રોધ કે નિન્દા ન કરે **(૨)** મુનિ આત્મપ્રશંસા(ઉત્કર્ષ) તેમજ પર નિંદા(તિરસ્કાર) ક્યારે ય ન કરે. જ્ઞાનનું અભિમાન ન કરે. સૂત્રકૃતાંગ સૂત્ર અધ્યયન–રમાં કોઈનો પરાભવ = નિંદા-તિરસ્કાર(અપમાન) કરનારને મહાન સંસારમાં પર્યટન કરનાર કહેલ છે. **(૩)** ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વગુણોનો નાશ કરે છે. તેથી તે સર્વેના પ્રતિપક્ષી ઉપશમ, મૃદુતા, સરળતા અને સંતોષને ધારણ કરી કષાય વિજેતા બનવું જોઈએ. ખરેખર કષાય જ પુનર્જન્મના મૂળને સિંચનાર અવગુણ છે.

**પરાક્રમ, વિનય વિવેક આદિ– (૧)** કષ્ટ-પરીષહ તેમજ મનોજ્ઞ-અમનોજ્ઞ, ઈન્દ્રિય વિષયો પ્રાપ્ત થાય ત્યારે અદીન-ભાવે સહન કરે. **(૨) દેહ દુઃખં મહાફલં,** શારીરિક કષ્ટોને સમ્યક પ્રકારે સહન કરવા, તે મોક્ષ રૂપી મહાન ફળને દેનાર છે. **(૩)** પોતાની યોગ્યતા, ક્ષમતા, સ્વાસ્થ્યનો વિચાર કરી સંયમ પાલન કરતા મુનિને તપ, સ્વાધ્યાય, ધ્યાન આદિ યોગોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા રહેવું જોઈએ, પરંતુ પ્રમાદ ન કરવો જોઈએ **(૪)** વૃદ્ધાવસ્થા, રોગ અને ઈન્દ્રિયોથી અશક્ત થયા પહેલાં જ સંયમમાં પરાક્રમ કરી લેવું જોઈએ. **(૫)** રત્નાધિક ભિક્ષુઓની વિનય-ભક્તિ કરવી, તેમાં પણ સંયમ મર્યાદાનું અર્થાત્ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન ક્યારે ય ન કરવું. **(૬)** નિદ્રાને બહુ આદર ન આપવો, હાસ્યનો તેમજ પરસ્પર વાતો કરવાનો ત્યાગ કરવો અને સદા સ્વાધ્યાયમાં લીન રહેવું જોઈએ. **(૭)** મુનિએ આળસ છોડી સંયમ, તપ, સ્વાધ્યાયમાં વૃદ્ધિ કરવી. **(૮)** કાયાથી, આસનથી તેમજ વચનથી ગુરુનો પૂર્ણ વિનય કરવો. **(૯)** મુનિએ ગૃહસ્થ માટે બનાવેલ, સ્ત્રી, પશુ આદિથી રહિત અને મળ-મૂત્ર પરઠવાની ભૂમિથી યુક્ત સ્થાનમાં જ રહેવું. ગૃહસ્થોનો સંપર્ક-પરિચય ન વધારવો.**(૧૦)** જે ભાવનાથી, લક્ષ્યથી, વૈરાગ્યથી ઘર છોડી સંયમ ગ્રહણ કરેલ, તે લક્ષ્યને કાયમ રાખવું જોઈએ.





અન્ય લક્ષ્યોને સ્થાન ન દેતા તેનાથી મુક્ત રહેવું જોઈએ. સંયમ ગ્રહણનું લક્ષ્ય હોય છે– સ્વ આત્મ કલ્યાણ કરવું, શરીરનું મમત્વ ન રાખતાં રર પરીષહ જીતવા, સમભાવ રાખવો અને સંપૂર્ણ ઈચ્છાઓને, જીવનને જિન આજ્ઞામાં સમર્પિત કરી દેવા, તેમજ સમય માત્રનો પણ પ્રમાદ ન કરતાં, સદા સ્વાધ્યાય, ધ્યાન, વૈયાવૃત્યમાં લીન રહેવું. સાથે જ પોતાની ક્ષમતા તેમજ ચિત્ત સમાધિનો ખ્યાલ રાખવો, સર્વત્ર જરૂરી સમજવું જોઈએ.**(૧૧)** સ્વાધ્યાય અને શુભ ધ્યાનમાં લીન રહેનાર તેમજ વિશુદ્ધ ભાવથી તપમાં પુરુષાર્થ કરનાર, કષ્ટ સહિષ્ણુ, જિતેન્દ્રિય મુનિ રાગદ્વેષ અને પરિગ્રહથી મુક્ત થઈ જાય છે.

**બ્રહ્મચર્ય સુરક્ષા– (૧)** મરઘીના બચ્ચાને સદાય બિલાડીનો ડર રહે છે, તેવી જ રીતે બ્રહ્મચારી મુનિને સ્ત્રી શરીરથી સદા જોખમ રહે છે, તેથી સ્ત્રી સહનિવાસ ન કરવો; તેમના રૂપ કે ચિત્ર ન જોવા; દષ્ટિ પડતાં જ તેને ફેરવી લેવી; જેવી રીતે સૂર્ય પર ગયેલ દષ્ટિ તરત હટી જાય છે. **(૨)** અતિ વૃદ્ધ જર્જરિત દેહવાળી સ્ત્રી હોય તો પણ સહનિવાસ ન કરવો.
**(૩)** બ્રહ્મચારી ભિક્ષુ માટે ત્રણ પ્રવૃત્તિઓ તાલપુટ વિષ સમાન છે– **૧.** વિભૂષા-શ્રૃંગાર **૨.** સ્ત્રી-સંસર્ગ **૩.** પૌષ્ટિક ભોજન. **(૪)** સુંદર રૂપ પણ પુદ્ગલ પરિણમન છે, ક્ષણિક છે, પરિવર્તનશીલ છે, તેવું જાણી મુનિ તેમાં અનાસક્ત બને.

# અધ્યયન–૯ : વિનય સમાધિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશકોમાં વિષયને વિભાજિત કરવામાં આવેલ છે. જેમ કે– (૧) ગુરુની અવિનય અશાતના કરવી નહીં એમ સમજાવીને પછી વિનયભાવ રાખવા માટે દષ્ટાંતો આપીને સમજાવેલ છે. (૨) બીજા ઉદ્દેશકમાં વૃક્ષની ઉપમાથી વિનયગુણને અન્ય ગુણોમાં મુખ્ય રૂપે પ્રરૂપેલ છે. ત્યાર પછી વિનીત અવિનીતની સુગતિ દુર્ગતિ થવાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. (૩) ત્રીજા ઉદ્દેશકમાં પૂજ્ય કોણ હોય છે તે દર્શાવતાં ભિક્ષુના અનેક ગુણોનું સંકલન કરેલ છે.(૪) ચોથા ઉદ્દેશકમાં ચાર પ્રકારની વિનય સમાધિનું નિરૂપણ ગદ્ય–પદ્યમય છે. આ રીતે ચાર ઉદ્દેશકોમાં વિનયાચારનું મહત્ત્વ સ્થાપિત કરેલ છે.

**પ્રશ્ન–૨ : ચારે ય ઉદ્દેશકોનો સંક્ષિપ્ત સાર શું છે ?**

**જવાબ– પ્રથમ ઉદ્દેશક– (૧)** ગુરુ, રત્નાધિક ભિક્ષુ અલ્પવય, અલ્પ બુદ્ધિવાળા હોય તો પણ તેમનો પૂર્ણ વિનય કરવો જોઈએ. તેમની ક્યારે ય હીલના (આશાતના) ન કરવી જોઈએ. **(૨)** ગુરુ આદિની આશાતના સ્વયં ને જ અહિત કરનારી થાય છે. **(૩)** અગ્નિ પર ચાલવું, આશીવિષ સર્પને છંછેડવો, જીવવાની ઈચ્છાથી વિષ ખાવું, પર્વતને મસ્તકથી તોડવાનો પ્રયત્ન કરવો, સૂતેલા સિંહને જગાડવો, તલવારની ધાર પર હાથથી પ્રહાર કરવો, વગેરે જેમ દુઃખકારી અને મૂર્ખતાપૂર્ણ પ્રવૃત્તિઓ છે તેમજ ગુરુ આદિની આશાતના, હીલના કરવી તે પણ સ્વયંના દુઃખોની એટલે સંસારની વૃદ્ધિ કરવા સમાન છે. તેથી મોક્ષના અભિલાષી મુનિએ સદા ગુરુ આદિના ચિત્તની આરાધના કરતાં થકા રહેવું જોઈએ. **(૪)** અગ્નિહોત્રી(હવન કરનાર) જીવન પર્યંત, તેમજ વિદ્વાન થઈ જવા છતાં પણ અગ્નિનું સન્માન-બહુમાન રાખે છે, તે પ્રકારે મુનિએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય તો પણ ગુરુ આદિનાં વિનય, બહુમાન કરતાં રહેવું જોઈએ.

**બીજો ઉદ્દેશક– (૧)** વૃક્ષના મૂળમાંથી જ સ્કંધાદિ ફળ પર્યન્ત વૃદ્ધિ થાય છે, તે પ્રકારે ધર્મમાં વિનય મૂળની સુરક્ષા તેમજ વૃદ્ધિથી મોક્ષ-ફળ પર્યન્ત બધાં જ ગુણોની ઉપલબ્ધિ થાય છે. અર્થાત્ આ જિનશાસન વિનયમૂળ ધર્મવાળું છે. વિનયથી યુક્ત મુનિને જ કીર્તિ, શ્લાઘા, શ્રુત આદિ સંપૂર્ણ લાભ પ્રાપ્ત થાય છે. **(૨)** અવિનીત, અભિમાની, બોલવામાં ફૂવડ, માયાવી વ્યક્તિ, પાણીના તીવ્ર પ્રવાહમાં પડેલ લાકડાની જેમ દુઃખમય સંસારમાં ગોથા ખાતા રહે છે. **(૩)** સંસારમાં પણ અવિનીત વિદ્યાર્થી અધ્યાપકોનો માર ખાય છે, અવિનીત હાથી-ઘોડા પણ મારપીટથી વશમાં કરવામાં આવે છે. **(૪)** દેવ બનનારમાં પણ અવિનીતોની હીન દશા થાય છે અર્થાત્ તેને પણ કિલ્વિષિક આદિની પ્રાપ્તિ થાય છે. **(૫)** શિલ્પકળા શીખનાર વિદ્યાર્થી અધ્યાપકોના અનેકો કષ્ટ સહન કરીને પણ સ્થિર બુદ્ધિથી અભ્યાસ કરે ત્યારે જ તે પારંગત થાય છે. **(૬)** તેથી મોક્ષાર્થી મુનિ આચાર્ય-ઉપાધ્યાયના અનુશાસનથી ક્યારે ય પણ સંત્રસ્ત ન બને, તો જ તેને અક્ષય સુખ-નિધી પરમ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. **(૭)** ફક્ત એક ભવના સુખના લક્ષ્યવાળા પણ કેટલા સહનશીલ બને છે ? જ્યારે મુનિએ તો અનંત ભવભ્રમણ મિટાવી પરમસુખી બનવા માટે પૃથ્વી સમાન મહાન સહનશીલ બની સંયમ આરાધના કરવી જોઈએ. **(૮)** આચાર્ય આદિ પ્રત્યે ક્યારે ય પણ ખિન્ન બનવું નહિ. પરંતુ દરેક પ્રકારે વિનય ભક્તિ સુશ્રુષાથી ચિત્તની આરાધના કરવી. તેમના ઈશારા અને સંકેત માત્રને સમજી, નિર્દેશ અનુસાર





પ્રવૃત્તિ કરવી. **(૯)** અવિનીત તેમજ અવગુણોને ધારણ કરનારની મુક્તિ થતી નથી. **(૧૦)** વિનયથી સંપન્ન શિષ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

**ત્રીજો ઉદ્દેશક– (૧)** આ ઉદ્દેશકમાં 'પૂજ્ય' કોણ હોય છે, તે બતાવવા ભિક્ષુના અનેક ગુણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્ય વિષય છે– **૧.** વિનય **૨.** શુદ્ધ અજ્ઞાત ભિક્ષા**(અણ્ણાયઉંછં) ૩.** અલ્પ ઈચ્છા **૪.** વચનરૂપી બાણોને પોતાનો મુનિ ધર્મ સમજી સહન કરવા. **૫.** ભાષા વિવેક **૬.** નિંદાનો અથવા વિરોધ ભાવનો ત્યાગ **૭.** લોલુપતા રહિત થવું **૮.** મંત્ર-તંત્ર, નિમિત્ત, કુતૂહલથી દૂર રહેવું વગેરે.

**(૨)** જે પ્રકારે સુપુત્રીને માતા-પિતા યોગ્ય વર સાથે સ્થાપિત કરે છે, તે પ્રકારે યોગ્ય શિષ્યને, ગુરુ આદિ શ્રેષ્ઠ શ્રુતસમ્પન્નતા વગેરે ગુણોથી પ્રતિષ્ઠિત કરે છે તેમજ ઉચ્ચ શ્રેણીમાં પહોંચાડી દે છે.

**(૩)** તેથી ગુરુની આજ્ઞામાં રત રહેનાર મુનિ; સત્યરત, જિતેન્દ્રિય, કષાય મુક્ત, જિનમતમાં નિપુણ બની પૂજ્ય બની જાય છે અને અંતમાં કર્મ રજને પૂર્ણ નષ્ટ કરી મુક્ત બની જાય છે.

**ચોથો ઉદ્દેશક–(૧) વિનય–** હિતકારી અનુશાસનનો સ્વીકાર કરવો, ગુરુની સુશ્રુષા કરવી અને અભિમાનને સદા અળગું રાખવું.

**(૨) શ્રુત–** 'શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થશે. ચિત્ત એકાગ્ર બનશે'. તેવું સમજી અધ્યયનમાં લીન રહેવું. શ્રુત સંપન્ન મુનિ પોતાને અને બીજાઓને સંયમમાં, ધર્મમાં સ્થિર રાખી શકે છે. તેથી જ મુનિએ હંમેશાં શ્રુતનું અધ્યયન કરતા રહેવું જોઈએ.

**(૩) તપ–** આ લોકની કોઈપણ ઈચ્છા ન રાખતા તેમજ પરલોકની પણ ઈચ્છા ન રાખતા, એકાન્ત કર્મ નિર્જરા માટે તપ કરવું. તપથી યશ-કીર્તિની ચાહના પણ ન હોવી જોઈએ.

**(૪) આચાર–** જિનાજ્ઞાને સદા પ્રમુખ રાખતાં, તેમજ ગણગણાટ ન કરતાં(શાંત ભાવોથી) મહાવ્રત, બ્રહ્મચર્ય, સંયમ, સમાચારી, પરીષહ સહન આદિનું કેવળ મુક્તિના હેતુથી તેમજ જિનાજ્ઞાની આરાધનાના હેતુથી પાલન કરવું જોઈએ. જિનાજ્ઞા વિરુદ્ધ અન્ય કોઈ હેતુ–લક્ષ્ય ન હોવું જોઈએ.

**(૫)** આ ચારે ય સમાધિથી વિશુદ્ધ આત્મા વિપુલ, હિતકારી, સુખકારી, કલ્યાણકારી, નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે અર્થાત્ નરક આદિ ગતિઓના જન્મ-મરણથી સર્વથા મુક્ત બની જાય છે.

# અધ્યયન–૧૦ : સભિક્ષુ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો પરિચય શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં ભિક્ષુ કોણ હોય છે, આ સમજાવતાં અનેક આચારોનો તેમજ ગુણોનો નિર્દેશ કરવામાં આવેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા અધ્યયનમાં પણ આ જ પદ્ધતિથી વર્ણન છે અને તે અધ્યયનનું નામ પણ 'સભિક્ષુ' એમ જ છે. તથાપિ વિષયો ગુણોની અપેક્ષા બંનેની સ્વતંત્ર વિશેષતા છે. બંનેમાં જુદી જુદી રીતે વર્ણન છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં સંયમ આરાધન સંબંધી પ્રેરણા–શિક્ષાઓનો સાર શું છે ?**

**જવાબ–** આ અધ્યયનમાં અનેક આચારોનો, ગુણોનો નિર્દેશ આ રીતે કરવામાં આવેલ છે.

**(૧)** મુનિ નિત્ય ચિત્તને સંયમ સમાધિમાં રાખે, સ્ત્રીના વશમાં ન થાય, વમન કરેલ વિષયોની ઈચ્છા ન રાખે. **(૨)** મુનિ ભૂમિ ન ખોદે, ન ખોદાવે. કાચું પાણી ન પીવે, ન પીવાનું કહે, અગ્નિ ન પેટાવે, ન પેટાવવાનું કહે, પંખો કરે નહિ, કરાવે નહિ, લીલોતરીનું છેદન ન કરે, બીજ ને કચડતા ન ચાલે, સચેત ક્યારે ય પણ ન ખાય. **(૩)** અનેક ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસાનું કારણ જાણી મુનિ પોતાના ઉદ્દેશ્યથી બનેલ આહારને ન ખાય તેમજ પોતે ભોજન પકાવે નહીં અને અન્ય પાસે પકાવરાવે નહીં. **(૪)** મુનિ છ કાયને આત્મવત્ સમજે, પાંચ મહાવ્રત પૂર્ણ પાળે, પાંચ આશ્રવથી સદા નિવૃત્ત રહે. **(૫)** મુનિ ચાર કષાયનું સદા વમન(ત્યાગ) કરે, જિનાજ્ઞાનું દઢતાથી પાલન કરે, ગૃહસ્થના કૃત્ય ન કરે.

**(૬)** મુનિ સમજપૂર્વક તેમજ ચિંતન યુક્ત સમ્યક્ત્વ, જ્ઞાન, તપ અને સંયમને ધારણ કરી મન, વચન અને કાયાથી સુસંવૃત બને. **(૭)** મુનિ મળેલ આહાર પરસ્પર વહેંચીને ખાય, તેનો સંગ્રહ ન કરે. **(૮)** મુનિ ક્લેશ-કદાગ્રહથી દૂર રહે. **(૯)** મુનિ અનેક કઠણ તપસ્યાઓ અને ભયાનક પ્રતિમાઓને ધારણ કરે અને શરીરની આકાંક્ષા-મમત્વ છોડી દે. **(૧૦)** મુનિ આક્રોશ, પ્રહાર, તર્જનાઓને સહન કરી સુખ, દુઃખમાં સમાન રહે. સહનશીલતામાં પૃથ્વી સમાન બને.





**(૧૧)** મુનિ જન્મ-મરણના મહાન ભયને જાણી તેનાથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવા શ્રામણ્યમાં તથા તપમાં લીન રહે. **(૧૨)** મુનિ હાથ, પગ, કાયા, ઈન્દ્રિયોને પૂર્ણ સંયમમાં રાખે તેમજ પોતાના સૂત્રાર્થ જ્ઞાનની વૃદ્ધિ કરે. **(૧૩)** મુનિ ઉપકરણો પર મૂર્છાભાવ-મોહભાવ ન રાખે, શરીરનું મમત્વ છોડી અજ્ઞાત ભિક્ષા લે, અલ્પ તેમજ સામાન્ય આહાર કરે, ક્રય-વિક્રયથી કે સંગ્રહથી દૂર રહે, તેમજ ગૃહસ્થ-સંસર્ગ, આસક્તિથી પણ મુક્ત રહે.**(૧૪)** મુનિ લોલુપી અને રસગૃદ્ધ ન બને, દોષોનું સેવન ન કરે અને ઋદ્ધિ, સત્કાર, પૂજા ઈચ્છે નહિ. **(૧૫)** મુનિ બીજાને 'આ કુશીલ છે,' વગેરે ન કહે અને એવું પણ ન કહે જેનાથી બીજાને ગુસ્સો આવે. 'પ્રત્યેક વ્યક્તિના પુણ્ય, પાપ, પુરુષાર્થ ભિન્ન-ભિન્ન હોય છે' તેવું ચિંતન કરી સમભાવ, મધ્યસ્થ ભાવ, કરુણા ભાવ રાખે, પરનિંદા તેમજ સ્વ પ્રશંસા ન કરે.

**(૧૬)** મુનિએ પોતાની જાતિ, રૂપ, લાભ, જ્ઞાન વગેરે બધા જ પ્રકારના મદનો ત્યાગ કરવો તેમજ ધર્મ ધ્યાનમાં સદા લીન રહેવું. **(૧૭)** મુનિએ સંયમ ધારણ કરી કુશીલતાનો ત્યાગ કરવો, પોતે સંયમ ધર્મમાં લીન રહેવું, બીજાને સ્થિર કરવા, હાસ્ય, કુતૂહલનો ત્યાગ કરવો. **(૧૮)** આ પ્રકારે મુનિ નિત્ય આત્મ હિતમાં સ્થિર થઈ, અનિત્ય અને અપવિત્ર દેહની દેહાધીનતા છોડી દેહાતીત બની, જન્મ મરણથી મુક્ત થઈ જાય છે.

# ચૂલિકા– ૧–૨

**પ્રશ્ન–૧ : દસ અધ્યયન કહીને પછી આને અગિયારમું અધ્યયન ન કહેતાં, ચૂલિકા કેમ કહી ?**

**જવાબ–** મૌલિક વિષયનું વિભાજન જુદી રીતે કરવામાં આવે અને તે પછી બીજા જરૂરી વિષયોનું વિભાજન જુદી રીતે કરાય છે. કોઈપણ આગમ કે ગ્રંથમાં મૌલિક વિશ્લેષણ પછી અન્ય નિરૂપણ પરિશિષ્ટ રૂપમાં કરાય છે. તે જ રીતે અહીં દશવૈકાલિક સૂત્રનો સાધ્વાચાર વિષય દસ અધ્યયનમાં પૂર્ણ કરેલ છે, ત્યાર પછી બીજા શિક્ષાના બે વિષય લીધા છે કે– (૧) કોઈનું મન સંયમમાં સ્થિર ન હોય તેને શિક્ષિત કરવાના ઉપદેશ વચન. (૨) કોઈને સમૂહમાં શુભ સંયોગ ન મળે, સમાધિ ન રહે તો એકાકીપણે વિચરીને પણ સંયમ પાલન કરવું. આ બે વિષય સૂત્રગત આચારના મૌલક વિષયથી તદ્દન જુદા છે માટે તેનું ચૂલિકા

નામ રાખેલ છે. પ્રથમ ચૂલિકા રતિવાક્યામાં સંયમમાં આવેલા અરતિ ભાવને દૂર કરી સંયમમાં રતિ ભાવ પેદા કરવાના પ્રેરક વચનો છે. માટે એને **રતિવાક્યા** ચૂલિકા કહે છે.

વિશેષ કર્મ સંયોગે ગચ્છમાં નિર્વાહ ન થઈ શકે, સમાધિભાવ ન રહી શકે તો સંયમ છોડવા કરતાં એકલા રહેવું પડે તો તે સ્વીકાર કરી લેવું, એ પણ એક વિશિષ્ટ પરિસ્થિતિનો હિત સંદેશ છે કે કોઈ પણ સંયોગે સંયમ છોડવો ન પડે. એ વિષય પણ દશવૈકાલિકના આચાર વિષયથી ભિન્ન છે માટે એને **વિવિક્તચર્યા** ચૂલિકા રૂપે રાખેલ છે.

વિષય ભિન્નતાના કારણે ગ્રંથોમાં, સાહિત્યમાં અંતિમ વિષયોને પરિશિષ્ટ રૂપે રાખવામાં આવે છે તેને જ આગમમાં ચૂલિકા રૂપે કહેવાય છે. બારમા અંગશાસ્ત્રમાં પણ ચૂલિકા વિભાગ છે. મેઢપર્વતની ચૂલિકા છે અને માનવને પણ ચૂલિકા રૂપી ચોટી જુદી હોય છે છતાં તે શરીરનું અંગ જ હોય છે.

આમ સર્વ કોટિએ વિચારતાં જણાય છે કે દશવૈકાલિક સૂત્રમાં આવશ્યક સમજીને જ શાસ્ત્રકારે બે ચૂલિકા બે સ્વતંત્ર વિષયોની રાખી છે, તે જીવનમાં બહુ ઉપયોગી વિષય છે. સંકટની ઘડીએ વિચારોને મદદ કરનાર અને ધર્મમાં સમાધિભાવ રાખનાર તે બંને વિષયો છે. તેમજ તેને દશવૈકાલિક સૂત્રના અંતે ચૂલિકા રૂપે કહેવું પણ સર્વથા યોગ્ય છે અર્થાત્ આ બે અધ્યયનો ચૂલિકાના નામે દશવૈકાલિક સૂત્રના પરિશિષ્ટ રૂપે છે તેથી તેને અગિયારમું અધ્યયન કે બારમું અધ્યયન કહેવામાં આવ્યું નથી તે યોગ્ય છે, ઉપયુક્ત જ છે.

**પ્રશ્ન–૨ : પ્રથમ રતિવાક્યા ચૂલિકાના વર્ણનનો સાર સંક્ષેપમાં શું છે ?**

**જવાબ–** આચાર તેમજ વિનય સંબંધી વિષયના વર્ણનને દશ અધ્યયનમાં કહ્યા બાદ બાકીના વિષયને બે ચૂલિકા દ્વારા કહેવામાં આવ્યા છે.

**(૧)** સંયમથી ચિત્ત ચલિત થઈ જાય અર્થાત્ કષ્ટો સહેવામાં કે બ્રહ્મચર્ય પાલનમાં ચિત્ત થાકી જાય અને ફરી ગૃહસ્થ જીવન સ્વીકાર કરવાનો વિચાર ઉત્પન્ન થઈ જાય તો તે વિચારોને નિયંત્રિત કરવા માટે કે અંકુશમાં રાખવા માટે 'રતિ વાક્ય' નામની પ્રથમ ચૂલિકા છે. તેમાં સંયમના પ્રતિ રતિ–રુચિ ઉત્પન્ન કરનાર વાક્ય– ઉપદેશ વાક્ય કહેવામાં આવેલ છે.

**(૨)** શ્રમણનું સંયમમાં તો ચિત્ત હોય, પરંતુ તેને સામુહિક જીવનમાં શાંતિ-સમાધિ તથા સંયમ આરાધનામાં સંતોષ ન હોય અને અન્ય કોઈ યોગ્ય સમાધિકારક





સાથી ન મળે તો એકલા જ વિચરણ કરી આરાધના કરવી. તેના સ્પષ્ટીકરણ માટે 'વિવિક્ત ચર્ચા' નામની બીજી ચૂલિકા છે. 'વિવિકત ચર્ચા' એ 'એકલ વિહાર ચર્ચા'નો જ પર્યાયવાચી શબ્દ છે.

અસ્થિર આત્માવાળાએ આ પ્રકારે વિચાર કરવો જોઈએ–

**(૧)** હે આત્મન્ ! આ દુષમ કાળ–પાંચમા આરાનું જીવન જ દુઃખમય છે.

**(૨)** ગૃહસ્થ લોકોના કામભોગ અતિઅલ્પ અને અલ્પકાલીન છે.

**(૩)** સંપર્કમાં આવનાર લોકો બહુ જ માયાવી અને સ્વાર્થી હોય છે.

**(૪)** આ ઉત્પન્ન થયેલ દુઃખ અધિક સમય તો રહેનાર નથી જ.

**(૫)** ગૃહસ્થ જીવનમાં ઘણા બધા સામાન્ય લોકોની ગરજ કરવી પડે છે.

**(૬)** ગૃહસ્થ બનવું તે વમન કરેલ વસ્તુને ચાટવા એટલે ફરી ખાવા સમાન છે.

**(૭)** ફરી ગૃહસ્થી બનવું તે નિમ્નસ્તરમાં જવાની અથવા દુર્ગતિની તૈયારી છે.

**(૮)** ગૃહસ્થ જીવનમાં ધર્મ પાલન અતિ કઠિન હોય છે.

**(૯-૧૦)** રોગાતંક તેમજ સંયોગ-વિયોગના સંકલ્પ આત્મ સુખોનો નાશ કરનાર છે.

**(૧૧-૧૨)** ગૃહવાસ એ ક્લેશ, કર્મબંધ અને પાપથી પરિપૂર્ણ છે અને સંયમ એ ક્લેશ રહિત, મોક્ષરૂપ અને પાપ રહિત છે.

**(૧૩)** ગૃહસ્થના સુખ–કામભોગ અત્યન્ત તુચ્છ, સામાન્ય છે.

**(૧૪)** પોતાના શુભાશુભ કર્મ અનુસાર સુખ-દુઃખ ભોગવવા આવશ્યક છે.

**(૧૫)** મનુષ્ય જીવન ઝાકળ બિંદુ સમાન અસ્થિર છે.

**(૧૬)** હે આત્મન્ ! નિશ્ચયથી પૂર્વે બહુ જ પાપ કર્મોનો સંચય કરી રાખેલ છે.

**(૧૭)** પૂર્વ સંચિત દુષ્કૃતનું ફળ અવશ્ય ભોગવવું પડશે અથવા તપથી ક્ષય કરવું પડશે, ત્યારે જ મુક્તિ મળી શકે છે.

**(૧૮)** કોઈપણ અસ્થિર આત્મા સંયમને છોડ્યા બાદ પશ્ચાત્તાપ કરે છે. દેવલોકના ઈન્દ્ર, દેવ, રાજા, વગેરે પોતાના સ્થાનેથી ચ્યુત થઈ નિમ્ન સ્થાનોને પ્રાપ્ત કરી પૂર્વ અવસ્થાનું સ્મરણ કરીને ખેદ કરે છે. તેવી જ રીતે યુવાની વીતી ગયા પછી વૃદ્ધાવસ્થામાં તે સંયમ ત્યાગનાર ખેદ કરે છે.

**(૧૯)** તે જ્યારે કુટુંબ પરિવારની અનેક ચિંતાઓથી ચિંતિત થાય છે, ત્યારે

કીચડમાં ફસાયેલ હાથીની જેમ પશ્ચાત્તાપ કરે છે. તેને એમ વિચાર આવે છે કે અગર હું આજે જો સાધુ અવસ્થામાં હોત તો બહુ મોટો આચાર્ય કે બહુશ્રુત વગેરે બન્યો હોત.

**(૨૦)** વાસ્તવમાં જો મુનિ જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત બની સંયમ તપમાં લીન બને તો સંયમ મહાન સુખકર છે, તેમજ ઉચ્ચ દેવલોક સમાન આનંદકર છે પરંતુ સંયમમાં અરુચિ રાખનાર માટે એ જ સંયમ મહાન નરક સમાન દુઃખકર બની જાય છે.

**(૨૧)** આવું જાણી સદા સંયમમાં રમણતા કરવી જોઈએ અર્થાત્ સ્વાધ્યાય, ધ્યાન, તપમાં તલ્લીન રહેવું જોઈએ.

**(૨૨)** સંયમથી ચ્યુત થયેલા તેમજ ભોગોમાં આસક્ત બનેલા જીવને અપયશ, અપકીર્તિ અને દુર્ગતિની પ્રાપ્તિ થાય છે.

**(૨૩)** મુનિ એવો વિચાર કરે કે– નરકના અસંખ્ય વર્ષોના દુઃખની સામે સંયમના માનસિક આદિ દુઃખ અત્યંત નગણ્ય છે; આ દુઃખ, આ શરીર અને આ ભોગ બધું જ અલ્પકાલીન છે, ક્ષણિક છે.

**(૨૪)** તેવી રીતે પોતાના આત્માને અનુશાસિત કરી હિત-અહિત, હાનિ-લાભનો વિચાર કરી સંયમમાં સ્થિર રહેવું જોઈએ અને મન, વચન અને કાયાથી જિનાજ્ઞાની આરાધના કરવી જોઈએ.

**પ્રશ્ન–૩ : બીજી એકાકી વિહારચર્યા ચૂલિકાના પ્રારંભમાં ઉપદેશી ગાથાઓના વિષયોનો સાર શું છે ?**

**જવાબ– (૧)** સંસારની સમસ્ત વૃત્તિઓ અનુશ્રોત ગમન રૂપ એટલે કે પ્રવાહમાં ચાલવા સમાન છે અને સંયમના સમસ્ત આચાર પ્રતિશ્રોત ગમનરૂપ = પ્રવાહની સામે ચાલવા સમાન છે. ખરેખર ઈચ્છા-સુખ, ઈન્દ્રિય-સુખ તેમજ લોક પ્રવાહની અપેક્ષાએ સંયમના આચાર નિયમ, વિપરીત કે વિલક્ષણ જ હોય છે. ઈન્દ્રિયા-ભિમુખ પ્રવૃત્તિ અને ૧૮ પાપ સેવન સંસાર(અનુશ્રુતિ ગમન) છે. ઈન્દ્રિયોથી વિરક્ત(ઉદાસીન) પ્રવૃત્તિ અને પાપ ત્યાગ પ્રયત્ન એ ધર્મ (પ્રતિશ્રુતિ ગમન) છે. **(૨)** સંયમચર્યા, ગુણ, નિયમ આદિ સંવર તેમજ સમાધિની મુખ્યતાવાળા છે. **(૩)** અનિયતવાસ, અનેક ઘરેથી આહાર પ્રાપ્તિ, અજ્ઞાત ઘરોથી અલ્પઆહાર ગ્રહણ, એકાન્તવાસ, અલ્પઉપધિ એ મુનિના પ્રશસ્ત આચાર છે.

આકીર્ણ = જનાકુલ સંખડી વર્જન, દૃષ્ટ સ્થાનેથી દેવામાં આવતો આહાર





જ ગ્રહણ કરવો, પશ્ચાત્કર્મ આદિ દોષ વર્જન; મદિરા, માંસ, મત્સ્ય આહારનો ત્યાગ; વારંવાર કાયોત્સર્ગ તેમજ સ્વાધ્યાયના યોગોમાં જ પ્રયત્નશીલ રહેવું; તે ભિક્ષુના આવશ્યક આચાર છે. કોઈપણ શયનાસનમાં કે ગ્રામાદિમાં મમત્વભાવ ન કરવો, પ્રતિબદ્ધ ન થવું, ગૃહસ્થ સેવા તેમજ તેમને વંદન-પૂજન ન કરવા, સંક્લેશકારી સાથીઓ સાથે ન રહેવું, સંયમ ગુણોની હાનિ ન થાય તેનું ધ્યાન રાખવું. પુણ્યાભાવથી સહયોગી, શાન્તિ પ્રદાયક, ગુણવાન સાથી ન મળે તો સંયમ છોડવાનો સંકલ્પ ન કરતાં એકલા જ સંયમ પાલન કરવું.

**પ્રશ્ન–૪ : બીજી ચૂલિકામાં એકાકી વિહાર સંબંધી આગળની ગાથાઓનો સાર શું છે ?**

**જવાબ– (૧)** ભિક્ષુ એકલ વિહારચર્યા કાળમાં અત્યંત સાવધાન રહે; કામભોગોમાં, ઈન્દ્રિય વિષયોમાં અનાસક્ત રહે.

**(૨)** વધુમાં વધુ એક વર્ષ સુધી પુનઃ તે ક્ષેત્રમાં ન જવું, જ્યાં ઉત્કૃષ્ટ કલ્પ ચાતુર્માસ રહેલ હોય. અન્ય પણ સૂત્રાજ્ઞાઓનું પૂર્ણ ધ્યાન રાખે.

**(૩)** હંમેશાં સૂતાં, ઊઠતાં મુનિ આત્મનિરીક્ષણ-ગવેષણ કરે કે– મેં તપ સંયમમાં શું પુરુષાર્થ કર્યો છે અને કયો પુરુષાર્થ કરવાનો બાકી છે ? શક્તિ હોવા છતાં પણ હું શું પુરુષાર્થ કરતો નથી ?

**(૪)** બીજાને મારા કયા અવગુણ દેખાય છે અને મને કયા દેખાય છે ? કયા દોષોને હું જાણવા છતાં પણ છોડતો નથી ? આ પ્રમાણે વિચાર કરી મુનિ કોઈ પણ દૂષણ લાગે તો તેને શીઘ્ર દૂર કરી ગુણોને ધારણ કરે.

આ પ્રમાણે પ્રયત્ન કરનાર મુનિ એકલા હોવા છતાં પણ સદા સંયમી જીવન જીવે છે, તેથી લોકો તેને આત્માર્થી, ઉચ્ચ આત્માની દૃષ્ટિએ જુએ છે.

સાધકે બધી જ ઈન્દ્રિયોને સમાધિમાં રાખતા થકા, કર્મબંધથી આત્માની રક્ષા કરવી જોઈએ. આત્મરક્ષા નહીં કરનાર જન્મ-મરણ વધારે છે.

સાચો આત્મરક્ષક સર્વ દુઃખોનો અંત કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.

## ॥ દશવૈકાલિક સૂત્ર સંપૂર્ણ ॥

# નંદી સૂત્ર

## પ્રશ્ન–૧ : નંદીસૂત્રનો પરિચય ઈતિહાસ શું છે ?

**જવાબ–** સ્થાનકવાસી જૈનો દ્વારા માન્ય બત્રીસ આગમોમાં આ શાસ્ત્ર ચાર મૂલસૂત્રોમાં ત્રીજું આગમ છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં પણ નંદીસૂત્રનું નામ ઉત્કાલિક સૂત્રોમાં મળે છે. આગમકારોની આવી પદ્ધતિ વ્યવહારસૂત્રમાં પણ જોવા મળે છે. તેના રચનાકાર ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુ સ્વામી છે. તેઓએ વ્યવહાર સૂત્રના દસમા ઉદ્દેશકમાં સાધુ–સાધ્વીનો અધ્યયન ક્રમ આપેલ છે. તેમાં વ્યવહાર સૂત્રનું નામપાંચમા વર્ષના અધ્યયન ક્રમમાં આપેલ છે. માટે તે જ શાસ્ત્રમાં તેનું નામ હોય–આ પદ્ધતિ પૂર્વાચાર્યોથી સમ્મત છે તેથી નંદીસૂત્રમાં નંદીસૂત્રનું નામ હોય તે યોગ્ય છે.

**વિષય :–** નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનના વિષયનું વર્ણન છે તે પોતાના વિશિષ્ટ ક્રમથી છે. તેના સિવાય શરૂમાં(૫૦) પચાસ ગાથાઓ દ્વારા તીર્થંકર, ગણધર તથા બહુશ્રુત અનુયોગધર મહાન આચાર્યોની સ્તુતિ, ગુણગાન પૂર્વક ભક્તિ પ્રગટ કરેલ છે. અંતિમ પચાસમી ગાથામાં જ્ઞાનની પ્રરૂપણા કરવા માટેના પ્રતિજ્ઞા વચન છે.

**પરિમાણ :–** આ સૂત્રમાં અધ્યયન ઉદ્દેશક આદિ કોઈ વિભાજન નથી. આ તેની પોતાની જુદી જ વિશેષતા છે. ઉપલબ્ધ થતા આ સૂત્ર ૭૦૦ શ્લોક પરિમાણ માનવામાં આવેલ છે. વર્તમાન પ્રકાશન યુગમાં કોઈક સંપાદક વડે અક્ષરોની ગણતરી કરતાં ૨૦૬૮૯ અક્ષર થાય છે, જેના શ્લોક ૬૪૬ થાય છે. ધારણામાં લેખનકાલથી ૭૦૦ શ્લોકની ધારણા પ્રચલિત છે.

**નામકરણ :–** આ શાસ્ત્રમાં મુખ્યતઃ જ્ઞાનનું વર્ણન છે. જ્ઞાન આત્મામાં વાસ્તવિક આનંદ પ્રગટ કરનાર છે. માટે આ શાસ્ત્રનું નામ 'નંદી' એટલે આનંદ કરનાર શાસ્ત્ર એવું સાર્થક નામ રાખેલ છે.

**સંસ્કરણ :–**નંદીસૂત્રની પ્રાચીન ચૂર્ણિ અને ટીકા પ્રકાશિત મળે છે અને વર્તમાનમાં મૂલ, અનુવાદ, વિવેચન, સંસ્કૃત, હિંદી, ગુજરાતી ભાષામાં પ્રકાશિત ઉપલબ્ધ છે. આ શાસ્ત્રને મંગલિક રૂપ માનીને પણ સાધુ–સાધ્વી યથાસમય એનો સ્વાધ્યાય કરે છે. વ્યાખ્યાનમાં પણ વાંચન કરે છે. આ કારણે તેના ઘણા





પ્રકાશનો અને નકલો મળી આવે છે. આગમના સારાંશ પ્રાવધાનમાં ''મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના'' નામે આ શાસ્ત્રનો સારાંશ સાતમા ભાગમાં આપેલ છે અને પ્રશ્નોત્તર પ્રાવધાનના આ દસમા ભાગમાં તેને રાખેલ છે.

## પ્રશ્ન–૨ : આ સૂત્રના રચનાકાર કોણ થયા છે, તેના સંબંધમાં ઐતિહાસિક વિચારણા શું છે ?

**જવાબ–** નંદીસૂત્ર અંગબાહ્ય અને ઉત્કાલિક સૂત્ર છે. વર્તમાનમાં અંગબાહ્યના વિવિધ વિભાગ પ્રચલિત છે. યથા– ઉપાંગ, છેદ, મૂળસૂત્ર ઈત્યાદિ. જેમાં નંદી સૂત્ર ચાર મૂળ સૂત્રોમાં ગણાય છે.

આ સૂત્રમાં મુખ્યતઃ પાંચ જ્ઞાનનું તાત્ત્વિક અને વિસ્તૃત વર્ણન છે. જ્ઞાન મોક્ષમાર્ગનું મુખ્ય અંગ છે. તેથી જ્ઞાનના વર્ણનયુક્ત આ સૂત્રને મૂળ સૂત્રોમાં માનવામાં આવેલ છે.

**રચનાકાર :–** આ સૂત્રની રચના દેવવાચક શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરી છે. તેઓ આચાર્ય શ્રી દુષ્યગણિના શિષ્ય હતા. તેઓએ સમસ્ત જૈનાગમોને વીર સંવત ૯૮૦ માં લિપિબદ્ધ કરાવ્યા હતા. નંદી સૂત્રની રચનાના સમયે તેઓ ઉપાધ્યાય પદ પર હતા. શાસ્ત્ર લેખનના સમયે તેઓ આચાર્ય પદ પર હતા. એ સમયે ભાષા શૈલીમાં ઉપાધ્યાય પદ માટે વાચક શબ્દનો પ્રયોગ થતો હતો અને આચાર્ય પદ માટે ગણિ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. તેમજ યુગપ્રધાન માટે ક્ષમાશ્રમણ શબ્દનો પ્રયોગ થતો હતો. અતઃ નંદી સૂત્રના રચયિતા દેવ વાચક જ સૂત્ર લેખન કરાવનારા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ હતા.

વર્તમાનમાં આચાર્ય શ્રી આત્મારામજી મ.સા. પહેલાં ઉપાધ્યાય પદમાં પ્રસિદ્ધ હતા. પછી આચાર્ય પદે પ્રસિદ્ધિ પામ્યા. આ નંદી સૂત્રના એક સંપાદનમાં ભૂમિકા લેખકના રૂપમાં ઉપાધ્યાય શ્રી આત્મારામજી મ.સા. છે. એવં અન્ય કોઈ જગ્યાએ ''આચાર્ય શ્રી આત્મારામજી મ.સા.'' એવા લેખો પણ પ્રાપ્ત થાય છે. કાળાંતરે આ બન્ને નામોમાં ભિન્નતા દેખાશે. પરન્તુ વાસ્તવમાં બન્ને નામ એક જ વ્યક્તિના છે.

વર્તમાનમાં આચાર્ય શ્રી હસ્તીમલજી મ.સાહેબે અનેક આગમોનું સંપાદન કર્યું હતું. તેઓ જ્યારે આગમનું સંપાદન કરતા હતા ત્યારે ઉપાધ્યાયપદ પર હતા. તેઓની દરેક કૃતિ ઉપર ઉપાધ્યાય પદ અંકિત છે. જોકે તેઓ પાછળથી ઘણા વર્ષો આચાર્ય પદ પર રહી આચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામેલ છે. આચાર્ય

અવસ્થામાં પણ તેમણે આગમોનું અને ઈતિહાસ ગ્રંથોનું સંપાદન કર્યું છે. આ રીતે ઉપાધ્યાય અંકિત અને આચાર્ય અંકિત તે બધા ગ્રંથો અને આગમો એક જ વ્યક્તિના સંપાદિત છે એ સત્ય છે. તેમજ દેવવાચક અને દેવર્દ્ધિગણિ તે એક જ વ્યક્તિના બે ઉપાધિયુક્ત નામ છે.

આચાર્ય શ્રી દૂષ્યગણિના શિષ્ય શ્રી 'દેવ વાચક' અપર નામ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જ નંદી સૂત્રના રચયિતા છે. કલ્પસૂત્રના રચયિતા પણ દેવર્દ્ધિગણિને માનવામાં આવેલ છે અને તેમાં દેવર્દ્ધિગણિની સ્તુતિ ગુણગ્રામયુક્ત વંદના પણ કરાઈ છે.

સાર એ છે કે દેવર્ધિગણી ક્ષમાશ્રમણ અને દેવવાચક આ બંને નામ એક જ વ્યક્તિના હોવાથી નંદીસૂત્રના કર્તા દેવવાચકને દેવર્ધિગણી જ માનવા જોઈએ.

ખરેખર અગિયાર અંગ સૂત્રો, ચાર છેદ સૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર સિવાય બધા અંગબાહ્ય શાસ્ત્રોની સંકલના દેવર્ધિગણીના શાસ્ત્રલેખન સમયની જ સમજવી જોઈએ. તે સમયે જ વિભિન્ન શાસ્ત્રોનું સંકલન સંપાદન જુદા જુદા બહુશ્રુતો દ્વારા કરાવવામાં આવેલ. જેમાં પ્રજ્ઞાપના, દશવૈકાલિકને પણ સમજી લેવું વિવાદ રહિત ગણાય અને ઉત્તરાધ્યયન, ઋષિભાષિત, નંદી વગેરે જેના રચનાકાર અજ્ઞાત હોય તે બધા શાસ્ત્ર લેખન સમયમાં જ રચેલ માની લેવા નિરાબાધ છે. તે સમયે રચનાકારના નામ લખવાની પરંપરા સ્વીકારેલ નથી. કારણ કે સામુહિક સંઘ હિતમાં કાર્ય કરવામાં અને કર્તવ્યપાલન કરવામાં આવેલ છે. આ જ કારણે પ્રજ્ઞાપનાના મૂલમાં કે દશવૈકાલિકના મૂલમાં તથા નંદીસૂત્રના મૂલમાં ક્યાંય કોઈનું નામ રાખેલ નથી. આજે જે પણ નામ મળે છે તે એક–બે પેઢી પછી કોઈ અનુરાગી શિષ્ય વડે કરેલ હોય તેમ સમજવું. તે પણ પ્રારંભિક સ્તુતિ રૂપે અથવા મૌખિક પ્રચાર રૂપે કરેલ અને પછી વ્યાખ્યાઓમાં કે ગ્રંથોમાં લખવામાં આવેલ હોય તેમ જણાય છે.

**પ્રશ્ન–૩ : આ નંદી સૂત્રમાં જ્ઞાનના વર્ણનનો ક્રમ કઈ રીતે લીધેલ છે ?**

**જવાબ–** બીજા શાસ્ત્રોમાં જ્ઞાનનો ક્રમ આ રીતે છે– (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવલજ્ઞાન.

પ્રસ્તુત સૂત્રમાં પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન આમ બે ભેદ કરેલ છે. પ્રત્યક્ષમાં આત્મપ્રત્યક્ષીભૂત જ્ઞાનની અપેક્ષા રાખેલ; ચક્ષુપ્રત્યક્ષીભૂતની નહીં. તેથી આત્મ પ્રત્યક્ષીભૂત અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન આ





ત્રણેયનું સ્વરૂપ ક્રમથી બતાવેલ. ત્યાર પછી પરોક્ષ જ્ઞાનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું સ્વરૂપ તેના ભેદ–પ્રભેદ કરી વિસ્તારથી દર્શાવેલ છે. આ રીતે પ્રસ્તુત આગમમાં જ્ઞાનના વર્ણનનો ક્રમ આ રીતે છે–(૧) અવધિજ્ઞાન (૨) મનઃ પર્યવજ્ઞાન (૩) કેવલજ્ઞાન (૪) મતિજ્ઞાન (૫) શ્રુતજ્ઞાન. આ ક્રમથી લેવાની અપેક્ષા મૂલ પાઠથી સ્પષ્ટ થઈ ગયેલ છે. અહીં સ્વતંત્ર જુદી જ અપેક્ષાથી આ ક્રમ થયેલ છે. અપેક્ષા શબ્દમાં બહુ જ વિશાળતા સમાયેલ છે. જીવના ભેદ બે, ત્રણ કે ચાર પાંચ એમ દસ સુધી પણ જીવાભિગમ સૂત્રમાં કહ્યા છે. તે પણ અપેક્ષાથી જ થાય છે. શ્રુતજ્ઞાન, કેવલજ્ઞાન સમક્ષ બહુ નાનું જ્ઞાન છે છતાં અપેક્ષા શબ્દ પ્રયોગથી ભગવતી સૂત્રમાં તેના માટે સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ જાણવા જોવાનું કહેલ છે. આ રીતે અહીં અપેક્ષા જુદી થવાથી ક્રમ ભિન્ન થાય એટલે પ્રત્યક્ષજ્ઞાન–પરોક્ષજ્ઞાન એમ અપેક્ષા હોવાથી ભિન્ન ક્રમ થવો એ તર્ક અબાધિત છે તેમ સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન–૪ : પ્રારંભની ૫૦ ગાથાઓ મૌલિક શાસ્ત્રકારની છે કે પાછળથી રચેલ છે ? અસ્વાધ્યાયકાલમાં તેની સ્વાધ્યાય કરી શકાય ?**

**જવાબ–** તે ગાથાઓ મૌલિક રચનાકાર શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણની જ રચેલી છે. તેઓએ ૫૦ મી ગાથામાં જ્ઞાનની પ્રરૂપણા કરવા માટેની પ્રતિજ્ઞા પણ કરેલ છે– **ણાણસ્સ પરૂવણં વોચ્છં.**

આ ગાથામાં કહ્યું છે કે જેના નામ ઉપરની ગાથાઓમાં નહીં આવ્યા એવા અન્ય પણ અનુયોગધર ભગવંત જે થઈ ગયેલ છે તે બધાને વંદન કરી હવે પછી હું જ્ઞાનની પ્રરૂપણા કરીશ. આથી સ્પષ્ટ થાય છે કે આ પચાસમી ગાથા નંદીસૂત્ર કરનારની છે, અને તે પહેલાની ૪૯ ગાથાઓ પણ તેઓની રચેલ છે. આ રીતે પચાસ ગાથા સહિત સંપૂર્ણ નંદીસૂત્ર એક જ શાસ્ત્ર છે. ગાથાઓને જુદી પાડીને અસજ્ઝાય કાલમાં સજ્ઝાય કરવો યોગ્ય કહેવાય નહીં. એવી પરંપરા જે ચાલી ગઈ હોય તો પણ તે ભ્રમપૂર્ણ છે, સાચી વિચારણા કરેલ હોવાનું જણાતું નથી.

**પ્રશ્ન–૫ : આ ૫૦ ગાથાઓનો ટૂંકમાં ભાવાર્થ શું છે ?**

**જવાબ– (૧)** જગતગુરુ, જગતનાથ, જગતબંધુ, જગતપિતામહ, સંપૂર્ણ ચરાચર પ્રાણીઓના વિજ્ઞાતા અંતિમ તીર્થંકર પ્રભુ મહાવીરનો જય હો. **(૨)** જગતમાં ભાવ ઉદ્યોત કરનારા, દેવ દાનવોથી વંદિત, બધા કર્મોથી મુક્ત, એવા પ્રભુ વીતરાગ

ભગવાન મહાવીરના શાસનનું કલ્યાણ હો. **(૩)** (૧) નગરની ઉપમાવાળા, (૨) ચક્રની ઉપમાવાળા, (૩) રથની ઉપમાવાળા, (૪) કમળની ઉપમાવાળા, (૫) ચંદ્રની, (૬) સૂર્યની (૭) સમુદ્રની (૮) મેઢની ઉપમાવાળા **મહાસંઘનો** સદા જય હો અને એવા ગુણાગર સંઘને વંદન હો. **(૪)** આદિ તીર્થંકર ઋષભદેવથી લઈ ચરમ તીર્થંકર ભગવાન વર્ધમાન સ્વામી તથા સમસ્ત ગણધરોને વંદન હો. **(૫)** નિર્વાણ માર્ગના પથ પ્રદર્શક, સંપૂર્ણ પદાર્થોનું સમ્યગ્ જ્ઞાન કરાવનારા, કુદર્શન-મિથ્યામતના મદને નષ્ટ કરનારા, એવા જિનેન્દ્ર ભગવાનનું શાસન જયવંત હો. **(૬)** ભગવાનના શાસનને ગતિમાન રાખનારા એવા પટ્ટધર શિષ્ય તથા કાલિકશ્રુત અને એના અર્થ પરમાર્થ(અનુયોગ) ને ધારણ કરનારા બહુશ્રુતોને (જ્ઞાનીઓને) વંદન નમસ્કાર હો.

જેમાં (૧) સુધર્મા સ્વામી (૨) જંબૂસ્વામી બંને મોક્ષગામી છે. શેષ દેવલોકગામી બહુશ્રુત ભગવંત છે. તેઓ આ પ્રમાણે છે– (૩) પ્રભવ (૪) શય્યંભવ (૫) યશોભદ્ર (૬) સંભૂતિ વિજય (૭) ભદ્રબાહુ (૮) સ્થૂલીભદ્ર (૯) મહાગિરિ (૧૦) સુહસ્તી (૧૧) બલિસ્સહ (૧૨) સ્વાતિ (૧૩) શ્યામાર્ય (૧૪) શાંડિલ્ય (૧૫) સમુદ્ર (૧૬) મંગૂ (૧૭) ધર્મ (૧૮) ભદ્રગુપ્ત (૧૯) વજ્ર (૨૦) રક્ષિત (૨૧) નન્દિલ (૨૨) નાગહસ્તિ (૨૩) રેવતીનક્ષત્ર (૨૪) બ્રહ્મદીપિકસિંહ (૨૫) સ્કંદિલાચાર્ય (૨૬) હિમવંત (૨૭) નાગાર્જુન (૨૮) ગોવિંદ (૨૯) ભૂતદિન્ન (૩૦) લોહિત્ય (૩૧) દૂષ્યગણી. એ સિવાય બીજા પણ જે કાલિક શ્રુતના અર્થ–પરમાર્થ ને ધારણ કરનારા અનુયોગધર શ્રમણ થયા છે તે સર્વને પ્રણામ કરીને જ્ઞાનની પ્રરૂપણા કરું છું. ઉપરોકત નામો, ન તો એકાંત ગુઢ પરંપરાના છે, ન સ્થવિર પરંપરાના છે, ન તો પાટ પરંપરાના છે પરંતુ સર્વે નામો સંમિશ્રિત છે. મુખ્યત્વે યુગપુઢષ, પ્રસિદ્ધિ પ્રાપ્ત, અનુયોગધરોના નામ સ્મરણ કરીને સૂત્રકારે શેષ સર્વ અનુયોગધરોને અંતિમગાથામાં પ્રણામ-વંદન કર્યા છે.

**ટિપ્પણી :–** અંતિમ નામ અનુયોગધર દૂષ્યગણિનું છે. સ્વયંનું નામ પણ સૂત્રકારે મૂળ પાઠમાં રાખ્યું નથી. ટીકાકાર ચૂર્ણિકારે સ્પષ્ટ કર્યું છે કે દૂષ્યગણિના શિષ્ય દેવવાચક દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આ સ્તુતિના રચનાકાર છે તથા તેઓ જ આ સૂત્રના રચયિતા છે.

**પ્રશ્ન–૬ : શ્રોતા અને પરિષદના કેટલા પ્રકાર છે ?**

**જવાબ–** યોગ્ય અને અયોગ્યના ભેદથી શ્રોતાના બે પ્રકાર હોય છે. તેને ૧૪ દષ્ટાંત(કથાનક)વડે સમજાવેલ છે.





પરિષદના અહીં ત્રણ પ્રકાર કહ્યા છે– (૧) જાણિયા=સુશિક્ષિત (૨) અજાણિયા=મૂઢ (૩) દુવિયદ્ઢા=ગ્રામીણ પંડિત જેવા. એટલે કે અભિમાની, દુરાગ્રહી અને પોતે જ પંડિત થઈ ગયેલા, ત્રીજી દુર્વિદગ્ધા પરિષદમાં ગણાયા છે. પહેલી પરિષદ પૂર્ણ યોગ્ય છે, બીજી પરિષદ પણ યોગ્ય છે અને ત્રીજી પરિષદવાળા શાસ્ત્ર શ્રવણ માટે પૂર્ણ અયોગ્ય છે.

**ચૌદ દષ્ટાંત :– (૧)** મુદ્ગશૈલ એટલે મજબૂત પથ્થર. જેમ ચીકણા ગોળ પથ્થર પર સતત સાત દિવસ અને રાત પુષ્કલાવર્ત મેઘ વરસ્યા પછી પણ તે અંદરથી ભીંજાતો નથી. તેમ લાખ પ્રયત્ન કર્યા પછી પણ જેના હૃદયમાં શિક્ષા ઉતરતી નથી; તેવા શ્રોતાઓ શાસ્ત્ર, શિક્ષા, ઉપદેશ વચન શ્રવણ કરવા માટે અયોગ્ય છે.

**(૨)** પાણીના ઘડા ચાર પ્રકારના હોય છે– (૧) ઉપરથી મુખ પર ફૂટેલા (૨) વચમાંથી ફૂટેલા (૩) નીચેથી ફૂટેલા (૪) અખંડ. આ ચાર પ્રકારોમાંથી પાણી ધારણ કરવા માટે ચોથા પ્રકારનો ઘડો શ્રેષ્ઠ છે. બાકી ત્રણ પ્રકારના ઘડા પાણી ધારણ કરવા માટે અયોગ્ય છે. એજ પ્રમાણે જે શ્રોતાઓ સર્વે જ્ઞાન, શિક્ષા ગ્રહણ કરી શકે છે, તેઓ શ્રેષ્ઠ છે.

**(૩)** જેવી રીતે ચાળણીમાંથી પાણી નીકળી જાય છે, તેવી રીતે સાંભળ્યુ ન સાંભળ્યું કરી હૃદયમાં જેઓ ગુણને ગ્રહણ કરતા નથી તેઓ શ્રોતા તરીકે સંપૂર્ણ અયોગ્ય છે.

**(૪)** જેમ ઘી ગાળવાની ગળણી ઘીને જવા દઈ કીટુ રાખી લે છે તેમ જે ગુણોને છોડી દોષોને સ્વયંના હૃદયમાં રાખે છે; તેઓ શાસ્ત્ર શ્રવણ માટે અયોગ્ય છે.

**(૫)** જેમ હંસ દૂધ અને પાણીના મિશ્રણમાંથી ફક્ત દૂધને પીએ છે તેમ જેઓ ફક્ત ગુણને ગ્રહણ કરે છે અને અવગુણને છોડી દે છે તેઓ ઉપદેશ કે શાસ્ત્ર શ્રવણ ને યોગ્ય છે.

**(૬)** જેમ તળાવના પાણીને ભેંસ હલાવીને ડહોળું કરી નાખે છે તથા એજ ડહોળું પાણી સ્વયં પીએ છે તથા બીજાને પણ પીવું પડે છે, તેમ અવિનિત શિષ્ય સ્વયં શાસ્ત્ર કે શિક્ષણ ગ્રહણ કરતો નથી અને બીજાને પણ ગ્રહણ કરવા દેતો નથી. તેઓ શાસ્ત્ર શ્રવણ માટે અયોગ્ય છે.

**(૭)** નદી કિનારે જેમ બકરી શાંતિથી ઘૂંટણ ટેકવીને પાણીને હલાવ્યા વગર સ્વચ્છ પાણી પીએ છે. તેવી રીતે જેઓ સ્વયં શાંતિથી જ્ઞાન શ્રવણ કરે છે તથા

બીજાને શાંતિથી જ્ઞાન શ્રવણ કરવા દે છે, તેઓ શ્રેષ્ઠ શ્રોતા છે.

**(૮)** જેમ મચ્છર શરીર પર બેસીને શરીરને કષ્ટ આપે છે, તેમ જે શ્રોતા આચાર્ય તથા ઉપદેશક ને કષ્ટ આપે છે તે અયોગ્ય શ્રોતા છે.

**(૯)** જેમ જળો શરીરને કષ્ટ આપ્યા વિના ગંદુ લોહી પી જાય છે અને શરીરમાં લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત રાખે છે. તેમ જેઓ આચાર્યને કષ્ટ આપ્યા વિના ઈશારા માત્રથી ઉપદેશ ગ્રહણ કરે છે તેઓ શાસ્ત્રજ્ઞાન ગ્રહણ કરવા યોગ્ય છે.

**(૧૦)** જેમ બિલાડી દૂધના તપેલાને ઢોળીને ધૂળયુક્ત દૂધ પી જાય છે. તેમ જે અહંકારવશ આચાર્યની શાસ્ત્રોક્ત વાત સાંભળી ન સાંભળી કરીને આજુબાજુની મિથ્યા વાતોમાં રસ ધરાવે છે તે શ્રોતા પણ અયોગ્ય છે.

**(૧૧)** વિશિષ્ટ પ્રકારનો ઉંદર વાસણમાંથી થોડું દૂધ પીએ છે તથા આજુબાજુ ચાટીને સાફ કરે છે અને ફરી પાછું દૂધ પીએ છે. તેવી રીતે જે શિષ્ય આચાર્યનો ઉપદેશ સાંભળીને મનન કરે છે, ફરી સાંભળે છે અને હૃદયમાં ઉતારે છે. તેવા શ્રોતા ઉપદેશ કે જ્ઞાનને યોગ્ય છે.

**(૧૨)** ચાર બ્રાહ્મણોને એક ગાય દક્ષિણામાં મળી. વારાફરથી ચારે બ્રાહ્મણ એક-એક દિવસ ગાયને દોહતા હતા અને ગાયનું દૂધ વાપરતા. પરંતુ બીજે દિવસે ગાયનો વારો બીજાનો છે એમ વિચારી ગાયને ઘાસચારો દેતા નહીં કે સાર સંભાળ રાખતા નહીં તેથી બિચારી ગાય મરી ગઈ. તેવી રીતે આચાર્યની સેવા કરવામાં જેઓ આળસ કરે કે ઉદાસીન રહે તથા સેવાનું કાર્ય અન્યના ભરોસે રાખે તેઓ ઉપદેશ ગ્રહણ કરવાને અયોગ્ય છે.

**(૧૩)** વાસુદેવ શ્રીકૃષ્ણની પાસે એક દિવ્ય ભેરી હતી અને એ વિઘ્ન વિનાશક તથા રોગ વિમુક્ત કરનારી હતી. ભેરીને વગાડવાથી આસપાસના વર્તુળમાં જ્યાં સુધી ભેરીનો અવાજ પહોંચે ત્યાં સુધી કોઈ બીમાર થતો નહીં અને બીમાર હોય તો સ્વસ્થ થઈ જતો. એ ભેરીના અવાજની અસર છ મહિના સુધી રહેતી. ફરી પાછી છ મહિને ભેરી વગાડવામાં આવતી. ભેરીની પ્રશંસા સાંભળીને લોકો દૂર દૂરથી આ વર્તુળ(નગરમાં)માં રહેવા આવતા. પરંતુ તેઓને આ નગરમાં છ મહિના સુધી રહેવું મુશ્કેલ લાગતું તેથી ભેરી રક્ષક ગુપ્ત રીતે પુરસ્કાર લઈને તે ભેરીનો નાનો ટુકડો તોડીને આગંતુકને આપી દેતો અને ત્યાં ગમે તે લાકડાના ટુકડા જોડીને ભેરી વગાડતો. તેથી ભેરીનો અવાજ મંદ પડતો ગયો તથા ભેરીનો રોગ નાશક પ્રભાવ પણ મંદ પડતો ગયો. ભેરીનું નિરીક્ષણ કરતાં ભેદ ખુલી





ગયો અને ભેરી રક્ષકને રજા અપાઈ ગઈ. વિદ્યા અને દેવની આરાધના કરીને શ્રીકૃષ્ણએ બીજી ભેરી પ્રાપ્ત કરી લીધી અને નવો ભેરી રક્ષક રાખ્યો. જેમ ભેરી ને ખંડિત કરનારો રક્ષક અયોગ્ય છે, તેમ શાસ્ત્ર સિવાયની વાતો, ધર્મગ્રંથો વિદ્ધના વાક્યો, અહીં તહીંથી સાંભળેલી વાતો ઉચ્ચારે તેવા શિષ્યો અયોગ્ય છે. પ્રભાવહીન ભેરીની જેમ શાસ્ત્રોને જે વિકૃત કરે તેવા શ્રોતાઓ પણ અયોગ્ય છે. બીજો ભેરી રક્ષક યોગ્ય વ્યકિત હતો અને એ રક્ષકથી રાજા ઘણો ખુશ હતો. કૃષ્ણ મહારાજાએ એને આજીવિકાની રકમ ખૂબ વધારી આપી. તેવી રીતે યોગ્ય શિષ્ય જિનવાણીની રક્ષા કરે અને જન્મ જન્માંતરો સુધી સુખનો ભોક્તા બને.

**(૧૪)** એક રબારી અને રબારણ ઘીના ઘડા ગાડામાં ભરી નગર તરફ વેચવા લઈ જતા હતાં. ગાડામાંથી ઉતરતી વેળાએ બન્નેની અસાવધાનીથી ઘી ભરેલો એક ઘડો જમીન પર ઢોળાઈ ગયો. બન્ને એક-બીજા પર આક્ષેપ, પ્રત્યાક્ષેપ કરવા લાગ્યા, પણ કોઈએ પોતાની ભૂલ સ્વીકારી નહીં ને વિવાદ વધતો ગયો. તેટલામાં નીચે પડેલું ઘી કુતરો ચાટી ગયો. થોડીવાર પછી બન્ને શાંત થયા ને ઘી વેચીને ઘર તરફ ચાલવા લાગ્યા. ત્યાં સુધીમાં રાત પડી ગઈ હતી અને અંધારામાં ચોરોએ બન્નેનું મેળવેલું ધન લૂંટી લીધું. આવી રીતે એ લોકોનું ધન પણ ગયું ને ઘી પણ ગયું. જે શિષ્ય સ્વયંની ભૂલ ગુઢના કહેવા છતાં પણ સ્વીકારતો નથી ને કલહ કંકાશ કરે છે તે શ્રુત જ્ઞાનરૂપી ઘીની સંપત્તિ ખોઈ નાખે છે. એવા શિષ્ય અયોગ્ય છે.

જે આહીર દંપતિ શીઘ્ર પોતાની ભૂલ સ્વીકારી ઘીના ઘડાને સંભાળી લે અને શીઘ્ર વેચીને દિવસના સમયે જ ઘરે પહોંચી જાય છે, તેને વધારે નુકસાન થતું નથી. તેમ જે શિષ્ય શીઘ્ર પોતાની ભૂલ સ્વીકારી આચાર્યના ચિત્તની આરાધના કરે છે તે શ્રુતગ્રહણને યોગ્ય છે.

**પરિષદના ત્રણ પ્રકાર છે :– (૧) જાણિયા(જ્ઞાયિકા) :–** તત્વ જિજ્ઞાસુ, ગુણજ્ઞ, બુદ્ધિમાન, શ્રદ્ધાવાન, આત્માન્વેષી, ગુણોને ગ્રહણ કરીને દોષોને છોડી દે તેવા તથા હંસ સમાન સહજ સ્વભાવવાળા શ્રોતા પ્રથમ જ્ઞાયિકા-સમજદાર પરિષદમાં આવે છે.

**(૨) અજ્ઞાયિકા :–** જેઓ અબુધ બાળકની જેમ સરળ હૃદયના હોય છે તેઓ કોઈ પણ પ્રકારના મત મતાંતરથી દૂર હોય છે. તેઓ હીરાની ખાણમાંથી નીકળેલા અણઘડ હીરા જેવા હોય છે. તેને હીરાઘસુ ઈચ્છે તેવા નિત નવા ઘાટ આપે છે. તેવી રીતે આવા શ્રોતાઓને આચાર્યનો ઉપદેશ અંતરમાં ઊતરી જાય

છે, તેઓ ગુણવાન, સન્માર્ગગામી, સંયમી, વ્રતી, વિદ્વાન, તપસ્વી બની શકે છે. આવા સરળ સ્વચ્છ હૃદયના અબોધ શ્રોતા અજ્ઞાયિકા–અજાણ પરિષદમાં આવે છે.

**(૩) દુર્વિદગ્ધા :–** જેમ ગામડાનો કોઈ અજ્ઞાની પંડિત શાસ્ત્રોક્ત જ્ઞાન ધરાવતો નથી પરન્તુ સ્વયંને મહાપંડિત, જ્ઞાની સમજે છે તથા અનાદર અને અપમાનના ભયથી જ્ઞાની પંડિત પાસેથી જ્ઞાન ગ્રહણ કરતો નથી. તેવા શ્રોતાઓ વાયુ ભરેલી મશક જેવા ખાલી હોય છે. આવા અભિમાની, અવિનીત, દુરાગ્રહી, ખોટી મનમાની કરનારા પંડિત શ્રોતાઓની ગણતરી, ત્રીજી દુર્વિદગ્ધા પરિષદમાં આવે છે. પ્રથમ શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) શાસ્ત્ર શ્રવણ કરવા માટે યોગ્ય છે. બીજી શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) પણ શાસ્ત્ર શ્રવણ કરવા યોગ્ય છે.

પરંતુ ત્રીજી શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) સર્વથા શાસ્ત્ર શ્રવણ કરવા અયોગ્ય છે. તેઓ શાસ્ત્રનો ખરો અર્થ-પરમાર્થ સમજી શકતા નથી. તેમજ તેઓ શાસ્ત્રજ્ઞાનથી સ્વયંનું તથા અન્યનું કાંઈ પણ હિત કરી શકતા નથી. બલ્કે, તે જ્ઞાનને અહિતકારી બનાવી દે છે.

**પ્રશ્ન–૭ : જ્ઞાનનું સ્વરૂપ શું છે ?**

**જવાબ–** જ્ઞાન આત્માનો નિજ ગુણ છે. જે જ્ઞાનાવરણીય કર્મથી આવરિત (આચ્છાદિત) થઈને વિભિન્ન રૂપે દષ્ટિ ગોચર થાય છે. જૈનાગમોમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. એ પાંચ જ્ઞાનને આવરણ કરનારા જ્ઞાનાવરણીય કર્મ પણ પાંચ પ્રકારના કહ્યા છે– (૧) મતિજ્ઞાનાવરણીય-કર્મ (૨) શ્રુતજ્ઞાનાવરણીયકર્મ (૩) અવધિજ્ઞાનાવરણીયકર્મ (૪) મનઃપર્યવ-જ્ઞાનાવરણીયકર્મ, આ ચાર કર્મ પ્રકૃતિઓનો જેટલો ક્ષયોપશમ વધતો જાય એટલું જ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન વધતું જાય છે અને આ ચારેય કર્મોનો ઉદય વધતો જાય છે ત્યારે તે ચારેય જ્ઞાન ઘટતા જાય છે.

(૫) કેવળજ્ઞાનાવરણીય કર્મ પ્રકૃતિનો તો એક સાથે ક્ષય થાય છે, તેનો ક્ષયોપશમ થતો નથી; ક્ષય થવાથી કેવળજ્ઞાન(અને સાથે કેવળ દર્શન પણ) પ્રગટ થાય છે. ચાર જ્ઞાનમાં ઘટાડો, વધારો અને લોપ થયા કરે છે પરંતુ કેવળજ્ઞાનમાં એવી કોઈ અવસ્થા હોતી નથી. તે ઉત્પન્ન થયા પછી સદા અને સર્વને એક સરખું રહે છે. પછી કયારેય નષ્ટ થતું નથી. એ આત્માનું સ્થાયી અને પરિપૂર્ણ જ્ઞાન છે.

**પ્રશ્ન–૮ : અહીં જ્ઞાનના ભેદ–પ્રભેદ કઈ રીતે કર્યા છે ?**





**જવાબ–** જ્ઞાનના બે ભેદ છે–પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષના બે ભેદ છે– ઈન્દ્રિય પ્રત્યક્ષ અને નોઈન્દ્રિય પ્રત્યક્ષ. તેમાં ઈન્દ્રિય પ્રત્યક્ષના પાંચ ભેદ– શ્રોતેન્દ્રિય આદિ. નો ઈન્દ્રિય પ્રત્યક્ષના ત્રણ ભેદ છે– અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન.

પરોક્ષજ્ઞાનના બે ભેદ છે– મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન–૯ : મતિજ્ઞાનના ભેદ–પ્રભેદ કઈ રીતે કરેલ છે ?**

**જવાબ–** આ જ્ઞાન આભિનિબોધિક જ્ઞાનના નામથી પણ આગમમાં ઓળખાવાય છે, પરંતુ તેનું મતિજ્ઞાન એ નામ પણ લઘુ, સરળ અને આગમ સમ્મત છે. આ જ્ઞાન આત્માને મન અને ઈંદ્રિયોના અવલંબનથી થાય છે અર્થાત્ જોવું, સાંભળવું, સૂંઘવું, ચિંતન કરવું તેમજ બુદ્ધિજન્ય જે પણ જ્ઞાન હોય છે તે મતિજ્ઞાન છે.

**મતિજ્ઞાનના મુખ્ય બે પ્રકાર છે–** ૧. શ્રુતનિશ્રિત ૨. અશ્રુતનિશ્રિત. (૧) મન અને ઈંદ્રિયોના નિમિત્ત(યોગ)થી અર્થાત્ જોવા, સાંભળવા, વિચારવાના નિમિત્તથી થનાર મતિજ્ઞાન શ્રુતનિશ્રિત કહેવાય છે અને (૨) ચાર બુદ્ધિ દ્વારા થનાર મતિજ્ઞાન અશ્રુતનિશ્રિત કહેવાય છે.

**શ્રુત નિશ્રિત મતિજ્ઞાન :–** આ જ્ઞાનની ચાર અવસ્થા છે યથા– અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. (૧) કોઈપણ વસ્તુ કે વિષયને સર્વપ્રથમ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ કરવા અર્થાત્ સામાન્ય રીતે જોવું તથા સાંભળવું ઈત્યાદિને અવગ્રહ કહે છે. (૨) એના પર વિચારણા કરવી કે શું છે ? ક્યાં છે ? કેવો છે ? વગેરેને ઈહા કહે છે. (૩) વિચારણા કરતાં-કરતાં તે શબ્દ કે રૂપ આદિને એક નિર્ણિત રૂપ આપવાને (આ નથી, એમજ છે) અવાય કહેવાય છે. (૪) આ નિર્ણિત કરેલા વિષય અથવા તત્ત્વને થોડા સમય કે લાંબા સમય સુધી સ્મૃતિમાં ધરવાને ધારણા કહેવાય છે.

**ઉદાહરણ :–** (૧) કોઈ મનુષ્ય દૂરથી દેખાય છે, તેને અવગ્રહ કહે છે. (૨) આ મનુષ્ય પર ચિંતન કરવું કે ક્યાંનો છે ? કોણ છે ? કેવો છે ? એનું નામ ગૌતમ છે કે પારસ છે ? ઈત્યાદિ પૂર્વ વિચારણા કરવાને ઈહા કહેવાય છે.(૩) આ મનુષ્ય ગૌતમ છે, એમ નિર્ણય લેવાય, તેને અવાય કહે છે. (૪) આ મનુષ્ય અથવા પ્રસંગ ને અમુક વર્ષ યાદ રાખવાને ધારણા કહે છે. અહીં રૂપનું ઉદાહરણ આપ્યું છે. તે જ રીતે ગંધ, શબ્દ, રસ, સ્પર્શના વિષયમાં સમજવું.

અવગ્રહ એક સમયનો હોય છે. ઈહા, અવાય, અંતર્મુહૂર્તના હોય છે. અને ધારણા ઉત્કૃષ્ટ સંખ્યાત અસંખ્યાત વર્ષની હોય છે. સંખ્યાત અસંખ્યાત વર્ષ

પછી પૂર્વની વાત સ્મૃતિ પટ પર રહી શકે છે અથવા સ્મરણ કરવાથી સ્મૃતિમાં આવી શકે છે.

**જાતિસ્મરણ જ્ઞાન :–** ધારણાના ફળ સ્વરૂપ વ્યક્તિનું અનુભવ જ્ઞાન વધે છે અને એના પરિણામ સ્વરૂપ ઘણાં જીવોને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી જીવ સ્વયંના જન્મ જન્માંતરોની વાતો(ઘટનાઓ) જાણી શકે છે. પૂર્વભવોની અનેક ઘટનાઓ એની સ્મૃતિમાં આવી શકે છે. આ જાતિ સ્મરણ જ્ઞાન મતિજ્ઞાનનો એક પ્રકાર છે. જાતિસ્મરણ દ્વારા સેંકડો ભવનું જ્ઞાન થાય છે. આમાં પણ એક નિયમ છે કે પૂર્વમાં લગાતાર સંજ્ઞી પંચેન્દ્રિય ના ભવ કર્યા હોય તો તેનું જ્ઞાન થાય છે. પરંતુ વચમાં કોઈ અસન્નીનો ભવ કર્યો હોય તો જાતિ સ્મરણજ્ઞાન અવસ્થિત થઈ જાય છે. આવી રીતે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા ઈત્યાદિ ચાર પ્રકારના શ્રુત નિશ્રિત અર્થાત્ ઈન્દ્રિયજન્ય મતિ જ્ઞાન છે. તદ્ઉપરાંત એના મૂળ ભેદ ૨૮ છે અને વિષયની અપેક્ષાએ ૩૩૬ ભેદ છે. જેમાં ૪ બુદ્ધિને ઉમેરતાં ૩૪૦ ભેદ થાય છે.

**(૨) અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન :–** આ જ્ઞાન બુદ્ધિની અપેક્ષા રાખે છે. બુદ્ધિના ચાર પ્રકાર કહેલ છે. તેથી આ અશ્રુત નિશ્રિત મતિ જ્ઞાનના ચાર પ્રકાર છે. બુદ્ધિના ચાર પ્રકાર આ પ્રમાણે છે– (૧) કોઈપણ અભ્યાસ વગર ક્ષયોપશમના કારણે અચાનક જેની સ્વતઃ ઉપજ થાય કે સૂઝ બૂઝ પેદા થાય તેને **ઔત્પાતિકી બુદ્ધિ** કહે છે. (૨) ગુઢ આદિની સેવા ભક્તિ વિનયથી જે ઉન્નત બુદ્ધિ પ્રાપ્ત થાય છે તેને **વૈનયિકી બુદ્ધિ** કહે છે. (૩) શિલ્પ કલા આદિ કોઈ કાર્યના અભ્યાસથી ઉત્પન્ન થયેલ બુદ્ધિને **કર્મજા બુદ્ધિ** કહે છે. (૪) ચિરકાળ પર્યંત પરસ્પર પર્યાલોચન, વિચારણા કરવાથી અથવા ઉંમરના વધવાની સાથે પ્રાપ્ત અનુભવ જન્ય બુદ્ધિને **પારિણામિકી બુદ્ધિ** કહે છે. અથવા અનુમાનિત યોજના મુજબ કાર્ય કરીને ચોક્કસ પરિણામ આપનારી બુદ્ધિને **પારિણામિકી બુદ્ધિ** કહે છે. એ ચારે પ્રકારની બુદ્ધિને ક્રિયાત્મક રૂપથી સમજવા માટે સૂત્રમાં કેટલાક દષ્ટાંતોનો સંકેત કરવામાં આવેલ છે. તે દષ્ટાંત સારાંશ પ્રકાશનના કથા શાસ્ત્ર નામના પ્રથમ ભાગમાં આપ્યા છે.

**વિશેષ :–** અવગ્રહ, ઈહા, અવાયથી જે વસ્તુનો નિર્ણય થાય છે તે નિર્ણયમાં જ્યારે નૂતન ધર્મને જાણવાની અભિલાષા થાય છે ત્યારે પુનઃ વિચારણા દ્વારા નૂતન ઈહા થાય છે, એવી સ્થિતિમાં તે પૂર્વનો અવાય આ નૂતન ઈહાને માટે અવગ્રહ બની જાય છે. આ પ્રકારે વિશેષ-વિશેષ નૂતન ધર્મની અપેક્ષા પૂર્વ-પૂર્વના





અવાય પણ અવગ્રહ બની જાય છે. અર્થાત્ અપેક્ષાથી અવાય પણ અવગ્રહથી પુનઃ પ્રારંભ થાય છે. સામાન્યથી વિશેષ વિશેષતર નૂતન ધર્મ (ગુણ)ની જિજ્ઞાસાથી એમ થાય છે.

**મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દ :–** (૧) ઈહા (૨) અપોહ (૩) વિમર્શ (૪) માર્ગણા (૫) ગવેષણા (૬) સંજ્ઞા (૭) સ્મૃતિ (૮) મતિ (૯) પ્રજ્ઞા (૧૦) બુદ્ધિ.

**મતિજ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– મતિજ્ઞાની, અપેક્ષાએ સર્વદ્રવ્ય જાણે છે, પરન્તુ જોઈ શકતા નથી. (૨) ક્ષેત્રથી– મતિજ્ઞાની, અપેક્ષાએ સર્વ ક્ષેત્ર જાણી શકે છે, પરન્તુ જોઈ શકતા નથી. (૩) કાળથી– મતિજ્ઞાની, અપેક્ષાએ સર્વે કાળ જાણી શકે છે, પણ જોઈ શકતા નથી. (૪) ભાવથી– મતિજ્ઞાની, અપેક્ષાએ સર્વે ભાવોને જાણી શકે છે, પણ જોઈ શકતા નથી. આ તેનો ઉત્કૃષ્ટ વિષય છે. જઘન્ય, મધ્યમ મતિજ્ઞાન આનાથી ઓછું વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે છે.

### પ્રશ્ન–૧૦ : શ્રુતજ્ઞાનના ભેદ–પ્રભેદ કઈ રીતે કર્યા છે ?

**જવાબ–** અધ્યયન, શ્રવણ, વાંચન, ચિંતન, ઈત્યાદિથી જે અક્ષર વિન્યાસરૂપ જ્ઞાન થાય છે અથવા ઈંગિત આકાર સંકેત દ્વારા જે અનુભવ અભ્યાસયુક્ત જ્ઞાન થાય છે, એ સર્વેને શ્રુતજ્ઞાન કહેવાય છે. તેમાં બધી ઈન્દ્રિય, મન તથા બુદ્ધિનો ઉપયોગ થાય છે. આ જ્ઞાન લૌકિક કે લોકોત્તર શાસ્ત્રમય હોય છે અથવા કોઈપણ ભાષા અક્ષર–સમૂહ સંકેતમય હોય છે.

શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે. અર્થાત્ અધ્યયન કે અક્ષરરૂપ જ્ઞાનથી પૂર્વ ઈન્દ્રિય યા મન સંબંધિત વસ્તુનું જ્ઞાન અને બુદ્ધિ પ્રાપ્ત થયા પછી શ્રુતજ્ઞાન થાય છે. અતઃ જ્ઞાનક્રમમાં પણ પ્રથમ મતિજ્ઞાન અને પછી શ્રુતજ્ઞાન લેવામાં આવ્યું છે. શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકાર છે. એના અધ્યયન દ્વારા શ્રુતજ્ઞાન સહજ રીતે ખૂબ જ સ્પષ્ટતાથી સમજી શકાય છે. તે આ પ્રમાણે છે– (૧) અક્ષરશ્રુત (૨) અનક્ષરશ્રુત (૩) સન્નીશ્રુત (૪) અસન્નીશ્રુત (૫) સમ્યક્શ્રુત (૬) મિથ્યાશ્રુત (૭) સાદિકશ્રુત (૮) અનાદિકશ્રુત (૯) સપર્યવસિતશ્રુત (૧૦) અપર્યવસિતશ્રુત (૧૧) ગમિકશ્રુત (૧૨) અગમિકશ્રુત (૧૩) અંગ પ્રવિષ્ટશ્રુત (૧૪) અનંગ પ્રવિષ્ટશ્રુત. અક્ષરશ્રુત તથા અનક્ષરશ્રુતમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાનનો સમાવેશ થાય છે. પરંતુ સામાન્ય બુદ્ધિ ધરાવતા જીવોને વિભિન્ન પાસાઓથી અર્થ પરમાર્થને સમજવામાં સરળતા રહે એ હેતુથી અહીં સાત પ્રકારે બે-બે ભેદ કરીને ૧૪ ભેદ કર્યા છે.

**(૧) અક્ષરશ્રુત :–** આના ત્રણ ભેદ છે– સંજ્ઞા અક્ષરશ્રુત, વ્યંજન અક્ષરશ્રુત અને લબ્ધિ અક્ષરશ્રુત. (૧) અક્ષરોની આકૃતિ અર્થાત્ વિભિન્ન લિપિઓમાં લખાયેલ અક્ષરને 'સંજ્ઞાશ્રુત' કહે છે. (૨) અક્ષરના જે ઉચ્ચારણ કરાય છે, તેને 'વ્યંજનશ્રુત' કહેવાય છે. (૩) શ્રોતેન્દ્રિય આદિના ક્ષયોપશમના નિમિતે જે ભાવરૂપમાં શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે તેને 'લબ્ધિ અક્ષરશ્રુત' કહે છે.

અક્ષર શબ્દની પર્યાલોચના થકી જે અર્થનો બોધ થાય છે તેને 'લબ્ધિ' અક્ષર શ્રુત કહે છે. એ જ ભાવ શ્રુત છે. સંજ્ઞા અને વ્યંજન દ્રવ્યશ્રુત છે અને ભાવ-શ્રુતનું કારણ છે.

**(૨) અનક્ષરશ્રુત :–** જે શબ્દ અક્ષરાત્મક(વર્ણાત્મક) ન હોય પરંતુ ધ્વનિ માત્ર હોય જેમ કે– ખાંસવું, છીંકવું, થુંકવું, લાંબો શ્વાસ લેવો–છોડવો, સીટી, ઘંટડી, બ્યુગલ વગાડવા વગેરે. કોઈ પણ આશય સંકેત દ્વારા સૂચિત કરાય છે તે સર્વે અનક્ષરશ્રુત છે. વગર પ્રયોજને કરાયેલ ધ્વનિ કે શબ્દ અનક્ષરશ્રુત ન કહેવાય.

**મતિજ્ઞાન એવં શ્રુતજ્ઞાનમાં સંબંધ વિચારણા :–** મતિજ્ઞાન કારણ છે, શ્રુતજ્ઞાન કાર્ય છે. મતિજ્ઞાન સામાન્ય છે. શ્રુતજ્ઞાન વિશેષ છે. મતિજ્ઞાન મૂક છે, શ્રુતજ્ઞાન મુખરિત(બોલતું) છે. મતિજ્ઞાન અનક્ષર છે. શ્રુતજ્ઞાન અક્ષર પરિણત છે. ઈન્દ્રિય અને મનથી જે જ્ઞાન અનુભૂતિ રૂપે થાય છે ત્યારે તેને મતિજ્ઞાન કહે છે, પરન્તુ એ જ્ઞાન જ્યારે અક્ષરરૂપ સ્વયં અનુભવ કરે છે, કે બીજાને પોતાનો અભિપ્રાય ચેષ્ટાથી બતાવે છે, ત્યારે તે અનુભવ અને ચેષ્ટા આદિ શ્રુતજ્ઞાન કહેવાય છે. અતઃ મતિજ્ઞાન શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ સંબંધી ચિંતનના અનુભવથી થાય છે. જ્યારે શ્રુતજ્ઞાનમાં શબ્દ વગેરેની અનુભૂતિ અક્ષરના રૂપમાં કરાય છે. આમ, અક્ષરરૂપે સ્વયં અનુભવ કરવો અને બીજાને અક્ષર કે અનક્ષર(ધ્વનિ) દ્વારા અનુભવ કરાવવો તેને શ્રુત જ્ઞાન કહેવાય છે.

**(૩–૪) સંજ્ઞીશ્રુત અસંજ્ઞીશ્રુત :–** સજ્ઞીને થનારું જ્ઞાન સજ્ઞીશ્રુત કહેવાય છે અને અજ્ઞીને થનારું જ્ઞાન અસંજ્ઞીશ્રુત કહેવાય છે. અસંજ્ઞી જીવોમાં અવ્યક્ત ભાવશ્રુત હોય છે. જ્યારે સંજ્ઞી જીવોનું ભાવ શ્રુતજ્ઞાન સ્પષ્ટ(વ્યક્ત) હોય છે.

**(૫) સમ્યક્શ્રુત :–** તીર્થંકર ભગવંતો દ્વારા પ્રણીત અર્થને ગણધરો શાસ્ત્રરૂપે ગૂંથે તે 'સમ્યક્શ્રુત' છે. આ શાસ્ત્રો પર આધારિત અન્ય દશ પૂર્વધારી પર્યંતના બહુશ્રુત આચાર્યો દ્વારા રચિત શાસ્ત્ર પણ 'સમ્યક્શ્રુત' છે. વ્યક્તિગત સ્મૃતિની અપેક્ષાએ દશપૂર્વથી લઈને ચૌદ પૂર્વધારી જ્ઞાનીના ઉપયોગ સાથે ઉક્ત શાસ્ત્ર





સમ્યક્શ્રુત છે. એનાથી ઉતરતા જ્ઞાનવાળાના શાસ્ત્ર સમ્યક્શ્રુત રૂપ પણ હોય છે અને અસમ્યક્ પણ હોય છે. આનું કારણ સ્મૃતિ દોષપણ હોઈ શકે. દશપૂર્વથી ઓછા જ્ઞાનવાળા મિથ્યાદષ્ટિ હોઈ શકે.

એના આધારે એમ સમજાય છે કે દશપૂર્વ જ્ઞાનધારીઓથી ઓછા જ્ઞાની દ્વારા રચિત શાસ્ત્ર એકાંત સમ્યક્શ્રુત નથી હોતા, એને એક અપેક્ષાથી આગમ કોટિમાં નહીં ગણાય.

**(૬) મિથ્યાશ્રુત :–** અજ્ઞાની મિથ્યા દષ્ટિ દ્વારા સ્વયંની સ્વચ્છંદ બુદ્ધિથી અર્થાત્ સર્વજ્ઞોની વાણીનો આધાર લીધા વગર જે શાસ્ત્રની રચના થાય છે તે 'મિથ્યાશ્રુત' છે.

**(૭–૧૦) સાદિ સાંત, અનાદિ અનંત શ્રુત :–** કોઈ પણ વ્યક્તિની અપેક્ષાએ, ભરત આદિક્ષેત્રની અપેક્ષાએ, ઉત્સર્પિણી આદિ કાળની અપેક્ષાએ શ્રુત 'સાદિ-સાંત' હોય છે.પરંપરાની અપેક્ષાએ, સમસ્ત ક્ષેત્રોની અપેક્ષાએ, સંપૂર્ણકાળની અપેક્ષાએ શ્રુત અનાદિ અનંત હોય છે. ભવી જીવોનું શ્રુત 'સાદિ સાંત' હોય છે. અભવી જીવોનું અસમ્યક્ શ્રુત અનાદિ અનંત હોય છે. કારણ કે ભવીને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી શ્રુતજ્ઞાન નથી હોતું. કેવળ જ્ઞાન આત્માનો નિજ ગુણ છે. એનું અસ્તિત્વ બધા જીવોમાં હોય છે. કર્માવરણને કારણે એનો અનંતમો ભાગ સર્વે જીવોમાં અનાવરિત હોય છે. જો એમ ન હોય તો જીવ અજીવમાં પરિણમે. પરંતુ આવું થતું નથી. કેવળ જ્ઞાનને અહીં 'પર્યાયઅક્ષર' શબ્દ દ્વારા કહેવાયું છે.

**(૧૧–૧૨) ગમિકશ્રુત અગમિકશ્રુત :–** દષ્ટિવાદ નામનું બારમું અંગ સૂત્ર 'ગમિકશ્રુત' છે. શેષ અગિયાર અંગ 'અગમિકશ્રુત' છે. જેમાં એક વાક્ય યા આલાપક વારંવાર આવે છે તેને ગમિક કહેવાય છે. જે શાસ્ત્રમાં પુનઃ પુનઃ એક સરખા પાઠ નથી આવતા તેને 'અગમિક' કહેવાય છે.

**(૧૩–૧૪) અંગ પ્રવિષ્ટ અને અંગબાહ્ય :–** બાર અંગ સૂત્ર 'અંગ પ્રવિષ્ટશ્રુત' છે. એ સિવાયના સર્વે સમ્યગ્ શાસ્ત્ર અંગબાહ્ય 'અનંગપ્રવિષ્ટ' શ્રુત છે. અંગ બાહ્યના બે ભેદ છે– (૧) આવશ્યક સૂત્ર (૨) તેનાથી અતિરિક્ત સૂત્ર. એકલા આવશ્યક સૂત્રને અલગ રાખવામાં આવ્યું છે. કારણ કે એની રચના પ્રારંભમાં ગણધર દ્વારા કરવામાં આવે છે. આવશ્યક સિવાય અતિરિકત શ્રુતના બે ભેદ છે. (૧) કાલિકશ્રુત (૨) ઉત્કાલિક શ્રુત. પ્રથમ પ્રહર અને ચતુર્થ પ્રહરમાં જેનો સ્વાધ્યાય આદિ કરાય તેને 'કાલિકશ્રુત' કહે છે અને જેનો ચારે પ્રહરમાં સ્વાધ્યાય આદિ કરાય તેને 'ઉત્કાલિકશ્રુત' કહે છે. અંગ પ્રવિષ્ટ બધા આગમો કાલિક હોય

છે. આવશ્યક સૂત્ર ઉત્કાલિક સૂત્ર(નોકાલિક નોઉત્કાલિક સૂત્ર) છે. ચારે પ્રહરમાં તથા અસજ્ઝાયમાં પણ તેનું વાંચન(સ્વાધ્યાય) થાય છે.

**અંગ પ્રવિષ્ટ સૂત્રોના નામ :–** (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(ભગવતીસૂત્ર) (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાસકદશા (૮) અંતકૃતદશા (૯) અનુત્તરોપપાતિક (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક (૧૨) દષ્ટિવાદ(પૂર્વજ્ઞાન). આનો વિષય પરિચય સમવાયાંગ સૂત્રના સારાંશમાં છે. સમવાયાંગ અને નંદી સૂત્રમાં આપેલ આ વિષય પરિચયમાં થોડી ભિન્નતા છે, તે પાછળ પરિશિષ્ટમાં જોવું.

**અંગબાહ્ય કાલિક સૂત્ર :–** ઉત્તરાધ્યયન, નિશીથ, દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, નિરિયાવલિકાદિ પાંચ વર્ગ અર્થાત્ ઉપાંગ સૂત્ર, મહાનિશીથ, ઋષિભાષિત, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ ઈત્યાદિ ૧૦ અધ્યયન અર્થાત્ સંક્ષેપિક દશા, દેવિંદ પરિયાપનિકા, નાગ પરિયાપનિકા, ઉત્થાન શ્રુત, સમુત્થાન શ્રુત.

**અંગ બાહ્ય ઉત્કાલિક સૂત્ર :–** દશવૈકાલિક, ઔપપાતિક, રાજપ્રશ્રીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદી, અનુયોગ દ્વાર, સૂર્યપ્રજ્ઞપ્તિ, કલ્પાકલ્પ, ચુલ્લ-કલ્પશ્રુત, મહાકલ્પશ્રુત, મહાપ્રજ્ઞાપના, પ્રમાદાપ્રમાદ, દેવેન્દ્રસ્તવ, તન્દુલ-વૈચારિક, ચન્દ્રવિદ્યા, પૌઢષી મંડળ, મંડળ પ્રવેશ, વિદ્યાચરણ–વિનિશ્ચય, ગણિવિદ્યા, ધ્યાન વિભક્તિ, મરણ વિભક્તિ, આત્મ વિશુદ્ધિ, વીતરાગ શ્રુત, સંલેખનાશ્રુત, વિહાર કલ્પ, ચરણવિધિ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન.

અંગ પ્રવિષ્ટ સૂત્રોની સંખ્યા બાર છે. અંગ બાહ્ય સૂત્રોની કોઈ સંખ્યા બતાવી નથી. કયારેક વધી જાય છે તો કયારેક ઘટી જાય છે. પ્રત્યેક તીર્થંકરના શાસનમાં અલગ અલગ સંખ્યા રહે છે તથા એક તીર્થંકરના શાસનમાં પણ પ્રારંભમાં ૧-૨ હોય, ફરી નવા બનતા રહેવાથી વધે અને ક્યારેક વિલુપ્ત-વિચ્છેદ થવાથી ઘટી જાય છે. તેથી અહીં સૂત્રમાં અંગબાહ્યની કે કાલિક ઉત્કાલિકની સંખ્યા કહેલ નથી.

**પ્રશ્ન–૧૧ : કુલ શાસ્ત્રની સંખ્યા વર્ણનથી કેટલી સિદ્ધ થાય છે ?**

**જવાબ–** આધુનિક પ્રકાશનોમાં અહીં મૂળપાઠની સાથે ક્યાંક સંખ્યા લખવામાં આવે છે તેની અપેક્ષાએ ઉત્કાલિક–૨૯, કાલિક–૩૧ છે, કુલ ૧૨+૧+૨૯+૩૧= ૭૩ શાસ્ત્ર થાય છે. હકીકતમાં ૧૨ અંગશાસ્ત્રોથી વધુ કોઈપણ સંખ્યા કહેવી





ઉચિત નથી. કારણ કે સમયાંતરે લિપિકાળમાં આ નામો બદલાયા કરે છે, જેમ કે– ઠાણાંગસૂત્રમાં સંક્ષેપિકદશા સૂત્રના ૧૦ અધ્યયન કહ્યા છે તેના જ ૧૦ નામોને અહીં ૧૦ સૂત્રો કહેલ છે. ઉપાંગસૂત્રમાં પાંચ વર્ગ કહ્યા છે તેના નિરયાવલિકા વગેરે પાંચ નામ છે. આ નામોથી અહીં પાંચ સૂત્ર કહેવામાં આવેલ છે. એક વર્ગના બે નામ થઈ જવાથી આ પાંચના પણ છ સૂત્રો લખવામાં આવે છે. આથી ૭૩ માંથી ૧૪ ઓછા કરતાં ૫૯ થાય છે. અથવા અહીં દર્શાવેલ સંપૂર્ણ શ્રુતસંખ્યા હકીકતમાં ૫૯ જ છે, ૭૩ તો બની ગઈ છે. આ પ્રમાણે બીજા પણ કોઈ નામોમાં કોઈપણ રીતે પરિવર્તન થવું સંભવ છે.

તીર્થંકરની ઉપસ્થિતિમાં તેમના બધા જ શિષ્યો વીતરાગ વાણીના આધારે વ્યક્તિગત સંકલન કરે છે, તેને પ્રકીર્ણક સૂત્ર કહેવામાં આવે છે. તેની સંખ્યા જેટલા સાધુ હોય તેટલી હોય છે. જેમ ૨૪ મા તીર્થંકરની પ્રકીર્ણક શ્રુતસંખ્યા ૧૪ હજાર કહી છે. પ્રથમ તીર્થંકરના પ્રકીર્ણક સૂત્રની સંખ્યા ૮૪ હજાર કહેલ છે. જેનો સમાવેશ અંગબાહ્ય, કાલિક કે ઉત્કાલિક શ્રુતમાં હોય છે.

***(પ્રકીર્ણક સંબંધી આ નિરૂપણ સંદેહાત્મક છે, કેમ કે ૧૪ હજાર શિષ્યોમાંથી બધા લેખન કાર્ય કરતા નથી. કાલિક અને ઉત્કાલિક શ્રુતના નામ પછી શ્રુતજ્ઞાનના ભેદનો વિષય પૂર્ણ થઈ જાય છે. )***

**પ્રશ્ન–૧૨ : શ્રુતજ્ઞાનનો ઉત્કૃષ્ટ વિષય કેટલો હોય છે ?**

**જવાબ–** (૧) દ્રવ્યથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા બધા દ્રવ્યને જાણે–દેખે છે. (૨) ક્ષેત્રથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા સર્વે ક્ષેત્રને જાણે–દેખે છે. (૩) કાળથી– ઉપયોગ દ્વારા શ્રુતજ્ઞાની સર્વેકાળને જાણે-દેખે છે. (૪) ભાવથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા સર્વે ભાવોને જાણે-દેખે છે. આ કથન ઉત્કૃષ્ટ માટે છે. જઘન્ય, મધ્યમ, માટે થોડું ઓછું દ્રવ્ય-ક્ષેત્ર આદિ સમજવું. શ્રુતજ્ઞાનથી સ્પષ્ટ જાણી શકાય છે. પરંતુ જોવું ચિત્ર વગેરેની અપેક્ષાએ સમજવું. આ પાઠમાં કયાંક-કયાંક પ્રતોમાં ભેદ પણ છે. અન્ય આગમોમાં અને અન્ય પ્રતોમાં **ણ પાસઈ** છે. તેનો અર્થ થાય કે શ્રુતજ્ઞાની જાણી શકે છે પણ જોઈ શકતો નથી પરંતુ એકાંત એવું નથી. કોઈ દ્રવ્ય આદિ પ્રત્યક્ષ હોય તો તે જોઈ શકે છે.

**પ્રશ્ન–૧૩ : શ્રુતજ્ઞાનની અધ્યયન વિધિ, શ્રવણ વિધિ અને અધ્યાપન વિધિ કઈ રીતે હોય છે ?**

**જવાબ– અધ્યયનના આઠ ગુણ :–** (૧) વિનય યુક્ત સાંભળવું (૨) શંકાઓનું

પૂછીને સમાધાન કરવું (૩) ફરી સમ્યક્ પ્રકારથી સાંભળવું (૪) અર્થ અભિપ્રાય ગ્રહણ કરવો. (૫) પૂર્વાપર અવિરોધ વિચારણા કરવી (૬) પુનઃ સત્ય માનવું (૭) નિશ્ચિત કરેલા અર્થને હૃદયમાં ધારણ કરવો (૮) એ જ પ્રમાણે આચરવું.

**શ્રવણ વિધિ :–** (૧) મૌન રહી એકાગ્રચિત્તથી સાંભળવું (૨) 'હું'કાર અથવા 'જી હા' આદિ કહેવું (૩) 'સત્યવચન' **તહત્તિ** ઈત્યાદિ બોલવું (૪) પ્રશ્ન પૂછવા (૫) વિચાર વિમર્શ કરવો (૬) સાંભળેલા તથા સમજાવેલા શ્રુતમાં પારંગત થવું (૭) પ્રતિપાદન કરવામાં સમર્થ થવું.

**અધ્યાપન વિધિ :–** આચાર્ય, ઉપાધ્યાય, ગુઢ આદિ પહેલાં સૂત્રોચ્ચારણ શીખવે. પછી સામાન્ય અર્થ અર્થાત્ શબ્દોની સૂત્ર સ્પર્શી નિર્યુકિત(શબ્દાર્થ) બતાવે. પશ્ચાત્ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર આદિ એ સર્વેનો આશય વ્યાખ્યા સહિત બતાવે. આ ક્રમ પ્રમાણે અધ્યયન કરાવવાથી ગુઢ શિષ્યને પારંગત બનાવી શકે છે.

## પ્રશ્ન–૧૪ : અવધિજ્ઞાનના ભેદ–પ્રભેદ અને સ્વરૂપ શું છે ?

**જવાબ– અવધિજ્ઞાન :–** આ જ્ઞાન મન અને ઈન્દ્રિયોની સહાયતાની અપેક્ષા રાખ્યા વગર સીધે સીધું આત્મ સાક્ષાત્કારથી જ રૂપી પદાર્થોને વિષય કરે છે. આ જ્ઞાનમાં માત્ર રૂપી પદાર્થોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા છે, અરૂપીને નહિ. તે આ જ્ઞાનની મર્યાદા છે. બીજા શબ્દોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવની મર્યાદા સાથે આ જ્ઞાન રૂપી દ્રવ્યોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં **અવધિ** શબ્દ મર્યાદાના અર્થમાં પ્રયુક્ત થયો છે.

**અવધિ જ્ઞાનના બે પ્રકાર :–** આ જ્ઞાન ચાર ગતિના જીવોને હોય છે. નરકગતિ અને દેવગતિના જીવોમાં આ જ્ઞાન 'ભવ પ્રત્યયિક' હોય છે અર્થાત્ બધાને જન્મના સમયથી તે મૃત્યુ પર્યંત રહે છે. સમ્યગ્દૃષ્ટિનું આ જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય છે અને મિથ્યા દષ્ટિનું આ જ્ઞાન અવધિ અજ્ઞાન કહેવાય છે અથવા 'વિભંગ જ્ઞાન' કહેવાય છે. તિર્યંચ અને મનુષ્યમાં ક્ષયોપશમ અનુસાર કોઈ કોઈને આ જ્ઞાન ઉત્પન્ન થાય છે, બધાને નહીં. એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના જીવોમાં આ જ્ઞાન નથી હોતું , સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ હોય છે.

(૧) મનુષ્ય, તિર્યંચના આ જ્ઞાનને **ક્ષાયોપશમિક અવધિજ્ઞાન** કહેવાય છે. (૨) દેવ નારકીના આ જ્ઞાનને **ભવ પ્રત્યયિક અવધિ જ્ઞાન** કહેવાય છે.

**અવધિજ્ઞાનના છ ભેદ :–** જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંપન્ન અણગારને તેમજ





ક્યારેક શ્રમણોપાસકને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન સમુત્પન્ન થાય છે. એના છ પ્રકાર છે. (૧) અનુગામિક– જે સાથે ચાલે છે. (૨) અનાનુગામિક– જે સાથે ચાલતું નથી. (૩) વર્ધમાન– જે વધતું જાય છે. (૪) હીયમાન– જે ઘટતું જાય છે. (૫) પ્રતિપાતી– જે ઉત્પન્ન થઈને નાશ પામે છે. (૬) અપ્રતિપાતી– જે સંપૂર્ણ ભવમાં નાશ પામતું નથી, તેમ ઘટતું પણ નથી.

**(૧) અનુગામિક અવધિજ્ઞાન :–** આ અવધિજ્ઞાનમાં કોઈને આગળ દેખાય, કોઈને પાછળ દેખાય, કોઈને જમણી બાજુ તો કોઈને ડાબી બાજુ દેખાય છે. આ અવધિજ્ઞાન જયાં ઉત્પન્ન થયું હોય ત્યાંથી તે અવધિજ્ઞાની જયાં જાય ત્યાં તેની સાથે અવધિજ્ઞાન જાય છે. જ્યારે અવધિજ્ઞાની ઈચ્છે ત્યારે તે દિશામાં પોતાની સીમામાં અવધિજ્ઞાનમાં જોઈ શકે છે. **ઉદાહરણ :–** કોઈને રાજકોટના ૫૦૦ માઈલના વર્તુળમાં જોનાર અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે અવધિ જ્ઞાની સૂરત જાય તો ત્યાંથી પણ ૫૦૦ માઈલના વર્તુળમાં જોઈ શકે છે પરંતુ એની સીમાથી દૂર અવધિજ્ઞાનમાં જોઈ શકાતું નથી. આ જ્ઞાન ઉત્કૃષ્ટ સંખ્યાતા અસંખ્યાતા યોજનનું હોઈ શકે છે. દેવ–નારકીના અવધિજ્ઞાનથી ચારેબાજુ જોઈ શકાય છે. તિર્યંચ અને મનુષ્ય એક તરફ કે ચારે તરફ જાણી–દેખી શકે છે.

**(૨) અનાનુગામિક અવધિજ્ઞાન :–** જેમ કોઈને રાજકોટમાં ૫૦૦ માઈલનું અવધિજ્ઞાન થયું. તે વ્યક્તિ તે ક્ષેત્રની મર્યાદામાં રહીને અવધિજ્ઞાનથી જાણી-દેખી શકે. તેની બહાર જાય તો ત્યાંથી કંઈ જાણી-દેખી શકે નહીં.

**(૩) વર્ધમાન અવધિજ્ઞાન :–** પ્રશસ્ત અધ્યવસાયો તથા ચારિત્રની વિશુદ્ધતાથી જે અવધિજ્ઞાનીના આત્મ પરિણામ વિશુદ્ધતર થતા જાય છે, તેમનું અવધિજ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને સર્વે દિશામાં વૃદ્ધિ થાય છે. તેના ક્ષેત્રમાં, કાળમાં અને દ્રવ્ય-પર્યાયોમાં પણ વૃદ્ધિ થાય છે. તેને વર્ધમાન અવધિજ્ઞાન કહે છે. અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાની અવગાહના જેટલું હોય છે તથા વધતાં-વધતાં અલોકમાં લોક જેટલા અસંખ્ય ખંડ જેટલી સીમા જોવાની તેની ક્ષમતા થઈ જાય છે. કલ્પના કરો કે ઉત્કૃષ્ટ સંખ્યાના અગ્નિકાયના જીવોને મેઢ પર્વતથી એક દિશામાં ક્રમશઃ ગોઠવીએ તો તે અલોકમાં ખૂબ દૂર સુધી પહોંચી જશે. આ કતાર ને ચારે તરફ ફેરવતાં જે મંડલાકાર ક્ષેત્ર બને, તેટલું ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનું ક્ષેત્ર સમજવું. જે અસંખ્ય લોક પ્રમાણ બની જાય છે.

અવધિજ્ઞાનના ક્ષેત્રની વૃદ્ધિ સાથે કાળની વૃદ્ધિ કયા ક્રમથી થાય છે તેને

સમજવાની તાલિકા આ પ્રમાણે છે–

| ક્ષેત્ર | | કાળ | |
|---|---|---|---|
| (૧) | એક અંગુલનો અસંખ્યાતમો ભાગ જોવે. | (૧) | આવલિકાનો અસંખ્યાતમો ભાગ જોવે. |
| (૨) | અંગુલનો સંખ્યાતમો ભાગ જોવે | (૨) | આવલિકાનો સંખ્યાતમો ભાગ જોવે |
| (૩) | એક અંગુલ | (૩) | આવલિકાથી થોડુંક ઓછું |
| (૪) | અનેક અંગુલ | (૪) | એક આવલિકા |
| (૫) | એક હસ્ત પ્રમાણ | (૫) | એક મુહૂર્તથી થોડું ઓછું. |
| (૬) | એક કોસ(ગાઉ) | (૬) | એક દિવસથી થોડું ઓછું. |
| (૭) | એક યોજન | (૭) | અનેક દિવસ |
| (૮) | પચ્ચીસ યોજન | (૮) | એક પક્ષથી થોડું ઓછું |
| (૯) | ભરત ક્ષેત્ર | (૯) | અર્ધ માસ |
| (૧૦) | જંબૂદ્વીપ | (૧૦) | એક માસથી થોડું વધુ |
| (૧૧) | અઢી દ્વીપ | (૧૧) | એક વર્ષ |
| (૧૨) | રુચકદ્વીપ | (૧૨) | અનેક વર્ષ |
| (૧૩) | સંખ્યાતદ્વીપ | (૧૩) | સંખ્યાત કાળ |
| (૧૪) | સંખ્યાત અસંખ્યાત દ્વીપ સમુદ્ર | (૧૪) | પલ્યોપમ આદિ અસંખ્ય કાળ |

**(૪) હીયમાન અવધિજ્ઞાન :–** સાધકને અપ્રશસ્ત યોગ, સંક્લિષ્ટ પરિણામ આવે ત્યારે અવધિજ્ઞાનનો વિષય ઘટતો જાય છે. એ સર્વે દિશાઓથી ઘટે છે.

**(૫) પ્રતિપાતી અવધિજ્ઞાન :–** અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકના વિષયનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ વિનષ્ટ થઈ શકે છે. આને પ્રતિપાતી અવધિજ્ઞાન કહે છે.

**(૬) અપ્રતિપાતિ અવધિજ્ઞાન :–** લોકની સીમાથી આગળ વધીને જ્યારે અવધિજ્ઞાનની ક્ષમતા અલોકમાં જાણવા-દેખવા યોગ્ય વધી જાય છે ત્યારે તે અવધિજ્ઞાન અપ્રતિપાતિ થઈ જાય છે. અર્થાત્ તે આખા ભવમાં ક્યારેય નષ્ટ થતું નથી, પતિત થતું નથી; આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી રહે છે અથવા તો કેવળ જ્ઞાન ઉત્પન્ન થઈ જાય ત્યારે તે તેમાં વિલીન થઈ જાય છે.

**પ્રશ્ન–૧૫ : અવધિજ્ઞાનનો જઘન્ય–ઉત્કૃષ્ટ વિષય કેટલો છે ?**

**જવાબ–** (૧) દ્રવ્યથી– જઘન્ય અનંત રૂપી દ્રવ્ય જુએ અને જાણે, ઉત્કૃષ્ટ





સર્વરૂપી દ્રવ્ય જુએ અને જાણે. (૨) ક્ષેત્રથી– જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને જુએ અને જાણે, ઉત્કૃષ્ટ લોક જેટલા અસંખ્યાતા ખંડ પ્રમાણ ક્ષેત્ર અલોકમાં જુએ અને જાણે.(ક્ષમતાની અપેક્ષા) (૩) કાળથી– જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ જુએ અને જાણે, ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પ્રમાણ ભૂત ભવિષ્ય જુએ અને જાણે. (૪) ભાવથી– જઘન્ય ઉત્કૃષ્ટ અનંત પર્યાય જુએ અને જાણે. પરન્તુ જઘન્યથી ઉત્કૃષ્ટનો વિષય અનંત ગુણો છે, એમ સમજવું. તોપણ સર્વ પર્યાયથી અનંતમો ભાગ જુએ.

**પ્રશ્ન–૧૬ : મનઃપર્યવજ્ઞાનનું સ્વરૂપ શું છે અને તે કોને થાય છે ?**

**જવાબ–** (૧) મનની પર્યાયોને જાણનારું જ્ઞાન મનઃપર્યવજ્ઞાન છે. ભાષા વર્ગણાની જેમ મન વર્ગણા પણ રૂપી છે. વચન યોગ દ્વારા ભાષા વર્ગણાનું ભાષારૂપમાં પરિણમન થાય છે. તેવી રીતે મનોયોગ દ્વારા મન વર્ગણાના પુદ્ગલનું મનરૂપમાં પરિણમન થાય છે. મનરૂપમાં પરિણત એ પુદ્ગલોને ઓળખવા તે મનઃપર્યવજ્ઞાનનો વિષય છે.

(૨) જે રીતે શ્રવણેન્દ્રિયનો વિષય છે, કોઈના વચનને શ્રવણ કરવું, તે રીતે મનઃપર્યવ જ્ઞાનનો વિષય છે કોઈના મનને જાણી લેવું. કોઈ વ્યક્તિ વચન દ્વારા કોઈની નિંદા કરે અથવા કોઈની પ્રશંસા કરે તથા વચમાં એ વ્યક્તિ સંબંધિત નામ લે એ સાંભળવાનો વિષય છે. પરંતુ આ વ્યક્તિ કોણ છે, કઈ જાતિની છે, એનો વક્તા સાથે શું સંબંધ છે ? નિંદા અથવા પ્રશંસાનુ કારણ અથવા નિમિત્ત શું છે ? વગેરે જ્ઞાન વક્તાના તાત્પર્યાર્થથી સમજાય અથવા સ્વયંના ચિંતન કે ક્ષયોપશમથી જાણી શકાય, તેવી રીતે મનઃપર્યવજ્ઞાન દ્વારા મન પરિણત પર્યાયોનું જ્ઞાન થાય છે. અન્ય વિષયોનું જ્ઞાન મનના પર્યાયના અનુપ્રેક્ષણ દ્વારા થાય અથવા અન્ય અનુભવ બુદ્ધિ આદિથી અથવા તો તેની આગળ-પાછળના મનથી જાણી શકાય છે.

(૩) આ મનઃપર્યવજ્ઞાન ફક્ત મનુષ્યને થાય છે, અન્ય ત્રણ ગતિમાં હોતું નથી. તે દ્રવ્ય અને ભાવથી સંયમ પર્યાયમાં જ થાય છે. ફક્ત દ્રવ્ય સંયમ હોય અથવા ફક્ત ભાવ સંયમ હોય પણ દ્રવ્ય સંયમ ન હોય તો પણ તે જ્ઞાન નથી થતું. સંયમી પણ જ્યારે અપ્રમત્તયોગમાં હોય ત્યારે તેને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. પ્રમત્ત અવસ્થામાં મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી. સાતમા ગુણસ્થાનમાં ઉત્પન્ન થાય છે. એકથી છ ગુણસ્થાનમાં ઉત્પન્ન થતું નથી.

(૪) જેમ વચન અથવા ભાષાના દ્રવ્ય અને ભાવ એવા કોઈ વિકલ્પ નથી હોતા

તેમ મનના પણ દ્રવ્ય અને ભાવનો આગમમાં કોઈ વિકલ્પ કહ્યો નથી. આની પ્રક્રિયા પૂર્ણ ભાષા પરિણમનની જેમ છે. જેવી રીતે ભાષાનો રૂપી, અરૂપી વિકલ્પ નથી હોતો તેવી રીતે મનના રૂપી અરૂપી વિકલ્પ નથી હોતા. એ બન્ને રૂપી હોય છે. ગ્રંથોમાં મનના દ્રવ્ય અને ભાવ વિકલ્પ બતાવ્યા છે. પરંતુ એની કોઈ આવશ્યકતા કે ઉપયોગિતા નથી.

**પ્રશ્ન–૧૭ : મનઃપર્યવજ્ઞાનના ભેદ કેટલા છે અને તેનો વિષય કેટલો છે ?**

**જવાબ–** આ મનઃપર્યવજ્ઞાન બે પ્રકારના હોય છે– **૧.** ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન **૨.** વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન. ઋજુમતિની અપેક્ષાએ વિપુલમતિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને વિશુદ્ધ વિપુલ અને નિર્મલરૂપથી વધુ જાણે છે, દેખે છે અને ક્ષેત્રમાં અઢી અંગુલ ક્ષેત્ર એનું વધુ હોય છે. સામાન્ય બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય અને વિશિષ્ટ બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

**(૬) મનઃપર્યવ જ્ઞાનનો વિષય :– (૧) દ્રવ્યથી–** મનઃપર્યવજ્ઞાની સંજ્ઞી જીવો (દેવ મનુષ્ય તિર્યંચ)ના મનના(મનરૂપમાં પરિણત પુદ્‌ગલોના) અનંત અનંત પ્રદેશી સ્કંધોને જાણે દેખે છે.

**(૨) ક્ષેત્રથી–** મનઃપર્યવજ્ઞાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે છે, ઉત્કૃષ્ટ નીચે ૧૦૦૦ યોજન, ઉપર ૯૦૦ યોજન તથા ચારે દિશામાં ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી દેવ, મનુષ્ય, તિર્યંચોના વ્યક્ત મનના ભાવને જાણે દેખે છે.(જે પ્રકારે અસ્પષ્ટ શબ્દ સાંભળી શકાતા નથી તે પ્રકારે અસ્પષ્ટ મનને જાણી-દેખી શકાતા નથી.)

**(૩) કાલથી–** જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી જોઈ શકે છે. ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી દેખી શકે છે.જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને કથનની અપેક્ષાએ તો એક જ છે, પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ વધારે છે એમ સમજી લેવું જોઈએ(જો જઘન્ય ઉત્કૃષ્ટ વાસ્તવમાં સમાન જ હોય તો તેને આગમમાં જઘન્ય ઉત્કૃષ્ટ નહીં કહેતાં અજઘન્ય અનુત્કૃષ્ટ કહેવાય છે.)

(૪) ભાવથી– મનઃપર્યવજ્ઞાની અનંત ભાવોને જાણી શકે છે, જોઈ શકે છે.

**પ્રશ્ન–૧૮ : અવધિજ્ઞાની જ્યારે રૂપી પદાર્થોને જાણે છે તો શું તે જીવોના મનને પણ જાણે છે ?**





**જવાબ–** હા જાણી-દેખી શકે છે. આને દષ્ટાંત દ્વારા સમજીએ. એક ટપાલઘરમાં ઘણી વ્યક્તિ કામ કરતી હોય છે. તેમાં કોઈ વ્યક્તિ તારની અનુભવી હોય છે અને કોઈને તાર વિષે અનુભવ નથી પણ તેને શ્રોતેન્દ્રિય તો છે જ. તેથી તે તાર સંદેશાના ટિક ટિક અવાજને સાંભળી શકે છે પરંતુ સમજી શકતી નથી. તેવી રીતે તેટલું અંતર અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની વચ્ચે રહેલું છે. અથવા એક ડોકટર ચક્ષુરોગનો નિષ્ણાત છે અને બીજો સંપૂર્ણ શરીરનો ચિકિત્સક છે, તેથી આંખની ચિકિત્સા પણ કરે છે, પરંતુ આંખના વિષયમાં ચક્ષુ વિશેષજ્ઞની ચિકિત્સામાં તથા શરીર નિષ્ણાતની ચિકિત્સામાં અંતર હોવું સ્વાભાવિક છે. તેવીજ રીતે અવધિજ્ઞાની દ્વારા મનના પુદ્‌ગલને જાણવામાં ને મનઃપર્યવજ્ઞાની દ્વારા મનના પુદ્‌ગલને જોવા અને જાણવામાં ઘણું અંતર હોય છે, એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન–૧૯ : ઋજુમતિ અને વિપુલમતિ જ્ઞાનતો સરખા જેવા જ છે, તો બે ભેદ કેમ સમજવા ?**

**જવાબ–** જેમ કે બે વિદ્યાર્થીઓએ એક જ વિષયની પરીક્ષા આપી. એક પ્રથમ શ્રેણીમાં આવે છે બીજો દ્વિતીય શ્રેણીમાં આવે છે. તેથી સ્પષ્ટ છે કે પ્રથમશ્રેણી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનું જ્ઞાન વિશેષ છે. એની શ્રેણી આગળ છે. ભવિષ્યમાં પણ એનો પ્રવેશ પ્રથમ આવશે. એવી રીતે ઋજુમતિ અને વિપુલમતિમાં ફેર સમજવો.

ઋજુમતિનું જ્ઞાન એ જ ભવમાં નષ્ટ થઈ શકે છે. જ્યારે વિપુલમતિનું જ્ઞાન આખા ભવ સુધી રહે છે. આ તેની વિશેષતા છે. કોઈ ધારણા થકી વિપુલમતિ એજ ભવમાં મોક્ષ પામે છે. જ્યારે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનીને ભવિષ્યમાં અનેક ભવ પણ કરવા પડે છે. સામાન્ય અંતરપણ કયારેક મહત્ત્વનું થઈ જાય છે. જેમ કે ચુંટણીમાં એક મત ઓછો પડયો તો બીજા પાંચ વર્ષ રાહ જોવી પડે. એવી જ વિશેષતા બન્ને પ્રકારના મનઃપર્યવ જ્ઞાનમાં છે, તેથી બે પ્રકાર કહ્યા છે.

**પ્રશ્ન–૨૦ : અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની તુલના કઈ રીતે થાય છે ?**

**જવાબ– (૧)** અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે. **(૨)** અવધિજ્ઞાન બધા પ્રકારના રૂપી દ્રવ્યોને વિષય કરે છે. જ્યારે મનઃપર્યવ જ્ઞાન ફક્ત મનોદ્રવ્યોને જ વિષય કરે છે. **(૩)** અવધિજ્ઞાન ચારેય ગતિમાં હોય છે, મનઃ પર્યવ જ્ઞાન ફક્ત મનુષ્ય ગતિમાં જ હોય છે. **(૪)** અવધિજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી નષ્ટ થતું નથી પરંતુ વિભંગજ્ઞાનમાં પરિવર્તિત થાય છે જ્યારે મનઃપર્યવજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી સમાપ્ત થઈ જાય છે. **(૫)** અવધિજ્ઞાનની

સાથે અવધિ દર્શન હોય છે, મનઃપર્યવજ્ઞાનની સાથે કોઈ દર્શન હોતું નથી. (૬) અવધિજ્ઞાન આગામી ભવમાં સાથે જાય છે. મનઃપર્યવજ્ઞાન પરભવમાં સાથે જતું નથી. (૭) મનઃપર્યવજ્ઞાનનો વિષય દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અલ્પ છે, અવધિજ્ઞાનનો વિષય અત્યંત વિશાળ છે. અર્થાત્ અવધિજ્ઞાની સંપૂર્ણ શરીરના ચિકિત્સક સમાન છે, તો મનઃપર્યવજ્ઞાની કોઈ એક અંગના વિશેષજ્ઞની સમાન છે.

**પ્રશ્ન–૨૧ : કેવલજ્ઞાનનું સ્વરૂપ શું છે ?**

**જવાબ–** કેવળજ્ઞાન આત્માનો નિજ ગુણ-સ્વભાવ છે. અનાદિકાળથી આત્મા જ્ઞાનાવરણીય કર્મથી આવૃત્ત છે. જ્યારે આત્મા સદનુષ્ઠાનરૂપ તપ-સંયમ દ્વારા મોહ કર્મનો ક્ષય કરીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મોનો એક સાથે ક્ષય કરે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળદર્શન પણ ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન આવરણ રહિત અને સંપૂર્ણ જ્ઞાન છે. આ જ્ઞાન દ્વારા રૂપી અરૂપી સમસ્ત પદાર્થો તથા સમસ્ત પર્યાયોનું જ્ઞાન થાય છે. કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી ક્યારે ય પણ નષ્ટ થતું નથી અર્થાત્ આ અપ્રતિપાતિ જ્ઞાન છે. મનુષ્ય દેહ છૂટ્યા પછી પણ આ જ્ઞાન યથાવત્ આત્મામાં રહે છે. અનંત સિદ્ધો અને હજારો મનુષ્યનું કેવળ જ્ઞાન એક જ હોય છે; એમાં કોઈ ભેદ કે વિભાગ નથી હોતા.

કેવળજ્ઞાની મનુષ્ય અને સિદ્ધોની અવસ્થાઓ વિભિન્ન હોય છે. એ અપેક્ષાએ કેવળજ્ઞાનીના ભેદ–વિકલ્પ ઉપચારથી હોય છે. પરન્તુ વાસ્તવમાં કેવળજ્ઞાનના કોઈ ભેદ વિકલ્પ હોતા નથી એ સ્પષ્ટ છે. કેવળજ્ઞાન સાદિ અનંત છે અર્થાત્ એક દિવસ આ જ્ઞાન પ્રકટ થાય છે, તેથી સાદિ છે અને તે સદા તથા સર્વદા રહેશે તેથી અનંત છે. પાંચ પદોમાં પ્રથમ અને બીજા પદમાં અર્થાત્ સર્વે અરિહંત અને સિદ્ધોને કેવળજ્ઞાન હોય છે. શેષ ત્રણ પદમાં કોઈકને હોય છે અને કોઈકને નથી હોતું.

**કેવળજ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– કેવળજ્ઞાની રૂપી અરૂપી સર્વ દ્રવ્યોને જાણે અને જુએ (૨) ક્ષેત્રથી– સર્વ લોક અલોકને જાણે, જુએ(૩) કાળથી– સંપૂર્ણ ભૂત ભવિષ્યને જાણે-જુએ (૪) ભાવથી– સર્વે દ્રવ્યોની સર્વે પર્યાયોને, અવસ્થાઓને જાણે-જુએ. કેવળજ્ઞાનથી સંપૂર્ણ પદાર્થો અને ભાવોને જાણીને કેવળી થોડા તત્ત્વોનું જ કથન વાણી દ્વારા કરે છે. તેમનો આ વચન યોગ હોય છે. એમનું આ પ્રવચન, સાંભળનારા માટે શ્રુતજ્ઞાન બની જાય છે.





**પ્રશ્ન–૨૨ : કેવલજ્ઞાન થવા પર પહેલાના મતિ આદિ ૪ જ્ઞાનનું શું થાય છે ?**

**જવાબ–** મતિ આદિ ચાર જ્ઞાન એક સાથે એક વ્યક્તિમાં હોઈ શકે છે. કેવળ જ્ઞાન એકલું જ હોય છે. શેષ ચારે જ્ઞાન કેવળજ્ઞાનમાં વિલીન થઈ જાય છે. જેમ કોઈ મકાનની એક દિશામાં ચાર દરવાજા છે, તેને હટાવીને આખી દિશા ખુલ્લી કરીને જ્યારે એક જ પહોળો માર્ગ બનાવી દેવામાં આવે છે, ત્યારે તેમાં પ્રવેશ દ્વાર ૪ અથવા ૫ નહીં પરંતુ એક જ માર્ગ કહેવામાં આવે છે. ચાર દરવાજાઓના ચાર માર્ગ પણ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. એ જ રીતે એક કેવળજ્ઞાનમાં જ ચારે ય જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે. કેવળજ્ઞાનથી વિશેષ કોઈ જ્ઞાન હોતું નથી. આ સર્વોપરી જ્ઞાન છે અને આત્માની સર્વશ્રેષ્ઠ નિજ સ્વભાવ અવસ્થા છે. કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરવા સંપૂર્ણ તપ, સંયમની સાધનાનો સ્વીકાર કરવો જરૂરી છે.

## ।। પાંચ જ્ઞાન સ્વરૂપ સંપૂર્ણ ।।

## પરિશિષ્ટ :–

**પ્રશ્ન–૨૩ : ભગવતી સૂત્ર અને નંદી સૂત્રમાં મતિજ્ઞાનના વિષયમાં અંતર શા માટે છે ?**

**જવાબ–** મતિ જ્ઞાનને બાદ કરતાં ચાર જ્ઞાનનો વિષય બન્ને સૂત્રોમાં સરખો છે. મતિજ્ઞાન માટે નંદી સૂત્રમાં 'અપેક્ષાએ મતિજ્ઞાની સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને જાણે કિંતુ દેખે નહીં,' આવું વિધાન કરવામાં આવેલ છે. જ્યારે ભગવતીસૂત્રમાં 'અપેક્ષાથી જાણે અને દેખે' એમ કહેવામાં આવ્યું છે. જ્યાં અપેક્ષા શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યાં જાણવાનું અને જોવાનું બન્નેનો સ્વીકાર કરવો ઉચિત જ હોય. તેથી ભગવતીસૂત્રનો પાઠ શુદ્ધ જણાય છે. કારણ કે અપેક્ષા શબ્દ લગાડીને પણ મૂળમાં જોવાનો નિષેધ કરવો અને પછી ટીકામાં સ્પષ્ટીકરણ કરવું કે અમુક અપેક્ષાથી જુએ અને અમુક અપેક્ષાથી ન પણ જુએ, એ બરાબર નથી. તેથી એમ માની લેવું જોઈએ કે ભગવતી સૂત્રનું કથન બરાબર છે અને નંદીના પાઠમાં કયારેય પણ જોવાના શબ્દ સાથે 'નો' ઉમેરવામાં આવી ગયો છે. કદાચ તે લિપિ દોષથી આવ્યો કે ક્યારેક સમજના ભ્રમથી આવી ગયો હોય. અપેક્ષા શબ્દ લાગવાથી બહુજ શક્યતા તેમાં સમાઈ જાય છે. તેથી જ અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્રને બન્ને સૂત્રોમાં **મતિજ્ઞાન** માટે જાણવાનો તો પાઠ છે જ અને **શ્રુતજ્ઞાન** માટે પણ બન્ને સૂત્રોમાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળભાવને અપેક્ષાથી **જાણવું–**

**જોવું** એમ સરખું જ કહેવામાં આવ્યું છે,(ઉપયોગ હોય ત્યારે) પરિણામ એ થયું કે નંદીમાં મતિજ્ઞાનનો પાઠ ભગવતી સૂત્રની જેમ જ હોવો જોઈએ.

આ લિપિ દોષ ટીકાકારોના જમાનાથી પૂર્વે જ આવી ગયેલ છે, છતાં પણ ભગવતી સૂત્રના પાઠને જોઈ જાણી એને સુધારી લેવો જોઈએ.

**સાર :–** મતિજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને જાણે–જુવે છે.

**પ્રશ્ન–૨૪ : નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં દ્વાદશાંગીના પરિચયમાં શું ભિન્નતા છે ?**

**જવાબ–** સમવાયાંગ સૂત્રમાં વિષય–વર્ણન કંઈક વધારે અને વિસ્તારથી કહેવામાં આવ્યું છે અને નંદીમાં કંઈક સંક્ષિપ્ત કથન છે. આ સિવાય ઘણી ખરી સમાનતા છે. થોડીક જ ભિન્નતા છે. જેમ કે– **(૧)** નંદીમાં ભગવતીની પદ સંખ્યા બે લાખ અઠ્યાસી હજાર છે, જ્યારે સમવાયાંગમાં ચોર્યાસી હજાર છે. **(૨)** નંદીમાં અંતગડ સૂત્રના આઠ વર્ગ અને આઠ ઉદ્દેશન કાલ કહેવાયા છે, અધ્યયન કહ્યા નથી; જ્યારે સમવાયાંગમાં સાત વર્ગ, ૧૦ અધ્યયન અને દસ ઉદ્દેશન કાલ કહ્યા છે. **(૩)** નંદીમાં અનુત્તરોપપાતિક સૂત્રના ત્રણ વર્ગ અને ત્રણ ઉદ્દેશન કાલ કહ્યા છે. સમવાયાંગમાં દસ અધ્યયન, દસ ઉદ્દેશનકાલ અને ત્રણ વર્ગ કહ્યા છે.

**પ્રશ્ન–૨૫ : ઠાણાંગ સૂત્રમાં પણ કેટલાક શાસ્ત્રોના અધ્યયનોની સંખ્યા અને નામ છે, તેનાથી સંબંધિત શું અનુપ્રેક્ષા છે ?**

**જવાબ–** ૧. ઉપાસકદશા ૨. અંતગડદશા ૩. અનુત્તરોપપાતિકદશા ૪. પ્રશ્નવ્યાકરણ ૫. વિપાકસૂત્ર. આ સૂત્રોના અધ્યયનોની સંખ્યા અને નામ દસમા ઠાણામાં આવેલ છે.નંદી અને સમવાયાંગમાં સૂત્રોના પરિચયમાં અધ્યયનોની સંખ્યા તો છે પરંતુ અધ્યયનોના નામ ક્યાંય પણ નથી.

વર્તમાનમાં ઉપલબ્ધ અને આ શાસ્ત્રોમાં કહેવાયેલ અધ્યયનોની સંખ્યા અને નામોમાં તફાવત અને સરખાપણું આ પ્રકારે છે– **(૧)** ઉપરના પાંચ સૂત્રોની અધ્યયન સંખ્યા ઠાણાંગમાં ૧૦-૧૦ જ કહેલ છે. જ્યારે સમવાયાંગમાં ચાર સૂત્રોની દસ-દસ કહેલ છે અને પ્રશ્નવ્યાકરણની ૪૫ કહેલ છે અને નંદીમાં ફક્ત વિપાક અને ઉપાસકદશા એ બે સૂત્રોની જ અધ્યયન સંખ્યા દસ-દસ કહેલ છે. બે સૂત્ર અંતગડ અને અનુત્તરોપપાતિકની અધ્યયન સંખ્યા જ કહેલ નથી અને પ્રશ્નવ્યાકરણ સૂત્રની ૪૫ અધ્યયન સંખ્યા કહેલ છે. **(૨)** છતાં પણ વર્તમાનમાં ઉપલબ્ધ અંતગડસૂત્રના નેવું અધ્યયનો છે અને અનુત્તરોપપાતિકના તેત્રીસ





અધ્યયનો છે. બાકીના ત્રણ સૂત્રોના દસ-દસ અધ્યયન મળે છે. **(૩)** ઠાણાંગમાં કહેલ ઉપાસક દશાના દસ અધ્યયનોના નામો વર્તમાનમાં પણ એજ મળે છે. જ્યારે વિપાકના નામો અને અનુત્તરોપપાતિકના નામોમાં ભિન્નતા છે અને પ્રશ્ન વ્યાકરણના દશ અધ્યયનો બધાય જુદા મળે છે. આ તફાવતોનાં કારણોની ઘણી રીતથી કલ્પનાઓ કરવામાં આવે છે. પરંતુ શાસ્ત્રોમાં કોઈ કારણનો સંકેત પણ મળતો નથી.

**સાર :–** ઉપાસકદશા સૂત્રના સંબંધમાં બધી સરખામણી છે. વિપાકસૂત્રના અધ્યયનના નામોમાં જુદાપણુ છે અને ત્રણ સૂત્રોનું વર્ણન જોતા જે મળે છે તે ઘણું જુદુંજ છે. આથી ફલિત થાય છે કે ત્રણ અંગ આગમોનું પૂરેપૂઢં બદલાયેલું રૂપ મળે છે અને વિપાક સૂત્રના કેટલાક અધ્યયનોમાં પરિવર્તન દેખાય છે. બાકી સાત અંગસૂત્રોની કોઈપણ પ્રકારની વિભિન્નતાની ચર્ચા આ પરિચય સૂત્રોમાં નથી.

આચારાંગ સૂત્રના પાછલા બે અધ્યયન, ભાવના અને વિમુક્તિ ''બંધ દશા સૂત્ર''ના સાતમા, આઠમા અધ્યયન છે, એમ ઠાણાંગ સૂત્રમાં કહેલ છે. તેનું કારણ એ છે કે નિશીથ અધ્યયનને આચારાંગથી અલગ પાડવામાં આવ્યું છે. જેથી આ અધ્યયનોનું કંઈક પરિવર્તન થયેલ છે અને આચારાંગની અધ્યયન સંખ્યાની પૂર્તિ કરવામાં આવેલ છે. મતલબ એ કે બંધદશા સૂત્રના જ ભાવના અને વિમુક્તિ નામક સાતમા આઠમા અધ્યયન આચારાંગમાં રાખવામાં આવેલ છે. આગમોમાં આવા પરિવર્તનો માટે કોઈ સંકેત પણ ન હોવાથી નિશ્ચિત કાંઈ પણ કહી શકાતુ નથી. અનુમાન અને શક્યતાઓ જ દર્શાવી શકાય, તે જ ઉપર કહેવાયું છે.

**પ્રશ્ન–૨૬ : નંદીસૂત્રમાં મતિજ્ઞાનના પ્રકરણમાં જે બુદ્ધિના દષ્ટાંત કહ્યા છે તે કઈ રીતે છે ?**

**જવાબ–** બુદ્ધિને ક્રિયાત્મક રૂપે સમજવા માટે સૂત્રમાં કેટલાક દષ્ટાંતોના સંકેત રૂપે નામ માત્ર છે, સંપૂર્ણ કથાનક વ્યાખ્યામાં મળે છે તે માટે સારાંશ ભાગ–૧ કથાશાસ્ત્રમાં જુઓ.

**॥ નંદી સૂત્ર સંપૂર્ણ ॥**

# અનુયોગ દ્વાર સૂત્ર : અનુયોગ એક ચિંતન

**અનુયોગની પરંપરા :–** ભગવાનના શાસનમાં મેધાવી શિષ્યોને કાલિકશ્રુતરૂપ અંગસૂત્રોના મૂળપાઠની સાથે યથાસમયે એના અનુયોગ–અર્થ વિસ્તારની વાંચણી પણ અપાતી હતી. તેને જે શ્રમણ કંઠસ્થ કરતા હતા તેઓ અનુયોગયુક્ત કાલિક શ્રુતને ધારણ કરનારા કહેવાતા.

નંદી સૂત્રના પ્રારંભમાં આવા અનેક અનુયોગ ધારક સ્થવિરોની સ્તુતિ કરીને નમસ્કાર કર્યા છે. ત્યાં અંતિમ પચાસમી ગાથામાં એવા જ મહાપુરુષોનું સ્મરણ કરવામાં આવ્યું છે કે જેમના નામો આગળની ૪૯ ગાથાઓમાં ન લઈ શકાયા હોય અને જે સૂત્રકારના અનુભવથી અજ્ઞાત શ્રુતધરો પહેલાં થઈ ગયા હોય; તેમને પણ વંદન કરવામાં આવેલ છે. તે ગાથા આ છે–

**જે અણ્ણે ભગવંતે, કાલિય સુય આણુઓગિએ ધીરે ।**
**તે પણમિઉણ સિરસા, ણાણસ્સ પરૂવણં વોચ્છં ॥૫૦॥**

આમ કાલિક શ્રુત(અંગસૂત્ર) તથા તેના અનુયોગ 'વિસ્તૃત વિશ્લેષણની પરંપરા' ભગવાનના શાસનમાં નંદી સૂત્ર કર્તા શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ સુધી **મૌખિક ચાલતી** રહી. આને કારણે તે ક્ષમાશ્રમણે નંદીસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ કરીને ગણધર, જિન પ્રવચન તથા સુધર્મા સ્વામીથી લઈને દેવદુષ્યગણિ સુધીના ૩૧ સ્થવિરોની સ્તુતિ કરીને વંદના કરી છે. આ દેવદુષ્યગણિ, દેવર્ધિગણીના દીક્ષા ગુરુ અથવા વાચનાચાર્ય હતા.

ત્યારબાદ સૂત્રોને લિપિબદ્ધ કરવાનો ક્રમ દેવર્ધિગણિથી શરૂ થયો, જે વિધિવત્ અને સ્થાયી રીતે કરવામાં આવેલ છે. તેમના પહેલાં પણ આ ક્રમની શરૂઆત થઈ હશે પણ તે તેટલી મહત્ત્વની કે વ્યાપક ન થઈ શકી. સૂત્રને લિપિબદ્ધ કરવાનું આ કાર્ય ખૂબ જ અઘરું હતું. વળી અનુયોગ–અર્થ, વ્યાખ્યાન લિપિબદ્ધ કરવાનું તો તે સમયે કલ્પનાતીત જ ગણાતું. એટલે એનું આલેખન સ્થગિત કરવામાં આવ્યું. સંતોષ એમ માનવામાં આવ્યો કે અર્થ, વ્યાખ્યાનને કરવાની પદ્ધતિ તો અનુયોગ દ્વાર સૂત્રમાં સુરક્ષિતપણે ગૂંથેલી છે, તેટલી તો લિપિબદ્ધ છે જ. તેમજ સૂત્રોના સામાન્ય જરૂરી ઉપયોગી અર્થ અને ક્વચિત્ અનુયોગ પણ ગુરુ પરંપરાથી મૌખિક ચાલ્યા કરે છે.



ઊઠ



દેવર્ધિગણિ ક્ષમાશ્રમણને હજુ ૪૦–૫૦ વર્ષ પણ પૂરા નહિ થયા હોય ત્યાં તો વ્યાખ્યાઓને લિપિબદ્ધ કરવાનું કાર્ય શરૂ થઈ ગયું હતું. પરંતુ આ કાર્ય એક સાથે સામુહિક રૂપથી નહોતું મંડાયું; વ્યક્તિગત રીતે થોડા થોડા સમયે શરૂ થતું રહ્યું અને લખાતું રહ્યું. તેના પ્રારંભકર્તા વરાહમિહિરના ભાઈ, બીજા ભદ્રબાહુ સ્વામી હતા. તેમણે જે દસ સૂત્રો ઉપર વ્યાખ્યાઓ લખી તેનું નામ 'નિર્યુક્તિ' રાખેલું. પછીથી આગળ આવશ્યક્તાનુસાર વ્યાખ્યાઓ ઉપર વ્યાખ્યાઓ વિસ્તૃત સ્પષ્ટ અર્થવાળી લખવામાં આવી. આમ કંઠસ્થ વ્યાખ્યાઓને ગ્રંથસ્થ કરવામાં આવતાં, તેમના ભાષ્ય, ચૂર્ણિ, અવચૂરી, દીપિકા, ટીકા, ટબ્બા વગેરે નામો રાખવામાં આવ્યા. નામકરણ ગમે તે હોય પરંતુ આ બધા સૂત્રોની વ્યાખ્યાઓ સૂત્રોના અર્થ અને વિશ્લેષણરૂપ જ છે અને તે પ્રાચીનકાળમાં સૂત્રના અનુયોગરૂપે ઓળખાતી હતી.

આજે પણ શબ્દ કોષમાં અનુયોગ શબ્દનો અર્થ પરમાર્થ મળે છે. તેમાં પણ પ્રમુખ અર્થ એ છે કે અનુયોગ અર્થાત્ સૂત્રોના અર્થ તથા વિસ્તૃત વ્યાખ્યાઓ. એ વ્યાખ્યાઓની વિશેષ ક્રમિક પદ્ધતિ હોય છે, તેને જ 'અનુયોગ પદ્ધતિ' કહેવાય છે.

પ્રસ્તુત અનુયોગદ્વાર સૂત્રમાં મુખ્યપણે એ અનુયોગ પદ્ધતિને પ્રયોગાત્મક રૂપથી રજૂ કરવામાં આવી છે. તેથી આ સૂત્રનું અનુયોગદ્વાર સૂત્ર સાર્થક નામ રાખવામાં આવ્યું છે. આમા જે પદ્ધતિ દર્શાવવામાં આવી છે, તેવીજ રીતે નિર્યુક્તિ ભાષ્યોમાં પણ સૂત્રના અર્થનું વ્યાખ્યાન પ્રાયઃ તે પદ્ધતિને અવલંબિત છે, જે આજે પણ જોવા મળે છે.

આ પ્રકારે આ સૂત્રની મૌલિકતા અને આવશ્યકતા અત્રે સ્પષ્ટ કરી છે. પરંતુ ઈતિહાસના પાનાઓમાં આ વિષે કેટલીક ભ્રામક પરંપરાઓ પ્રવર્તે છે, જેના વિશે થોડીક બાબતો અહીં રજૂ કરવી આવશ્યક છે જેમ કે– ''આર્ય રક્ષિતે સ્મૃતિ દોષને ધ્યાનમાં રાખીને સૂત્રમાંથી તેના અનુયોગનો છેદ કરી નાખ્યો, જે વિચ્છેદ થઈ ગયું. તથાપિ સંકેત દર્શન માટે આ અનુયોગ દ્વાર સૂત્રની રચના કરી.''

પરંતુ આ કથન નંદીસૂત્ર સંબંધી ઉપર કરવામાં આવેલ ચર્ચાથી અલગ છે. અનુયોગધર આચાર્ય તો આર્ય રક્ષિત પણ હતા તથા દુષ્યગણિ પણ હતા અને એવા અન્ય પણ અનુયોગધર દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે મોજૂદ હતા. તેઓને પણ અંતિમ ગાથામાં યાદ કરીને સત્કારિત, સન્માનિત કરી નમન કરવામાં

આવેલ છે. જો અનુયોગ વિચ્છેદ થયું હોત તો તેના પછી બીજા અનેક બહુશ્રુત અનુયોગધર કઈ રીતે થાત ? પરંતુ ઈતિહાસના નામે આવી અણઘડ પરંપરાઓનો પ્રવાહ ચાલ્યા કરે છે. આવી ઘણી બાબતોનો સંગ્રહ કરી તેને એક સ્વતંત્ર ઐતિહાસિક પરિશિષ્ટના રૂપમાં રજૂ કરવાનો સંકલ્પ છે. ***જેના માટે જુઓ– અનુસંધાન આગમ સારાંશ પુસ્તકોમાં પરિશિષ્ટ વિભાગ ખંડ–૮.***

કાળાંતરે કોઈ યુગમાં મૌલિક સૂત્રોને પણ ચાર અનુયોગમાંથી કોઈ પણ એક અનુયોગમાં કલ્પિત કરવામાં આવ્યું છે. પણ ખરેખર અનુયોગ શબ્દ તો અર્થ અથવા વ્યાખ્યાને માટે છે, મૂળ સૂત્ર માટે નહીં.

વર્તમાનકાળમાં સૂત્રના અંશોનું વિષયોમાં વિભાજન કરવામાં આવે છે. તે વિષયવાર વર્ગીકરણને પણ અનુયોગ અથવા અનુયોગ પદ્ધતિ કહેવામાં આવે છે. આવા વિભાજન કાર્યો કરનારા વિદ્વાનોને 'અનુયોગ પ્રવર્તક' પણ કહેવામાં આવે છે. પરંતુ આ અનુયોગ શબ્દનો પ્રયોગ કેવળ રૂઢપ્રયોગ બની ગયો છે. વાસ્તવમાં આ કાર્યો આગમોના વિષયોનું વર્ગીકરણ છે, અનુયોગ નથી. પરંતુ એક પ્રણાલિકા શરૂ થઈ અને તે પ્રચલિત થઈ ગઈ. પ્રમાણો વડે અનુયોગ શબ્દ સંબંધી જાણકારી માટે ***જુઓ ચરણાનુયોગ ભાગ–૨ ની પ્રસ્તાવના, પૃષ્ટ–૭૪ અથવા આ જ લેખમાં આગળ વાંચો.***

વાસ્તવમાં સૂત્રોના અર્થ પરમાર્થને યથાર્થરૂપમાં ક્રમશઃ પૂર્ણ રીતે ધારણ કરનારને 'અનુયોગધર' કહેવાય છે. અને આવા અર્થ પરમાર્થને સ્વગણ તથા અન્ય ગણના સેંકડો હજારો શ્રમણ શ્રમણીઓ ને સમજાવનાર, ભણાવનારને 'અનુયોગ પ્રવર્તક' કહેવાય છે. ક્યારેક આવી જ રીતે કોઈ 'અનુયોગ પ્રવર્તક' વિશેષ વિખ્યાત બની જાય છે અને લાંબી ઉંમરના કારણે અધિકાંશરૂપથી તેમના દ્વારા સમજાવવામાં આવેલ તે પરમાર્થ, બધા ગણોની પરંપરાઓમાં પ્રવર્તમાન થઈ જાય છે. ત્યારે તે પરમાર્થ વાચના અનુયોગ પ્રવર્તકના નામથી પ્રસારિત થયા કરે છે, જે કેટલાય યુગો સુધી પ્રખ્યાત રહે છે. આ જ રીતે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પૂર્વે અનુયોગધર સ્કંધિલાચાર્ય થયા હતા. તેમણે વિશેષ રૂપથી ઉપર જણાવ્યા મુજબ અનુયોગને પ્રવર્તાવ્યું હતું. તેમની પરંપરા ખૂબ જ વિશાળ પણે વિસ્તરી અને દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમય સુધીમાં પૂર્ણપણે વ્યાપક બની હતી. આ કારણે જ નંદી સૂત્રની એક ગાથામાં જણાવ્યું છે કે...





**જેસિં ઈમો અણુઓગો, પયરઈ અજ્જા વિ અઢ્ઢ ભરહમ્મિ ।**
**બહુ નયર–નિગ્ગય જસે, તે વંદે ખંદિલાયરિએ ॥૩૭॥**

આ ગાથાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સૂત્રોના અનુયોગ વિચ્છેદ નહોતા ગયા પરંતુ સંપૂર્ણ અર્ધ ભરતમાં પ્રચલિત હતા. દેવર્દ્ધિગણિ તથા સ્કંદિલાચાર્ય આ બંને, શ્રી આર્યરક્ષિત પછી સેંકડો વર્ષ વીત્યા બાદના આચાર્ય હતા અને તેઓ પણ અનુયોગધર તથા અનુયોગ પ્રવર્તક હતા. અતઃ અનુયોગના વિચ્છેદ થવાની કે વિચ્છેદ કરવાની જે વાત ઈતિહાસમાં છે તે ભ્રામક અને કાલ્પનિક છે; આ બાબત સૂત્ર પ્રમાણથી જ સ્પષ્ટ થઈ જાય છે.

**અનુયોગ શબ્દની ઉપલબ્ધ વ્યાખ્યાઓ :–** અભિધાન રાજેન્દ્ર કોષના પ્રથમ ભાગમાં અનુયોગ શબ્દના અનેક અર્થ તથા એના પ્રયોગની વિસ્તૃત વ્યાખ્યા પૃષ્ટ ૩૪૦ થી ૩૬૦ સુધી છે. જે અનેક આગમો તથા ગ્રંથોમાંથી મેળવેલ છે. તેના થોડા અંશ અહીં આપવામાં આવે છે–

(૧) અણુ સૂત્રં, મહાન અર્થઃ, તતો મહતો અર્થસ્ય અણુના સૂત્રેણ યોગો, અનુયોગઃ॥ ***–કોશ પૃષ્ટ–૩૪૦/૨.***

(૨) અનુયોગો–વ્યાખ્યાનમ્ ॥ ***–કોષ પૃષ્ટ–૩૫૪/૧.***

(૩) અનુરૂપો યોગઃ, સૂત્રસ્ય અર્થેન સાર્દ્ધ અનુરૂપઃ સંબંધ, વ્યાખ્યાનમિત્યર્થઃ॥ ***–પૃષ્ટ–૩૫૫/૨૨.***

(૪) આર્ય વજ્રાદ્ યાવત્ અપૃથક્ત્વે સતિ **સૂત્ર વ્યાખ્યારૂપ** એકોપ્યનુયોગઃ ક્રિયમાણઃ પ્રતિસૂત્રં ચત્વારિ દ્વારાણિ ભાષતે । અર્થાત્ ચરણ કરણાદિશ્ચતુરોપિ પ્રતિપાદયતિ ઈત્યર્થઃ । પૃથક્ત્વાનુયોગ કરણાદેવ વ્યવછિન્નઃ । તતઃ પ્રભૃતિ એક-એક ચરણ કરણાદીનામન્યતરો અર્થઃ પ્રતિ સૂત્રં વ્યાખ્યાયતે, ન ચત્વારોપિ ઈત્યર્થઃ ॥

(૫) અનુયોગો– અર્થઃ વ્યાખ્યાનમ્ ॥ ***–પૃષ્ટ–૩૫૮/૨, પંક્તિ–૧, ૨.***

(૬) અધ્યયનાર્થ કથનવિધિઃ અનુયોગઃ ॥ ***–અનુયોગ દ્વાર, પૃષ્ટ–૩૫૮.***

(૭) મહાપુરસ્ય ઈવ સામાયિકસ્સ અનુયોગાર્થં વ્યાખ્યાનાર્થં દ્વારાણિ ઈતિ અનુયોગ દ્વારાણિ ॥

(૮) **અણુઓગદ્દારાઈં, મહાપુરસ્સેવ તસ્સ ચત્તારિ ।**
**અણુઓગો ત્તિ તદત્થો, દારાઈં તસ્સ ઉ મહાઈં ॥**

***–અનુયોગદ્વાર, પૃષ્ટ–૩૫૮/૨.***

(૯) સંહિતા ય પદં ચેવ, પયત્થો, પદવિગ્ગહો ।
ચાલણા ય પસિદ્ધી ય, છવ્વિહં વિદ્ધિ લક્ખણં ॥ *–પૃષ્ટ–૩૫૫/૧૯.*

**(૧૦)** તં ચ અનુયોગો યદ્યપિ અનેક ગ્રંથ વિષયઃ સંભવતિ તથાપિ પ્રતિશાસ્ત્રં પ્રતિ અધ્યયનં, પ્રતિ ઉદ્દેશકં, પ્રતિ વાક્યં, પ્રતિ પદં ચ ઉપકારિત્વાદ્॥ *–કોશ પૃષ્ટ–૩૫૯/૧. અનુયોગદ્વાર ટીકામાંથી.*

**(૧૧)** અનુયોગિન– અનુયોગો વ્યાખ્યાનામ્, પ્રરૂપણા ઈતિ યાવત્; સ યત્ર અસ્તિ અનુયોગી–આચાર્ય . અણુઓગી લોગાણં સંસય ણાસઓ દઢં હોતિ . અણુયોગધરઃ અનુયોગિકઃ ॥

**(૧૨)** અણુયોગ પરઃ – સિદ્ધાંત વ્યાખ્યાનનિષ્ઠઃ ॥

**(૧૩)** નંદી સૂત્ર, ગાથા–૩ર, મલયગિરી ટીકામાં– 'કાલિકશ્રુતાનુયોગિકાન્', કાલિકશ્રુતાનુયોગે વ્યાખ્યાને નિયુક્તાઃ કાલિકશ્રુતાનુયોગિકાઃ તાન્ . અથવા કાલિકશ્રુતાનુયોગ યેષાં વિદ્યતે ઈતિ કાલિકશ્રુતાનુયોગિનઃ ॥

**(૧૪)** अणुओगे य निओगा, भास विभास य वत्तिय चेव ।
एए अणुओगस्स उ, नामा एगट्ठिया प च ॥

*–બૃહ.ભા., કોષ પૃષ્ટ–૩૪૪*

अणुओयण अणुओगो, सुयस्स नियएण जमभिधेएण ।
वावारो वा जोगो, जो अणुरूवो अणुकूलो वा ॥ *પૃષ્ટ–૩૪૪*

सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्ति मीसिओ भणिओ ।
तइओ य निरवसेसो, एस विही भणिय अणुओगे ॥

*પૃષ્ટ–૩૪૫/૧૪.*

આ ઉપર્યુકત ઉદ્ધરણોમાં સૂત્રના અર્થને સંક્ષિપ્ત કે વિસ્તૃત કહેવાની પદ્ધતિને અર્થાત્ વ્યાખ્યા કરવાની પદ્ધતિઓને અનુયોગ શબ્દ વડે કહેવામાં આવી છે.

**નંદી સૂત્રમાં અનુયોગ શબ્દનો પ્રયોગ :–**

(૧) रयणकरण्डगभूओ, अणुओगो रक्खिओ जेहिं ॥३२॥

(૨) अयलपुरा निक्ख ते, कालियसुय अणुओगिए धीरे ।
ब भद्दीवग–सीहे, वायग पयमुत्तम पत्ते ॥३६॥

(૩) जेसि इमो अणुओगो, पयरइ अज्जावि अड्ढ भरहम्मि॥३७॥





(૪) कालिय सुय अणुओगस्स धारए, धारए य पुव्वाण ।
हिमव त खमासमणे, व दे नागज्जुणायरिए ॥३९॥

(૫) गोवि दाण पि णमो, अणुओगे विउल धारणि दाण ॥४१॥

(૬) सीलगुण गद्दियाण , अणुओग जुगप्पहाणाण ॥४८॥

નંદીસૂત્રની આ ગાથાઓથી એમ નિષ્કર્ષ નીકળે છે કે કાલિકસૂત્રની જે સંક્ષિપ્ત કે વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવે છે, તેની એક વિશેષ પદ્ધતિ હોય છે. જે આગમકાળથી સૂત્રોની સાથે જ શિષ્યોને સમજાવવામાં આવતી હતી. એ વિસ્તૃત વ્યાખ્યાની સાથે સૂત્ર વિશાળ બની જતા હતા. એમને કંઠસ્થ કરવાનું ક્રમશઃ અઘઢં થવા લાગ્યું. અનુયોગ પદ્ધતિ દ્વારા એ વ્યાખ્યાઓથી યુક્ત કાલિક સૂત્રોને ધારણ કરનારા બહુશ્રુત આચાર્યોને ઉક્ત નંદી સૂત્રની ગાથાઓમાં અનુયોગધર, અનુયોગરક્ષક, અનુયોગિક, અનુયોગ પ્રધાન વગેરે વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

અહીં ગાથામાં વપરાયેલ અનુયોગ–વ્યાખ્યા પદ્ધતિ પહેલાથી પ્રચલિત હતી, જેનું રક્ષણ અને ધારણ યુગ પ્રધાન આચાર્યોએ કર્યું હતું. માટે આ ગાથાઓમાંથી અનુયોગનું પૃથક્કરણ કે નવીનીકરણનો કોઈ પણ સંકેત સમજવો એ ભ્રામક વિચાર છે.

ગાથા ૩૭મી અનુસાર નંદી સૂત્રકારના સમયમાં જે સૂત્રોની વ્યાખ્યાઓ કંઠસ્થ પરંપરામાં ઉપલબ્ધ હતી એ બધી જ વ્યાખ્યાઓ સ્કંધિલાચાર્ય દ્વારા વ્યવસ્થિત પણે નિશ્ચિત કરવામાં આવી હતી.

અભિધાન રાજેન્દ્ર કોષ આધારિત **નં–૪** અનુસાર પ્રત્યેક અધ્યયનના દરેક સૂત્રની વ્યાખ્યાઓ મુખ્ય રૂપથી એક અનુયોગ વડે કરવામાં આવતી હતી, સાથે સાથે ચારેય અનુયોગોના આધાર વડે પણ કરવામાં આવતી હતી. અર્થાત્ એ સૂત્રમાં કયા તત્ત્વનું કથન હોઈ શકે ? એનો સંયમાચરણ સંબંધ કયો હોઈ શકે ? એના દષ્ટાંતો કયા છે ? ઈત્યાદિ યથાસંભવ બે, ત્રણ કે ચાર અનુયોગોમાં ઘટિત કરીને વિશેષ મેધાવી શ્રમણોને શીખવવામાં આવતું હતું.

આ રીતે એક અનુયોગાત્મક સંક્ષિપ્ત વ્યાખ્યાનું અધ્યયન સામાન્ય બુદ્ધિમાન શિષ્યને તથા અનેક અનુયોગાત્મક વ્યાખ્યા અને અનુયોગ પદ્ધતિથી અધ્યયન, વિશેષ બુદ્ધિમાન પ્રજ્ઞાવાન શિષ્યોને કરાવવામાં આવતું હતું અને આ

જ પ્રણાલિકા આગળ જતાં પણ દેવર્દ્ધિગણિ સુધી ચાલતી રહી અને આંશિક રૂપમાં આજે પણ આ જ ક્રમ ચાલે છે.

**આર્ય રક્ષિતે શું કર્યું ? – ઈતિહાસ અને આગમ :–**

આર્યરક્ષિતના સમયમાં અપૃથકત્વાનુયોગ પ્રચલિત હતો. જેમાં પ્રત્યેક સૂત્રની વ્યાખ્યા– (૧) ચરણ–કરણ (૨) ધર્મકથા, (૩) ગણિત (૪) દ્રવ્ય–તત્ત્વદષ્ટિ અને અનુયોગ પદ્ધતિ દ્વારા કરવામાં આવતી હતી. આ વ્યાખ્યા પદ્ધતિ અત્યંત ક્લિષ્ટ હતી. એનું અધ્યયન સ્મૃતિની તીક્ષ્ણતા પર અવલંબિત હતું. અર્થ–વાંચણીની સાથે આ વ્યાખ્યા પદ્ધતિનું પણ આવશ્યક સ્થાન હતું. ***એવું કહેવાય છે કે ''શિષ્યોની સુવિધા તથા ભવિષ્યનો વિચાર કરીને આર્ય રક્ષિતે અર્થ–વાંચણીમાંથી આ ક્લિષ્ટ વ્યાખ્યા પદ્ધતિને અલગ તારવવાનો સંકલ્પ કર્યો હતો. જેનું તાત્પર્ય એ હતું કે સૂત્રની સાથે તેના સામાન્ય–વિશેષ અર્થ અને તે સૂત્રના આશયને સ્પષ્ટ કરનારી એક મૌલિક અનુયોગાત્મક વ્યાખ્યાને રાખવામાં આવે. તે ઉપરાંત ચાર અનુયોગોથી યુકત જે વિસ્તૃત વ્યાખ્યા પ્રત્યેક સૂત્રની સાથે સંબંધિત છે, તેને અલગ કરી દેવામાં આવે. તેનું પણ કોઈ પ્રતિભાવંત શિષ્ય અધ્યયન કરતા રહેશે. સામાન્ય રૂપથી તે પદ્ધતિનું અધ્યયન અધ્યાપન નહીં રહે. આ સંકલ્પને તેઓએ સંઘ સંમતિથી કાર્યાન્વિત કર્યો.''***

પરંતુ આ એક કલ્પના માત્ર છે. વર્ષોથી જિનશાસનની પરંપરા મુજબ ગુરુ પોતાના શિષ્યોની પાત્રતા મુજબ જ જ્ઞાન આપે. કેમ કે કેટલાક સાધુ-સાધ્વી તો સામાન્ય બુદ્ધિવાળા કે વૃદ્ધ પણ હોઈ શકે. એ બધા માટે એક સરખી પદ્ધતિ ન હતી કે બધાયને ચારેય અનુયોગ યુક્ત પદ્ધતિથી જ અધ્યયન કરવું પડશે. અર્થાત્ તે સમયમાં પણ યોગ્યતા પ્રમાણે જ અર્થ, પરમાર્થ, અનુયોગ પદ્ધતિ વડે અધ્યયન કરાવવામાં આવતું હતું.

આર્ય રક્ષિતે મૌલિક સૂત્રોને અનુયોગોમાં વિભાજિત નથી કર્યા કે અનુયોગ વિચ્છેદ પણ નથી કર્યા, પરંતુ અનુયોગ દ્વાર સૂત્રની સ્વતંત્ર રચના કરીને અનુયોગ પદ્ધતિને સુરક્ષિત કરી. જેના માટે નંદીસૂત્રમાં કહેવાય છે કે–

**रयणकर डगभूओ, अणुओगो रक्खिओ जेहिं॥**

ઈતિહાસકારોના મંતવ્ય પ્રમાણે ચાર અનુયોગરૂપ પ્રત્યેક સૂત્રની ક્લિષ્ટ વ્યાખ્યા પદ્ધતિને વ્યાખ્યામાંથી અલગ તારવવામાં આવી હતી, પરંતુ નંદીસૂત્રની મૌલિક ગાથાઓમાં અનુયોગ સંબંધી જે કથનો આપ્યા છે તેમાં ઈતિહાસકારોના





મંતવ્ય સાથે કોઈ તાર્કિક આશય બંધ બેસતો નથી. ઉલટું નંદી સૂત્રમાં દર્શાવેલ એ આશય ઈતિહાસકારોના ચિંતનથી વિપરીત છે. નંદીસૂત્ર અનુસાર આર્યરક્ષિતે અનુયોગ પદ્ધતિની ચાવીરૂપ એક શાસ્ત્ર અનુયોગ દ્વાર સૂત્રની ગૂંથણી કરીને અનુયોગની રક્ષા કરી છે.

ટૂંકમાં, તેમણે અનુયોગ પદ્ધતિને સુરક્ષિત કરીને સામાન્ય જનભોગ્ય બનાવી છે. સાથે સાથે નંદી સૂત્ર અનુસાર અનુયોગ પ્રચલન, અનુયોગ ધર તથા અનુયોગ પ્રવર્તકની પરંપરા અખંડપણે ચાલી રહી છે. એને પૃથક્ કરવાની કે વિચ્છેદ કરવાની કોઈ ગંધ માત્ર પણ નંદી સૂત્રમાં જોવા મળતી નથી.

માટે નંદીસૂત્રના કર્તાની દષ્ટિમાં સૂત્રોથી અનુયોગનો પૃથક્કરણ કે વિચ્છેદ અથવા પ્રત્યેક મૂળસૂત્રોનું અનુયોગોમાં વિભાગીકરણ વગેરે કોઈ વાર્તા કે વાતાવરણ હતું નહીં. તેથી સંભવ છે કે પાછળથી (દેવર્ધિગણીના સેંકડો વર્ષ પછી) અર્થભ્રમ તથા પરંપરાભ્રમથી અનુયોગ પૃથક્કરણ તથા પ્રત્યેક મૌલિક સૂત્રને અનુયોગોમાં વિભાજિત કરવાની પ્રથાઓ ઉદ્‌ભૂત થઈ, પ્રચલિત થઈ અને પુષ્ટ થઈ. તે જ માન્યતાઓને વાંચીને તેનું ચિંતન-મનન કરતા રહેવાથી પ્રાયઃ ભ્રામક કલ્પનાઓને જ વેગ મળતો રહ્યો છે અને આ રીતે આવી ભ્રામક પરંપરા ઈતિહાસના નામે ચાલતી રહી તેમજ આજે પણ ચાલ્યા કરે છે. તેનું આગમ આધારથી ચિંતન કરવું જોઈએ.

**સમાન વિષયોના અનુયોગ :–** સામાન્ય રીતે વાચક વિષયાનુસાર વર્ગીકરણને વાંચવામાં વિશેષ રુચિ રાખે છે. વળી સમજવા માટે પણ એક વિષયનું સંપૂર્ણ વર્ણન એક સાથે વાંચવા મળે તો તે અત્યન્ત સુવિધાજનક રહે છે. સ્વાધ્યાય કરનારા વાચકો તથા અન્વેષક વિદ્યાર્થીઓ માટે તો વર્ગીકૃત કરેલા વિષયોનું સંકલન અત્યન્ત ઉપયોગી સાબિત થાય છે.

એટલા માટે જ વર્ગીકૃત વિષયોનું સંકલન ખૂબ જ આવશ્યક અને ઉપયોગી માનવામાં આવે છે. આગમોમાં પણ અધિકાંશ આવી જ પદ્ધતિનું અવલંબન લીધેલ છે.

વિષયોનું વિભાજન અનેક દષ્ટિકોણથી થાય છે. અને તે વિભાજન કર્તાના દષ્ટિકોણ પર નિર્ભર રહે છે. જેમ કે– (૧) જીવ દ્રવ્યના વિષયનો અલગ વિભાગ કરવો પણ તેમાં કોઈ ગતિ કે દંડકના વિભાજનનું લક્ષ ન રાખવું. (૨) ગતિઓની

અપેક્ષાએ વિભાજન કરવું પરંતુ તેમાં દંડકોના ક્રમ કે વ્યુત્ક્રમનું લક્ષ ન રાખવું. (૩) દંડકોની અપેક્ષાએ વિભાજન કરવું પરંતુ તેમાં ૧૨ દેવલોક, ૭ નરક કે પાંચ તિર્યંચનું વિભાજન ન કરવું, વગેરે સ્થૂળ કે સૂક્ષ્મ અથવા સૂક્ષ્મતર અપેક્ષિત વિભાજન ઉપયોગિતા અનુસાર કરી શકાય છે.

અથવા– (૧) પ્રાયશ્ચિત વિધાનોને એક સૂત્રમાં કહેવા, (૨) લઘુ, ગુરુ, માસિક, ચૌમાસી વગેરે વિભાગોના ક્રમથી કથન કરવા, (૩) તેમાં પણ પાંચ મહાવ્રતોની અપેક્ષાએ વિભાજન કરવું (૪) સમિતિ, ગુપ્તિ, દીક્ષા, સંઘ વ્યવસ્થા, સ્વાધ્યાય આદિ વિભાગોને અલગ–અલગ તારવીને વિભાજન કરવું, ઈત્યાદિ અનેક પ્રકારે વિભાજન કરી શકાય છે.

આગમોમાં કરવામાં આવેલ વિભાજન પદ્ધતિ પણ એક સાપેક્ષ પદ્ધતિ છે. જેમ કે– **(૧)** આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધમાં સંયમના પ્રેરક વિષયો છે. **(૨)** આચારાંગના બીજા શ્રુતસ્કંધમાં સાધુના અતિ આવશ્યક આચાર સંબંધી વિષય છે. **(૩)** સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયન સિવાયના બાકી બધા અધ્યયનોમાં સાધ્વાચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. **(૪)** દશવૈકાલિક સૂત્રમાં મુનિ જીવનનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. **(૫)** જ્ઞાતાસૂત્રથી વિપાકસૂત્ર સુધીના અંગ સૂત્રોમાં વિવિધ ધર્મકથાઓ છે. **(૬)** પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરના વિષયનું સવિસ્તાર સંકલન છે. **(૭)** નંદીમાં જ્ઞાનના એક જ વિષયનું વિસ્તૃતીકરણ છે. **(૮)** ચાર છેદ સૂત્રોમાં પણ પ્રમુખ આચાર સંબંધી વિષયોનું સંકલન છે. જેમાં નિશીથ સૂત્રમાં તો પૂર્ણરૂપે પ્રાયશ્ચિત્ત વિધાનોનું સંકલન છે.

આ જ પ્રકારે અન્ય ઉપાંગ વગેરે કેટલાય સૂત્રોમાં આગમકારની દૃષ્ટિએ ભિન્ન ભિન્ન વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. ઠાણાંગ, સમવાયાંગનું સંકલન સંખ્યાની પ્રધાનતાને લઈને કરવામાં આવ્યું છે અને એટલે જ તેમાં વિષયોની વિભિન્નતા છે. ભગવતી સૂત્રમાં વિવિધ વિષયોની પ્રશ્નોતરીનું સુંદર સંકલન છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં વિવિધ વિષયો ગદ્યપદ્યાત્મક ઉપદેશી શૈલીમાં ગૂંથેલા છે.

નિષ્કર્ષ એ છે કે આગમોની રચના પદ્ધતિની વિષય ગૂંથણી એક-એક વિષયના સ્વતંત્ર સંકલનવાળી છે. તેમ છતાં ઘણી જગ્યાએ ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી સૂત્ર વગેરે અનેક આગમોમાં વિવિધ વિષયો છૂટા છવાયા ભરપૂર





પડેલા છે. અતઃ વિષયોના સૂક્ષ્મ સૂક્ષ્મતર વિભાજનની જિજ્ઞાસાવાળાઓને એનું અધ્યયન કરવામાં થોડીક તકલીફ પડે તેમ આજના ચિંતકોનું માનવું છે.

એટલે સૂત્ર પાઠોનું વિભાજન પણ એક વિશિષ્ટ વિભાજનની પૂર્તિ માટે કરવામાં આવ્યું ત્યાં સુધી આ વાત ખરી છે. પરંતુ તેને અનુયોગ કહેવા એ કદાપિ ઉપયુક્ત નથી. આગમમાં આવા એક વિષયના વર્ણન સમૂહ માટે 'ગંડિકા' શબ્દનો પ્રયોગ થયો છે.

બારમા અંગ સૂત્રના ચોથા વિભાગનું નામ "અનુયોગ" છે. એનો આશય એ છે કે તે વિભાગમાં જે કોઈ પણ વિષયની ગૂંથણી છે તે સંબંધી બહુમુખી વિસ્તૃત ચર્ચા પણ કરી છે અને એક વિષય કે એક વ્યક્તિ સંબંધી વિષયોનું પણ એક સાથે સંકલન કરવામાં આવ્યું છે. આમ એક વિષયના એક સાથે સંકલન રૂપ વિશિષ્ટ પદ્ધતિને અહીં 'ગંડિકા' કહેલ છે અને વિસ્તૃત વર્ણન થવાથી તેને માટે 'અનુયોગ' શબ્દ વાપરવામાં આવેલ છે અને એટલા માટે આ ચોથા વિભાગને અનુયોગ કહેવામાં આવેલ છે. જ્યારે તે વિભાગમાં જે જુદા–જુદા વિષયોના ઉપવિભાગો છે તેને ગંડિકા + અનુયોગ = ગંડિકાનુયોગ કહેવામાં આવેલ છે.

યથા– **પ્રથમાનુયોગ** = ***तीर्थंकरादिन: पूर्व भवादि व्याख्यान ग्र थ: गंडिका = एकार्थाधिकारा ग्र थ पद्धतिरित्यर्थ: गंडिकानुयोग = भरत नरपति व शजानां निर्वाण गमन, अणुत्तर विमान गमन वक्तव्यता 'व्याख्यान ग्र थ:' ।***

**ગંડિકાનુયોગ :**–ગંડિકાનો અર્થ છે– સમાન વકતવ્યતાવાળી વાકય પદ્ધતિ. અનુયોગ અર્થાત્ વિસ્તૃત અર્થ પ્રગટ કરવાવાળી વિધિ. એક સરખા વિષયોના સંગ્રહવાળા ગ્રંથના અધ્યયનનું નામ છે 'ગંડિકા' અને એનો જે અર્થ વિસ્તાર સંયુકત છે, તેનું નામ છે અનુયોગ. એટલે કે– જે ગ્રંથ કે વિભાગમાં ફક્ત તીર્થંકરોનું વર્ણન છે તથા તેના વિષય વિસ્તારો છે તે વિભાગ તીર્થંકર ગંડિકાનુયોગ કહેવાય છે. આ પ્રકારે અનેક ગંડિકાઓ કહેલી છે. દા.ત. (૧) કુલકર ગંડિકાનુયોગ (૨) તીર્થંકર ગંડિકાનુયોગ (૩) ગણધર ગંડિકાનુયોગ (૪) ચક્રવર્તી ગંડિકાનુયોગ (૫) દશાર્હ ગંડિકાનુયોગ (૬) બલદેવ ગંડિકાનુયોગ (૭) વાસુદેવ ગંડિકાનુયોગ (૮) હરિવંશ ગંડિકાનુયોગ (૯) ઉત્સર્પિણી ગંડિકાનુયોગ (૧૦) અવસર્પિણી ગંડિકાનુયોગ વગેરે.

આ પ્રકારના વર્ણનથી એમ સ્પષ્ટ થાય છે કે એક વિષયના સંકલનને ' ગંડિકા' કહેવું જોઈએ અને તેના વિસ્તૃત વર્ણનને અથવા કોઈ પણ સૂત્રના અર્થ

વ્યાખ્યાનને 'અનુયોગ' કહેવું જોઈએ. જ્યારે વિસ્તૃત વર્ણનવાળા એક સરખા વિષય સંકલનને અર્થાત્ અનુયોગ યુક્ત ગંડિકાને ''ગંડિકાનુયોગ'' કહેવું જોઈએ.

અતઃ કોઈપણ સૂત્રને જ 'અનુયોગ' કહેવું કે સૂત્ર પાઠના વિભાજનને 'ગંડિકા' કહેવાના બદલે તેને પણ 'અનુયોગ' જ કહેવું; એવી કથન પ્રવૃત્તિ આગમ સમ્મત નથી, પરંતુ તે એક ભ્રામક પ્રવાહથી ચાલતી કથન પ્રવૃત્તિ છે.

**ચાર અનુયોગ :–** શ્વેતાંબર પરંપરામાં (૧) ચરણકરણાનુયોગ, (૨) ધર્મકથાનુ–યોગ, (૩) ગણિતાનુયોગ, (૪) દ્રવ્યાનુયોગ એ ચાર ભેદ માત્ર નામ રૂપે જ મળે છે. આ નામો પણ ૩૨ કે ૪૫ આગમોના મૂળ પાઠમાં નથી મળતા અર્થાત્ ઠાણાંગસૂત્રના ચોથા ઠાણામાં પણ નથી અને સ્વયં અનુયોગદ્વાર સૂત્રમાં પણ અનુયોગના આ ચાર પ્રકાર ક્યાંય પણ દર્શાવવામાં આવ્યા નથી. અનુયોગ દ્વાર સૂત્રમાં અનુયોગના ચાર દ્વાર કહ્યા છે. જે– (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ અને (૪) નય.

ધર્મકથાનુયોગ આદિ ચાર નામો તો એકી સાથે આચારાંગસૂત્રની ટીકામાં મળે છે. આ ચારે ય અનુયોગ પણ સૂત્રની વ્યાખ્યાઓની વિશેષ પદ્ધતિ સાથે સંબંધિત છે, પરંતુ મૌલિક સૂત્રરૂપ નથી. આજકાલ આના માટે અર્થ વિચારની વાસ્તવિક અપેક્ષાને છોડીને આનો કેવળ સૂત્રોના મૂળ પાઠના વિભાજનરૂપે ઉપયોગ કરાય છે કે ''અમુક આગમ અમુક અનુયોગ છે કે અમુક સૂત્ર અમુક અનુયોગરૂપ છે.'' આવો એક પ્રવાહ રૂઢિ પ્રયોગમાં સત્ય બની ગયો છે. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે સૂત્રોના વ્યાખ્યાન વિવેચનને અનુયોગ સમજવો જોઈએ. તે વિવેચન અને તેની વિવેચન પદ્ધતિને અનુયોગ અને અનુયોગ પદ્ધતિ કહેવી જોઈએ. પરંતુ **મૌલિક આગમ સૂત્રોને અમુક અનુયોગ કે અમુક અનુયોગરૂપ આ આગમ છે, એમ કહેવું જોઈએ નહીં.** આ જ આ અનુયોગ વિષયની ચર્ચા કરવાનો મુખ્ય સાર છે. ઈતિ શુભમ્. સુજ્ઞેષુ કિં બહુના.

OOOOO



# અનુયોગદ્વાર સૂત્ર

**પ્રશ્ન–૧ : આ સૂત્રના નામની સાર્થકતા કઈ રીતે છે તેમજ રચનાકાર, વિષય આદિ કયા પ્રકારે છે ?**

**જવાબ–** સૂત્રને અનુરૂપ અર્થ અને વ્યાખ્યા યોજવી એ ''અનુયોગ'' કહેવાય છે. સૂત્રના એ અર્થો, વ્યાખ્યાઓ અને વિશ્લેષણ રૂપ અનુયોગને કહેવાની સમજાવવાની જે પદ્ધતિ હોય છે, રીત હોય છે, અર્થાત્ જે ભંગ, ભેદ, આદિ ક્રમોના અવલંબન લઈને આગમ શબ્દો અને સૂત્રોની વ્યાખ્યા (અનુયોગ) કરવામાં આવે તેને અનુયોગ પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિમાં જે ભંગભેદનું અવલંબન લેવામાં આવે છે, તેના મુખ્ય ભંગભેદોને ''દ્વાર'' કહેવામાં આવે છે. દ્વારનો અર્થ છે, સૂત્ર વ્યાખ્યામાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ. પછી જે ભેદાનુભેદ કરવામાં આવે છે, તેને ''ઉપદ્વાર'' કહે છે. તે ભંગ, ભેદાનુભેદ, વિકલ્પ, ઉપદ્વાર કોઈ પણ શબ્દ વડે કહી શકાય છે.

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રો અને શબ્દોના અર્થની વ્યાખ્યાન પદ્ધતિ ચાર મુખ્ય દ્વારોથી બતાવવામાં આવી છે. એટલે જ આનું સાર્થક નામ ''અનુયોગ દ્વાર સૂત્ર'' રાખવામાં આવ્યું છે. આ સૂત્ર તમામ આગમો અને તેની વ્યાખ્યાઓને સમજવાની ચાવીરૂપ છે.

**સૂત્રનો વિષય :–** આ સૂત્રમાં પ્રથમ પાંચ જ્ઞાનોથી મંગલાચરણ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ આવશ્યક, શ્રુત, સ્કંધ, અધ્યયન અને સામાયિક આ પાંચ શબ્દોને ઉદાહરણરૂપમાં લઈને વ્યાખ્યા પદ્ધતિને ક્રિયાન્વિત કરવામાં આવી છે.

વ્યાખ્યા પદ્ધતિના ભેદ-પ્રભેદોની પ્રચુરતાના કારણે આ સૂત્રને સમજવું અન્ય આગમો કરતાં વધારે અઘરું છે. એટલે આ સૂત્ર સર્વ સામાન્ય લોકો માટે સુરુચિપૂર્ણ નથી. તેમ છતાં જૈન દર્શન અને પ્રાચીન વ્યાખ્યાઓને સમજવામાં સફળતા પ્રાપ્ત કરવા મેધાવી શિષ્યો માટે ખૂબ ઉપયોગી અને વિશેષ મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. કારણ કે પ્રાચીન ચૂર્ણિ, નિર્યુક્તિ, ટીકા વગેરેના અધ્યયનથી એમ જણાય છે કે તેના પ્રારંભમાં વિવેચન કરવાની એજ પદ્ધતિ અપનાવેલ છે. જે આ સૂત્રમાં ભેદ-પ્રભેદો દ્વારા બતાવવામાં આવી છે. વ્યાખ્યાઓમાં આવી પદ્ધતિ શ્વેતાંબર જૈન આગમો સિવાય દિગમ્બર જૈન આગમ ''ષટ્ખંડાગમ'' આદિની ટીકાઓમાં

પણ જોવા મળે છે. આનાથી પણ આ સૂત્રોક્ત અનુયોગ પદ્ધતિની મહત્તા તથા આવશ્યકતાનું અનુમાન કરી શકાય છે.

**અનુયોગ દ્વાર સૂત્રનું વિષય સંકલન :–**(૧) જ્ઞાનના ભેદો– મતિ આદિ. (૨) શ્રુતજ્ઞાનના ઉદ્દેશ આદિ.(૩) આવશ્યક સૂત્રનું, શ્રુતનું, સ્કંધનું અનુક્રમથી નિક્ષેપ દ્વારા પ્રરૂપણ. (૪) અનુયોગના ચાર દ્વાર તથા પ્રથમ ઉપક્રમ દ્વારનું વિભાગ વર્ણન. (૫) આનુપૂર્વી વિસ્તાર. (૬) એકથી દસ નામ વર્ણન વડે વિવિધ ભાવોનું નિરૂપણ. (૭) ચાર પ્રમાણ સ્વરૂપ (૮) માન, ઉન્માનના ભેદ અને સ્વરૂપ (૯) ત્રણ પ્રકારના અંગુલ (૧૦) જીવોની અવગાહના (૧૧) સ્થિતિ (૧૨) પાંચ શરીરના બદ્ધ-મુક્તનું વર્ણન. (૧૩) પ્રત્યક્ષ પ્રમાણ વગેરે ભાવ પ્રમાણ. (૧૪) સંખ વર્ણન, સંખ્યાત, અસંખ્યાત વર્ણન,ડાલા–પાલા વર્ણન. (૧૫) પલ્યોપમ અને સાગરોપમનું માપ (૧૬) અર્થાધિકાર (૧૭) સમવતાર (૧૮) ચાર નિક્ષેપ દ્વાર (૧૯) અનુગમ દ્વાર નિરૂપણ (૨૦) સામાયિક સ્વરૂપ (૨૧) નય પ્રરૂપણ

***નોંધ :– આ બધા અનુયોગ દ્વાર સૂત્રમાં વર્ણવેલા વિષયો છે. જીવોની અવગાહના, સ્થિતિ, બદ્ધ-મુક્ત શરીરોના વર્ણન, પ્રજ્ઞાપના સૂત્રમાં હોવાથી અહીં આ પુષ્પમાં સામેલ કર્યા નથી.***

**આગમોમાં આ સૂત્રનું સ્થાન :–** વ્યાખ્યા પદ્ધતિનું સૂચક એવું આ અનુયોગદ્વાર સૂત્ર અંગ બાહ્ય ઉત્કાલિક સૂત્ર છે, એમ નંદી સૂત્રની સૂત્ર સૂચિમાં દર્શાવવામાં આવ્યું છે. હાલમાં ✓તાંબર સ્થાનકવાસી પરંપરામાં આને મૂળ સૂત્રોમાં ગણી લેવામાં આવ્યું છે. જ્યારે ✓તાંબર મૂર્તિપૂજક પરંપરામાં આને ચૂલિકા સૂત્રમાં ગણવામાં આવ્યું છે. આ સૂત્રમાં મુખ્યપણે 'આવશ્યકસૂત્ર' તથા 'સામાયિક આવશ્યક' પર અનુયોગ પદ્ધતિથી વ્યાખ્યાનું કથન ચાર મુખ્ય દ્વારો વડે કરવામાં આવ્યું છે. તેની સાથે સાથે પ્રસંગોપાત બીજા પણ જાણવા યોગ્ય ઘણા વિષયો (તત્ત્વો)ની છણાવટ કરવામાં આવી છે.

આવી છણાવટમાં સાંસ્કૃતિક સામગ્રીઓનું પણ વર્ણન છે. જેમ કે– સંગીતના સાત સૂર, સ્વરસ્થાન, ગાયકના લક્ષણ, ગ્રામ, મૂર્ચ્છનાઓ, સંગીતના ગુણ અને દોષ, નવ રસ, સામુદ્રિક લક્ષણ, ઉત્તમ પુઢષના લક્ષણ, ચિન્હ ઈત્યાદિ. નિમિત્તના સંબંધમાં પણ કંઈક પ્રકાશ પાડવામાં આવેલ છે. જેમ કે આકાશ દર્શન તથા નક્ષત્ર વગેરે પ્રશસ્ત હોય ત્યારે સુવૃષ્ટિ થાય અને અપ્રશસ્ત હોય તો દુષ્કાળ વગેરે થાય છે.





**સૂત્ર અને સૂત્રકાર :–** આના રચનાકાર આર્યરક્ષિત મનાય છે. તે મુજબ આ સૂત્રની રચના વીર(નિર્વાણ) સંવત ૫૯૨ની તથા વિક્રમ સંવત ૧૨૨ની આસપાસ મનાય છે.

આગમ પ્રભાવક શ્રી પુણ્યવિજયજી મ.સા.નું એવું મંતવ્ય છે કે અનુયોગ દ્વાર સૂત્રની રચના આર્યરક્ષિતે જ કરી છે એવું નિશ્ચયપણે કહી ન શકાય. તેથી ઉપાચાર્યશ્રી દેવેન્દ્રમુનિજીએ આ સૂત્રની રચના વીર નિર્વાણ પછી ૮૨૭ વર્ષે થઈ છે એવો ઉલ્લેખ પણ કર્યો છે. સાચા નિર્ણયના અભાવે પણ એટલું તો અવશ્ય માનવું પડે કે નંદી સૂત્રની રચના થઈ તે પહેલાં આ સૂત્રની રચના થઈ હોવી જોઈએ. આ સૂત્ર એક શ્રુત સ્કંધ છે. આમાં અધ્યયન ઉદ્દેશા નથી. આ સૂત્રનો ૧૮૯૨ શ્લોક પ્રમાણ મૂળ પાઠ માનવામાં આવે છે.

આ સૂત્ર પર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ તથા જિનદાસ ગણિ મહત્તર એમ બે પ્રાચીન આચાર્યોની ચૂર્ણિ નામની વ્યાખ્યા ઉપલબ્ધ છે. આચાર્ય હરિભદ્રસૂરી તથા હેમચંદ્રાચાર્યની પ્રાચીન ટીકાઓ પણ મોજૂદ છે. વીસમી સદીમાં આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબે ૩૨ સૂત્રો પર સંસ્કૃતમાં વ્યાખ્યા રચી હતી જે બધી જ પ્રકાશિત ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી અમોલક ઋષિજી મ.સાહેબે ૩૨ સૂત્રોનો હિંદી અનુવાદ પ્રકાશિત કરાવેલ છે.

આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પણ હિંદી વિવેચન સહિત ૩૨ આગમો પ્રકાશિત થયેલ છે. આગમ નવનીત પ્રકાશન સમિતિ સિરોહીથી પણ ૩૨ આગમોના નવનીત(સારાંશ) પ્રકાશિત થયા છે. તે બંનેના આધારે રાજકોટથી ગુજરાતીમાં સારાંશ અને વિવેચન તૈયાર થયા છે.

**ઉપસંહાર :–** આ સૂત્રમાં ખૂબ જ ગંભીર અને જટિલ વિષયો છે. તેનું યથા– સંભવ સરળ અને સાદી ભાષામાં સારાંશ અને પ્રશ્નોત્તર રૂપમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. નય-નિક્ષેપનું વર્ણન ખુલાસાવાર કરવામાં આવ્યું છે. જેનો અનુભવ વાચક પોતે જ ઉપરોક્ત સંસ્કરણોમાં કરશે એવો પૂર્ણ વિ✓ાસ છે.

**પ્રશ્ન–૨ : પાંચ જ્ઞાનમાં કયું જ્ઞાન અનુયોગનો વિષય બને છે ? આ શાસ્ત્રમાં કોનો અનુયોગ કર્યો છે ?**

**જવાબ–** જ્ઞાનના પાંચ પ્રકાર છે. (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.

આ પાંચમાંથી ચાર જ્ઞાનનો અનુયોગ થતો નથી. કારણ કે એ ચાર

જ્ઞાન શીખી કે શીખડાવી શકાતા નથી. ફક્ત શ્રુતજ્ઞાન અભ્યાસનો વિષય બની શકે છે, શીખડાવી શકાય છે. કારણ કે (૧) ઉદ્દેશ– ભણાવવું તથા કંઠસ્થ કરાવવાનું (૨) સમુદ્દેશ– કંઠસ્થ કરેલા જ્ઞાનને સ્થિર કરાવવાનું તથા તેને શુદ્ધ કરવાનું (૩) અનુજ્ઞા– અન્યને ભણાવવાનો અધિકાર, આજ્ઞા, તથા અનુમતિ આપવાનું (૪) અનુયોગ– વાચના દેવાનું અર્થાત્ વિશેષરૂપથી સમજાવવાનું.

સામાન્ય અર્થ, વિશેષાર્થ કે અનુયોગ પદ્ધતિથી વસ્તુ તત્ત્વનું વિશ્લેષણ કરવું વગેરે શ્રુતજ્ઞાનમાં જ થાય છે. તે સિવાય મતિ આદિ ચારે ય જ્ઞાન ક્ષયોપશમ દ્વારા સ્વતઃ પ્રાપ્ત થાય છે. તે ચારેયને પ્રાપ્ત કરવા કોઈ વિશેષ અધ્યયન કે અધ્યાપન અથવા અનુયોગ વ્યાખ્યાન કરવા પડતા નથી. શ્રુતજ્ઞાનમાં– આવશ્યક સૂત્ર, આવશ્યક સિવાય અંગશાસ્ત્ર, અંગબાહ્ય કાલિક, ઉત્કાલિક શાસ્ત્ર ઈત્યાદિ સર્વેયનો અનુયોગ થાય છે.

કોઈ પણ એક સૂત્રનું અનુયોગ પદ્ધતિથી વ્યાખ્યાન સમજી લીધા પછી તે પદ્ધતિ દ્વારા અન્ય સૂત્રોનું જ્ઞાન સ્વાભાવિક રીતે ખૂબ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. તેથી અહીં શ્રમણ નિર્ગ્રંથોના ઉભયકાળમાં ઉપયોગમાં આવનારા અને આચારાંગ સૂત્ર, આદિ અંગ સૂત્રોથી પણ પહેલાં અધ્યયન–અભ્યાસ કરવામાં આવતા એવા **આવશ્યક સૂત્રનો** અનુયોગ કરવામાં આવે છે.

આવશ્યકસૂત્ર એક શ્રુતસ્કંધ છે અને તેમાં અનેક અધ્યયનો છે. આ કથનમાં પ્રયુક્ત (૧) આવશ્યક (૨) શ્રુત (૩) સ્કંધ અને (૪) અધ્યયન એ ચાર શબ્દોનો અનુયોગ કરવામાં આવ્યું છે.

**'આવશ્યક'નો અનુયોગ :– નામ આવશ્યક :–** આવશ્યક સૂત્ર અંગબાહ્ય ઉત્કાલિક સૂત્ર છે. 'આવશ્યક' એ આ સૂત્રનું ગુણનિષ્પન્ન નામ છે. કારણ કે અવશ્યકરણીય આદિ ગુણો એમાં ઘટિત થાય છે. કોઈપણ વસ્તુનું ગુણસંપન્ન અથવા ગુણરહિત નામ રાખવું એ ઐચ્છિક અને એના પરિચયને માટે હોય છે. યથા– મહાન વીરતાના ગુણથી સંપન્ન વ્યક્તિનું નામ મહાવીર રાખી શકાય છે તથા શક્તિહીન, ડરપોક(બીકણ) વ્યક્તિનું નામ પણ મહાવીર રાખી શકાય છે. આ નામકરણ સ્થાયી હોય છે. તદ્નુસાર કોઈનું પણ 'આવશ્યક' નામ હોઈ શકે છે.

**સ્થાપના આવશ્યક :–** કોઈ પણ વસ્તુ યા રૂપમાં, કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુની કલ્પના કરીને તેમાં સ્થાપિત કરવું તેને સ્થાપના કહે છે. આ સ્થાપના





સત્યરૂપમાં પણ હોઈ શકે છે અને અસત્યરૂપમાં પણ હોઈ શકે છે. આ અપેક્ષિત સીમિત કે અસીમિત કાળ માટે હોઈ શકે છે. પ્રસ્તુત પ્રકરણમાં એનો પ્રસંગ નથી.

**દ્રવ્ય આવશ્યક :–** (૧) અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત અને વાચના આદિ ચારે દ્વારા શીખેલું 'આવશ્યક શાસ્ત્ર' જો અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત હોય તો તે દ્રવ્ય આવશ્યક આગમ છે.

(૨) ભૂતકાળમાં આવશ્યક શાસ્ત્ર શીખેલ વ્યક્તિનું મૃત શરીર અથવા ભવિષ્યમાં જે આવશ્યક શાસ્ત્રને શીખશે એનું શરીર પણ ઉપચારથી દ્રવ્ય આવશ્યક છે. યથા– ઘૃતકુંભ, જળકુંભ વગેરે.

(૩) સાંસારિક લોકો પ્રાતઃકાલીન જે આવશ્યક ક્રિયાઓ સ્નાન, મંજન, વસ્ત્રાભરણ, પૂજાપાઠ, ખાવુંપીવું, ગમનાગમન વગેરે નિત્ય ક્રિયાઓ કરે છે, તે પણ 'દ્રવ્ય- આવશ્યક' ક્રિયા છે.

(૪) સંન્યાસી તાપસ વગેરે પ્રાતઃકાળે ઉપલેપન, સમાર્જન, પ્રક્ષાલન,ધૂપદીપ, અર્ચા, તર્પણ આદિ નિત્ય આવશ્યક પ્રવૃત્તિઓ કરે છે, એ પણ દ્રવ્ય આવશ્યક ક્રિયાઓ છે.

(૫) જે નિર્ગ્રંથ શ્રમણપર્યાયમાં રહીને પણ શ્રમણ ગુણોથી રહિત છે, અત્યંત સ્વચ્છ વસ્ત્રોથી સજ્જ હોય છે ને જિનાજ્ઞા તથા શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, સ્વચ્છંદ વિચરણ કરે છે; તેઓ ઉભયકાળમાં વિધિયુક્ત આવશ્યક(પ્રતિક્રમણ) કરે છે તે પણ દ્રવ્ય આવશ્યક ક્રિયા કહેવાય છે.

**ભાવ આવશ્યક :–** એના બે પ્રકાર છે. (૧) ભાવ આવશ્યક આગમતઃ (૨) ભાવ આવશ્યક નોઆગમતઃ

(૧) અક્ષર શુદ્ધિ તથા ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત, ગુરૂપદિષ્ટ વાચના સહિત તથા અનુપ્રેક્ષા અને ઉપયોગપૂર્વક જે આવશ્યક છે તે "ભાવ આવશ્યક આગમતઃ" છે.

(૨) ભાવ આવશ્યક નોઆગમતઃના(અર્થાત્ ક્રિયારૂપ આવશ્યકના) ત્રણ પ્રકાર છે– (૧) યથાસમય રામાયણ મહાભારત આદિનું ઉપયોગ સહિત વાંચન શ્રવણ કરવું તેને 'ભાવ આવશ્યક લૌકિક' ક્રિયા કહેવાય છે. (૨) સંન્યાસી, તાપસ યજ્ઞ, હવન, જાપ, વંદના, અંજલી વગેરે ઉપયોગ સહિત જે ક્રિયાઓ કરે છે તેને 'કુપ્રાવચનિક ભાવ આવશ્યક' ક્રિયા કહેવાય છે. (૩) જે શ્રમણ નિર્ગ્રંથો સંયમ પર્યાયમાં ભગવદાજ્ઞાનુસાર વિચરણ કરતાં એકાગ્રચિત્તથી સંપૂર્ણ ઉપયોગ રાખીને ઉભયકાળમાં પ્રતિક્રમણ કરે છે, અન્ય કોઈ પણ ચિંતનમાં મનને પ્રવૃત્ત

રાખતા નથી; તેવા શ્રમણની તે પ્રવૃત્તિને 'લોકોત્તરિક ભાવ આવશ્યક' ક્રિયા કહેવાય છે. એ ત્રણેય 'નો આગમતઃ ભાવ આવશ્યક' છે.

**આવશ્યકના પર્યાયશબ્દ :–** (૧) આવશ્યક (૨) અવશ્યકરણીય (૩) ધ્રુવનિગ્રહ (૪) વિશોધિ (૫) છ અધ્યયન સમૂહ (૬) ન્યાય (૭) આરાધના (૮) માર્ગ. આ અલગ-અલગ ઉચ્ચારણ અને અક્ષરવાળા એકાર્થક, આવશ્યકના પર્યાયવાચી શબ્દો છે. એ પ્રકારે શ્રમણ અને શ્રમણોપાસકો દ્વારા ઉભય સંધ્યામાં કરવા યોગ્ય આવશ્યકનું આ અનુયોગ સ્વરૂપ છે.

**પ્રશ્ન–૩ : શ્રુતનો અનુયોગ કઈ રીતે છે ?**

**જવાબ– નામ :–** કોઈ પણ આગમશાસ્ત્ર અથવા શાસ્ત્ર વાક્યો, જે શ્રુત સંજ્ઞાથી કહેવામાં આવે છે અથવા પરિચય માટે યથેચ્છ વસ્તુનું નામ 'શ્રુત' રખાય છે, તેને 'નામશ્રુત' કહેવાય છે.

**સ્થાપના :–** કોઈ પણ વસ્તુ અથવા રૂપમાં 'આ શ્રુત છે' એમ આરોપ, કલ્પના અથવા સ્થાપના કરાય તેને ''સ્થાપનાશ્રુત'' કહે છે.

**દ્રવ્ય :–** (૧) અક્ષરશુદ્ધિ અને ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત, ગુરૂપદિષ્ટ વાચના આદિ ચારેયથી સહિત, શીખેલું પરંતુ અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત શાસ્ત્રને 'દ્રવ્યશ્રુત' આગમ કહે છે. (૨) ભૂતકાળમાં 'શ્રુત' શીખેલી વ્યક્તિનું મૃત શરીર અને ભવિષ્યમાં શીખનાર નું વર્તમાન શરીર ઉપચારથી 'દ્રવ્યશ્રુત' છે. (૩) તાડપત્રો, કાગળના પાનામાં અને પુસ્તકોમાં લખેલા શાસ્ત્રો પણ 'દ્રવ્યશ્રુત' છે. (૪) ' શ્રુત' માટે આગમભાષામાં 'સુયં અને સુત્તં' શબ્દ પ્રયોગ કરાય છે અને કપાસ, ઊન વગેરેના દોરાને પણ 'સુત્ત' શબ્દનો પ્રયોગ કરાય છે. આથી અનેક પ્રકારના વસ્ત્રોના દોરા પણ 'દ્રવ્યસૂત્ર' છે.

**ભાવ :–** (૧) અક્ષર શુદ્ધિ ઉચ્ચારણશુદ્ધિ વગેરેની સાથે અનુપ્રેક્ષા અને ઉપયોગ સહિત જે શ્રુત છે તે 'ભાવશ્રુત' આગમ છે.

(૨) અજ્ઞાની, મિથ્યાદષ્ટિઓ વગેરે દ્વારા સ્વચ્છંદ બુદ્ધિથી રચિત મત મતાંતરીય શાસ્ત્રગ્રંથો, ૭૨ કલાઓ, વ્યાકરણ, રામાયણ, મહાભારત, સાંગોપાંગ વેદ આ સર્વે ''લૌકિક ભાવ શ્રુત'' છે.

(૩) સર્વજ્ઞોક્ત નિર્ગ્રંથ પ્રવચનરૂપ આચારાંગ પ્રમુખ બાર અંગ આદિ સૂત્રો, આગમોક્ત ચારિત્ર ગુણ સંપન્ન શ્રમણ દ્વારા કંઠસ્થ તથા ઉપયોગ યુક્ત છે, તે 'લોકોત્તરિક ભાવ શ્રુત' ક્રિયારૂપ છે.





**શ્રુતના પર્યાય શબ્દ :–** (૧) શ્રુત (૨) સૂત્ર (૩) ગ્રંથ (૪) સિદ્ધાંત (૫) શાસન (૬) આજ્ઞા (૭) વચન (૮) ઉપદેશ (૯) પ્રજ્ઞાપના (૧૦) આગમ. આ સર્વે શ્રુતના પર્યાયવાચી શબ્દ છે

**પ્રશ્ન–૪ : સ્કંધનો અનુયોગ કઈ રીતે છે ?**

**જવાબ– નામ, સ્થાપના :–** કોઈનું સ્કંધ નામ રાખ્યુ હોય તેને 'નામ સ્કંધ' કહેવાય છે અને કોઈને આ સ્કંધ છે એમ આરોપિત, કલ્પિત યા સ્થાપિત કર્યું હોય તેને'સ્થાપના સ્કંધ' કહે છે.

**દ્રવ્ય :–** (૧) શ્રુતના વિભાગરૂપ સ્કંધને અથવા 'સ્કંધ' એ પદને શુદ્ધ અક્ષર અને ઉચ્ચારણ યુક્ત ગુરૂપદિષ્ટ વાચના વગેરે સહિત શીખ્યું છે, પરંતુ અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત છે, તે 'દ્રવ્યસ્કંધ' છે. (૨) ભૂતકાળમાં જેણે 'સ્કંધ'ને જાણ્યું, શિખ્યું હતું તેનું મૃત શરીર અથવા ભવિષ્યમાં જે શીખશે વાંચશે તેનું વર્તમાન શરીર ઉપચારથી 'દ્રવ્યસ્કંધ' છે. (૩) હાથી, ઘોડા વગેરેનો સ્કંધ 'સચિત્તદ્રવ્ય' સ્કંધ છે. (૪) દ્વિપ્રદેશી સ્કંધ યાવત્ અનંત પ્રદેશી સ્કંધ એ 'અચિત્ત દ્રવ્ય સ્કંધ' છે. (૫) સેનાના સ્કંધાવાર(વિભાગ) એ 'મિશ્ર દ્રવ્ય સ્કંધ' છે. એમાં શસ્ત્ર આદિ અચિત્ત તથા હાથી, ઘોડા, મનુષ્ય આદિ સચિત્ત હોય છે.

**ભાવ :–** (૧) દ્રવ્ય સ્કંધમાં કહેલ ઉચ્ચારણ શુદ્ધિ આદિ દ્વારા શીખેલું, અને એની સાથે અનુપ્રેક્ષા એવં ઉપયોગથી યુક્ત સ્કંધ 'ભાવ સ્કંધ આગમતઃ' (આગમરૂપ) છે.

(૨) સામાયિક વગેરે છ અધ્યયનોના સમુદાયરૂપ 'આવશ્યક શ્રુત સ્કંધ' જે ચારિત્ર ગુણથી સંપન્ન શ્રમણોને ઉપયોગ યુક્ત હોય તે 'ભાવસ્કંધ નોઆગમતઃ' (ક્રિયારૂપ) છે.

**પર્યાય શબ્દ :–** (૧) ગણ (૨) કાય (૩) નિકાય (૪) સ્કંધ (૫) વર્ગ (૬) રાશિ (૭) પુંજ (૮) પિંડ (૯) નિકર (૧૦) સંઘાત (૧૧) આકુલ (૧૨) સમૂહ.

**પ્રશ્ન–૫ : અધ્યયનનો અનુયોગ કઈ રીતે છે ?**

**જવાબ–** નામ, સ્થાપના આદિ આવશ્યકની સમાન સમજવા. આવશ્યક સૂત્રના છ અધ્યયન છે. એના નામ અને અર્થ આ પ્રકારે છે.

**(૧) સામાયિક–** સાવદ્ય યોગ અર્થાત્ પાપ કાર્યોથી નિવૃત્તિ લેવી.

**(૨) ચતુર્વિંશતિ સ્તવ–** પાપના આચરણનો ત્યાગ કરી સિદ્ધ બુદ્ધ મુક્ત થયેલા પરમ ઉપકારી ધર્મ પ્રવર્તક તીર્થંકરોની સ્તુતિ કરવી.

**(૩) વંદના–** ગુણવાનોની અર્થાત્ સાવદ્યયોગ ત્યાગની સાધના કરવા તત્પર એવા શ્રમણ વર્ગની વિનય પ્રતિપત્તિ અર્થાત્ આદર, સન્માન અને બહુમાન કરવું.

**(૪) પ્રતિક્રમણ–** સંયમ સાધનામાં પ્રમાદ વશ ઉત્પન્ન થતી સ્ખલના અને અતિચારોની શુદ્ધ બુદ્ધિથી તથા વૈરાગ્ય ભાવનાથી નિંદા, ગર્હા કરી પ્રમાદથી મુક્ત થઈ જવું, તેને છોડી દેવો.

**(૫) કાયોત્સર્ગ–** જેવી રીતે શરીર પર લાગેલા ઘાવ પર મલમ-પટ્ટી લગાડીએ, તેવી રીતે સંયમ સાધનામાં આવેલ શિથિલતાને દૂર કરવા માટે સંકલ્પિત ✓ાસો-✓ાસ પ્રમાણ સમય સુધી શરીર પરથી મમત્વભાવ, રાગભાવને દૂર કરી મન, વચન કાયાની પ્રવૃત્તિને રોકવી, ધ્યાન મુદ્રામાં રહેવું.

**(૬) પ્રત્યાખ્યાન–** સ્ખલિત સંયમને વિશેષ પુષ્ટિ આપવા તથા તજ્જનિત કર્મ બંધનો ક્ષય કરવા માટે નવકારશી વગેરે તપ દ્વારા નિર્જરા ગુણોને ધારણ કરવા.

**પ્રશ્ન–૬ : અનુયોગના દ્વાર કેટલા છે, તેમાં પ્રથમ દ્વાર ઉપક્રમનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ–** અનુયોગના મુખ્ય ચાર દ્વાર છે. યથા– ૧. ઉપક્રમ ૨. નિક્ષેપ ૩. અનુગમ ૪. નય.

**(૧) ઉપક્રમ–** જ્ઞાતવ્ય વિષયની પ્રારંભિક ચર્ચા કરવી અને પદાર્થોને નિક્ષેપ યોગ્ય બનાવવા.

**(૨) નિક્ષેપ–** નામ, સ્થાપના આદિ ભેદથી સૂત્રગત પદોનું વ્યવસ્થાપન કરવું.

**(૩) અનુગમ–** સૂત્રનો અનુકૂળ અર્થ કરવો. એનાથી વસ્તુના યોગ્ય સ્વરૂપનું જ્ઞાન થાય છે.

**(૪) નય–** વસ્તુના શેષ ધર્મોને અપેક્ષા દૃષ્ટિએ ગૌણ કરીને મુખ્યરૂપથી કોઈ એક અંશ(ધર્મ) ગ્રહણ કરનારો બોધ એ 'નય' છે.

**(૧) ઉપક્રમ દ્વારનું વર્ણન :–** ઉપક્રમના ૬ પ્રકાર છે યથા– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ ૬. ભાવ.

**દ્રવ્ય ઉપક્રમ :–** સચિત્ત, સજીવ મનુષ્ય, પશુ ઈત્યાદિને અને અચિત્ત પુદ્ગલ ગોળ, સાકર, વગેરેને ઉપાય વિશેષથી પુષ્ટકરવા, ગુણ વૃદ્ધિ કરવી, એ **'પરિકર્મ દ્રવ્ય ઉપક્રમ'** છે. શસ્ત્રથી જીવોનો વિનાશ અને પ્રયત્ન વિશેષથી પુદ્ગલોના ગુણધર્મોનો વિનાશ કરવો એ **'વસ્તુ વિનાશ દ્રવ્ય ઉપક્રમ'** છે.





**ક્ષેત્ર ઉપક્રમ :–** ભૂમિને હળ વગેરેના પ્રયોગ વડે ઉપજાઉ બનાવવી એ **'પરિકર્મ વિષયક ક્ષેત્ર ઉપક્રમ'** છે અને હાથી વગેરેને બાંધીને ભૂમિને વેરાન બનાવવી એ **'વિનાશ વિષયક ક્ષેત્ર ઉપક્રમ'** છે.

**કાળ ઉપક્રમ :–** જળઘડી, રેતઘડી ઈત્યાદિ દ્વારા સમયનું યથાર્થ જ્ઞાન થાય છે તે **'પરિકર્મરૂપ કાળ ઉપક્રમ'** છે અને નક્ષત્ર આદિની ગતિથી જે કાળનો વિનાશ (વ્યતીત થવો) તે **'વિનાશ રૂપ કાળ ઉપક્રમ'** છે.

**ભાવ ઉપક્રમ :–** (૧) ઉપક્રમના અર્થ સ્વરૂપનું સાચુ જ્ઞાન હોવું અને એમાં ઉપયોગ સહિત હોવું, એ **'આગમ રૂપ(આગમતઃ) ભાવ ઉપક્રમ'** છે.

(૨) ઉપક્રમનો અર્થ છે અભિપ્રાય. માટે અભિપ્રાયનું યથાવત્ પરિજ્ઞાન તે **'ભાવ ઉપક્રમ પ્રવૃત્તિ'** છે. આ અભિપ્રાય જાણવારૂપ ભાવ ઉપક્રમ પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને હોય છે. વેશ્યા આદિ દ્વારા અન્યનો અભિપ્રાય જાણવો અપ્રશસ્ત છે અને શિષ્ય દ્વારા ગુઢનો અભિપ્રાય જાણવો પ્રશસ્ત છે. લૌકિક દૃષ્ટિની અપેક્ષાએ આ છ પ્રકારે ઉપક્રમનું વર્ણન છે.

**પ્રશ્ન–૭ : પ્રથમ ઉપક્રમ દ્વારના અન્ય અપેક્ષાએ ૬ ભેદ કયા છે અને તેમાં પ્રથમ આનુપૂર્વી ભેદનું વિસ્તૃત વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ–** ઉપક્રમના છ પ્રકાર છે– ૧. આનુપૂર્વી ૨. નામ ૩. પ્રમાણ ૪. વક્તવ્યતા ૫. અર્થાધિકાર ૬. સમવતાર.

**(૧) આનુપૂર્વી ઉપક્રમ :–** આનુપૂર્વીના દશ પ્રકાર છે– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ ૬. ઉત્કીર્તન ૭. ગણના ૮. સંસ્થાન ૯. સમાચારી ૧૦. ભાવાનુપૂર્વી.

આનુપૂર્વી, અનુક્રમ એવં પરિપાટી એ ત્રણે એકાર્થક શબ્દ છે. અર્થાત્ એકની પાછળ બીજું એવી પરિપાટીને આનુપૂર્વી કહે છે.

**દ્રવ્યાનુપૂર્વી :–** (૧) કોઈ વિવક્ષિત(ઈચ્છિત)પદાર્થ ને પહેલા વ્યવસ્થાપિત કર્યા પછી પૂર્વાનુપૂર્વી ઈત્યાદિ ક્રમથી અન્યોન્ય પદાર્થોને રાખવા એ દ્રવ્યાનુપૂર્વી છે. એને **'ઉપનિધિકી આનુપૂર્વી'** કહે છે.

(૨) પદાર્થોને પૂર્વાનુપૂર્વી આદિ ક્રમની અપેક્ષા રાખ્યા વિના વ્યવસ્થાપિત કરવા અથવા સ્વભાવતઃ સ્કંધોનું વ્યવસ્થાપિત થઈ જવું, કોઈપણ ક્રમથી કે વ્યુત્ક્રમથી જોડાઈ જવું એ પણ દ્રવ્યાનુપૂર્વી છે. એને **'અનૌપનિધિકી આનુપૂર્વી'** કહે છે.

**અનૌપનિધિકી– આનુપૂર્વી** એ છે કે જ્યાં આદિ, મધ્ય અને અંતનું વ્યવસ્થાપન હોય. એટલે જ પરમાણુ અનાનુપૂર્વી છે. દ્વિપ્રદેશી સ્કંધમાં આદિ(પ્રથમ) અને અંત છે પરંતુ મધ્ય ન હોવાથી, તે અનાનુપૂર્વી નહીં પણ 'અવક્તવ્ય' છે. ત્રિપ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સ્કંધ આનુપૂર્વી છે.

**ભંગ–** આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યના એકવચન, બહુવચનના ભેદથી અસંયોગી ૬ ભંગ હોય છે. આ ૬ દ્વારા દ્વિસંયોગી ભંગ બનાવતાં ૧૨ ભંગ બને છે. તેમજ ત્રણ સંયોગી ભંગ ૮ બને છે. આ રીતે કુલ (૬+૧૨+૮) ૨૬ ભંગ બને છે. તે ભંગ–વિકલ્પ આ પ્રમાણે છે. **અસંયોગી ૬ ભંગ– ૧.** આનુપૂર્વી **૨.** અનાનુપૂર્વી **૩.** અવક્તવ્ય **૪.** આનુપૂર્વીઓ **૫.** અનાનુપૂર્વીઓ **૬.** અનેક અવક્તવ્ય. **દ્વિસંયોગી ૧૨ ભંગ– ૧.** આનુપૂર્વી એક અનાનુપૂર્વી એક **૨.** આનુપૂર્વી એક અનાનુપૂર્વી અનેક **૩.** આનુપૂર્વી અનેક અનાનુપૂર્વી એક **૪.** આનુપૂર્વી અનેક અનાનુપૂર્વી અનેક. આ પ્રમાણે જ ચાર ભંગ આનુપૂર્વી તથા અવક્તવ્યની સાથે હોય છે અને ચાર ભંગ અનાનુપૂર્વી તથા અવક્તવ્યની સાથે હોય છે. કુલ ૧૨ ભંગ છે. **ત્રણ સંયોગી ૮ ભંગ** થાય છે.

યથા–

૧. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય એક.
૨. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય અનેક.
૩. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય એક.
૪. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય અનેક.
૫. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય એક.
૬. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય અનેક.
૭. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય એક.
૮. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય અનેક.

એ ૬ + ૧૨ + ૮ = ૨૬ ભંગ હોય છે. આ ભંગ બનાવવાની વિધિ અન્યત્ર પણ આ જ રીતે જાણી લેવી જોઈએ. આ વિધિથી પરમાણુ, દ્વિપ્રદેશી સ્કંધ અને ત્રણ પ્રદેશી સ્કંધ; આ ત્રણના સંયોગથી ૨૬ ભંગ જાણવા જોઈએ.

**અનુગમ–** આનુપૂર્વી આદિ દ્રવ્યોનો 'અસ્તિત્વ' આદિ દ્વારા વિચાર કરવો એ 'અનુગમ' છે અર્થાત્ અનુકૂલ વિશેષ જ્ઞાન છે. જેમ કે– **૧.** આનુપૂર્વી





આદિ ત્રણેયનું અસ્તિત્વ છે. **૨.** દ્રવ્ય સંખ્યાથી અનંત છે. **૩.** અનેક દ્રવ્યોની અપેક્ષાએ આનુપૂર્વી આદિ સર્વ લોકમાં છે અને એક દ્રવ્યની અપેક્ષાએ લોકના સંખ્યાતમા ભાગ આદિ અલગ–અલગ રૂપમાં છે. **૪.** તેવી જ રીતે 'સ્પર્શના' સાધિક હોય છે. **૫.** સ્થિતિ બધાની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે અને બહુત્વની અપેક્ષાએ શાશ્વત છે.

**૬.** અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળનું છે. પરંતુ પરમાણુનો અસંખ્યકાળ છે. બહુત્વની અપેક્ષાએ અંતર નથી. **૭.** શેષ દ્રવ્યોના અનેક અસંખ્યાતમા ભાગમાં આનુપૂર્વી દ્રવ્ય હોય છે. દ્વિપ્રદેશી તથા પરમાણુ દ્રવ્ય અસંખ્યાતમા ભાગમાં હોય છે. **૮.** આનુપૂર્વી આદિ દ્રવ્ય પારિણામિક ભાવમાં હોય છે. **૯.** દ્વિપ્રદેશી સ્કંધ દ્રવ્ય બધાથી થોડા છે, તેનાથી પરમાણુ વિશેષાધિક છે અને ત્રણ પ્રદેશી આદિ સ્કંધ દ્રવ્ય અસંખ્યગણા છે. પ્રદેશની અપેક્ષાએ બધાથી થોડા પરમાણુ અપ્રદેશ, દ્વિપ્રદેશીના પ્રદેશ વિશેષાધિક એનાથી ત્રણ પ્રદેશી આદિ સ્કંધોના પ્રદેશ અનંત ગણા છે.

**નય દૃષ્ટિએ ભંગ–** નૈગમ અને વ્યવહાર નયથી ઉપરોક્ત ૨૬ ભંગ થાય છે અને સંગ્રહ નયથી આનુપૂર્વી આદિના સાતભંગ થાય છે. કારણ કે બહુવચનની વિવક્ષા આમાં અલગ હોતી નથી. તે ભંગ આ પ્રમાણે છે– **૧.** આનુપૂર્વી **૨.** અનાનુપૂર્વી **૩.** અવક્તવ્ય **૪.** આનુપૂર્વી અનાનુપૂર્વી **૫.** આનુપૂર્વી અવક્તવ્ય **૬.** અનાનુપૂર્વી અવક્તવ્ય **૭.** આનુપૂર્વી અનાનુપૂર્વી અવક્તવ્ય. અન્ય વર્ણન પણ સંગ્રહ નય દ્વારા સમજવું. પરન્તુ તેમાં બહુવચન સંબંધી કોઈ વિકલ્પ દ્રવ્ય, પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, સ્થિતિ આદિમાં નહિ સમજવો. **આ અનૌપનિધિકી આનુપૂર્વીનું વર્ણન થયું.**

**પૂર્વાનુપૂર્વી આદિના ભંગ :– ઔપનિધિકી દ્રવ્ય આનુપૂર્વી** ત્રણ પ્રકારની હોય છે. યથા– (૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી (૩) અનાનુપૂર્વી (બન્નેથી ભિન્ન સ્વરૂપવાળી). યથા– છ દ્રવ્યોને ક્રમથી રાખવા પૂર્વાનુપૂર્વી છે. ઉલટા ક્રમથી રાખવા પશ્ચાનુપૂર્વી છે. ૬ દ્રવ્યોના અનાનુપૂર્વીના ભંગ આ પ્રમાણે છે– ૧×૨× ૩×૪×૫×૬ = ૭૨૦ આમાં બે ઓછા કરવાથી ૭૧૮ અનાનુપૂર્વીના ભંગ જાણવા. આ જ રીતે પંચ પરમેષ્ઠીના પદોથી એક પૂર્વાનુપૂર્વી, એક પશ્ચાનુપૂર્વી અને ૧૧૮ (૧×૨×૩×૪×૫ = ૧૨૦ – ૨ = ૧૧૮) અનાનુપૂર્વીના ભંગ બને છે.

**ક્ષેત્રાનુપૂર્વી :–** દ્રવ્યાનુપૂર્વીની જેમ સંપૂર્ણ વર્ણન છે. આમાં ત્રણ પ્રદેશો આદિના અવગાઢ સ્કંધ આનુપૂર્વી છે. એક પ્રદેશાવગાઢ સ્કંધ અનાનુપૂર્વી છે અને દ્વિ–પ્રદેશાવગાઢસ્કંધ અવકતવ્ય છે. અલ્પબહુત્વમાં અહીં અનંતગુણના સ્થાને અસંખ્ય ગુણ જ હોય છે. કારણ કે અવગાહના ઉત્કૃષ્ટ અસંખ્ય પ્રદેશની હોય છે, અનંત પ્રદેશની ન હોય. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી અહીં ઉર્ધ્વલોક, અધોલોક તિરછાલોકની અપેક્ષાએ કહેવી. પછી અધોલોકની સાત નરક, તિરછા લોકના અસંખ્ય દ્વીપ સમુદ્ર અને ઉર્ધ્વ લોકના ૧૫ સ્થાન(૧૨ દેવલોક, ૧ ગ્રૈવેયક, ૧ અણુત્તર દેવ, ૧ સિદ્ધશિલા)ની પૂર્વાનુપૂર્વી આદિ કહી શકાય છે.

**કાળાનુપૂર્વી :–** દ્રવ્યાનુપૂર્વીની સમાન સંપૂર્ણ વર્ણન છે. એમાં એક સમયની સ્થિતિવાળું દ્રવ્ય અનાનુપૂર્વી છે, બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય અવકત્તવ્ય છે અને ત્રણ સમયથી અસંખ્ય સમય સુધીની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે. ક્ષેત્ર અવગાહનાની જેમ કાળ સ્થિતિ પણ અસંખ્ય છે, માટે અનંત નહિ કહેવું. એક સમયની સ્થિતિ ***યાવત્*** અસંખ્ય સમયની સ્થિતિની અપેક્ષાએ પૂર્વાનુપૂર્વી આદિ કહેવું જોઈએ. અથવા સમય, આવલિકા, આણ–પાણ, થોવ, લવ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, સોવર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, ***યાવત્*** શીર્ષ પ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી, પુદ્ગલ પરાવર્તન, અતીતકાળ અનાગતકાળ, સર્વકાળ, આ ૫૩ પદોથી પણ કહી શકાય છે.

**ઉત્કીર્તન આનુપૂર્વી :–** એના પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદ છે, જે ભગવાન ઋષભ દેવ આદિ ભગવાન મહાવીર પર્યન્ત ૨૪ તીર્થંકરોની અપેક્ષાએ કહેવી જોઈએ.

**ગણનાનુપૂર્વી :–** એના પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદ છે. જે એક, દસ, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અરબ સુધી. આ દસ પદોની અપેક્ષાએ કહેવી જોઈએ.

**સંસ્થાન આનુપૂર્વી :–** છ સંસ્થાનોની અપેક્ષાએ કહી શકાય છે.

**સમાચારી આનુપૂર્વી :–** 'આવસ્સહિ' આદિ દસ સમાચારીની અપેક્ષાએ કહી શકાય.

**ભાવાનુપૂર્વી :–** એ છ ભાવોની અપેક્ષાએ કહી શકાય છે– ૧. ઉદય, ૨. ઉપશમ, ૩. ક્ષાયિક, ૪. ક્ષાયોપશમિક, ૫. પારિણામિક ૬. મિશ્ર સંયોગી(સન્નિપાતિક) ભાવ. આ આનુપૂર્વી અધિકાર પૂર્ણ થયો.





**પ્રશ્ન–૮ : ઉપક્રમના ૬ ભેદ માં નામ–ઉપક્રમનું વિશ્લેષણ કઈ રીતે છે ?**

**જવાબ– નામ ઉપક્રમ :–** નામ ઉપક્રમના દસ પ્રકાર છે. યથા– એક નામ, બે નામ, ત્રણ નામ ***યાવત્*** દસ નામ.

**એક નામ :–** દ્રવ્ય, ગુણ, પર્યાયના જે નામ લોકમાં રૂઢ થયેલા છે તે બધાની 'નામ' એક સંજ્ઞા હોવાથી સર્વે એક નામ છે.

**બે નામ :–** એકાક્ષર 'શ્રી' આદિ, બે અક્ષર 'દેવી' આદિ અથવા જીવ અજીવ એ બે 'નામ' છે. વિશેષિત, અવિશેષિત ભેદરૂપ અપેક્ષાએ બે નામ અનેક પ્રકારના થાય છે. જેમ કે– જીવ અવિશેષિત અને નારકી ઈત્યાદી વિશેષિત. નારકી અવિશેષિત, રત્નપ્રભા આદિ વિશેષિત. એ રીતે ભેદાનુભેદ કરતાં અનુત્તર દેવ અવિશેષિત, વિજય, વૈજયંત આદિ વિશેષિત છે. આ બે નામ છે. તે જ રીતે અજીવ દ્રવ્યમાં સમજવું.

**ત્રણ નામ :–** દ્રવ્ય, ગુણ, પર્યાય આ ત્રણ નામ છે. એમાં દ્રવ્યના ૬ ભેદ, ગુણના વર્ણાદિ પાંચ ભેદ તેમજ ૨૫ ભેદ અને પર્યાયના એક ગુણ કાલા ***યાવત્*** અનંત ગુણ કાલા ઈત્યાદિ અનંત ભેદ છે. સ્ત્રી, પુરૂષ, નપુંસક આ પણ ત્રણ નામ છે. સ્ત્રી નામના અંતમાં સ્વર આ, ઈ, ઊ હોય છે. પુરૂષ નામના અંતમાં આ, ઈ, ઊ, ઓ હોય છે. નપુંસક નામના અંતમાં અં,ઈં, ઉં હોય છે. જેમ કે – **૧.** માળા, લક્ષ્મી, વધૂ, **૨.** રાજા, ગિરી, **૩.** ધન્નં, અચ્છિં, મહું.

**ચાર નામ :–** નામ(શબ્દ) ચાર પ્રકારથી બને છે. ૧. આગમથી, ૨. લોપથી, ૩. પ્રકૃતિથી ૪. વિકારથી.

**ઉદાહરણ :–**(૧) પદ્માનિ, પયાંસિ, કુંડાનિ, (૨) તેઽત્ર રથોઽત્ર (અ નો લોપ) (૩)અગ્નિ એતૌ, પટૂ ઈમૌ (એમાં સંધી નથી. પ્રકૃતિભાવ થવાથી), (૪)દંડસ્ય + અગ્રં = દંડાગ્રં (એક વર્ણના સ્થાન પર અન્ય વર્ણ.)

**પાંચ નામ :–** ૧. કોઈ વસ્તુનો બોધ કરાવનાર શબ્દ યા નામ તે **નામિક નામ** છે. ૨. **ખલુ** આદિ નૈપાતિક નામ છે. ૩. **ધાવતિ** આદિ તિગંત ક્રિયાઓ આખ્યાતિક નામ છે. ૪. **પરિ** ઈત્યાદિ ઉપસર્ગ ઔપસર્ગિક નામ છે. ૫. 'સંયત' ઈત્યાદિ મિશ્ર સંયોગી નામ છે. તેમાં ઉપસર્ગ પણ છે, નામિક પણ છે.

**છ નામ :–** (૧) **ઉદય ભાવ**–આઠ કર્મોનો ઉદય. જેમાં જીવ ઉદય નિષ્પન્ન– મનુષ્યત્વ, ત્રસત્વ, દેવત્વ વગેરે, અને અજીવ ઉદય નિષ્પન્ન– શરીર વગેરે.

**(૨) ઉપશમ ભાવ :–** મોહનીય કર્મના ઉપશમથી ઉપશમ સમકિત, ઉપશમ-

શ્રેણી, ઉપશાંત મોહ ગુણસ્થાન, ઉપશમ ચારિત્ર લબ્ધિ. **(૩) ક્ષાયિક ભાવ :–** આઠ કર્મ તથા તેની સમસ્ત પ્રકૃતિઓના ક્ષયથી ઉત્પન્ન થયેલ ભાવ.

**(૪) ક્ષાયોપશમિક ભાવ :–** જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મોના ક્ષય અને ઉપશમને ક્ષાયોપશમિક ભાવ કહે છે. ચાર જ્ઞાન, પાંચ ઈન્દ્રિયો, ત્રણ દર્શન, ચાર ચારિત્ર, ગણિ, વાચક, વગેરે પદવી. ઉદય પ્રાપ્ત કર્મનો ક્ષય, અનુદીર્ણના વિપાકોદયની અપેક્ષાએ ઉદયાભાવ(ઉપશમ), આ પ્રકારે ક્ષયથી ઉપલક્ષિત ઉપશમ જ ક્ષયોપશમ કહેવાય છે. ઉપશમમાં પ્રદેશોદય નથી હોતો, પરંતુ ક્ષયોપશમમાં પ્રદેશોદય હોય છે, વિપાકોદય નથી હોતો.

**(૫) પારિણામિક ભાવ :– સાદિ પારિણામિક–** વાદળા, સંધ્યા, પર્વત, ઈન્દ્રધનુષ, વિજળી, હવા, વર્ષા વગેરે. **અનાદિ પારિણામિક–** જીવત્વ, ભવીત્વ, અભવીત્વ, લોક, અલોક અને ધર્માસ્તિકાય વગેરે.

**(૬) સન્નિપાતિક (સંયોગી-મિશ્ર) ભાવ :–** પૂર્વોક્ત પાંચ ભાવો વડે દ્વિક સંયોગી વગેરે ૨૬ ભંગ બને છે. તેને સન્નિપાતિક ભાવ કહેવાય છે.

**છવ્વીસ ભંગ :– દ્વિસંયોગી ભંગ ૧૦ :–** ૧. ઉદય-ઉપશમ ૨. ઉદય-ક્ષય ૩. ઉદય-ક્ષયોપશમ, ૪. ઉદય-પારિણામિક; ૫. ઉપશમ-ક્ષય, ૬. ઉપશમ-ક્ષયોપશમ, ૭. ઉપશમ-પારિણામિક; ૮. ક્ષય-ક્ષયોપશમ ૯. ક્ષય-પારિણામિક; ૧૦. ક્ષયોપશમ-પારિણામિક.

**ત્રિસંયોગી ભંગ ૧૦ :–** ૧. ઉદય-ઉપશમ-ક્ષય ૨. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ ૩. ઉદય-ઉપશમ-પારિણામિક ૪. ઉદય-ક્ષય-ક્ષયોપશમ ૫. ઉદય-ક્ષય-પારિણામિક ૬. ઉદય-ક્ષયોપશમ-પારિણામિક; ૭. ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ ૮. ઉપશમ-ક્ષય- પારિણામિક, ૯. ઉપશમ-ક્ષયોપશમ- પારિણામિક; ૧૦. ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

**ચાર સંયોગી ભંગ ૫ :–** ૧. ઉદય-ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ ૨. ઉદય-ઉપશમ-ક્ષય-પારિણામિક ૩. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ-પારિણામિક ૪. ઉદય-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક ૫. ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

**પાંચ સંયોગી એક ભંગ :–** ઉદય-ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

આ ૨૬ ભંગોમાંથી જીવમાં ૬ ભંગ પ્રાપ્ત થાય છે. શેષ ૨૦નું ભંગરૂપે અસ્તિત્વ માત્ર સમજવું. તે છ ભંગ આ પ્રમાણે છે– **(૧)** ક્ષાયિક, પારિણામિક– સિદ્ધોમાં. **(૨)** ઉદય, ક્ષયોપશમ, પારિણામિક– સામાન્યરૂપથી સંસારી જીવોમાં.





**(૩)** ઉદય, ક્ષાયિક, પારિણામિક– ભવસ્થ કેવળીમાં (ગુણસ્થાન ૧૩-૧૪મા) **(૪)** ઉદય, ક્ષય, ક્ષયોપશમ, પારિણામિક– ક્ષાયિક સમકિતી સામાન્ય જીવમાં **(૫)** ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, પારિણામિક– ઉપશમ સમકિતી સામાન્ય જીવમાં. **(૬)** ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ, પારિણામિક– ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ઉપશમ શ્રેણીમાં.

અહીં **૧.** ગતિઓને ઉદયમાં **૨.** ઉપશમ સમકિત, ઉપશમ શ્રેણીને ઉપશમમાં **૩.** ઈન્દ્રિયોને ક્ષયોપશમમાં **૪.** ક્ષાયિક સમકિત, ક્ષપક શ્રેણી, કેવળ જ્ઞાનને ક્ષયમાં **૫.** જીવત્વ ભવીત્વ આદિ પારિણામિકમાં સમજવા.

**સાત નામ :–** સાત સ્વર છે, તે આ પ્રમાણે છે–

**(૧) ષડ્જ સ્વર :–** કંઠ, વક્ષસ્થળ, તાલુ, જિવ્હા, દાંત, નાસિકા; આ છ સ્થાનોના સંયોગથી આ સ્વર ઉત્પન્ન થાય છે અને જિવ્હાગ્રથી ઉચ્ચારિત થાય છે, યથા– મયૂરનો શબ્દ, મૃદંગનો શબ્દ. આ સ્વરવાળો મનુષ્ય આજીવિકા, પુત્ર, મિત્ર આદિથી સંપન્ન સુખી હોય છે.

**(૨) વૃષભ સ્વર :–** બળદની ગર્જના જેવો. આ સ્વર વક્ષસ્થલમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– કુકડાનો સ્વર, ગૌમુખી વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળો મનુષ્ય ઐશ્વર્યશાળી હોય છે. તે સેનાપતિત્વ અને ધનધાન્ય આદિ ભોગસામગ્રી ને પ્રાપ્ત કરે છે.

**(૩) ગાંધાર સ્વર :–** આ સ્વર કંઠમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– હંસનો સ્વર, શંખનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય શ્રેષ્ઠ આજીવિકા પ્રાપ્ત કરે છે, કલાકોવિદ હોય છે; કવિ, બુદ્ધિમાન અને અનેક શાસ્ત્રોમાં પારંગત હોય છે.

**(૪) મધ્યમ સ્વર :–** આ સ્વર જિવ્હાના મધ્યભાગથી ઉચ્ચારિત થાય છે. તે ઉચ્ચનાદ રૂપ હોય છે. યથા– ઘંટાનો સ્વર, ઝાલરનો સ્વર. આ સ્વરવાળા સુખૈષી(સુખી) જીવ હોય છે, મનોજ્ઞ ખાતા પીતા હોય છે તેમજ અન્યને ખવડાવે, પીવડાવે છે તથા દાન કરે છે.

**(૫) પંચમ સ્વર :–** નાભિ, વક્ષસ્થળ, હૃદય, કંઠ અને મસ્તક ;આ પાંચ સ્થાનના સંયોગ વડે અને નાસિકામાંથી ઉચ્ચારિત થાય છે. યથા– વસંતઋતુમાં કોયલનો શબ્દ, ગોધિકા વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળા રાજા, શૂરવીર, સંગ્રાહક અને અનેક મનુષ્યના નાયક હોય છે.

**(૬) ધૈવત સ્વર :–** પૂર્વોક્ત બધા સ્વરોનું અનુસંધાન કરનારો આ સ્વર દાંત

અને હોઠના સંયોગ વડે ઉચ્ચારિત થાય છે. યથા– ક્રૌંચ પક્ષીનો સ્વર, નગારાનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય કલહ પ્રિય, હિંસક તથા નિર્દયી હોય છે.

**(૭) નિષાદ સ્વર :–** આ સ્વર બધા સ્વરોનો પરાભવ કરનારો છે. ભૃકુટી ખેંચીને મસ્તકમાંથી એનું ઉચ્ચારણ થાય છે. યથા– હાથીનો અવાજ, મહાભેરીનો અવાજ. આ સ્વરવાળા મનુષ્ય ચાંડાલ, ગોઘાતક, મુક્કેબાજ, ચોર અને આવા જ મોટા પાપ કરનારા હોય છે. **આ સાત સ્વરો પૂર્ણ થયા.**

**ગાયન :–** શબ્દોનું સ્પષ્ટ ઉચ્ચારણ, શુભ મધુર સ્વર, ઉતાર-ચઢાવથી સંપન્ન, ગેય રાગથી યુક્ત ગાવું વિગેરે **ગાયનના ગુણ** છે. ડરીને, ઉતાવળથી, ✓ાસ લેતા, નાકના સંયોગથી કટુ સ્વર અને તાલ વિઢદ્ધ ગાવું ઈત્યાદિ **ગાયનના દોષ** છે.

ગાયકનું ગીતના સ્વરમાં મૂર્ચ્છિત જેવા થઈ જવું **'ગીતની મૂર્ચ્છના'** કહેવાય છે. આ મૂર્ચ્છના ૨૧ છે. એના સાત-સાતના સમૂહને ગ્રામ કહે છે. સાત સ્વરોના ત્રણ ગ્રામ અને ૨૧ મૂર્ચ્છના હોય છે.

ગાયન પણ સત્ય, ઉપઘાત આદિ **૩૨ દોષો રહિત**, વિશિષ્ટ અર્થયુક્ત, અલંકારોથી યુક્ત, ઉપસંહારથી યુકત અને અલ્પ પદ, અલ્પ અક્ષરવાળું, પ્રિયકારી હોવું જોઈએ. શ્યામ સ્ત્રી મધુર ગાય છે. કાળી સ્ત્રી ખર(રૂક્ષ) સ્વરમાં ગાય છે અને ગૌરવર્ણા ચતુરાઈથી ગાય છે, કાણી વિલંબિત સ્વરમાં તથા આંધળી શીઘ્રગતિ સ્વરમાં ગાય છે.

**આઠ નામ :–** શબ્દોની આઠ વચન વિભક્તિઓના આઠ નામ છે.

(૧) પ્રથમા (કર્તા) જાતિ અને વ્યક્તિના નિર્દેશમાં વપરાય છે.

(૨) દ્વિતીયા (કર્મ) જેનાપર ઉપદેશ, ક્રિયાનું ફળ મળે.

(૩) તૃતીયા (કરણ) ક્રિયાના સાધકતમ કારણમાં વપરાય.

(૪) ચતુર્થી (સંપ્રદાન) જેને માટે દાન દેવાની ક્રિયા હોય છે તે.

(૫) પંચમી (અપાદાન) જેનાથી અલગ થવાનો બોધ થાય છે.

(૬) છટ્ઠી (સંબંધ) સ્વામીત્વનો સંબંધ બતાવનારી.

(૭) સપ્તમી (આધાર) ક્રિયાના આધાર સ્થાનનો બોધ કરાવનારી

(૮) અષ્ટમી (સંબોધન) સંબોધિત(આમંત્રણ) કરનારી.

યથા– (૧) આ, તે, હું, (૨) આને કહો, તેને બોલાવો, (૩) એના દ્વારા કરવામાં આવેલ, મારાથી કહેવામાં આવેલ, (૪) તેના માટે આપો, તેના માટે





લઈ જાઓ, જિને✓રને માટે મારા નમસ્કાર હો, (૫) વૃક્ષપરથી ફળ નીચે પડ્યું, અહીંયાથી દૂર કરો, (૬) તેની વસ્તુ, તેનું મકાન, તેનું ખેતર, (૭) છતની ઉપર, ભૂમિ પર, પુસ્તકમાં, ઘરમાં, (૮) અરે ! ભાઈઓ ! બેનજી ! હે સ્વામી ! હે નાથ ! વગેરે.

**નવ નામ :–** કાવ્યોના નવ રસ છે, તે નવ નામ છે. તે આ પ્રમાણે છે– (૧) વીર રસ (૨) શૃંગાર રસ (૩) અદ્‌ભુત રસ (૪) રૌદ્ર રસ (૫) ભયાનક રસ (૬) બીભત્સ રસ (૭) હાસ્ય રસ (૮) કઢણ રસ (૯) પ્રશાંત રસ. અનેક સહકારી કારણોથી અંતરાત્મામાં ઉત્પન્ન થતાં ઉલ્લાસ યા વિકારની અનુભૂતિને રસ કહેવાય છે. માટે જે કાવ્યના ગાવાથી કે સાંભળવાથી આત્મામાં વીરતા, હાસ્ય, શૃંગાર વગેરે ભાવની અનુભૂતિ થાય છે તે, તે કાવ્યનો રસ કહેવાય છે. એક કાવ્યમાં એક અથવા અનેક રસ હોઈ શકે છે.

**દસ નામ :–** નામકરણ દસ પ્રકારના હોય છે. યથા– **(૧)** ગુણ નિષ્પન્ન નામ– શ્રમણ, તપસ્વી, પવન, **(૨)** ગુણ રહિત નામ– સમુદ્‌ગ, સમુદ્ર, પલાશ, ઈન્દ્રગોપ, કીડા **(૩)** આદાનપદ નિષ્પન્ન નામ– પ્રારંભિક પદથી અધ્યયન આદિનું નામ– ભકતામર, પુચ્છિસ્સુણં. **(૪)** પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ– અલાબુ, અલત્તક. **(૫)** પ્રધાનપદ નિષ્પન્ન નામ– આમ્રવન વગેરે. **(૬)** અનાદિ સિદ્ધાંત નિષ્પન્ન નામ– ધર્માસ્તિકાય આદિ. **(૭)** નામ નિષ્પન્ન નામ– મૃગાપુત્ર, પાંડુપુત્ર, પાંડુસેન. **(૮)** અવયવ નિષ્પન્ન નામ– પક્ષી, દ્વિપદ, ચતુષ્પદ, જટાધારી આદિ. **(૯)** સંયોગ નિષ્પન્ન નામ– ગોપાલક, દંડી, રથિક, નાવિક, મારવાડી, હિન્દુસ્તાની, પંચમારક, (પાંચમા આરાના મનુષ્ય), હેમંતક, વસંતક, ચૌમાસી, સંવત્સરી, જ્ઞાની, સંયમી, ક્રોધી.

**(૧૦) પ્રમાણ નિષ્પન્ન નામ–** એના ચાર પ્રકાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. **(૧)** કોઈનું 'પ્રમાણ' નામ રાખ્યું તે **નામ પ્રમાણ નિષ્પન્ન. (૨)** સ્થાપના નિષ્પન્ન નામ– ૨૮ નક્ષત્રો અને તેના દેવતાઓના નામ. અનેક પ્રકારના કુળ નામ– ઉગ્રકુળ, ભોગકુળ, ઈક્ષ્વાકુકુળ. અનેક પ્રકારના પાસંડ નામ– શ્રમણ, પાંડુરંગ, ભિક્ષુ, પરિવ્રાજક, તાપસ વગેરે. અનેક પ્રકારના ગણ નામ– મલ્લગણ વગેરે આ બધા સ્થાપના પ્રમાણ નિષ્પન્ન નામની અંદર સમાય છે.

**(૩) દ્રવ્ય પ્રમાણ નિષ્પન્ન નામ–** ધર્માસ્તિકાયાદિ છે. **(૪) ભાવ પ્રમાણ નિષ્પન્ન નામ**માં સમાસ, તદ્ધિત, ધાતુજ, નિઢક્તિજ એ ચારેય અને એના અનેક ભેદાનુભેદ તથા ઉદાહરણ પણ કહેલ છે.

**(૧) સમાસ સાત છે– ૧.** દ્વંદ્વ **૨.** બહુવ્રીહિ **૩.** કર્મધારય **૪.** દ્વિગુ **૫.** તત્પુરુષ **૬.** અવ્યયીભાવ **૭.** એક શેષ અર્થાત્ સમાસ નિષ્પન્ન નામ સાત પ્રકારના છે.

**(૨) તદ્ધિત** નિષ્પન્ન નામ આઠ પ્રકારના છે– **૧.** કર્મથી– વ્યાપારી, શિક્ષક, **૨.** શિલ્પથી– કાષ્ઠકાર, સુવર્ણકાર, ચિત્રકાર, **૩.** શ્લોકથી– શ્રમણ, બ્રાહ્મણ, **૪.** સંયોગથી– રાજ જમાઈ, **૫.** સમીપ નામ–બેનાતટ **૬.** સંયૂથ નામ– ટીકાકાર, શાસ્ત્રકાર, તરંગવતીકાર **૭.** ઐશ્વર્યનામ – શેઠ, સાર્થવાહ, સેનાપતિ, **૮.** અપત્યનામ– રાજમાતા, તીર્થંકર માતા.

**(૩) ધાતુ**થી નિષ્પન્ન નામ ધાતુજ કહેવાય છે.

**(૪)** નિરુક્ત નિષ્પન્નનામ– મહિષ, ભ્રમર, મુસળ, કપિત્થ. ***આ ચાર ભાવપ્રમાણ નિષ્પન્ન નામ થયા. દસમું પ્રમાણ નિષ્પન્ન નામ થયું.આ દસ નામ પ્રકરણ પૂર્ણ થયું. આ બીજું નામ ઉપક્રમ પૂર્ણ થયું.***

**પ્રશ્ન–૯ : ત્રીજા પ્રમાણ ઉપક્રમમાં દ્રવ્યપ્રમાણનું વિશ્લેષણ કઈ રીતે છે ?**

**જવાબ– 'પ્રમાણ' ઉપક્રમ** ચાર પ્રકારના છે. યથા– (૧) દ્રવ્ય પ્રમાણ (૨) ક્ષેત્ર પ્રમાણ (૩) કાલ પ્રમાણ (૪) ભાવ પ્રમાણ.

દ્રવ્ય પ્રમાણના પાંચ પ્રકાર છે યથા–**(૧) માન પ્રમાણ :– ધાન્યને** માપવા માટેનું સૌથી નાનું માપ 'મુટ્ઠી' છે. બે મુટ્ઠી = પસલી, બે પસલી = એક ખોબો, ચાર ખોબા = એક કુલક, ચાર કુલક = એક પ્રસ્થ, ચાર પ્રસ્થ = એક આઢક, ચાર આઢક = એક દ્રોણ, સાઠ આઢક = નાની કુંભી, ૮૦ આઢક = મધ્યમ કુંભી, એકસો આઢક = મોટી કુંભી, આઠ મોટી કુંભી = એક બાહ.

**તરલ પદાર્થ** માપવાનું સૌથી નાનું માપ 'ચતુઃષષ્ઠિકા (૪ પળ = પા સેર) બે ચતુઃષષ્ઠિકા = એક બતીસિકા (અડધો સેર) બે બતીસિકા = એક સોળ સિકા (એક સેર), બે સોળસિકા = એક અષ્ઠ ભાગિકા (૨ સેર.) બે અષ્ટભાગિકા = એક ચતુર્ભાર્ગિકા (ચાર સેર), બે ચતુર્ભાગિકા = અર્ધ મણ (આઠ સેર), બે અર્ધ મણ= એક મણ (૧૬ સેર = ૨૫૬ પળ). એક પળ, એક છટાંકને કહે છે. ૨૫૬ પળનો એક મણ થાય છે. એનાથી દૂધ, ઘીનું માપ કરાય છે.

**(૨) ઉન્માન પ્રમાણ :–** ત્રાજવાથી તોલ કરી વસ્તુની માત્રાનું જ્ઞાન કરવું તેને ઉન્માન પ્રમાણ કહે છે. માપવાનું (જોખવાનું) સૌથી નાનું માપ કાટલું (તોલું) અર્ધ કર્ષ હોય છે, બે અર્ધ કર્ષ = એક કર્ષ, બે કર્ષ= એક અર્ધપલ, બે અર્ધપલ = એક પલ (એક પલ=એક છટાંક અથવા પાંચ તોલાનો સૂચક છે) એકસો પાંચ





પલ = એક તુલા [પાઠાંતરે ૧૦૦ પલ અને કયાંક ૫૦૦ પલ પણ છે.] દસ તુલા = અર્ધો ભાર, બે અર્ધાભાર = એક ભાર; એનાથી ગોળ, ખાંડ, સાકર વગેરે દ્રવ્યોનું વજન કરાય છે. આ માપ–તોલ અપેક્ષિત ક્ષેત્ર કાળના છે. કાળાંતર અથવા ક્ષેત્રાંતરથી માપ–તોલની ગણતરી અલગ–અલગ ન્યૂનાધિક પણ હોઈ શકે છે. થોડાક સમય પૂર્વે છટાંક, શેર, મણ વગેરે પ્રચલિત હતા. આજકાલ ગ્રામ, કિલો, ક્વિન્ટલમાં વજન કરાય છે.

**(૩) અવમાન પ્રમાણ :–** એનાથી જમીન વગેરેનું માપ કરાય છે. આનો સૌથી નાનો એકમ હાથ હોય છે. ચાર હાથ = એક ધનુષ; ધનુષ, દંડ, યુગ, નાલિકા, અક્ષ, મૂસળ; આ બધા એક માપના હોય છે. દશ નાલિકા = એક રજ્જુ; આનાથી ભૂમિની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઇ મપાય છે. વર્તમાનમાં ગજ, ફૂટથી માપ કરાય છે અથવા મીટર થી જમીન મપાય છે.

**(૪) ગણિમ પ્રમાણ :–** ગણતરી, સંખ્યામાં કોઈ પણ પદાર્થની માત્રાના જ્ઞાનને 'ગણિમ પ્રમાણ' કહે છે. એનાથી રૂપિયા, પૈસા સંપત્તિનું તથા ગણતરી કરી શકાય એવા પદાર્થોનું જ્ઞાન કરાય છે. એનો જઘન્ય(નાનામાં નાનો) એકમ એક છે. પછી ક્રમશઃ બે, ત્રણ, ચાર એમ કરોડ સુધી સમજવું. સૂત્રમાં ૧, ૧૦, ૧૦૦, ૧૦૦૦, ૧૦,૦૦૦ ૧,૦૦,૦૦૦, ૧૦ લાખ, ૧ કરોડ; આ સંખ્યા આપી છે. અધિકતમ ૧૯૪ અંક પ્રમાણ સંખ્યા ગણના પ્રમાણમાં છે. (૫૪ અંક અને ૧૪૦ મીંડા). એના પછી ઉપમા પ્રમાણ છે.

**(૫) પ્રતિમાન પ્રમાણ :–** સોના, ચાંદી અને મણિ, મોતી આદિને નાના કાંટામાં તોલીને પ્રમાણ(માન) જાણી શકાય છે. આ પ્રતિમાન પ્રમાણ છે. બહુમૂલ્ય વસ્તુઓને તોલા, માસા, રતિ આદિ નાના તોલાથી તોળાય છે. ગોળ, સાકર વગેરેને મોટા કાંટામાં મોટા તોલ–માપથી તોળાય છે. આ પ્રતિમાન પ્રમાણ અને ઉન્માન પ્રમાણમાં અંતર સમજવું. પ્રતિમાન માપ આ પ્રમાણે છે–

| | | |
|---|---|---|
| ૫ ગુંજા (રતિ) | = | ૧ કર્મ માસક (માસા) |
| ૪ કાંકણી | = | ૧ કર્મ માસક (માસા) |
| ૩ નિષ્પાવ | = | ૧ કર્મ માસક (માસા) |
| ૧૨ માસા | = | ૧ મંડળ |
| ૪૮ કાંકણી | = | ૧ મંડળ |
| ૧૬ માસા | = | ૧ તોલા (સોના મહોર) |

## પ્રશ્ન–૧૦ : ક્ષેત્ર પ્રમાણમાં અંગુલનું વિશ્લેષણ કઈ રીતે છે?

**જવાબ– ક્ષેત્ર પ્રમાણ :–** એનો જઘન્ય એકમ 'અંગુલ' છે. અંગુલ ત્રણ પ્રકારના હોય છે. યથા– **(૧) આત્માંગુલ–** જે કાળમાં જે મનુષ્ય હોય છે, તેમાં પણ જે પ્રમાણ યુક્ત પુરુષ હોય છે, તેના અંગુલને આત્માંગુલ કહેવાય છે. પ્રમાણયુક્ત પુરુષ તે હોય છે જે સ્વયંના અંગુલથી એકસો આઠ અંગુલ પ્રમાણ હોય છે અથવા ૯ મુખ પ્રમાણ હોય છે. એક દ્રોણ જેટલું તેના શરીરનું આયતન હોય છે અને અર્ધભાર પ્રમાણ જેનું વજન હોય છે. દ્રોણ અને અર્ધભારમાં પ્રાયઃ ૬૪ શેરનું પરિમાણ હોય છે.

**(૨) ઉત્સેધાંગુલ :–** ૮ વાળાગ્ર=એક લીખ, આઠ લીખ=એક જૂ , આઠ જૂ= એક જવમધ્ય, આઠ જવમધ્ય=એક ઉત્સેધાંગુલ અર્થાત્ ૮×૮×૮×૮=૪૦૯૬ વાળના ગોળ ભારા જેટલો વિસ્તાર(વ્યાસ) હોય છે, એને એક ઉત્સેધાંગુલ કહેવાય છે. આ અંગુલ લગભગ અડધા ઈંચ બરાબર હોય છે, એવું અનુમાન છે. જેથી ૧૨ ઈંચ=૨૪ અંગુલ=૧ હાથ=૧ ફૂટ હોય છે. આ રીતે ઉત્સેધાંગુલનો હાથ એક ફુટનો હોય છે અને ધનુષ=૪ફુટનો હોય છે. જ્યારે વર્તમાનમાં હાથ=દોઢ ફુટનો હોય અને ધનુષ=૬ ફુટનો હોય છે. તેને વર્તમાનના આત્માંગુલનું માપ સમજવું.

**(૩) પ્રમાણાંગુલ :–** ચક્રવર્તીના કાંકણી રત્નના ૬ તલિયા અને ૧૨ હાંસ હોય છે. પ્રત્યેક હાંસ એક ઉત્સેધાંગુલ પ્રમાણ હોય છે. તેના ઉત્સેધાંગુલથી હજાર ગણો(ગોળાઈમાં)પ્રમાણાંગુલ હોય છે. શ્રમણ ભગવાન મહાવીરના અંગુલ ઉત્સેધાંગુલથી બમણા હોય છે. અર્થાત્ ૮૧૯૨(વાળના) કેશનો ગોળ ભારો બનાવવાથી જેટલો વિસ્તાર થાય, તેટલો ભગવાન મહાવીર સ્વામીનો અંગુલ હોય છે. એમ **૪૦૯૬૦૦૦ વાળના ગોળાના બનાવેલ ભારાનો** જેટલો વિસ્તાર થાય છે, તેટલો એક પ્રમાણાંગુલ અર્થાત્ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તીનો અંગુલ હોય છે.

**યોજન :–** ૧૨ અંગુલ = એક વેંત, બે વેંત = એકહાથ, ચારહાથ = એક ધનુષ, બે હજાર ધનુષ = એક ગાઉ, ચાર ગાઉ = એક યોજન. આ માપ ત્રણે પ્રકારના અંગુલમાં સમજવા. આ પ્રકારે યોજન પર્યંત બધા માપ ત્રણ પ્રકારના હોય છે. તેમાં આત્માંગુલથી તે કાળના ક્ષેત્ર, ગ્રામ, નગર, ઘર વગેરેના માપ કરાય છે. ઉત્સેધાંગુલથી ચાર ગતિના જીવોની અવગાહનાનું માપ કહેવાય છે. પ્રમાણાંગુલથી શા✓ત પદાર્થો અર્થાત્ દ્વીપ, સમુદ્ર, પૃથ્વીપિંડ, વિમાન, પર્વત, કૂટ વગેરેની





લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કહેવાય છે. અપેક્ષાએ લોકમાં ત્રણ પ્રકારના રૂપી પદાર્થ છે– (૧) મનુષ્ય કૃત ગ્રામ, નગર, મકાન ઈત્યાદિ. (૨) કર્મ કૃત શરીર ઈત્યાદિ. (૩) શા✓ત સ્થાન. આ ત્રણેયના માપ કરવા માટે ઉપરોક્ત ત્રણ પ્રકારના અંગુલથી લઈને યોજન પર્યંતના માપનો ઉપયોગ કરાય છે. ***[અહીં ચારે ગતિના જીવોની અવગાહના વિસ્તારથી બતાવેલ છે, તે માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૧, સારાંશ ખંડ–૬]***

**પરમાણુથી અંગુલનું માપ :–** સૂક્ષ્મ પરમાણુ અને વ્યવહારિક પરમાણુના ભેદથી પરમાણુ બે પ્રકારના છે. સૂક્ષ્મ પરમાણુ અવર્ણ્ય છે. તે અતિ સૂક્ષ્મ, અવિભાજ્ય, પુદ્ગલનો અંતિમ એક પ્રદેશ હોય છે. તેનો આદિ, મધ્ય, અંત તે સ્વયં છે. એવા અનંતાનંત પરમાણુનો એક વ્યવહારિક પરમાણુ થાય છે. તે પણ સૂક્ષ્મ હોય છે. તલવાર વગેરેથી અવિચ્છેદ્ય છે. અગ્નિ એને બાળી શકતી નથી. હવા એને ઉડાડી શકતી નથી. એવા અનંત વ્યવહારિક પરમાણુના માપની ગણના આ પ્રકારે કરાય છે.

| | | |
|---|---|---|
| અનંત વ્યવહાર પરમાણુ | = | ૧ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. |
| ૮ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા |
| ૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ ઊર્ધ્વ રેણુ |
| ૮ ઊર્ધ્વ રેણુ | = | ૧ ત્રસ રેણુ |
| ૮ ત્રસ રેણુ | = | ૧ રથ રેણુ |
| ૮ રથ રેણુ | = | ૧ વાળ (દેવકુરુ મનુષ્યનો) |
| ૮ વાળ (દેવકુરુ) | = | ૧ વાળ (હરિવર્ષ મનુષ્યનો) |
| ૮ વાળ (હરિવર્ષ) | = | ૧ વાળ (હેમવત મનુષ્યનો) |
| ૮ વાળ (હેમવત) | = | ૧ વાળ (મહાવિદેહના મનુષ્યનો) |
| ૮ વાળ (મહાવિદેહ) | = | ૧ વાળ (ભરતક્ષેત્રના મનુષ્યનો) |
| ૮ વાળ(ભરતક્ષેત્ર) | = | ૧ લીખ |
| ૮ લીખ | = | ૧ જૂ |
| ૮ જૂ | = | ૧ જવમધ્ય |
| ૮ જવ મધ્ય | = | ૧ ઉત્સેધાંગુલ |

(૧૨ અંગુલ= ૧ વેંત, ૨ વેંત = હાથ, ૨ હાથ = ૧ કુક્ષી, ૨ કુક્ષી = ૧ ધનુષ.)

## પ્રશ્ન–૧૧ : કાલપ્રમાણનું સ્વરૂપ કઈ રીતે સ્પષ્ટ કરેલ છે?

**જવાબ–** કાળનો જઘન્ય એકમ 'સમય' છે. એ અતિ સૂક્ષ્મ અને અવિભાજ્ય છે. આંખના પલકારા જેટલા સમયમાં અસંખ્ય સમય પસાર થઈ જાય છે. આવા અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. સંખ્યાત આવલિકાનો એક ✓ાસો✓ાસ થાય છે. વૃદ્ધાવસ્થા અને વ્યાધિ રહિત પુઢષના ✓ાસો✓ાસને અહીંયા પ્રમાણ માન્યું છે. આ ✓ાસો✓ાસને 'પ્રાણ' કહેવાય છે.

| | | |
|---|---|---|
| ૭ પ્રાણ | = | એક સ્તોક, |
| ૭ સ્તોક | = | એક લવ, |
| ૭૭ લવ | = | એક મુહૂર્ત |
| ૧ મુહૂર્ત | = | ૩૭૭૩ ✓ાસો✓ાસ(પ્રાણ) હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા. |
| ૧ પ્રાણ | = | ૪૪૪૬ સાધિક આવલિકા.(.૬૫૧૫) |
| ૧ સેકન્ડ | = | ૫૮૨૫ $\frac{૧૯}{૪૫}$ આવલિકા. |
| ૧ પ્રાણ | = | $\frac{૨૮૮૦}{૩૭૭૩}$ સેકન્ડ હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૨૮૮૦ સેકન્ડ |
| ૧ મુહૂર્ત | = | ૪૮ મિનિટ, એક મિનિટ = ૬૦ સેકન્ડ |
| ૩૦ મુહૂર્ત | = | ૧ દિવસ |
| ૮૪ લાખ વર્ષ | = | એક પૂર્વાંગ |
| ૮૪ લાખ પૂર્વાંગ | = | એક પૂર્વ. |

ત્યાર પછી પ્રત્યેક કાળ સંજ્ઞા એક બીજાથી ૮૪ લાખ ગણી હોય છે. અંતમાં શીર્ષ પ્રહેલિકાંગથી શીર્ષ પ્રહેલિકા ૮૪ લાખ ગણી હોય છે. આટલી સંખ્યા સુધી ગણિતનો વિષય મનાય છે. તે પછીની સંખ્યા ઉપમા દ્વારા કહેવાય છે. ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા ઉપમા દ્વારા પૂર્ણ થાય છે. એ ઉત્કૃષ્ટ સંખ્યામાં એક અધિક થતાં જઘન્ય અસંખ્યાતા થાય છે.

**ઉપમા દ્વારા કાળ ગણના પ્રમાણ :– (૧)** પલ્યોપમ અને સાગરોપમ રૂપ બે પ્રકારની ઉપમા દ્વારા કાળની ગણના કરાય છે. પલ્યોપમની ગણના ઉપમાથી સમજતાં સાગરોપમની ગણના સહજમાં સમજાય જાય છે. કારણ કે કોઈપણ પ્રકારના પલ્યોપમથી એનું સાગરોપમ દસ ક્રોડાક્રોડ ગણું હોય છે. માટે અહીં પલ્યોપમનું વર્ણન કરાય છે.

**(૨)** ઉપમા ગણનાનો પલ્યોપમ ત્રણ પ્રકારનો હોય છે– **૧.** ઉદ્ધાર પલ્યોપમ





**૨.** અદ્ધા પલ્યોપમ **૩.** ક્ષેત્ર પલ્યોપમ. આ ત્રણેમાં સૂક્ષ્મ અને વ્યવહાર(બાદર)ના બે-બે ભેદ હોય છે.

**(૩) ૧.** ઉદ્ધાર પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર એક-એક સમયમાં કઢાય છે. **૨.** અદ્ધા પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર ૧૦૦ વર્ષે કાઢવામાં આવે છે અને **૩.** 'ક્ષેત્ર પલ્યોપમ'માં વાલાગ્રોના આકાશ પ્રદેશોની ગણના હોય છે. એક આકાશ પ્રદેશ એક સમયમાં કાઢવો.

**(૪)** 'ઉદ્ધાર **બાદર** પલ્યોપમ'માં એક દિવસથી સાત દિવસ સુધીના જુગલિયાના વાળ અખંડ ભરાય છે તથા કઢાય છે. જ્યારે **'સૂક્ષ્મ'**માં એ એક-એક વાળના અસંખ્ય ખંડ કરીને ભરાય છે અને કઢાય છે. સૂક્ષ્મ પણક જીવોની અવગાહનાથી અસંખ્યગણી અને નિર્મલ આંખોથી જે નાનામાં નાની વસ્તુ જોઈ શકાય, તેનો અસંખ્યાતમો ભાગ હોય, એવા અસંખ્ય ખંડ એક વાલાગ્રના સમજવા.

**(૫)** એવું જ અંતર બાદર અદ્ધા પલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમમાં સમજવું.

**(૬)** બાદર 'ક્ષેત્રપલ્યોપમ'માં અખંડ વાલાગ્રોના અવગાહન કરેલ આકાશ પ્રદેશોનો હિસાબ હોય છે અને સૂક્ષ્મમાં અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રના અવગાઢ અને અનવગાઢ બન્ને પ્રકારના અર્થાત્ પલ્ય ક્ષેત્રના સમસ્ત આકાશ પ્રદેશ ગણાય છે.

**(૭)** ત્રણ પ્રકારના બાદર(વ્યવહાર) પલ્યોપમ કેવળ સૂક્ષ્મને સમજવા માટે છે અને લોકમાં એનો બીજો કોઈ ઉપયોગ નથી.

**(૮)** સૂક્ષ્મ **ઉદ્ધાર** પલ્યોપમથી દ્વીપ–સમુદ્રોનું માપ થાય છે. અર્થાત્ અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય છે, તેટલા લોકમાં દ્વીપ–સમુદ્ર છે.

**(૯)** સૂક્ષ્મ **અદ્ધા** પલ્યોપમ સાગરોપમથી ચાર ગતિના જીવોની ઉંમરનું કથન કરાય છે. અહીં ચારે ગતિના જીવોની સ્થિતિ વિસ્તારથી બતાવેલ છે. – ***તે માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર પદ–૪ અને સારાંશ ખંડ–૬.***

**(૧૦)** સૂક્ષ્મ **ક્ષેત્ર** પલ્યોપમથી દષ્ટિવાદ અંગસૂત્રમાં વર્ણવેલા દ્રવ્યોનું માપ કરાય છે.

**પલ્યની ઉપમા :–** લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ આ ત્રણેમાં સમાન, ધાન્ય વગેરે માપવાના પાત્ર ને પલ્ય કહે છે. અહીંયા સ્વીકાર કરેલા પાત્રને(ખાડાને) પણ ત્રણેની સમાનતાને કારણે **પલ્ય** કહેવાય છે.

ઉત્સેધાંગુલથી એક યોજન લાંબો, પહોળો, ઊંડો ગોળાકાર તે પલ્ય

હોય છે. જેની સાધિક ત્રણ યોજનની પરિધિ હોય છે. તેમાં સાત દિવસના નવજાત બાળકોના વાળ ઠાંસી-ઠાંસીને ખીચોખીચ સઘન એવી રીતે ભરી દેવામાં આવે કે જરાક પણ ખાલી જગ્યા(સ્થૂળ દષ્ટિની અપેક્ષાએ) ન રહે. તેવા ભરેલા તે વાળોને સમયે સમયે અથવા સો-સો વર્ષે એક-એક કાઢવામાં આવે છે.

એ રીતે વાળો કાઢતાં આખો પલ્ય ખાલી થઈ જવામાં જેટલો સમય લાગે તેને પલ્યોપમ કહેવામાં આવે છે. આગળ ૯ પ્રકારના પલ્યોપમના વર્ણનમાં સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે આવા ખીચોખીચ ભરેલા સ્થાનમાં પણ સૂક્ષ્મ દષ્ટિથી અનેક આકાશ પ્રદેશ ખાલી રહી જાય છે. એને એક દષ્ટાંત દ્વારા સમજવું જોઇએ, જેમ કે–

એક મોટી કોઠીમાં કોળા ફળ ભર્યા, પછી હલાવી હલાવીને બિજોરાના ફળ ભર્યા, પછી હલાવીને બીલીના ફળ, એમ ક્રમશઃ નાના-નાના ફળ, આંબળા, બોર, ચણા, મગ, સરસવ ભર્યા તે પણ તેમાં સમાઈ ગયા. તો પણ ક્યાંક થોડી ખાલી જગ્યા રહી જાય છે. પછી હલાવી હલાવીને રેતી નાખશો તો તે પણ સમાઈ જશે. ત્યાર પછી તેમાં પાણી નાંખશો તો તે પણ સમાઈ જશે.

જે પ્રમાણે સાગનું લાકડું સઘન નક્કર હોય છે, તેમાં આપણને કયાંય પોલાણ દેખાતી નથી. છતાં જો તેમાં ઝીણી ખીલી લગાડવામાં આવે તો તેને સ્થાન મળી જાય છે. તેમાં સઘન દેખાવા છતાં પણ આકાશ પ્રદેશ અનવગાઢ રહે છે. એવી જ રીતે એક યોજનના એ પલ્યમાં વાળોથી અનવગાઢ આકાશ પ્રદેશ રહી જાય છે.

**દ્રવ્ય :–** અરૂપી અજીવ દ્રવ્ય(ભેદની અપેક્ષાએ) દસ છે. રૂપી અજીવ દ્રવ્ય અનંત છે. પરમાણુ પણ અનંત છે ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધ પણ અનંત છે. જીવ દ્રવ્ય અનંત છે. નારકી,દેવ, મનુષ્ય અસંખ્ય-અસંખ્ય છે. તિર્યંચ અનંત છે. ત્રેવીસ દંડકના જીવ અસંખ્ય છે. વનસ્પતિના જીવ અનંત છે. સિદ્ધ અનંત છે.

સંસારી જીવોમાં પ્રત્યેક જીવને શરીર હોય છે. તે શરીર પાંચ છે. યથા– ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ. એમાં નારકી, દેવતામાં ત્રણ ત્રણ શરીર હોય છે. મનુષ્યમાં પાંચ અને તિર્યંચમાં ચાર શરીર હોય છે. આ બધા શરીરોની સંખ્યા પણ જીવ દ્રવ્યોની સંખ્યા સમાન ૨૩ દંડકમાં અસંખ્ય અને વનસ્પતિમાં અનંત હોય છે.

**પ્રશ્ન–૧૨ : ભાવ પ્રમાણના ૩ ભેદમાં ગુણપ્રમાણનું વર્ણન કઈ રીતે છે ?**





**જવાબ– ભાવ પ્રમાણ :–** એના ત્રણ ભેદ છે– (૧) ગુણ (૨) નય (૩) સંખ્યા. ગુણના બે ભેદ– જીવ અને અજીવ. અજીવના વર્ણાદિ ૨૫ ભેદ છે અને જીવ ગુણ પ્રમાણના ચાર ભેદ છે. યથા– ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમાન ૪. આગમ.

**(૧) પ્રત્યક્ષ :–** પાંચ ઇન્દ્રિય અને અવધિ, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન, એ પ્રત્યક્ષ પ્રમાણ છે.

**(૨) અનુમાન :–** અનુમાન પ્રમાણને સમજવા એના પાંચ અવયવને ઓળખવા જોઈએ. એનાથી અનુમાન પ્રમાણ સુસ્પષ્ટ થાય છે. કયારેક એમાં બે અવયવથી વિષય સ્પષ્ટ થાય છે અર્થાત્ અનુમાન સિદ્ધ થઈ જાય છે અને કયારેક પાંચે ય અવયવોથી. યથા– રત્ન મોંઘા હોય છે, જેમ કે મૂંગા, માણેક આદિ. એમાં બે અવયવ પ્રયુક્ત છે– પ્રતિજ્ઞા અને ઉદાહરણ. પાંચ અવયવનું ઉદાહરણ– (૧) અહીંયા અગ્નિ છે. (૨) કારણ કે ધુમાડો દેખાય છે. (૩) જ્યાં-જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે. (૪) યથા– રસોઈ ઘર (૫) આથી અહીંયા પણ ધુમાડો હોવાથી અગ્નિ છે.

૧. પ્રથમ પ્રતિજ્ઞા કરાય છે જેમાં સાધ્યનું કથન હોય છે. ત્યારબાદ ૨. એનો તર્ક, હેતુ, કારણ, મુખ્ય આધાર કહેવાય છે. ૩. પછી એ હેતુ માટે વ્યાપ્તિ અપાય છે. ત્યારબાદ ૪. એ હેતુવાળા સરખા ઉદાહરણ અપાય છે. ૫. પછી એનો ઉપસંહાર કરી પોતાનું સાધ્ય સ્થિર કરાય છે. પાંચ અવયવ– ૧. સાધ્ય ૨. હેતુ ૩. વ્યાપ્તિ ૪. ઉદાહરણ ૫. નિગમન(ઉપસંહાર).

આ અનુમાન ભૂત ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળ સંબંધી હોય છે. અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને હોય છે. કેટલાક અનુમાનના ઉદાહરણ આ પ્રમાણે છે–

(૧) આ પુત્ર મારો જ છે કારણ કે એના હાથ પર જે ઘાનું ચિન્હ છે તે મારા દ્વારા થયેલું છે. (૨) પરિચિત અવાજ સાંભળીને કહેવું કે અમુક વ્યક્તિ કે અમુક જનાવરનો અવાજ છે. (૩) ગંધ, સ્વાદ સ્પર્શથી ક્રમશઃ જાણવું કે અમુક અત્તર કે ફૂલ છે. અમુક ખાદ્ય પદાર્થ યા મિશ્રિત વસ્તુ છે. યા અમુક જાતિનું આસન છે. (૪) શિંગડાથી ભેંસને, શિખાથી કુકડાને, પૂંછથી વાંદરાને, પીંછાથી મોરને, અનુમાન કરી સત્ય જાણી શકાય છે. (૫) ધુમાડાથી અગ્નિ, બતક પક્ષીથી પાણી, વાદળોથી વર્ષાનું અનુમાન કરી શકાય. (૬) ઈંગિત-આકાર, નેત્ર વિકારથી ભાવોના આશયનું અનુમાન કરી શકાય છે. (૭) એક સિક્કાના અનુભવથી અનેક સિક્કાને ઓળખવું. એક ચોખો રંધાવાથી અનેક ચોખા રંધાવાની ખબર

પડવી અથવા અનુમાન કરવું. એક સાધુને જોઈને અન્ય સર્વે એ વેશ વાળા એક પંથના સાધુ છે એમ જાણવું (૮) કોઈ એક પદાર્થનું એટલું વિશેષ પરિચય જ્ઞાન થઈ જાય કે એક સરખા અનેક પદાર્થોમાં તેને રાખી દેવામાં આવે છતાં પણ તેને કોઈ વિશેષતાના આધારે અલગ ઓળખી લે, તે વિશેષ દષ્ટ સાધર્મ્ય અનુમાન છે. (૯) વનોમાં પુષ્કળ લીલુ ઘાસ જોઈને સારા વરસાદનું અનુમાન કરવું, તેનાથી વિપરીત જોઈ અનાવૃષ્ટિનું અનુમાન કરવું. (૧૦) ઘરોમાં પ્રચુર ખાદ્ય સામગ્રી જોઈને અનુમાન કરવું કે અહીં હમણાં સુભિક્ષ છે. (૧૧) હવા, વાદળા અથવા અન્ય લક્ષણથી અનુમાન કરવું કે અહીં હમણાં જ વરસાદ થશે અથવા એનાથી વિપરીત લક્ષણો આકાશમાં જોઈને અનુમાન થાય કે અહીં વરસાદ નહીં થાય.

**(૩) ઉપમાન પ્રમાણ :–** કોઈપણ પદાર્થના અજ્ઞાત સ્વરૂપને ઓળખવા માટે જ્ઞાત વસ્તુની ઉપમા દઈને સમજાવાય છે. તે ઉપમાવાળી વસ્તુ અપેક્ષિત કોઈ એક ગુણ અથવા અનેક ગુણોમાં સમાન હોઈ શકે છે. અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારની ઉપમાઓ હોય છે. જેમ કે– (૧) સૂર્ય જેવો જ દીપક અથવા આગિયો હોય છે.(પ્રકાશની અપેક્ષા) (૨) જેવી ગાય તેવી જ નીલગાય હોય છે. (૩) કાબર ચીતરી ગાયનો વાછરડો જેવો હોય છે તેવો સફેદ ગાયનો વાછરડો નથી હોતો. (૪) જેવો કાગડો કાળો હોય છે, તેવી દૂધની ખીર નથી.

**(૪) આગમ પ્રમાણ :–** લૌકિક અને લોકોત્તરના ભેદથી આગમ બે પ્રકારના છે. સુત્તાગમ, અર્થાગમ, તદુભયાગમની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે. આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમના ભેદથી પણ આગમ ત્રણ પ્રકારના હોય છે. મહાભારત, રામાયણ ***યાવત્*** ચાર વેદ સાંગોપાંગ એ લૌકિક આગમ છે. ૧૨ અંગ અને અંગબાહ્ય, કાલિક, ઉત્કાલિક શાસ્ત્ર લોકોત્તર આગમ છે.

તીર્થંકરોને અર્થાગમ આત્માગમ છે. ગણધરોને સૂત્ર આત્માગમ છે, અર્થ અનંતરાગમ છે. ગણધરના શિષ્યોને સૂત્ર અનંતરાગમ છે, અર્થ પરંપરાગમ છે. શેષ શિષ્યાનુશિષ્યોને સૂત્ર અને અર્થ બન્ને પરંપરાગમ છે.

પ્રાચીન કાળમાં ધર્મ શાસ્ત્રરૂપમાં માન્ય પોત પોતાના આગમ સાહિત્ય કંઠોપકંઠ પ્રાપ્ત કરીને સ્મૃતિમાં રખાતા હતા. તે સાંભળીને પ્રાપ્ત કર્યું હોવાથી તેને શ્રુત કહેવાય છે. આગમ શબ્દ પણ શ્રુતના અર્થનો વાચક છે. કારણ કે **आगच्छतीति आगम** = ગુઢ પરંપરાથી જે ચાલ્યું આવે છે તે આગમ છે. જીવાદિ પદાર્થોનું જ્ઞાન સારી રીતે જેનાથી થાય તે આગમ છે. વીતરાગ સર્વજ્ઞ





સર્વદર્શી આપ્ત પુરુષો દ્વારા પ્રણીત શ્રુત **'આગમ'** કહેવાય છે. લોકમાં જે પ્રસિદ્ધિ પ્રાપ્ત પુરુષો છે, તેઓના દ્વારા બનાવવામાં આવેલ શ્રુત 'લૌકિક આગમ' છે અને ગુણ સંપન્ન આપ્ત પુરુષો દ્વારા પ્રરૂપિત શ્રુત 'લોકોત્તર આગમ' કહેવાય છે.

**પ્રશ્ન–૧૩ : નયભાવ પ્રમાણ અને સંખ્યા ભાવપ્રમાણના ભેદ–પ્રભેદ તેમજ ડાલા–પાલાનું વર્ણન કયા પ્રકારે છે ?**

**જવાબ– નય પ્રમાણ :–** ભિન્ન-ભિન્ન અપેક્ષાએ એક દેશ(અંશ) અથવા અનેક દેશની વિવક્ષાથી જે વસ્તુ તત્ત્વનો બોધ કરાય છે અથવા આશય સમજાય છે તે નય પ્રમાણ છે. તે સાત પ્રકારના છે. જેનું વિશેષ વિસ્તૃત વર્ણન ચોથા અનુયોગ દ્વારમાં આગળ કરવામાં આવ્યું છે.

**(૩) સંખ્યા પ્રમાણ :–** આઠ ભેદોની વિવક્ષાએ સંખ્યા પ્રમાણનું કથન કરવામાં આવે છે, એનો આગમિક શબ્દ **संखप्पमाण** છે. અતઃ 'શંખ' શબ્દને અપેક્ષિત કરીને પણ કથન કરવામાં આવ્યું છે. આઠ પ્રકાર– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ઉપમા ૫. પરિમાણ ૬. જાણણા ૭. ગણના ૮. ભાવ સંખા.

**(૧.૨) નામ સ્થાપના :–** કોઈનું 'શંખ' નામ રાખ્યું હોય તે નામ 'શંખ' છે અથવા કોઈપણ રૂપમાં એ 'શંખ' છે, એવી સ્થાપના, કલ્પના અથવા આરોપ કરાય તે 'સ્થાપના શંખ' છે.

**(૩) દ્રવ્ય સંખ (સંખ્યા) :–**

**૧.** જેણે સંખ(સંખ્યા)ને સારી રીતે શીખી લીધી છે પરન્તુ એમાં અનુપ્રેક્ષા ઉપયોગ નથી તે દ્રવ્ય સંખ(સંખ્યા) છે. **૨.** સંખના જાણકારના ભૂત ભવિષ્યનું શરીર દ્રવ્ય સંખ(સંખ્યા) છે. **૩.** જે આગળના અનંતર ભવમાં શંખ(બે ઈન્દ્રિયજીવ) થનારો છે, આયુબંધ નથી કર્યો તે એક ભવિક સંખ છે. **૪.** જેણે 'શંખ' બનવાનો આયુ બંધ કરી લીધો છે તે બદ્ધાયુ શંખ છે. **૫.** જે 'શંખ' ભવમાં જવા માટે અભિમુખ છે, જેનું આયુ સમાપ્ત થવામાં છે અથવા વાટેવહેતામાં છે. તે અભિમુખ શંખ છે. **૬.** એક ભવિક શંખની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વ હોય છે. બદ્ધાયુષ્ક શંખની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનો ત્રીજો ભાગ. અભિમુખ શંખની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની(મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષા) હોય.

**(૪) ઉપમા :–** સત્-અસત્ પદાર્થોથી સત્-અસત્ વસ્તુ કે વ્યક્તિને ઉપમિત કરી શકાય છે. યથા– તીર્થંકરોના વક્ષસ્થળને કપાટની ઉપમા આપવી, આયુષ્યને

પલ્યોપમ સાગરોપમ દ્વારા બતાવવું. ખર વિશાણની ઉપમા, પત્ર અને કિશલય (કૂંપળ)માં વાર્તા કરવાની કલ્પના વગેરે.

**(૫) પરિમાણ :–** શ્રુતના પર્યવ, અક્ષર, પદ, ગાથા, વેષ્ટક, શ્લોક પ્રમાણનું નિરૂપણ કરવું , 'પરિમાણ' સંખનું કથન છે. અહીંયા 'સંખ' શબ્દ વિચારણા અર્થમાં આવેલ છે.

**(૬) જાણણા :–** શબ્દને જાણવાવાળો શાબ્દિક. તેવી જ રીતે ગણિતજ્ઞ, કાળજ્ઞ, વૈદ્યક, આદિ 'જ્ઞાન સંખ્યા'ના ઉદાહરણ છે.

**(૭) ગણણા :–** એના ત્રણ ભેદ છે– (૧) સંખ્યાત (૨) અસંખ્યાત (૩) અનંત. સંખ્યાતના ત્રણ ભેદ છે– (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.

**અસંખ્યાતના ૯ ભેદ છે–** (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્ત અસંખ્યાત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્ત અસંખ્યાત (૭-૯) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–અસંખ્યાતા અસંખ્યાત.

**અનંતના આઠ ભેદ છે–** (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્તાનંત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્તાનંત (૭-૮) જઘન્ય અને મધ્યમ–અનંતાનંત.

(૧) સંખ્યાત– જઘન્ય સંખ્યાતા બેનો અંક છે. મધ્યમમાં બધી સંખ્યાઓ છે અર્થાત્ શીર્ષ પ્રહેલિકા સુધી તો છે જ. આગળ પણ અસત્કલ્પનાથી ઉપમા દ્વારા બતાવવામાં આવનારી સમસ્ત સંખ્યા પણ મધ્યમ સંખ્યાત છે. જયાં સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતની સંખ્યા ન આવે ત્યાં સુધી તે સર્વે મધ્યમ સંખ્યાત છે. ઉત્કૃષ્ટ સંખ્યાતની ઉપમા આ પ્રમાણે છે–

**ઉત્કૃષ્ટ સંખ્યાતા :–** ઉત્કૃષ્ટ સંખ્યાતાને ચાર પલ્યની કલ્પના દ્વારા સમજી શકાય છે. યથા– (૧) અનવસ્થિત પલ્ય (૨) શલાકા પલ્ય (૩) પ્રતિશલાકા પલ્ય (૪) મહાશલાકા પલ્ય. ચારે ય પલ્યની લંબાઈ પહોળાઈ જંબૂદ્વીપ પ્રમાણ હોય છે. ઊંચાઈ ૧૦૦૮ $\frac{1}{2}$ યોજન હોય છે. ત્રણ પલ્ય સ્થિત રહે છે. પ્રથમ અનવસ્થિત પલ્યની લંબાઈ પહોળાઈ બદલાય છે. ઊંચાઈ તે જ રહે છે.

**શલાકા પલ્ય ભરવો :–** અનવસ્થિત પલ્યમાં સરસવના દાણા શિખા સુધી ભરવા. પછી એક-એક દાણો એક-એક દ્વીપ સમુદ્રમાં નાખવો. જ્યાં અનવસ્થિત પલ્ય ખાલી થઈ જાય તે દ્વીપ કે સમુદ્ર જેટલો લાંબો અને પહોળો અનવસ્થિત પલ્ય બનાવવામાં આવે અને તેને ભરીને એનાથી આગળના દ્વીપ સમુદ્રમાં એક-





એક સરસવનો દાણો નાખતા જાય. તે પણ જ્યાં ખાલી થઈ જાય, ત્યાંના દ્વીપ સમુદ્ર જેટલો લાંબો તથા પહોળો અનવસ્થિત પલ્ય બનાવી લેવો. પહેલો અનવસ્થિત પલ્ય ખાલી થવાની સાક્ષીરૂપ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. આ ક્રમથી અનવસ્થિત પલ્ય બનાવતા જવું અને આગળ–આગળના દ્વીપ સમુદ્રમાં એક–એક દાણો નાખતા રહેવું. અનવસ્થિત પલ્ય ખાલી થાય કે તરત જ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખતા રહેવું.

**પ્રતિશલાકા પલ્ય ભરવો :–** જ્યાં શલાકા પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં અનવસ્થિત પલ્ય તે દ્વીપ જેટલો લાંબો તથા પહોળો બનાવી ભરીને રાખવો. પછી શલાકા પલ્ય ઉપાડીને તેમાંથી આગળના દ્વીપ સમુદ્રોમાં એક એક દાણો નાખવો અને અંતમાં સાક્ષીરૂપ એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. 'શલાકા પલ્ય'ને ખાલી કરીને રાખવો. હવે ફરી એ ભરેલા અનવસ્થિત પલ્યને ઉપાડવો અને આગળના નવા દ્વીપ સમુદ્રથી દાણા નાખવાની શરૂઆત કરવી. ખાલી થયા પછી એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. ફરી એ દ્વીપ સમુદ્ર જેટલો મોટો અનવસ્થિત પલ્ય બનાવવો, ભરવો અને ખાલી કરવો તથા એક દાણો શલાકા પલ્યમાં નાખવો. આમ કરતાં-કરતાં જ્યારે 'શલાકા પલ્ય' ભરાઈ જાય ત્યારે એને પણ આગળના દ્વીપ સમુદ્રોમાં દાણા નાખી ને ખાલી કરવો અને એક-એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી કરતાં એક સમય 'પ્રતિ શલાકા પલ્ય' પણ ભરાઈ જશે.

**મહાશલાકા પલ્ય ભરવો :–** સંપૂર્ણ ભરેલા એ 'પ્રતિશલાકા પલ્ય'ને ઉપાડીને આગળના દ્વીપ સમુદ્રોમાં એક-એક દાણો નાખવો અને ખાલી થયા પછી તેને ખાલી રાખવો. એક દાણો સાક્ષીરૂપે 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી અનવસ્થિત પલ્યથી શલાકા પલ્ય ભરવો. શલાકા પલ્યથી પ્રતિશલાકા પલ્ય ભરવો. પછી એક દાણો 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આમ કરતાં-કરતાં એક સમય 'મહાશલાકા પલ્ય' પણ ભરાઈ જશે. ફરી એ જ ક્રમથી પ્રતિશલાકા અને શલાકા પલ્ય પણ ભરવો અર્થાત્ ત્રણે અવસ્થિત પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં તે દ્વીપ સમુદ્ર જેટલો અનવસ્થિત પલ્ય બનાવીને સરસવના દાણાથી ભરી લેવો.

ચારેય પલ્યમાં ભરેલા દાણા અને અત્યાર સુધી દ્વીપ સમુદ્રમાં નાખેલા બધા દાણા મળીને જે સંખ્યા બને એમાંથી એક ઓછો કરતાં જે સંખ્યા આવે તેને જ **ઉત્કૃષ્ટ સંખ્યાતા** સમજવું જોઈએ.

ઉત્કૃષ્ટ સંખ્યાતાનું પરિમાણ સંપૂર્ણ થયું. પ્રચલિત ભાષાથી આ **'ડાલા-પાલા'** નો અધિકાર પૂર્ણ થયો.

**અસંખ્યાતાનું પ્રમાણ :– (૧)** જઘન્ય પરિત્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક અધિક.

**(૨)** મધ્યમ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા.

**(૩)** ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે અને એટલી વાર ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તેમાં એક ઓછું કરતાં ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાત થાય છે. યથા– પાંચને પાંચથી પાંચવાર ગુણાકાર કરીને એક ઓછું કરવાથી ૩૧૨૪ સંખ્યા આવે છે. (૫×૫×૫×૫×૫= ૩૧૨૫-૧ =૩૧૨૪).

**(૪)** જઘન્ય યુક્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાથી એક અધિક.

**(૫)** મધ્યમ યુક્તા અસંખ્યાતા– જઘન્ય અને ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા.

**(૬)** ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતા– જઘન્ય યુક્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે એટલી વાર ગુણાકાર કરીને તેમાંથી એક ઓછું કરતાં જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાત છે.

**(૭)** જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત– ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતથી એક અધિક.

**(૮)** મધ્યમ અસંખ્યાતા અસંખ્યાત– જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા-અસંખ્યાતની વચલી બધી સંખ્યા.

**(૯)** ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત– જઘન્ય અસંખ્યાતા અસંખ્યાતની સંખ્યાને એજ સંખ્યા વડે એટલી જ વાર ગુણાકાર કરીને એક ઓછું કરતાં જે રાશિ આવે તે ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત છે.

**અનંતનું પ્રમાણ :–** (૧) જઘન્ય પરિત્તા અનંત– ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાતથી એક અધિક. આ રીતે અસંખ્યાતના ૯ ભેદ જે ઉપર બતાવ્યા છે તે જ પ્રમાણે અનંતના આઠ ભેદ સમજવા જોઈએ. એના નામ– (૨) મધ્યમ પરિત્તા અનંત (૩) ઉત્કૃષ્ટ પરિત્તા અનંત (૪) જઘન્ય યુક્તા અનંત (૫) મધ્યમ યુક્તા અનંત (૬) ઉત્કૃષ્ટ યુક્તા અનંત (૭) જઘન્ય અનંતા અનંત (૮) મધ્યમ અનંતા





અનંત. અનંતનો નવમો ભેદ નથી. અર્થાત્ લોકની અધિકતમ દ્રવ્ય, ગુણ યા પર્યાયની સમસ્ત સંખ્યા આઠમા અનંતમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. અતઃ નવમા ભેદની આવશ્યકતા નથી.

**ભાવ શંખ :–** જે જીવ બેઈન્દ્રિય શંખના ભવમાં છે અને તે આયુષ્ય આદિ કર્મ ભોગવી રહેલ છે તે ભાવ શંખ છે. ઉપક્રમદ્વારનો આ ત્રીજો 'પ્રમાણદ્વાર' સંપૂર્ણ થયો. ઉપક્રમના ત્રણ ભેદ પૂર્ણ થયા–આનુપૂર્વી, નામ, પ્રમાણ.

**પ્રશ્ન–૧૪ : ઉપક્રમના ચોથા, પાંચમા અને છઠ્ઠા ભેદ વક્તવ્યતા આદિનું શું સ્વરૂપ છે ?**

**જવાબ– (૪) વક્તવ્યતા :–** અધ્યયન આદિના પ્રત્યેક અવયવનું વિવેચન કરવું. એમાં પોતાના જિનાનુમત સિદ્ધાંતનું કથન કરવું, એ સ્વમત વક્તવ્યતા છે અને અન્યમતના સિદ્ધાંતોનું કથન કરવું, પરમત વક્તવ્યતા છે.

આ કથન ૬ વિશેષણોવાળું હોઈ શકે છે– (૧) સામાન્ય અર્થ વ્યાખ્યાન, (૨) પ્રાસંગિક વિષયનું લક્ષણ આદિ યુક્ત કથન, (૩) કંઈક વિસ્તારથી પ્રરૂપણ, (૪) દૃષ્ટાંત દ્વારા વિષયને સ્પષ્ટ રૂપથી સમજાવવો. (૫) દૃષ્ટાંતને પુનઃ ઘટિત કરવું, (૬) ઉપસંહાર કરવો અર્થાત્ અંતમાં વિવેચનનો જે આશય છે એ સિદ્ધાંત સારને પુનઃ સ્થાપિત કરવો.

**(૫) અર્થાધિકાર :–** જે અધ્યયનનો વર્ણ્ય વિષય છે એના અર્થનું કથન કરવું અર્થાધિકાર કહેવાય છે. યથા– આવશ્યક સૂત્રના પ્રથમાદિ અધ્યયનનો અર્થ બતાવવો જેમ કે સામાયિક = સાવદ્યયોગોનો ત્યાગ કરવો. ચતુર્વિંશતિસ્તવ– ચોવીસ તીર્થંકરોના ગુણ ગ્રામ કરવા. ઈત્યાદિ અર્થાધિકાર છે.

**(૬) સમવતાર :–** બધા દ્રવ્ય આત્મભાવની અપેક્ષા સ્વયંના અસ્તિત્વમાં રહેલા છે, એ આત્મ સમવતાર છે. આધાર આશ્રયની અપેક્ષા પર વસ્તુમાં સમવસૃત થવાથી એનો પર સમવતાર પણ થાય છે. યથા– કુંડામાં બોર, ઘરમાં સ્તંભ.

૧૦૦ ગ્રામનું માપ આત્મભાવથી સ્વમાં અવતરિત છે અને પર-સમવતારની અપેક્ષા ૨૦૦ ગ્રામમાં પણ રહેલું છે. જંબૂદ્વીપ આત્મભાવથી સ્વમાં અવતરિત છે. અને પર સમવતારની અપેક્ષા તિરછા લોકમાં રહેલો છે. એવી રીતે કાળના સમય, આવલિકા, મુહૂર્ત, વર્ષ વગેરે માટે સમવતાર સમજી લેવું. એવી રીતે ક્રોધાદિ જીવત્વાદિનો સમવતાર સમાવેશ પણ સમજી લેવો. આ છ પ્રતિદ્વારો યુક્ત અનુયોગનો પ્રથમ 'ઉપક્રમ દ્વાર' સંપૂર્ણ થયો.

**પ્રશ્ન–૧૫ : અનુયોગના બીજા 'નિક્ષેપ' દ્વારનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી કઈ રીતે છે ?**

**જવાબ– નિક્ષેપ દ્વાર–** ઈષ્ટ વસ્તુનો નિર્ણય કરવા માટે અપ્રાસંગિકનું નિરાકરણ અને પ્રસંગ પ્રાપ્તનું વિધાન કરવું એ નિક્ષેપ છે. આવશ્યક સૂત્રના નિક્ષેપ પછી 'અધ્યયન' ના નિક્ષેપનો પ્રસંગ હોવાથી અહીં સર્વ પ્રથમ ૧. 'અધ્યયન' નો નિક્ષેપ કરાય છે. ત્યાર પછી ૨. અક્ષીણ ૩. આય અને ૪. ક્ષપણા નો નિક્ષેપ છે. નિક્ષેપ ઓછામાં ઓછું ચાર દ્વારોથી કરાય છે. અધિક કરવો ઐચ્છિક પ્રસંગાનુસાર હોય છે.

**અધ્યયન–** નામ, સ્થાપના અને દ્રવ્ય અધ્યયનનું કથન પૂર્વમાં વર્ણવેલ આવશ્યક આદિની સમાન છે. **ભાવ–** અધ્યયનનું જ્ઞાન અને એમાં ઉપયુક્ત થવા પર ભાવ આગમતઃ અધ્યયન છે. સામાયિક આદિ અધ્યયનમાં ચિત્ત લગાડવું નવા કર્મોનો બંધ નહીં કરવો. પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરવો એ ભાવ ક્રિયાત્મક(નો આગમતઃ) અધ્યયન છે.

**અક્ષીણ–** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર ભેદોથી એનો નિક્ષેપ પૂર્વવત્ સમજવો. **ભાવ અક્ષીણ–** જે જ્ઞાતા ઉપયોગ યુક્ત છે તે ભાવ અક્ષીણ છે. જેવી રીતે દીપક બીજા દીપકને પ્રગટાવીને પણ સ્વયં ક્ષીણ થતો નથી, તે રીતે આચાર્ય વગેરે અન્યને જ્ઞાન આપે છે, છતાં સ્વયંનું જ્ઞાન ઓછું થતું નથી તે ભાવ અક્ષીણ છે.

**આય–** એનો પણ ચાર ભેદોથી નિક્ષેપ છે. નામ, સ્થાપના પૂર્વવત્ છે. પશુ-પક્ષી, ધન-સમ્પતિ, આભૂષણ-અલંકાર યુક્ત આશ્રિત વ્યક્તિ લૌકિક દ્રવ્ય આય છે. શિષ્ય, ઉપકરણ વગેરે પણ દ્રવ્ય આય છે. **ભાવ આય–** જ્ઞાન, શ્રુત જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ તેમજ અભિવૃદ્ધિ.

**ક્ષપણા–** ચાર દ્વારોથી ક્ષપણાનો નિક્ષેપ કરાય છે. કર્મોનો વિશેષ વિશેષતર ક્ષય કરવો ભાવ ક્ષપણા છે. કષાયનો ક્ષય કરવો પણ પ્રશસ્ત ભાવ ક્ષપણા છે અને જ્ઞાનાદિને ઘટાડવું અપ્રશસ્ત ભાવ ક્ષપણા છે. સામાયિક અધ્યયનનો પ્રસંગ હોવાથી હવે સામાયિકનો નિક્ષેપ કરાય છે.

**સામાયિક નિક્ષેપ પ્રરૂપણા–** પ્રથમ અધ્યયનનું નામ સામાયિક છે. એટલા માટે નામ નિષ્પન્ન નિક્ષેપના અધિકારમાં સામાયિકનું પ્રરૂપણ છે. નામ, સ્થાપના એવં દ્રવ્ય એ ત્રણ નિક્ષેપનું વર્ણન પૂર્વવત્ છે.

**ભાવ નિક્ષેપ :– (૧) સ્વરૂપ– ૧.** જેનો આત્મા તપ, સંયમ, નિયમમાં લીન હોય. **૨.** જે ત્રસ, સ્થાવર સર્વ પ્રાણીઓ પ્રતિ સમભાવ ધારણ કરે અર્થાત્ સદા





પ્રાણીઓનું રક્ષણ કરે, પણ હણે નહિં તેને ભાવ સામાયિક થાય છે, એમ સર્વજ્ઞોનું કથન છે.

**(૨) શ્રમણ–** શ્રમણ આજીવન સામાયિકમાં હોય છે. સામાયિક યુક્ત શ્રમણ તેને કહેવાય છે જે કોઈપણ જીવને દુઃખ ન પહોંચાડે, દુઃખ આપનારાનું અનુમોદન ન કરે, કોઈ પણ પ્રાણી પ્રતિ રાગદ્વેષ ન રાખે, સર્વે પર 'સમ' રહે એ જ ખરા શ્રમણ કહેવાય છે.

**(૩) ઉપમાઓ–** સામાયિકવાન જે શ્રમણ હોય છે, તેનો આત્મા મહાન હોય છે. એની મહાનતા પ્રગટ કરવા ઉપમાઓ આ પ્રમાણે છે– **૧.** સર્પવત્ પરગૃહમાં રહેવાવાળો. **૨.** પરિષહ ઉપસર્ગોને સહન કરવામાં પર્વત સમ અડોલ. **૩.** અગ્નિ સમ તેજસ્વી અથવા જ્ઞાનાદિથી અતૃપ્ત. **૪.** સમુદ્રની જેમ મર્યાદામાં રહેનાર, ગંભીર, ગુણ રત્નોથી પરિપૂર્ણ. **૫.** આકાશની જેમ નિરાલંબન – જેને કોઈના પણ આશ્રયનો પ્રતિબંધ નથી. **૬.** વૃક્ષની સમાન, કાપવા તથા પૂજવામાં સમ પરિણામ અર્થાત્ નિંદા, પ્રશંસા, માન, અપમાનમાં સમવૃત્તિ રાખનાર. **૭.** ભ્રમરની જેમ અનેક ઘરોમાંથી આહાર પ્રાપ્ત કરનાર. **૮.** મૃગની જેમ હંમેશાં સંસાર ભ્રમણરૂપ કર્મ બંધથી ભયભીત. **૯.** પૃથ્વી સમ સર્વ દુઃખ, કષ્ટ સહન કરવામાં સમર્થ, સક્ષમ. **૧૦.** જળ કમળવત્ ભોગોથી નિર્લિપ્ત. **૧૧.** સૂર્ય સમાન જગતના પ્રાણીઓને પ્રતિપૂર્ણ જ્ઞાન પ્રકાશ આપનાર. **૧૨.** હવાની જેમ અપ્રતિહત, બેરોકટોક મોક્ષમાર્ગમાં ગતિ કરનાર.

આ પ્રકારે સુમનવાળો અને પાપ મનથી રહિત, બધી પરિસ્થિતિઓમાં સદા સમભાવ રાખનારા, વિષમ નહીં બનનારા અર્થાત્ સદા ગંભીર, શાંત, અને પ્રસન્ન મન રહેનારને 'શ્રમણ' કહેવાય છે, તે ભાવ સામાયિકવાન હોય છે.

આ બીજો 'નિક્ષેપદ્વાર' પૂર્ણ થયો.

**પ્રશ્ન–૧૬ : ચાર નિક્ષેપોનું રહસ્ય શું છે ? તેનો વ્યવહારુ ઉપયોગ શું છે ?**

**જવાબ–** આ નિક્ષેપ દ્વારમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર દ્વારોથી વસ્તુનું કથન કરી શકાય. તો પણ નામ સ્થાપના માત્ર જ્ઞેય છે, એનાથી વસ્તુની પૂર્તિ થતી નથી. ત્રીજા દ્રવ્ય નિક્ષેપમાં એ વસ્તુનું કંઈક અંશે અસ્તિત્વ હોય છે. પરંતુ એમાં પણ એ વસ્તુની પૂર્ણ પ્રયોજન સિદ્ધિ થતી નથી. ભાવ નિક્ષેપમાં કહેવાયેલ પદાર્થ વાસ્તવમાં પરિપૂર્ણ અસ્તિત્વમાં હોય છે, એનાથી તે પદાર્થ સંબંધી પ્રયોજનની સિદ્ધિ થાય છે. યથા– (૧) કોઈનું નામ ઘેવર અથવા રોટી

રખાય છે તો એનાથી ક્ષુધા પૂર્તિ થતી નથી. (૨) કોઈ વસ્તુમાં રોટી અથવા ઘેવર જેવો આકાર કલ્પિત કરીને એને 'ઘેવર છે' અથવા તે 'રોટલી છે' એવી કલ્પના, સ્થાપના કરવામાં આવે તો એનાથી ક્ષુધાશાંતિ સંભવ નથી. (૩) જે રોટલી અથવા ઘેવરનો લોટ કે મેંદો પડ્યો હોય અથવા રોટલી અને ઘેવરને પાણીમાં ઘોળી દઈ વિનષ્ટ કરી દેવાથી, રોટી કે ઘેવર જેવી તૃપ્તિ થઈ શકતી નથી. (૪) શુદ્ધ પરિપૂર્ણતાવાળી રોટલી અને ઘેવર જ વાસ્તવિક રોટલી અથવા ઘેવર છે. એનાથી ક્ષુધા શાંતિ અને તૃપ્તિ સંભવ છે. તેથી ચારે નિક્ષેપમાં કહેવાઈ ગયેલા પદાર્થને એક સરખો સમજવાની ભૂલ ન કરવી જોઈએ. ભાવ નિક્ષેપનું મહત્ત્વ અલગ સમજવું. દ્રવ્ય નિક્ષેપનું કિંચિંત્ માત્રામાં મહત્ત્વ હોય છે. નામ સ્થાપના નિક્ષેપ પ્રાયઃ આરોપિત, કલ્પિત જ હોય છે. તેને ભાવ નિક્ષેપની બરોબર ન ગણી શકાય.

આનાથી સ્પષ્ટ છે કે કોઈ પણ વ્યક્તિ યા મહાન આત્માનો ફોટો, તસ્વીર, મૂર્તિ વગેરેમાં એ ગુણવાન વ્યક્તિને યોગ્ય વસ્ત્રાભૂષણ, સ્નાન, શૃંગાર, આહાર અને સત્કાર, સન્માન વગેરેનો વ્યવહાર કરવો એ નિક્ષેપની અવહેલના અને દુઢપયોગ કરવા બરાબર સમજવું જોઈએ તથા એવું કરવું કે એની પ્રેરણા અથવા પ્રરૂપણા કરવી તે પણ સૂત્ર વિઢદ્ધ પ્રરૂપણા છે, એમ સમજવું.

**પ્રશ્ન–૧૭ : અનુયોગના ત્રીજા અનુગમ દ્વારનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ–** પદચ્છેદ આદિ કરીને સૂત્રની સામાન્ય વ્યાખ્યા કરવી તેમજ વિસ્તારથી સૂત્રના આશયને સરળ એવં સ્પષ્ટ કરવો એ 'અનુગમ' છે. (૧) અસ્ખલિત શુદ્ધાક્ષર યુક્ત ઉચ્ચારણ કરાવવું. (૨) સુબંત, તિઙંત પદોનું જ્ઞાન કરાવવું. (૩) એ શબ્દોના અર્થ બતાવવા, (૪) સમાસ જ્ઞાન, સંધિજ્ઞાન દ્વારા પદ વિગ્રહ કરવો, (૫) શંકા ઉત્પન્ન કરીને અર્થ સમજાવવો (૬) વિવિધ યુક્તિઓ દ્વારા સૂત્રોક્ત યુક્તિ અથવા અર્થને સિદ્ધ કરી, યોગ્ય રીતે સમજાવવું.

મેધાવી શિષ્યોને અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પ્રતિપૂર્ણ, પ્રતિપૂર્ણઘોષ, કંઠોષ્ઠ વિપ્રમુક્ત તથા ગુઢવાચનોપગત રૂપે સૂત્રના ઉચ્ચારણ, શ્રવણ કરવા માત્રથી અર્થાધિકારનું જ્ઞાન થઈ જાય છે. કોઈ શિષ્યોને ગ્રહણ ન થઈ શકે તો ઉપરોકત ૬ યુક્તિઓ વડે સરળ સુગમ રીતે સમજાવી શકાય છે. બીજા પણ અનેક દ્વારોથી વિચારણા કરીને વિષયની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. અહીં પ્રથમ અધ્યયનરૂપ સામાયિકના બહુમુખી તત્ત્વજ્ઞાન વિસ્તાર માટે ૨૬ દ્વારોથી તેનું વર્ણન કર્યું છે.





**૨૬ દ્વારથી સામાયિકનો અનુગમ :–** (૧) ઉદ્દેશ– સામાન્ય કથન, યથા– એ આવશ્યક સૂત્રનું પ્રથમ અધ્યયન છે.

(૨) સમુદ્દેશ– નામોલ્લેખ, યથા– એનું નામ 'સામાયિક' છે.

(૩) નિર્ગમ– સામાયિકની અર્થોત્પત્તિ તીર્થંકરોથી અને સૂત્રોત્પત્તિ ગણધરોથી.

(૪) ક્ષેત્ર– સમય ક્ષેત્રમાં અથવા પાવાપુરીમાં એનો આરંભ.

(૫) કાલ– ચતુર્થારક યા વૈશાખ સુદ અગીયારસ.

(૬) પુઢષ– તીર્થંકર, વર્તમાનમાં શ્રમણ ભગવાન મહાવીર.

(૭) કારણ– ગૌતમ આદિએ સંયત ભાવની સિદ્ધિ માટે શ્રવણ કર્યું.

(૮) પ્રત્યય– કેવળજ્ઞાન હોવાથી તીર્થંકર ભગવાને પ્રરૂપણ કર્યું.

(૯) લક્ષણ– 'સમ્યક્ત્વ સામાયિક'નું લક્ષણ શ્રદ્ધા છે. 'શ્રુત સામાયિક'નું લક્ષણ તત્ત્વજ્ઞાન છે. 'ચારિત્ર સામાયિક'નું લક્ષણ સર્વ સાવદ્ય વિરતિ છે.

(૧૦) નય– સાત નયથી સામાયિકનું સ્વરૂપ સમજવું.

(૧૧) સમવતાર– લક્ષણદ્વારમાં કહેલી કઈ સામાયિક કયા નયમાં સમાવિષ્ટ થાય છે.

(૧૨) અનુમત– મોક્ષમાર્ગ રૂપ સામાયિક કઈ છે ? નયોની દષ્ટિમાં.

(૧૩) શું છે ?– કયા નયોની દષ્ટિમાં સામાયિક 'જીવ દ્રવ્ય' છે અને કયા નયોની દષ્ટિમાં સામાયિક 'જીવનો ગુણ' છે ?

(૧૪) કેટલા પ્રકાર ? દર્શન, શ્રુત અને ચારિત્રસામાયિક એ ત્રણ મુખ્ય ભેદ કરીને ભેદાનુભેદ કરવા.

(૧૫) કોને ? સમસ્ત પ્રાણીઓ પર સમભાવ રાખનારા, તપ સંયમવાનને સામાયિક હોય છે.

(૧૬) ક્યાં ?– ક્ષેત્ર, દિશા, કાલ, ગતિ, ભવી, સન્ની, શ્વાસોશ્વાસ, દષ્ટિ અને આહારકના આશ્રયથી સામાયિકનું કથન કરવું.

(૧૭) શેમાં ?– સમ્યક્ત્વ સામાયિક સર્વ દ્રવ્ય પર્યાયમાં, શ્રુત અને ચારિત્ર સામાયિક સર્વે દ્રવ્યોમાં હોય છે, સર્વ પર્યાયોમાં નહિ. દેશ વિરતિ સામાયિક, સર્વ દ્રવ્યોમાં પણ નહીં અને સર્વે પર્યાયોમાં પણ નથી હોતી.

(૧૮) કેવી રીતે ? મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, આરોગ્ય, આયુષ્ય, બુદ્ધિ, ધર્મ શ્રવણ, શ્રદ્ધા, આદિ પ્રાપ્ત કર્યા પછી સામાયિક પ્રાપ્ત થાય છે.

(૧૯) સ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ શ્રુત અને સમ્યક્ત્વ સામાયિક સાધિક ૬૬ સાગરોપમ, ચારિત્ર સામાયિક દેશોન ક્રોડ પૂર્વ.

(૨૦) કેટલા ? શ્રુત અને સમ્યક્ત્વ સામાયિકવાળા ઉત્કૃષ્ટ અસંખ્ય હોય છે. દેશવિરતિ સામાયિકવાળા પણ અસંખ્ય હોય છે. ચારિત્ર–સર્વવિરતિ સામાયિક-વાળા અનેક હજાર કરોડ હોય છે.

(૨૧) અંતર– અનેક જીવોની અપેક્ષા અંતર નથી. એક જીવની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્તનકાલનું અંતર હોય છે.

(૨૨) અવિરહ– શ્રુત અને સમ્યક્ત્વ સામાયિકવાળા આવલિકાના અસંખ્યાતમાં ભાગ સુધી નિરંતર નવા હોઈ શકે છે અને ચારિત્ર સામાયિકવાળા આઠ સમય સુધી નિરંતર હોઈ શકે છે.

(૨૩) ભવ– દેશવિરતિ અને સર્વ વિરતિ સામાયિક લગાતાર આઠ ભવોમાં આવી શકે છે.

(૨૪) આકર્ષ– સર્વવિરતિ સામાયિક અનેક સો વાર અને અન્ય સામાયિક અનેક હજારવાર એક ભવમાં આવી શકે છે. અનેક ભવોની અપેક્ષા દેશ વિરતિ અને સર્વ વિરતિ સામાયિક અનેક હજાર વાર અને શેષ સર્વે સામાયિક અસંખ્ય હજારો વાર આવે છે.

(૨૫) સ્પર્શ– સમ્યક્ત્વ અને ચારિત્ર સામાયિક વાળા સમસ્ત લોકને સ્પર્શ કરે.(કેવળી સમુદ્‌ઘાતની અપેક્ષા) અન્ય સામાયિકવાળા સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે રાજૂ–પ્રમાણ લોકને સ્પર્શ કરે.

(૨૬) નિઢક્તિ– પર્યાય વાચી શબ્દ. સમ્યગ્દષ્ટિ, અમોહ, શોધિ, સદ્‌ભાવ, દર્શન, બોધિ, અવિપર્યય સુદષ્ટિ ઇત્યાદિ સામાયિકના એકાર્થક શબ્દ છે.

**પ્રશ્ન–૧૮ : અનુયોગના ચોથા નય દ્વારમાં સાત નયોનું સ્વરૂપ શું છે ?**

**જવાબ–** વસ્તુને વિભિન્ન દષ્ટિઓથી સમજવા માટે અથવા એના મૂળસુધી પ્રવેશ કરવા માટે એ વસ્તુની 'નય' દ્વારા વિચારણા કરાય છે. અપેક્ષાએ 'નય'ના વિવિધ પ્રકાર હોય છે, અથવા તો જેટલા વચન માર્ગ છે, જેટલા આશયથી વસ્તુનું કથન કરી શકાય છે, તેટલા નય હોય છે. અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ(ગુણ) રહેલા હોય છે; એમાંથી એક સમયમાં અપેક્ષિત કોઈ એક ધર્મનું કથન કરી શકાય છે. એ એક ધર્મના કહેવાની અપેક્ષાવાળા વચનને નય કહેવાય છે. અતઃ





અનંત ધર્માત્મક વસ્તુઓની અપેક્ષા નયોની સંખ્યા પણ અનંત છે. તેમ છતાં કોઈપણ વસ્તુને સરળતાથી સમજવા માટે એ અનેક ભેદોનો સંગ્રહ કરી સીમિત ભેદોમાં સમાવિષ્ટ કરીને કથન કરવું આવશ્યક છે. આ જ કારણે ઉક્ત અનેક ભેદોનો સમાવેશ સાત નયોમાં કરવામાં આવેલ છે. તે ઉપરાંત સંક્ષિપ્ત અપેક્ષાથી બબ્બે ભેદ પણ કરવામાં આવે છે. યથા– દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય; નિશ્ચય નય અને વ્યવહાર નય. જ્ઞાન નય એવં ક્રિયા નય. અતિ સંક્ષેપ વિધિથી તે સાત ભેદોને આ બે-બેમાં સમાવિષ્ટ કરીને પણ કથન કરી દેવામાં આવે છે. સૂત્રોક્ત સાત નય આ પ્રમાણે છે– (૧) નૈગમ નય (૨) સંગ્રહ નય (૩) વ્યવહાર નય (૪) ૠજુ સૂત્ર નય (૫) શબ્દ નય (૬) સમભિરૂઢ નય (૭) એવંભૂત નય.

**(૧) નૈગમ નય :–** આ નયમાં વસ્તુના સામાન્ય અને વિશેષ ઉભય ધર્મોના અલગ-અલગ અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ કોઈ વસ્તુમાં અંશ માત્ર પણ પોતાનો વાચ્ય ગુણ હોય તો પણ એને સત્યરૂપમાં સ્વીકાર કરાય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલનો પણ અલગ-અલગ સ્વીકાર કરાય છે. અર્થાત્ જે થઈ ગયું છે, જે થઈ રહ્યું છે, જે થવાનું છે, એને સત્યરૂપમાં આ નય સ્વીકાર કરે છે. ન + એક + ગમ = નૈગમ– જેમાં વિચાર ફકત એક નહિ પણ અનેક પ્રકારોથી કરાય છે. વસ્તુઓના ધર્મોનું અલગ-અલગ અસ્તિત્વ સ્વીકાર કરનાર આ નય છે. તીર્થંકર આદિ મહાપુઢષોના જન્મ દિનનો સ્વીકાર કરીને ઉજવાય છે તે પણ નૈગમ નયથી સ્વીકાર કરાય છે. આ નય ચારે ય નિક્ષેપોનો સ્વીકાર કરે છે.

**(૨) સંગ્રહનય :–** આ નયમાં વસ્તુના સામાન્ય ધર્મનો સ્વીકાર કરાય છે. અલગ-અલગ ભેદોથી વસ્તુને ભિન્ન ભિન્નરૂપે સ્વીકાર નહીં કરતા, સામાન્ય ધર્મથી જાતિવાચકરૂપથી વસ્તુનો સંગ્રહ કરીને એને એક વસ્તુરૂપ સ્વીકાર કરીને કથન કરવામાં આવે છે. એની વિભિન્નતાઓ અને વિશેષતાઓને એક રૂપ સ્વીકાર કરીને આ નય કથન કરે છે. અર્થાત્ આ નય યુક્ત કથનમાં સામાન્ય ધર્મની વિવિક્ષાની પ્રમુખતા રહે છે અને વિશેષ ધર્મ ગૌણ હોય છે. આ નય ભેદ-પ્રભેદોને ગૌણ કરે છે અને સામાન્ય-સામાન્યને ગ્રહણ કરે છે. આવું કરતાં એ વિશેષને પણ ગ્રહણ કરે છે પરંતુ વિશેષ ધર્મને સામાન્ય ધર્મરૂપમાં સ્વીકાર કરીને એમાં અનેક વસ્તુઓને સંગ્રહિત કરે છે. યથા– 'ઘડા' દ્રવ્યનું કથન કરીને બધાજ ઘડાનો સ્વીકાર કરાયો છે. ભલે તે નાનો હોય કે મોટો હોય અથવા એક કે અનેક રંગનો હોય અથવા તેમાં અનેક ગુણ ભેદ કે મૂલ્યભેદ કેમ ન હોય, પરંતુ ઘડો એ ઘડો છે અને ભેદ, પ્રભેદ કે અલગ અલગ વસ્તુનો સ્વીકાર એમાં નથી હોતો. જ્યારે

'વાસણ' દ્રવ્યનો બોધ કરવો હોય ત્યારે બધી જાતના વાસણોને એકમાં સમાવિષ્ટ કરીને કરાય છે. અલગ-અલગ જાતિ કે અલગ-અલગ પદાર્થોની ભિન્નતાની અપેક્ષા આ નયમાં રખાતી નથી. આ નય વિશેષનો ગ્રાહક નથી, તોપણ ત્રણે ય કાળની અવસ્થા અને ચારે ય નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૩) વ્યવહાર નય :–** વ્યવહારમાં ઉપયુક્ત જે પણ વસ્તુનો વિશેષ વિશેષતર ગુણ ધર્મ છે તેને સ્વીકાર કરનારો આ વ્યવહાર નય છે. એ નયવસ્તુની સામાન્ય સામાન્યતર ધર્મની અપેક્ષા રાખતો નથી. પોતાના લક્ષિત વ્યવહારોપયુક્ત વિશેષધર્મને સ્વીકાર કરવાની અપેક્ષા રાખે છે. એ ત્રણે ય કાળની વાતનો અને ચારે નિક્ષેપોનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય જીવોને જીવ શબ્દથી કહેશે તો આ નય એને નારકી દેવતા આદિ વિશેષ ભેદથી કહેશે.

**(૪) ૠજુ સૂત્ર નય :–** આ નય ભૂત-ભવિષ્યનો સ્વીકાર કરતો નથી. ફક્ત વર્તમાન ગુણધર્મનો સ્વીકાર કરે છે અર્થાત્ વર્તમાનમાં જે પદાર્થનું સ્વરૂપ કે અવસ્થા કે ગુણ છે તેને એ નય માનશે અને કહેશે પરંતુ શેષ અવસ્થાની અપેક્ષા કરતો નથી. આ નય ફક્ત ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૫) શબ્દનય :–** કાલ, કારક, લિંગ, વચન, સંખ્યા, પુઢષ, ઉપસર્ગ આદિ શબ્દોના જે અર્થ પ્રસિદ્ધ થાય, તેનો સ્વીકાર કરવાવાળો નય એ શબ્દ નય છે. એક પદાર્થને કહેવાવાળા પર્યાયવાચી શબ્દોને એકાર્થક એક રૂપમાં આ નય સ્વીકાર કરી લે છે. અર્થાત્ શબ્દોને વ્યુત્પત્તિ અર્થથી, રૂઢ પ્રચલનથી અને પર્યાયવાચી રૂપમાં પણ સ્વીકાર કરે છે.

**(૬) સમભિરૂઢ નય :–** પર્યાયવાચી શબ્દોમાં નિરૂક્તિ ભેદથી જે ભિન્ન અર્થ હોય છે એને અલગ-અલગ સ્વીકાર કરનારો એવંભૂત નય છે. શબ્દ નય શબ્દોની અપેક્ષા રાખે છે. અર્થાત્ સર્વે શબ્દોને અને એના પ્રચલનને માને છે, પરન્તુ આ નય એ શબ્દોના અર્થની અપેક્ષા રાખે છે. પર્યાય શબ્દોના વાચ્યાર્થવાળા પદાર્થોને ભિન્ન ભિન્ન માને છે. આ નય વિશેષનો સ્વીકાર કરે છે. સામાન્યને નથી માનતો; વર્તમાન કાળને માને છે અને એક ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરે છે.

**(૭) એવંભૂત નય :–** અન્ય કોઈપણ અપેક્ષા કે શબ્દ અથવા શબ્દાર્થ આદિનો સ્વીકાર નહીં કરતાં એ જ અર્થમાં ઉપયુક્ત(ઉપયોગ સહિત) અવસ્થામાં એ નય વસ્તુનો સ્વીકાર કરે છે; અન્ય અવસ્થામાં વસ્તુનો સ્વીકાર કરતો નથી, સમભિરૂઢ નય તો અર્થ ઘટિત હોવાથી એ વસ્તુનો અલગ સ્વીકાર કરી લે છે.





પરંતુ આ નય તો અર્થની જે ક્રિયા છે તેમાં વર્તમાન વસ્તુનો જ સ્વીકાર કરે છે અર્થાત્ ક્રિયાન્વિત રૂપમાં જ શબ્દ અને વાચ્યાર્થવાળી વસ્તુનો સ્વીકાર કરે છે. આ પ્રકારે આ નય શબ્દ, અર્થ અને ક્રિયા ત્રણેને જુએ છે. વસ્તુના જે નામ અને અર્થ છે, તેવી જ તેની ક્રિયા અને પરિણામની ધારા હોય, વસ્તુ સ્વયંના ગુણધર્મમાં પૂર્ણ હોય અને પ્રત્યક્ષ દેખાય, સમજાય તેને જ તે એવંભૂત નય વસ્તુરૂપમાં સ્વીકાર કરે છે. એક અંશ પણ ઓછો હોય તો તે આ નયને સ્વીકાર્ય નથી.

આ પ્રકારે આ નય સામાન્યને સ્વીકારતો નથી, વિશેષને સ્વીકારે છે. વર્તમાનકાળ એવં ભાવનિક્ષેપનો સ્વીકાર કરે છે.

**પ્રશ્ન–૧૯ : દષ્ટાંતો વડે સાત નયોનું સ્વરૂપ કઈ રીતે જાણી શકાય ?**

**જવાબ– નૈગમનય–** આ નયમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ બન્નેની પ્રધાનતાનો સ્વીકાર હોય છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન સર્વે અવસ્થાને પ્રધાનતા આપીને તેનો સ્વીકાર કરે છે. વસ્તુના વિશાળરૂપથી પણ તે વસ્તુનો સ્વીકાર કરે છે અને વસ્તુના એક અંશથી પણ તે વસ્તુનો સ્વીકાર કરવામાં આવે છે. આ નયના અપેક્ષા-સ્વરૂપને સમજવા માટે ત્રણ દષ્ટાંત આપવામાં આવે છે. યથા– ૧. નિવાસનું ૨. પ્રસ્થક નામના કાષ્ઠ પાત્રનું ૩. ગામનું.

(૧) એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૂછ્યું કે આપ ક્યાં રહો છો ? તો એના પ્રશ્નના ઉત્તરમાં તે કહે કે હું લોકમાં રહું છું અથવા તિરછા લોકમાં રહું છું અથવા જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં હિન્દુસ્તાનમાં, આ રીતે ગુજરાત, રાજકોટ, કાલાવડ રોડ, ઓમાનવાળા ઉપાશ્રય, બીજા માળે વગેરે કોઈપણ ઉત્તર આપે. નૈગમ નય તે બધી અપેક્ષાઓને સત્ય યા પ્રમુખતાથી સ્વીકાર કરે છે.

(૨) કાષ્ઠપાત્ર બનાવવા માટે લાકડા કાપવા જંગલમાં જતી વખતે કોઈના પૂછવા પર તે વ્યક્તિ કહે કે પ્રસ્થક(કાષ્ઠ પાત્ર) લેવા જઈ રહ્યો છું. વૃક્ષ કાપતી વખતે, પાછા આવતી વખતે, છોલતી વખતે, સુધારતી વખતે અને પાત્ર બનાવતી વખતે, આ પ્રકારે સર્વે અવસ્થાઓમાં એનું પ્રસ્થક બનાવવાનું કહેવું નૈગમ નય સત્ય સ્વીકાર કરે છે.

(૩) જયપુર જનારો વ્યક્તિ જયપુરની સીમામાં પ્રવેશ કરતાં કહે કે જયપુર આવી ગયું, નગર કે બગીચામાં પ્રવેશતાં કહે જયપુર આવી ગયું, શહેરમાં પહોંચતાં, પ્રવેશતાં, મોટા રસ્તા પર પહોંચતાં અને તેમાં પણ લાલ ભવનમાં બેસતાં, પોતાના સાથીઓને કહે કે આપણે જયપુરમાં બેઠા છીએ. આ સર્વે

અવસ્થાઓના વાક્ય પ્રયોગોને નૈગમ નય વગર સંકોચે સત્ય સ્વીકાર કરી લે છે. આ નૈગમ નયની અપેક્ષા છે. આ પ્રકારે દ્રવ્ય, પર્યાય, સામાન્ય અને વિશેષ તથા ત્રણે કાળને સત્ય સ્વીકાર કરનારો નૈગમ નય છે.

**સંગ્રહ નય :–** નૈગમ નય સામાન્ય અને વિશેષ બન્નેની ઉપયોગિતાનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય ફક્ત સામાન્યનો સ્વીકાર કરે છે, વિશેષને ગૌણ કરે છે. સામાન્ય ધર્મથી અનેક વસ્તુઓને એકમાં જ સ્વીકાર કરવાવાળો સંગ્રહ નય છે. યથા– ભોજન લાવો. આ કથનમાં રોટલી, શાક, મિઠાઈ, દહીં, નમકીન ઈત્યાદિ સર્વે પદાર્થોને ગ્રહણ કરી એને આદેશ અપાય તેને સંગ્રહ નય કહે છે. એવી જ રીતે અહીં વનસ્પતિઓ છે. તેમ કહેવાથી લીલું ઘાસ, છોડ, વેલ, આંબાનું વૃક્ષ આદિ અનેકોના સમાવેશ યુક્ત કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. આ જ રીતે દ્રવ્યથી ૬ દ્રવ્યોનું, જીવથી ચાર ગતિના જીવોનું કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. આ પ્રકારે આ નય એક શબ્દમાં અનેક પદાર્થોનો સંગ્રહ કરે છે. વિશેષ, વિશેષતર ભેદ- પ્રભેદોની અપેક્ષા રાખતો નથી.

**વ્યવહાર નય :–** સામાન્ય ધર્મોને છોડીને વિશેષ ધર્મોને ગ્રહણ કરી વસ્તુનું કથન કરવાવાળો અને ભેદ-પ્રભેદ કરી વસ્તુનું કથન કરનારો વ્યવહાર નય છે. જેમ કે દ્રવ્યને છ ભેદથી, એમાં પણ જીવ દ્રવ્યને ચાર ગતિથી, પછી જાતિથી, કાયાથી, પછી દેશ વિશેષથી કથન કરે છે. જેમકે સંગ્રહ નય મનુષ્ય જાનવર આદિ અથવા તેના સમૂહને આ જીવ છે, એવા સામાન્ય ધર્મની પ્રમુખતાથી કથન કરે. જ્યારે વ્યવહાર નય આ મનુષ્ય ભારતવર્ષના રાજસ્થાન પ્રાંતના જયપુર નગરનો બ્રાહ્મણ જાતિનો ત્રીસ વર્ષનો જુવાન છે, એવું કહેશે. એ રીતે વિશેષ ધર્મ કથન તથા આશયને વ્યવહાર નય પ્રમુખ કરે છે.

(૧) નૈગમ નય સામાન્ય અને વિશેષ બન્નેને ઉપયોગી સ્વીકારે છે. (૨) સંગ્રહ નય સામાન્યને ઉપયોગી સ્વીકાર કરે છે. (૩) વ્યવહાર નય વિશેષ (વ્યવહારિક) અવસ્થા સ્વીકાર કરીને કથન કરે છે. આ ત્રણ નયને દ્રવ્યાર્થિક નય કહે છે. આ નય ત્રણે કાળને સ્વીકારે છે.

**ૠજુસૂત્ર નય :–** ફક્ત વર્તમાનકાળને પ્રમુખતા આપવાવાળો કે સ્વીકાર કરનારો આ નય ૠજુસૂત્ર નય છે. આ વર્તમાનની ઉપયોગિતા સ્વીકાર કરે છે. ભૂત અને ભાવીના ધર્મોની, અવસ્થાઓની અપેક્ષા રાખતો નથી. કોઈ વ્યક્તિ પહેલાં દુઃખી હતો, પછી એનું ભવિષ્ય પણ દુઃખી હશે, પરંતુ અત્યારે વર્તમાનમાં સુખી છે,





સુખનો અનુભવ કરી રહ્યો છે. તેને ભૂત અને ભવિષ્યના દુઃખનો અત્યારે શું સંબંધ ? આથી તે વ્યક્તિને સુખી કહેવામાં આવશે. કોઈ પહેલાં રાજા હતો, હમણાં ભિખારી બની ગયો છે. પછી ફરી ક્યારેક રાજા બનશે. પરંતુ અત્યારે તે ભીખારીપણાનો અનુભવ કરી રહ્યો છે. અતઃ એને ભૂતકાળ અને રાજાપણાનો અત્યારે કંઈ જ સંબંધ નથી. અત્યારે તો એ ભિખારી જ કહેવાશે. કોઈ વ્યક્તિ મુનિ બન્યો હતો, અત્યારે તે ગૃહસ્થ છે, ફરી મુનિ બની જશે. વર્તમાનમાં તે ગૃહસ્થરૂપમાં છે. પૂર્વ અને ભાવી મુનિપણાનો એને કોઈ આત્માનંદ નથી. અતઃ આ નય વર્તમાન અવસ્થામાં વસ્તુ સ્વરૂપને દેખે છે, જાણે છે અને કથન કરે છે.

**શબ્દ નય :–** શબ્દથી પદાર્થોનું જ્ઞાન થાય છે. એટલા માટે આ નય પદાર્થોને કોઈપણ પ્રકારે બોધ કરાવનાર શબ્દોનો સ્વીકાર કરે છે. તે શબ્દ જે પદાર્થનો બોધ કરાવે છે તેને આ નય પ્રધાનતા આપીને સ્વીકાર કરે છે. આ નય વર્તમાનને સ્વીકાર કરે છે. યથા– 'જિન' શબ્દ જે વર્તમાનમાં રાગદ્વેષ વિજેતા છે એને એ ગ્રહણ કરે છે. પરંતુ ભવિષ્યમાં કોઈ જિન થશે એ દ્રવ્ય 'જિન'નો સ્વીકાર કરતો નથી. તેવી રીતે કોઈનું નામ 'જિન' છે, એ નામ જિનનો પણ સ્વીકાર કરતો નથી. પ્રતિમા, યા ચિત્ર પર કોઈ 'જિન'ની સ્થાપના કરી હોય તો તે 'સ્થાપના જિન'ને પણ આ નય સ્વીકાર કરતો નથી . આ પ્રકારે આ નય કેવલ ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે. નામ, સ્થાપના એવં દ્રવ્યનિક્ષેપને આ નય સ્વીકાર કરતો નથી.

જે શબ્દ જે વસ્તુનું કથન કરવાની અર્થ યોગ્યતા અથવા બોધકતા ધરાવે છે એના માટે એ શબ્દનો પ્રયોગ કરવો શબ્દ નય છે. શબ્દ– યોગિક, રૂઢ અને યોગિકરૂઢ પણ હોય છે. તે જે-જે શબ્દના બોધક હોય છે, તેને આ નય ઉપયોગી સ્વીકાર કરે છે.

યથા ૧– 'પાચક' આ યૌગિક નિઢક્ત શબ્દ છે. એનો અર્થ રસોઈયો, રસોઈ કરનારો હોય છે. ૨– 'ગૌ' આ રૂઢ શબ્દ છે. એનો અર્થ છે– જવાની ક્રિયા કરનારો. પરંતુ બળદ અથવા ગાય જાતિ માટે એનો અર્થ રૂઢ થયો છે. અતઃ શબ્દનય એનો પણ સ્વીકાર કરે છે. ૩– 'પંકજ' યૌગિક પણ છે અને રૂઢ પણ છે. એનો અર્થ છે કીચડમાં ઉત્પન્ન થનારું 'કમળ'. પરંતુ કીચડમાં તો દેડકો, શેવાળ આદિ ઘણી વસ્તુઓ ઉત્પન્ન થાય છે. એને નહીં સમજતા ફક્ત 'કમળ'ને જ સમજવામાં આવે છે. આ રીતે 'પંકજ' એ યૌગિકરૂઢ શબ્દ છે. એનાથી કમળ

નો જ બોધ થાય છે. શબ્દ નય એનો પણ સ્વીકાર કરે છે. એ પ્રકારે વિભિન્ન રીતે અર્થનો બોધક અને સર્વે શબ્દોની ઉપયોગિતા કરનારો એ 'શબ્દનય' છે.

**સમભિરૂઢ નય :–** આ નય પણ એક પ્રકારનો શબ્દનય છે. એનું સ્વરૂપ પણ શબ્દનયની સમાન સમજવું જોઇએ. વિશેષતાએ છે કે આ રૂઢ શબ્દ આદિને પદાર્થનો અર્થ બોધક તરીકે સ્વીકાર કરતો નથી, ફક્ત યૌગિક, નિઢકત શબ્દ જે અર્થને કહે છે તે પદાર્થનો જ આ નય સ્વીકાર કરે છે. અર્થાત્ રૂઢ શબ્દનો સ્વીકાર નથી કરતો, સાથે પર્યાયવાચી શબ્દ છે એને પણ એકરૂપમાં સ્વીકાર નથી કરતો પરન્તુ ભિન્ન ભિન્ન રૂપમાં એનો સ્વીકાર કરે છે. અર્થાત્ એ પર્યાયવાચી શબ્દોનો જે નિઢક્ત અર્થ હોય છે એ શબ્દથી એ પદાર્થનો સ્વીકાર કરે છે અને બીજા પર્યાયવાચી શબ્દને વાચ્ય પદાર્થથી એનો અલગ સ્વીકાર કરે છે. યથા– જિન, કેવળી, તીર્થંકર આ જિને✓રના જ બોધક શબ્દ છે એવં એકાર્થક રૂપમાં પણ છે. તો પણ આ નય એનો અલગ-અલગ અર્થમાં અલગ-અલગ સ્વીકાર કરશે. આ પ્રકારે આ નય નિરૂક્ત અર્થની પ્રધાનતાએ શબ્દનો પ્રયોગ તે પદાર્થ માટે કરે છે તથા આવો પ્રયોગ કરવો ઉપયોગી માને છે. એ પર્યાય શબ્દને અલગ-અલગ પદાર્થનો બોધક માને છે. જિન, અર્હત, તીર્થંકર, કેવળી એ ભિન્ન-ભિન્ન ગુણ-વાળા પદાર્થના બોધક છે.

**એવંભૂત નય :–** જે શબ્દનો જે અર્થ છે અને તે અર્થ જે પદાર્થનો બોધક છે તે પદાર્થ જ્યારે એ અર્થનો અનુભવ કરાવે, એ અર્થની ક્રિયાશીલ અવસ્થામાં હોય ત્યારે એ માટે એ શબ્દનો પ્રયોગ કરવો, એ આ એવંભૂત નયનો આશય છે. અર્થાત્ જે દિવસે જે સમયે તીર્થની સ્થાપના કરી તે સમયે તીર્થંકર શબ્દનો પ્રયોગ કરવો. જે સમયે સુરાસુર દ્વારા પૂજા કરાય છે તે સમયે અર્હત્ કહેવું, કલમથી જ્યારે લખવાનું કાર્ય કરાય છે ત્યારે એને માટે 'લેખની' શબ્દનો પ્રયોગ કરવો. સમભિઢઢ નય નિઢક્ત અર્થવાળા શબ્દનો સ્વીકાર કરે છે અને એવંભૂત નય પણ એનો સ્વીકાર કરે છે. પરંતુ એ ભાવ યા ક્રિયામાં પરિણત વસ્તુ માટે એ શબ્દનો પ્રયોગ કરવાનો સ્વીકાર કરે છે; એ એની વિશેષતા છે. આ પ્રકારે આ નય કેવળ શુદ્ધ ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરવાનું કથન કરે છે.

**પ્રશ્ન–૨૦ : નય, દુર્નય અને સ્યાદ્વાદ આ ત્રણેનું તુલનાત્મક સ્વરૂપ શું છે ?**

**જવાબ–** આ સાતે નય પોતપોતાની અપેક્ષાએ વચન પ્રયોગ અને વ્યવહાર કરે છે, અન્ય અપેક્ષાનો સ્પર્શ કરતા નથી, ઉપેક્ષા રાખે છે, માટે તે નય કહેવાય છે.





જો એ નયો બીજી અપેક્ષાનું ખંડન, વિરોધ કરે તો એ નય વચન નયની સીમાનું ઉલ્લંઘન કરીને દુર્નય બની જાય છે અર્થાત્ એની નયરૂપતા કુનયતામાં બદલાઈ જાય છે. આવા કુનયને કારણે અનેક વિવાદ તથા મત મતાંતર કે નિન્હવ આદિ ઉત્પન્ન થાય છે. નયમાં ક્લેશ ઉત્પાદકતા નથી. દુર્નયમાં કલેશોત્પાદકતા છે. યથા– બે વ્યક્તિઓએ એક ઢાલ જોઈ. બન્ને અલગ અલગ દિશામાં દૂર ઉભા હતા. ઢાલ એક બાજુ સુવર્ણ યુક્ત હતી તો બીજી બાજુ ચાંદીના રસયુક્ત બનાવેલી હતી. જો આ બન્ને વ્યક્તિ નયથી બોલે તો એક કહેશે 'ઢાલ સુર્વણ મય છે' તો બીજો કહેશે 'ઢાલ ચાંદીમય છે'. આમ કહી બન્ને પોતાના કથનના અનુભવમાં શાંત રહે તો એ નય છે. એક બીજાની નિંદા કરે કે અરે તું ગાંડો થઈ ગયો છે, જોતો નથી આ ઢાલ પીળી સોનાની દેખાય છે. બીજો કહેશે તારી આંખોમાં પીળિયો (કમળો) છે, ઢાલ તો ચાંદી જેવી સ્વચ્છ સફેદ દેખાય છે, તો આ દુર્નય છે. દુર્નયમાં ઝઘડા છે, લડાઈ છે.

અહીંયા જો સ્યાદ્વાદ, અનેકાંતવાદ આવીને ઊભો રહી જાય તો તે કહેશે કે ઢાલ સફેદ પણ છે, પીળી પણ છે. સોનારૂપ પણ છે, ચાંદીરૂપ પણ છે; તો શાંતિ થઈ જશે. આ પ્રકારે નય અને દુર્નયને ઓળખીને નય સુધી સીમિત રહેવું જોઇએ અથવા એના પર સર્વ રીતે ચિંતન કરીને અનેકાંતવાદમાં જવું જોઇએ. પરંતુ એકાંતવાદ અથવા દુર્નયનો આશરો કયારે ય ન લેવો જોઇએ. દુર્નયરૂપ એકાંતવાદના મિથ્યાત્વથી ક્લેશ તથા દુઃખની પ્રાપ્તિ થાય છે અને નયવાદ, અનેકાંતવાદથી શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

એક વ્યક્તિ કોઈનો પિતા છે તો પુત્રની અપેક્ષાએ તેને પિતા કહેવું નય છે. પરંતુ એ પિતા જ છે, કોઈનો ભાઈ, પુત્ર, મામા, આદિ નથી એવું કથન કરવું એ દુર્નય છે. મોક્ષમાર્ગમાં શ્રદ્ધાનું સ્થાન અતિ મહત્ત્વશીલ બતાવ્યું છે, એ નય છે. પરંતુ જ્ઞાન યા ક્રિયાનું ખંડન, નિષેધ કરવો, એ દુર્નય છે. એ પ્રકારે જ્ઞાનનું મહત્ત્વ બતાવતાં તે કથનનો વિસ્તાર કરવો નય છે, પરંતુ તેની સાથે ક્રિયાનો નિષેધ નહીં હોવો જોઇએ. ક્રિયાનો નિષેધ જો જ્ઞાનના મહત્ત્વ કથનની સાથે આવી જાય તો તે દુર્નય છે. અથવા કયારેક ક્રિયાનું મહત્ત્વ બતાવી વિસ્તારથી તેનું કથન કરી શકાય. પણ તેની સાથે જ્ઞાનનો નિષેધ કરે કે તેને નિરર્થક કહે તો તે પણ દુર્નય થઈ જાય છે.

માટે પોતાની અપેક્ષિત કોઈપણ અપેક્ષાનું કથન કરવું નય છે. બીજાની અપેક્ષાઓને વિષયભૂત ન બનાવવો એ પણ નય છે. પરંતુ અન્યની અપેક્ષાને

લઈને વિવાદ કરવો, અન્ય સર્વે અપેક્ષાઓને અથવા કોઈ પણ અપેક્ષાને ખોટી યા નિરર્થક કહેવી દુર્નય છે. સ્યાદ્વાદ-અનેકાંતવાદ જૈનધર્મની સમન્વય મૂલકતાનો બોધક છે, તે નયોનો સમન્વય કરે છે. પ્રત્યેક વિષય કે વસ્તુને અનેક ધર્મોથી, અનેક અપેક્ષાથી જોઈ-જાણીને એનું ચિંતન કરવું અને નિર્ણય લેવો એ સમ્યગ્ અનેકાંત સિદ્ધાંત છે અને એનાથી સમભાવ સામાયિકની પ્રાપ્તિ થાય છે.

અનેકાંતવાદ, નયથી સ્વયંની ભિન્ન વિશેષતા રાખે છે. તે બન્નેને એક નહીં સમજવા જોઈએ. કારણ કે નય સ્વયંની અપેક્ષા દષ્ટિને મુખ્ય બતાવી, અન્ય દષ્ટિને ગૌણ કરી વસ્તુનું પ્રતિપાદન કરે છે; અન્ય દષ્ટિની ઉપેક્ષા કરે છે. જ્યારે સ્યાદ્વાદ, અનેકાંતવાદ સર્વ દષ્ટિઓને સન્મુખ રાખીને, સર્વ સત્ય આશયોને અને વિભિન્ન ધર્મોને અપેક્ષાએ જુએ છે; કોઈને ગૌણ કે કોઈને મુખ્ય પોતાની દષ્ટિએ કરતો નથી.

ટૂંકમાં, નય પોતાનામાં મસ્ત છે, બીજાની અપેક્ષા રાખતો નથી તેમજ તિરસ્કાર પણ કરતો નથી અને અનેકાંતવાદ બધાની અપેક્ષા રાખીને એની સાથે ઉદારતાથી વર્તે છે; જ્યારે દુર્નય સ્વને સર્વસ્વ સમજીને અન્યનો તિરસ્કાર કરે છે.આ પ્રકારે નય, દુર્નય એવં અનેકાંતવાદને સમજીને સમન્વય દષ્ટિ પ્રાપ્ત કરી સમભાવ રૂપ સામાયિકને પ્રાપ્ત કરવી જોઈએ. **આ ચોથો નય દ્વાર સંપૂર્ણ થયો.**

ooooo

## ।। અનુયોગદ્વાર સૂત્ર સંપૂર્ણ ।।



# આવશ્યક સૂત્ર

**પ્રશ્ન–૧ : આવશ્યક સૂત્રનો સર્વાંગીય પરિચય કઈ રીતે છે ?**

**જવાબ–** સંસાર પ્રવાહમાં પરિભ્રમણ કરતાં પ્રાણીને માનવ દેહ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે. આવા માનવદેહને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ ફળ છે– વ્રત પ્રત્યાખ્યાન ધારણ કરવા. કહ્યું પણ છે કે– **देहस्य सारं व्रत धारणं च** ॥ માનવ દેહનો સાર વ્રત ધારણ કરવામાં છે. વ્રત ધારણ કર્યા પછી તેનું શુદ્ધ રૂપે પાલન અને આરાધન કરવું તે પણ સાધકનું પરમ કર્તવ્ય બની જાય છે. જીવનની સામાન્ય-વિશેષ વિવિધ પરિસ્થિતિઓમાં સૂક્ષ્મ કે સ્થૂળ અતિચાર પણ જાણતાં-અજાણતાં લાગતા રહે છે, તેની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું આવશ્યક બને છે. પ્રતિક્રમણ માટે અવલંબનભૂત આગમ આ **આવશ્યક સૂત્ર** છે.

**નામકરણ :–** અનુયોગ દ્વાર સૂત્રમાં શ્રાવક અને સાધુઓ બંનેને માટે ઉભય કાલ અવશ્ય કરવાનું કહેલ હોવાથી તેનું આવશ્યક સૂત્ર નામ સાર્થક છે.

**આગમોમાં સ્થાન :–** પ્રતિક્રમણ કરવું એ સર્વ સાધુઓ અને શ્રાવકોનો મુખ્ય આચાર હોવાથી આ આવશ્યક સૂત્રનું અંગ આગમ અને અંગબાહ્ય આગમથી જુદૂં જ મહત્ત્વ શાસ્ત્રોમાં નિર્દિષ્ટ છે. જ્યાં સાધુઓના શાસ્ત્ર અધ્યયનની જાણકારી આપવામાં આવે છે ત્યાં અંગશાસ્ત્રોથી પણ આ આવશ્યકસૂત્રના અધ્યયનનો નિર્દેશ પહેલાં અલગ કરવામાં આવે છે. નંદીસૂત્રમાં અંગબાહ્ય આગમોમાં આવશ્યકને પ્રથમ કહેવામાં આવેલ છે, ત્યારપછી બધાં જ અંગબાહ્ય આગમોને બે વિભાગમાં એક સાથે કહેવામાં આવ્યા છે. આ રીતે આવશ્યક સૂત્રનું બધા આગમોથી એક વિશેષ અને અલગ એવું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેને કંઠસ્થ કરવું એ પ્રત્યેક સાધુ અને શ્રાવક માટે આવશ્યક બને છે.

**વિશેષતા :–** સમસ્ત જૈન આગમ યા તો કાલિક હોય છે અથવા ઉત્કાલિક હોય છે અને તેના ઉચ્ચારણ માટે કાલ-અકાલ બંને હોય છે. તે સૂત્રનું ૩૨(૩૪) અસ્વાધ્યાયના સમયે ઉચ્ચારણ કરવામાં આવતું નથી, પરંતુ આવશ્યક સૂત્રને કાલ-અકાલ હોતો નથી, મતલબ કે ગમે ત્યારે આ સૂત્રનું ઉચ્ચારણ કરી શકાય છે. ૩૨(૩૪) અસ્વાધ્યાયના સમયે તેનું ઉચ્ચારણ કરવું પણ નિષેધ મનાતું નથી, બલ્કે અસ્વાધ્યાયના સમય એવા સવારના અને સાંજના સંધ્યાકાલમાં જ આ

સૂત્રના આધારિત પ્રતિક્રમણ કરવાનો વિશિષ્ટ સમય આગમ, ઉત્તરાધ્યયન અને અનુયોગદ્વાર સૂત્રમાં સૂચિત કરવામાં આવેલ છે. તેનો સાર એ જ છે કે આ આગમના ઉચ્ચારણમાં શુચિ, અશુચિ, સમય,અસમય આદિ કોઈ પણ બાધાજનક બનતા નથી.

**રચના અને રચનાકાર :** આવશ્યક સૂત્રની રચના ગણધર ભગવંત કરે છે. દરેક તીર્થંકરોના શાસનના પ્રારંભમાં જ આ સૂત્રની રચના કરવામાં આવે છે, કારણ કે સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા રૂપી તીર્થ સ્થાપનાથી તીર્થંકરના શાસનનો પ્રારંભ થાય છે અને સાધુ-સાધ્વી માટે પ્રતિક્રમણ કરવું ઉભયકાલ આવશ્યક છે, પ્રતિક્રમણ આવશ્યક સૂત્રના આધારે જ કરવામાં આવે છે. માટે આ સૂત્ર ગણધર રચિત આગમ છે. તેમાં વિભાગરૂપ છ અધ્યાય છે, જેને છ આવશ્યક કહ્યા છે. છ આવશ્યકોમાં ક્રમશઃ કુલ ૧ + ૧ + ૧ + ૯ + ૧ + ૧૦ = ૨૩ તથા આદિ મંગલ અને અંતિમ મંગલનો પાઠ મળી કુલ ૨૩ + ૨ = ૨૫ પાઠ છે, જેનું પરિમાણ(માપ) ૧૨૫ શ્લોકનું માનવામાં આવે છે. કયાંક ૧૦૦ કે ૨૦૦ શ્લોકનું પરિમાણ પણ કહેવામાં આવે છે. પરિક્ષણ કરતાં ૧૨૫ની સંખ્યા આદરણીય જણાય છે.

**સંસ્કરણ :–** આ આવશ્યક સૂત્ર નામના આગમ ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકાઓ(હરિભદ્રીય, મલયગિરીય આદિ) અને હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત એમ વિવિધ વ્યાખ્યાઓ મુદ્રિત ઉપલબ્ધ છે. આ સૂત્રના મૂળ પાઠ પણ 'સુત્તાગમ' આદિ રૂપમાં પ્રકાશિત થયા છે. આધુનિક રીતથી લાડનૂંથી આચાર્ય તુલસી દ્વારા સંપાદિત અને મુંબઈ વિદ્યાપીઠથી પૂજ્ય મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી દ્વારા સંપાદિત–પ્રકાશિત થયા છે.

આ સૂત્રના આધારે વિવિધ વિધિ પાઠો સહિત તથા અનેક હિન્દી, ગુજરાતી ગદ્ય-પદ્યના રચિત પ્રક્ષિપ્ત પાઠો સહિત પ્રતિક્રમણ સૂત્ર પ્રચલિત છે. તેની પ્રમુખતાથી સમાજમાં પ્રતિક્રમણ કરવામાં આવે છે. તેના અનેક સંસ્કરણો પ્રકાશિત છે અને તે અનેક વિવિધતાવાળા છે. જેનું પરિમાણ ૧૦૦૦ શ્લોકથી લઈ ૫-૭ હજાર શ્લોક જેટલું પણ થઈ જાય છે, જ્યારે તેનું મૌલિક આધારભૂત આવશ્યક સૂત્ર તો કેવળ ૧૨૫ શ્લોક પ્રમાણ છે.

ઘણાં લોકો પ્રતિક્રમણ સૂત્ર(વિધિ સહિત)ને જ આવશ્યક સૂત્ર માની બેસે છે, પરંતુ આવશ્યક સૂત્ર ૧૨૫ શ્લોક પ્રમાણ આજે પણ સ્વતંત્ર છે. જે ઉપરોકત લાડનૂં, મુંબઈના સંસ્કરણમાં જોઈ શકાય છે. જેમાં કેવળ અર્ધમાગધી ભાષાના જ પાઠ છે. જ્યારે એ આવશ્યક સૂત્રના આધારે પ્રચલિત પ્રતિક્રમણ





સૂત્રમાં અન્ય શાસ્ત્રોના ઉદ્ધરિત મૂળ પાઠ પણ છે, અન્ય નવા રચિત મૂળ પાઠ પણ છે, સાથે- સાથે હિન્દી, ગુજરાતીના કે મિશ્રિત ભાષાના ઘણા પાઠો, દોહરા, સવૈયા, ભજન, સ્તુતિ આદિ પણ સમાવિષ્ટ છે.

આવશ્યક સૂત્ર મૂલ શાસ્ત્રમાં કેવળ સાધુને ઉપયોગી પાઠો જ છ અધ્યાયમાં ઉપલબ્ધ થાય છે. શ્રાવક પ્રતિક્રમણના અન્યાન્ય પાઠોનું સંકલન નિર્યુક્તિ, ભાષ્ય, ટીકામાં આવશ્યક સૂત્રના અંતમાં ચૂલિકારૂપે આપવામાં આવેલ છે. અનુયોગદ્વાર સૂત્રમાં શ્રાવકને પણ પ્રતિક્રમણ કરવાનું આવશ્યક કહેવામાં આવેલ છે.

આ પ્રકારે આવશ્યક સૂત્ર પ્રક્ષેપો રહિત, શુદ્ધરૂપે આજે પણ ઉપલબ્ધ છે. પ્રક્ષેપ વૃદ્ધિ આદિ સર્વ સ્વતંત્ર પ્રતિક્રમણ સૂત્રોમાં થાય છે. તે સ્વતંત્ર વિધિ સૂત્ર છે જે આવશ્યકના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

પ્રતિક્રમણ સૂત્રની જેમ સામાયિક સૂત્ર પણ સમાજમાં પ્રચલિત છે, તેમાં પણ આવશ્યક સૂત્રના અન્યોન્ય અધ્યાયોમાં આવેલ પાઠોનું તેમજ અન્ય સૂત્રમાંથી લીધેલા પાઠોનું તેમજ નવા રચેલા પાઠોનું સંકલન કરવામાં આવેલ છે. આ સંકલિત સામાયિક સૂત્રના આધારે સામાયિક વ્રત લેવાની અને પારવાની પૂર્ણ વિધિ કરવામાં આવે છે.

સ્વતંત્ર રીતે બનેલ એવા સામાયિક સૂત્ર અને પ્રતિક્રમણ સૂત્રના **વિશિષ્ટ** સંગ્રહણીય પાઠો પરિશિષ્ટરૂપે સારાંશ ખંડ–૮ 'પરિશિષ્ટ : અનુભવ અર્ક'ના આવશ્યક વિભાગમાં આપેલ છે.

ઉપાધ્યાય કવિ શ્રી અમરમુનિજી દ્વારા સંપાદિત શ્રમણસૂત્ર અને સામાયિક સૂત્ર અનેક વિવેચન, ચિંતન સહિત પ્રકાશિત થયેલ છે. તે સિવાય બીજા પણ અનેક મહત્ત્વશીલ સંસ્કરણ આ શાસ્ત્રના પ્રકાશમાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : જગતમાં આધ્યાત્મિક દૃષ્ટિએ નમસ્કરણીય કોણ છે અથવા નમસ્કાર મંત્રનો પરિચય અને સ્વરૂપ શું છે.**

**જવાબ– (૧)** જગતમાં અધ્યાત્મ દૃષ્ટિએ વંદન કરવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય, ગુણ સંપન્ન આત્માઓને પાંચ પદોથી વંદન કરવામાં આવે છે.

**(૨)** આ પાંચ પદો ઉપરાંત માતા, પિતા, જ્યેષ્ઠ ઉંમરની વ્યક્તિ, વિદ્યાગુરુ આદિ પણ લૌકિક દૃષ્ટિએ વંદનીય હોય છે. તેમનો સમાવેશ આ પાંચ પદોમાં નથી.

**(૩)** આ પાંચ પદો સિવાય, અધ્યાત્મ દષ્ટિએ બીજા કોઈ પણ પદો વંદનીય-નમસ્કરણીય હોતા નથી.

**(૪)** આ પાંચ પદોમાં અધ્યાત્મ ગુણ સંપન્ન દરેક આત્માઓનું અપેક્ષાથી વિભાજન કરવામાં આવેલ છે.

**(૫)** આ પાંચ પદોના ઉચ્ચારણથી એ પણ સ્પષ્ટ થાય છે કે ગુણ સંપન્ન આત્માઓ વંદનીય હોય છે પરંતુ કેવળ ગુણોને વંદનીય ન કહી શકાય; તેમજ ગુણ રહિત કેવળ શરીર કે આકૃતિને પણ વંદનીય કહી શકાય નહિ. આત્માથી તેમજ આત્મગુણોથી રહિત જડ ફોટો તેમજ મૂર્તિને પણ **ભક્તિ પ્રધાન** વ્યવહારમાં નમસ્કરણીય માનવામાં આવે છે, જે એક પરંપરા માત્ર છે.

**(૬)** સ્વતંત્ર જ્ઞાન-દર્શન આદિ પણ નમસ્કરણીય નથી, તેમજ કોઈ ફોટો, મૂર્તિ પણ વાસ્તવમાં વંદનીય, નમસ્કરણીય હોતા નથી, પરંતુ આવા જ્ઞાનથી સંપન્ન આત્મા અને ફોટો કે મૂર્તિવાળા ગુણ સંપન્ન આત્માઓ ***અધ્યાત્મ દષ્ટિએ વંદનીય નમસ્કરણીય છે. સંસારમાં કોઈ પણ ગુણવાન કે વડીલને નમસ્કાર કરાય તે વ્યવહાર દષ્ટિએ યોગ્ય છે તેમ સમજવું.***

**(૭)** પાંચ પદોમાં નમસ્કરણીય આત્માઓ આ પ્રકારે કહેવામાં આવેલ છે–

**(૧) અરિહંત :** તીર્થંકર ભગવાન જે કેવળજ્ઞાન-કેવળદર્શન ધારણ કરી, મનુષ્ય શરીરમાં મનુષ્યલોકમાં યથાખ્યાત ચારિત્રમાં વિચરણ કરી રહ્યા હોય તે અરિહંત ભગવાન છે. તેમને આ પ્રથમ પદમાં નમસ્કાર કરવામાં આવેલ છે. સંપૂર્ણ મનુષ્ય લોકમાં એક સાથે તેઓ ઓછામાં ઓછા ૨૦ અને વધુમાં વધુ ૧૭૦ હોઈ શકે છે.

**(૨) સિદ્ધ :** આઠ કર્મોથી રહિત, મનુષ્ય દેહને છોડીને જેઓ મુક્ત થઈ ગયા છે, પરમાત્મ પદને પ્રાપ્ત કરી લીધેલ છે, તે બધા જ અનંત આત્માઓ સિદ્ધ ભગવાન છે, તેમને આ બીજા પદમાં નમસ્કાર કરવામાં આવે છે. તેમાં ચૌદ પ્રકારે, પંદર ભેદે બધા પ્રકારના સિદ્ધોનો સમાવેશ છે. પ્રથમ પદવાળા અરિહંત પણ આ બધા જ સિદ્ધોને નમસ્કાર કરે છે, કારણ કે સિદ્ધ ભગવંત, અરિહંત ભગવાનથી અધ્યાત્મ ગુણોમાં મહાન હોય છે. સિદ્ધોના ગુણો મહાન હોવા છતાં પણ લોકમાં ધર્મ પ્રવર્તનની અપેક્ષાએ અને તીર્થ સ્થાપનાની અપેક્ષાએ અરિહંત ભગવાન અતિ નિકટ ઉપકારી હોવાથી તેમને પ્રથમ પદમાં રાખવામાં આવેલ છે. **(૩) આચાર્ય :** જિનશાસનમાં સાધુ-સાધ્વીજીઓના અનુશાસ્તા, સંઘ શિરોમણી, ગુણ સંપન્ન, પ્રતિભાવંત, પંચાચારના પાલનકર્તા મહાશ્રમણને આચાર્ય પદ





પર પ્રતિષ્ઠિત કરવામાં આવે છે. તે પોતાના નિશ્રાગત(અધીનસ્થ) સાધુ-સાધ્વીના સંયમ ગુણોના સાચા સંરક્ષક હોય છે. તેમને આ ત્રીજા પદમાં નમસ્કાર કરવામાં આવેલ છે. **(૪) ઉપાધ્યાય :** સંઘમાં અધ્યાપન સુવિધા તેમજ વ્યવસ્થા માટે, શિષ્યોને યથાક્રમે આગમ અધ્યયન કરાવવા, આચાર્યના સહયોગી ઉપાધ્યાય નિયુક્ત કરવામાં આવે છે. જેઓ સ્વયં આગમોના ગહન અભ્યાસી, ગીતાર્થ–બહુશ્રુત પંચ મહાવ્રતધારી શ્રમણ હોય છે અને આચાર્ય દ્વારા પોતાની પાસે નિયુક્ત શિષ્યોને કુશળતાથી, યોગ્યતા અનુસાર અધ્યયન કરાવે છે. જિન શાસનમાં આગમજ્ઞાનની પરંપરાને પ્રવાહિત કરનારા આવા મહાજ્ઞાની સાધુઓને ચોથા પદમાં નમસ્કાર કરવામાં આવે છે. **(૫) સાધુ-સાધ્વી :** અધ્યાત્મ સાધનામાં ૧૮ પાપોનો ત્યાગ કરી તેની સમ્યક આરાધના કરનારા, પાંચ મહાવ્રતોનું પરિપૂર્ણ પાલન કરનારાને સાધુ-સાધ્વી કહેવામાં આવે છે. આ સાધુ-સાધ્વી સામાન્ય તેમજ વિશેષ અનેક શ્રેણીવાળા હોઈ શકે છે. અલ્પશ્રુત અને બહુશ્રુત અથવા કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની આદિ બધા જ સાધુઓને આ પાંચમા પદમાં નમસ્કાર કરવામાં આવે છે. અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય આ ત્રણે પદોવાળા પણ સૌ પ્રથમ પાંચમા પદમાં જ પ્રવેશ કરે છે પરંતુ ત્યારપછી પોતાની યોગ્યતા અને કાર્યક્ષમતાથી અરિહંત આદિ પદોને પ્રાપ્ત કરે છે.

**(૮)** આ પાંચ નમસ્કરણીય પદોને મન, વચન, કાયા દ્વારા નમસ્કાર કરવાથી પાપોનો એટલે પાપ કર્મોનો નાશ થાય છે અર્થાત્ અનેક કર્મોની નિર્જરા થાય છે. આ પાંચ પદોને કરવામાં આવેલ નમસ્કાર અલૌકિક મંગલ સ્વરૂપ થાય છે, અર્થાત્ લૌકિક રીતે જે અનેક મંગલ માનવામાં આવે છે, તે સર્વ મંગલોમાં આ નમસ્કારરૂપ મંગલ સર્વોચ્ચ મંગલ સ્વરૂપ છે. તેથી દરેક મંગલની આવશ્યકતાના સ્થાને આ પાંચ પદોને નમસ્કાર કરવા યોગ્ય ગણાય છે.

**(૯)** આ પ્રકારે આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર સમસ્ત અધ્યાત્મગુણ સંપન્ન આત્માઓનો અર્થાત્ નમસ્કરણીઓનું સંકલન સૂત્ર છે.

**(૧૦)** આ મહામંત્રમાં કોઈ પણ વ્યક્તિનું નામાંકન કરવામાં આવેલ નથી, એ જ આ મંત્રની વિશાળતાનું દ્યોતક છે. અર્થાત્ ઉપર્યુક્ત ગુણ સંપન્ન સમસ્ત અરિહંતોને, સમસ્ત સિદ્ધોને, સમસ્ત આચાર્યોને, સમસ્ત ઉપાધ્યાયોને તથા સમસ્ત સાધુ-સાધ્વીઓને આ નમસ્કાર મંત્રમાં વંદન નમસ્કાર કરવામાં આવે છે. કારણ કે પ્રત્યેક પદમાં બહુવચનનો પ્રયોગ છે.

**પ્રશ્ન–૩ : પ્રથમ આવશ્યકમાં કેટલા પાઠ છે, તેનું સ્વરૂપ શું છે ?**

**જવાબ–**નમસ્કાર મંત્રના આદ્યમંગલ પછી આ પ્રથમ આવશ્યકમાં એક પાઠ છે– **સામાયિક સૂત્ર :– (૧)** આ સૂત્ર સામાયિક ગ્રહણ કરવાનું પ્રતિજ્ઞાસૂત્ર છે. આ પાઠ દ્વારા સામાયિકમાં સાવદ્ય યોગોનો ત્યાગ કરવામાં આવે છે.

**(૨)** સાવદ્ય યોગનો અર્થ થાય છે કે બધા જ પ્રકારના કુલ ૧૮ પ્રકારના પાપકાર્યો. આ ૧૮ પ્રકારના પાપોનો યાવજ્જીવન ત્યાગ કરવાથી આજીવન સામાયિક થાય છે, આથી યાવજ્જીવનની સામાયિકને ગ્રહણ કરનારને સાધુ કહેવામાં આવે છે. એક મુહૂર્ત માટે આ અઢારપાપોનો ત્યાગ કરવાથી શ્રાવકની સામાયિક થાય છે.

**(૩)** આ પાપોના ત્યાગની સાથે સામાયિકમાં વધુમાં વધુ સમભાવની પ્રાપ્તિ થવી એ પણ 'સામાયિક' શબ્દનો સાચો તાત્પર્યાર્થ છે.

**(૪)** સાધુઓની આવી આજીવન સામાયિકમાં ત્રણ કરણ અને ત્રણ યોગથી પાપ કાર્યોનો ત્યાગ હોય છે.

**(૫)** પાપ કરવું નહિ, કરાવવું નહિ અને પાપ કર્મ કરવાવાળાને અનુમોદન ન આપવું, તેને ત્રણ કરણનો ત્યાગ કહેવામાં આવે છે.

**(૬)** મનથી, વચનથી અને શરીરથી આ ત્રણેયથી પાપ કાર્ય ન કરવું, તેને ત્રણ યોગથી પાપ કાર્યનો ત્યાગ કહેવામાં આવે છે.

**(૭)** આ પ્રકારે આ સામાયિક પ્રતિજ્ઞાસૂત્રથી સામાયિક ગ્રહણ કરનાર, અઢાર પાપોને મન, વચન તથા કાયાથી કરી શકતા નથી. બીજાઓને આ પાપ કાર્યો કરવાની પ્રેરણા કે આદેશ પણ આપી શકતા નથી અને પોતે પણ પાપ કાર્યો કરવાવાળાની પ્રશંસા કરી શકતા નથી, તેમના કૃત્યોને સારા પણ માની શકતા નથી. પાપ કાર્યોથી ઉપાર્જન થયેલ પદાર્થોની પ્રશંસા પણ કરી શકતા નથી.

**(૮)** તે અઢાર પાપ આ પ્રમાણે છે– **૧.** હિંસા **૨.** જૂઠ **૩.** ચોરી **૪.** કુશીલ **૫.** પરિગ્રહ-ધનસંગ્રહ **૬.** ગુસ્સો **૭.** ઘમંડ **૮.** કપટ **૯.** લાલચ-તૃષ્ણા **૧૦.** રાગ **૧૧.** દ્વેષ **૧૨.** કલેશ-ઝઘડા **૧૩.** કલંક લગાડવું **૧૪.** ચુગલી **૧૫.** પરનિંદા **૧૬.** હર્ષ-શોક **૧૭.** ધોખા-ઠગાઈ અથવા કપટ યુક્ત જૂઠ **૧૮.** અસત્ય સમજ, ખોટી માન્યતા, ખોટા સિદ્ધાંતોની માન્યતા-પ્રરૂપણા.

એક મુહૂર્ત કે આજીવન સામયિક ગ્રહણ કરનાર, પોતાની તે સામાયિક અવસ્થા દરમ્યાન હિંસાદિ પાપ કે ગુસ્સો, ઘમંડ, નિંદા, વિકથા, રાગ-દ્વેષ અથવા





ક્લેશ, કદાગ્રહ આદિ કદાપિ કરી શકતા નથી. તે વિચારોથી પરમ શાંત અને પવિત્ર હૃદયી બની હંમેશા પોતાની જાતને આવા પાપોના ત્યાગમાં સાવધાન રાખે છે. ત્યારે જ તે સામાયિકવાન સાધુ અને સામાયિકવ્રતવાળા શ્રમણોપાસક (શ્રાવક) કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૪ : બીજા આવશ્યકમાં આવેલ લોગસ્સ પાઠનો ભાવાર્થ શું છે ?**

**જવાબ– (૧)** આ સૂત્ર 'લોગસ્સ' શબ્દથી શરૂ થાય છે, તેથી તેનું પ્રસિદ્ધ નામ **'લોગસ્સનો પાઠ'** છે. ગ્રંથોમાં તેને 'ઉત્કીર્તન' નામથી કહેલ છે. કારણ કે તેમાં તીર્થંકર ભગવંતોના ગુણકીર્તન કરવામાં આવેલ છે. આગમમાં આ સૂત્રના 'જિન સંસ્તવ' અને 'ચતુર્વિંશતિસ્તવ' એવા નામ મળે છે. **(૨)** આ સૂત્રમાં સાત ગાથાઓ છે. પ્રથમ ગાથામાં તીર્થંકર ભગવાનના પરિચયની સાથે તેમના કીર્તનની પ્રતિજ્ઞા છે. ત્યાર પછીની ત્રણ ગાથાઓમાં ચોવીસ તીર્થંકરોને નામની સાથે સન્માનપૂર્વક વંદન કરવામાં આવ્યા છે. અંતિમ ત્રણ ગાથાઓમાં તીર્થંકરોના ગુણ તેમજ મહાત્મ્ય(મહત્ત્વ)નું કથન કરેલ છે. અંતમાં ઉપસંહાર રૂપે સભક્તિ મોક્ષ પ્રદાન કરવાની પ્રાર્થના–માગણી પણ કરેલ છે. **(૩)** ચોવીસ તીર્થંકર ધર્મ તીર્થની સ્થાપના કરી, લોકમાં ભાવ પ્રકાશ કરનારા હોય છે અને સ્વયં સર્વજ્ઞાની, રાગ-દ્વેષ વિજેતા હોય છે.

**(૪) ૧. આરોગ્ય બોધિ**=સમ્યગ્જ્ઞાન તેમજ શ્રદ્ધા, **૨. શ્રેષ્ઠ ભાવ સમાધિ** અર્થાત્ સમભાવ અને પ્રસન્નતાની ઉપલબ્ધિ, **૩. સિદ્ધિ=મુક્તિ**=મોક્ષ અવસ્થા, આ ત્રણ વસ્તુની માંગણી-પ્રાર્થના પ્રભુ પાસે કરેલ છે. આ પ્રાર્થના કેવળ પોતાના આદર્શ ભાવોની અભિવ્યક્તિ માત્ર છે. વાસ્તવમાં સિદ્ધ પ્રભુ કાંઈ પણ દેવાવાળા નથી, પરંતુ એવા ભાવ ભક્તિયુક્ત ગુણ કીર્તન દ્વારા સાધક સ્વયં પોતાના કર્મોની નિર્જરા કરી ઉચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરે છે અથવા તેવી શક્તિ પ્રગટ કરી શકે છે.

**(૫)** ચોવીસ તીર્થંકરો બધા જ વર્તમાનમાં સિદ્ધ અવસ્થામાં છે, તેથી તેમને સિદ્ધ શબ્દથી સંબોધન કરેલ છે.

**(૬)** તીર્થંકર પ્રભુને ત્રણ ઉપમા આપવામાં આવેલ છે– **૧.** ચંદ્રમાથી પણ અતિ નિર્મળ **૨.** સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળા **૩.** સાગર સમાન અતિ ગંભીર ધૈર્યવાન હોય છે.

**પ્રશ્ન–૫ : ત્રીજા આવશ્યકમાં આવતા ઉત્કૃષ્ટ વંદન પાઠનો ભાવાર્થ અને વંદનવિધિ શું છે ?**

**જવાબ– (૧)** આ સૂત્ર **ईच्छामि खमासमणो** શબ્દથી શરૂ થાય છે, તેથી તેને **''ઈચ્છામિ ખમાસમણોનો પાઠ''** પણ કહેવામાં આવે છે. આ સૂત્રથી પ્રતિક્રમણના સમયે ગુરુને પ્રતિક્રમણ યુક્ત વંદન કરવામાં આવે છે. બાકીના સમયે કયારે ય પણ શાંત મુદ્રામાં સ્થિત પૂ. સાધુ-સાધ્વીજીને તિક્ખુતોના પાઠથી વંદન કરવામાં આવે છે, એવું અનેક આગમોના વર્ણનથી સપ્રમાણ સિદ્ધ છે. ગતિમાન મુદ્રામાં અર્થાત્ ચાલતા જતાં સાધુ-સાધ્વીને કેવળ 'મત્થએણં વંદામિ' શબ્દનો ઉચ્ચારણ કરતાં થોડા દૂર રહીને જ વંદન કરવામાં આવે છે.

*[નોંધ :– કોઈ પરંપરામાં અન્ય સમયે પણ સાધુઓને તિક્ખુતોના પાઠથી ગુરુવંદન નહીં કરતાં આ જ પાઠના ૪-૫ શરૂઆતના શબ્દ બોલી તિક્ખુતોના પાઠના અંતિમ શબ્દો "મત્થએણં વંદામિ" બોલી દેવામાં આવે છે, જે એક અશુદ્ધ સંકલન માત્ર છે.]*

**(૨)** ગુરુના સીમિત અવગ્રહક્ષેત્રમાં પ્રવેશ કરીને આ સૂત્રથી વંદન કરવામાં આવે છે અર્થાત્ અતિ દૂર કે અતિ નિકટથી વંદન કરવામાં આવતાં નથી.

**(૩)** ઉભડક આસનથી બેસી બે વાર આ પાઠનું ઉચ્ચારણ કરવામાં આવે છે.

**(૪)** ચાર વાર ત્રણ-ત્રણ આવર્તન કરવામાં આવે છે. ચાર વાર મસ્તક ઝુકાવીને વંદન કરવામાં આવે છે. તેથી કુલ ૧૨ આવર્તન સાથે ચાર વાર મસ્તકથી વંદન પૂર્ણ કરવામાં આવે છે.

**(૫)** ગુરુદેવની સંયમ યાત્રાની સુખશાતા પૂછવામાં આવે છે અને પોતાના અપરાધોની અથવા કોઈ પણ પ્રકારના અવિનય, અશાતનાઓની ક્ષમાયાચના કરવામાં આવે છે. મન, વચન અને કાયાથી અથવા ક્રોધ આદિના વશમાં થઈને કોઈ પણ ભગવદાજ્ઞા કે ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન થયું હોય તો તેનું સમુચ્ચય રૂપે પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**(૬) બાર આવર્તન–** ૧. **अहो** ૨. **कायं** ૩. **काय** ૪. **जत्ताभे** ૫. **जवणिज्जं** ૬. **च भे**; આ છ શબ્દો ઉપર ૬ આવર્તન પ્રથમ વારમાં થાય છે અને છ આવર્તન પુનઃ બીજીવારના આ પાઠ ઉચ્ચારણમાં કરવામાં આવે છે. તે રીતે કુલ ૧૨ આવર્તન થાય છે.

**(૭)** આવર્તનથી ગુરુદેવની ભક્તિ તેમજ બહુમાન કરવામાં આવે છે. આ ક્રિયા આરતી ઉતારવાની જેમ જ ગુરુની જમણી બાજુથી ડાબી બાજુ તરફ હાથની અંજલિ ફેરવીને કરવામાં આવે છે. આ સૂત્રમાં ગુરુ માટે અત્યધિક બહુમાન સૂચક 'ક્ષમાશ્રમણ' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.*[નોંધ– ઘણા લોકો*





*પરંપરાના કારણે ગુરુના ડાબેથી જમણી તરફ આવર્તન કરવા રૂપ અંજલિ (હથેળી સંપુટ) ફેરવે છે, જે આરતી આદિના અનેક પ્રમાણોથી અશુદ્ધ પ્રતીત થાય છે.]*

**પ્રશ્ન–૬ : ચોથા આવશ્યકમાં કેટલા પાઠ છે અને તેના ભાવાર્થ શું છે ?**

**જવાબ– મંગલ સૂત્ર :– (૧)** લોકમાં **૧.** અરિહંત **૨.** સિદ્ધ **૩.** સાધુ અને **૪.** સર્વજ્ઞો દ્વારા ઉપદિષ્ટ ધર્મ એ ચારેય ઉત્તમ છે, મંગલ સ્વરૂપ છે અને શરણભૂત છે. **(૨)** નમસ્કાર મંત્રમાં કહેવામાં આવેલ પાંચ પદ અહિંયા ત્રણ પદમાં કહેવામાં આવ્યા છે અને એ પાંચ પદોને પ્રાપ્ત કરાવનાર ધર્મને ચોથા પદથી કહ્યું છે. **(૩)** આ રીતે ધર્મને નમસ્કરણીય વંદનીય પદોમાં એટલે નમસ્કારમંત્રમાં કહેવામાં આવેલ નથી પરંતુ લોકમાં ઉત્તમ, મંગલ અને શરણભૂત પદોમાં એટલે આ પાઠમાં ધર્મને લેવામાં આવેલ છે. **(૪)** મતલબ કે શરણભૂત તો ધર્મ તથા ધર્મી આત્માઓ બંને હોય છે, પરંતુ નમસ્કરણીય તો ધર્મી આત્માઓ જ હોય છે, ધર્મ નમસ્કરણીય હોતો નથી એમ આ બે પાઠોથી સ્પષ્ટ થાય છે. **(૫)** અરિહંત, સિદ્ધ,સાધુ અને સર્વજ્ઞ કથિત ધર્મ સિવાય જે કાંઈપણ લોકમાં ઉત્તમ કે મંગલ અથવા શરણભૂત માનવામાં આવે છે તે લૌકિક દૃષ્ટિએ કે બાલ દૃષ્ટિએ હોય છે, પરંતુ આધ્યાત્મ દૃષ્ટિથી વાસ્તવમાં તે મંગલરૂપ કે શરણભૂત હોતા નથી. **(૬)** આ સૂત્રને 'મંગલપાઠ', 'માંગલિક', 'મંગલિક' આદિ નામો દ્વારા ઓળખવામાં આવે છે.

**સમુચ્ચય અતિચાર પ્રતિક્રમણ સૂત્ર :– (૧)** આ સૂત્રમાં **ईच्छामि ठामि** એ પ્રથમ પદ છે તેથી તેને **ઈચ્છામિ ઠામિનો પાઠ** પણ કહેવામાં આવે છે. **(૨)** આ સૂત્રમાં સંક્ષિપ્તમાં પ્રતિક્રમણ કરવા યોગ્ય સ્થાનોનું સંકેતપૂર્વકનું વર્ણન છે, જેમ કે– (અ) ભગવાનની આજ્ઞા વિરુદ્ધ મન, વચન, કાયાની પ્રવૃતિ, (બ) અયોગ્ય, અકલ્પ્ય આચરણ, દુર્ધ્યાન, માઠું ચિંતન (ક) જ્ઞાન-દર્શન-ચારિત્રમાં અતિચરણ (ડ) શ્રુત જ્ઞાન, સામાયિક, ગુપ્તિ, મહાવ્રત પિંડેષણા તથા બ્રહ્મચર્યની નવ વાડ, દસ શ્રમણધર્મ આદિમાં અતિચરણ (ઈ) કષાય વિજયમાં અને છ કાય રક્ષણમાં સ્ખલના. આ પ્રકારે આ પાઠમાં સાધુ ગુણોના અતિચારનું દેવસીય સંક્ષિપ્ત પ્રતિક્રમણ છે. **(૩)** શ્રાવક પ્રતિક્રમણ સૂત્રની અપેક્ષા આ પાઠમાં મહાવ્રત આદિની જગ્યાએ ૧૨ વ્રતના અતિચારની વિશેષતા છે, શેષ સમાનતા છે.

**ગમનાગમન પ્રતિક્રમણ સૂત્ર :– (૧)** આ સૂત્રનો પ્રથમ શબ્દ **ईच्छाकारेणं** હોવાથી તેને ઈચ્છાકારેણંનો પાઠ કહેવામાં આવે છે. માર્ગમાં ચાલવાથી કે બીજી અન્ય શારીરિક ક્રિયાઓ કરવામાં નાના-નાના જીવોની જાણતા-અજાણતા

વિરાધના થતી રહે છે, તેનું પ્રતિક્રમણ-શુદ્ધિકરણ આ સૂત્રથી કરવામાં આવે છે. **(૨)** તે જીવોના આ પ્રકાર છે– **૧.** પ્રાણી–કીડી, મકોડી, કંથવા આદિ **૨.** અનેક પ્રકારના બીજ **૩.** લીલું ઘાસ, ફૂગ અન્ય વનસ્પતિ, અંકુરા આદિ **૪.** પાણી, ઝાકળ બિંદુ આદિ **૫.** સચિત માટી, નમક આદિ અથવા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય તથા પંચેન્દ્રિય.

**(૩)** જીવ વિરાધનાના પ્રકાર– **૧.** તેમની ગતિમાં અવરોધ કરવો **૨.** ધૂળ, વસ્ત્ર આદિથી ઢંકાઈ જવું, ઢાંકી દેવા **૩.** મસળવા, રગદોળવા **૪.** એક જ જગ્યાએ અનેક જીવોને સરકાવીને એકઠા કરવા **૫.** ચોટ લગાડવી **૬.** પરિતાપ–કષ્ટ આપવું **૭.** કિલામના = અધિક કષ્ટ આપવું **૮.**ઉપદ્રવિત = ભય પમાડવો **૯.** એક સ્થળેથી બીજે સ્થળે ખસેડવા, સ્થાન ભ્રષ્ટ કરવા **૧૦.** જીવન રહિત, પ્રાણ રહિત કરવા, મારી નાખવા.

આ પ્રકારે આ ક્રમમાં વિશેષ-વિશેષ જીવ વિરાધનાના બોલ સમજવા જોઈએ.

**પ્રશ્ન–૭ : શ્રમણ સૂત્રના પાંચ પાઠોનો ભાવાર્થ શું છે ?**

**જવાબ–નિદ્રા પ્રતિક્રમણ સૂત્ર :–** **(૧)** આ સૂત્રમાં સાધુઓની શયનવિધિમાં થતાં અતિક્રમણોનો નિર્દેશ છે તથા સ્વપ્નાવસ્થા દરમ્યાન સંયમ મર્યાદાનું ઉલ્લંઘન થવાનો નિર્દેશ પણ છે.

**(૨) શયન દોષ– ૧.** વધુ સમય સુધી સૂવું **૨.** વારંવાર સૂવું કે દિવસે સૂવું **૩.** પથારી પર બેસતાં-સૂતાં, હાથ-પગ આદિ અંગોપાંગોને ફેલાવવા-સંકોચવા આદિ ક્રિયા કરતી વખતે પોંજવાનો વિવેક ન રાખવો. **૪.** જૂ આદિનો સંઘટ્ટો થવો **૫.** છીંક, બગાસા સંબંધી અયતના થવી **૬.** ઉંઘમાં બોલવું, દાંત પીસવા **૭.** આકુળ-વ્યાકુળ થવું એટલે ઉતાવળથી સૂઈ જવું, શયનવિધિરૂપ કાયોત્સર્ગ આદિ ન કરવા.

**(૩) સ્વપ્નાવસ્થાના દોષ– ૧.** અનેક સંકલ્પ-વિકલ્પોની જંજાળરૂપ સ્વપ્ન જોવું **૨.** સ્ત્રી આદિના સંયોગ સંબંધી સંયમ વિપરીત સ્વપ્ન જોવું અથવા સ્ત્રી વિકાર, દષ્ટિ વિકાર કે મનો વિકાર સંબંધી સ્વપ્ન જોવું **૩.** આહાર-પાણી, ખાવા-પીવા સંબંધી સંયમ મર્યાદા વિરુદ્ધ સ્વપ્ન જોવું, જેમ કે રાત્રિએ ખાવું, અકલ્પનીય વસ્તુ લાવવી, ખાવી, ગૃહસ્થના ઘેર ખાવું, અદત્ત વસ્તુ લાવવી, ખાવી.

ઈત્યાદિ શયન, નિદ્રા અને સ્વપ્ન સંબંધી દોષો અતિચારોનું આ સૂત્રથી ચિંતન-સ્મરણ કરી પ્રતિક્રમણ કરવામાં આવે છે.





**ગોચરી પ્રતિક્રમણ સૂત્ર :– (૧)** ગાયના ચરવાની ક્રિયા સમાન એક ઘરેથી અલ્પમાત્રામાં આહારાદિ લેવાની પ્રક્રિયાના કારણે તેનું નામ 'ગોચરી = ગોચર ચરિયા' છે. અનેક ઘરોથી ફરીને આહારાદિ પ્રાપ્ત કરવાના કારણથી તેને 'ભિક્ષા ચરિયા' કહેવામાં આવે છે. **(૨)** અહિંસા મહાવ્રત આદિની રક્ષા હેતુ આ ચરિયામાં વિવિધ નિયમોનું પાલન કરવામાં આવે છે. આ નિયમોને ગવેષણા, એષણા આદિ નામોથી ઓળખવામાં આવે છે. આ નિયમોમાં જાણતાં-અજાણતાં કોઈ અતિચરણ થયું હોય, ઉલ્લંઘન થયું હોય તેનું પ્રતિક્રમણ આ સૂત્રથી કરવામાં આવે છે. **(૩)** એમ તો એષણાના ૪૨ દોષ કહેવામાં આવે છે તેમજ સૂત્રોમાં તે સિવાય પણ અનેક દોષોનું કથન છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં સંખ્યા નિર્દેશ કર્યા વગર કેટલાક દોષોનું સંકલન કરવામાં આવેલ છે.

**(૪)** પ્રતિક્રમણ યોગ્ય કથિત અતિચાર આ મુજબ છે– **૧.** ઘરના દ્વારને ખોલવું કે આજ્ઞા વગર ખોલવું. **૨.** કૂતરા, વાછરડા, બાળકો આદિનું સંઘટ્ટન થઈ જવું કે સ્ત્રી આદિનો સ્પર્શ થઈ જવો. **૩.** ઈંતેજારીયુક્ત વ્યવસ્થિત જુદા રાખેલ આહારાદિમાંથી લેવું. **૪.** બલિ કર્મ યોગ્ય કે પૂજાનો આહાર લેવો. **૫.** ભિક્ષાચર યાચક અથવા શ્રમણો માટેના સ્થાપિત અર્થાત્ તેઓને દેવા માટે જ નક્કી કરેલ આહારમાંથી વહોરવો. **૬.** નિર્દોષતામાં શંકા હોય તેવી વસ્તુ લેવી. **૭.** ભૂલથી સદોષ આહારાદિ લેવા. **૮.** અયોગ્ય, અનેષણીય આહાર, પાણી, બીજ, લીલોતરી આદિ ખાવા. **૯. પશ્ચાત્કર્મ અને પૂર્વ કર્મ–** દાન દેવાની પહેલા કે પછી દાતા દ્વારા હાથ આદિ ધોવાનો દોષ. **૧૦. અભિહત–** સામે ન દેખાય તેવી જગ્યાએથી લાવીને આપવામાં આવેલ વસ્તુ લેવી. **૧૧.** પૃથ્વી, પાણી આદિથી લિપ્ત કે સ્પર્શિત વસ્તુ લેવી. **૧૨.** ઢોળતાં થકા કે ફેંકતા થકા અર્થાત્ ભિક્ષા દેતી વખતે જળ, કણ, બુંદ આદિ ઢોળતા થકા ભિક્ષા દેતા હોય તેવી ભિક્ષા લેવી. **૧૩.** ભિક્ષા દેતી વખતે વચ્ચે-વચ્ચે કંઈક ફેંકવા યોગ્ય વસ્તુને, પદાર્થને ફેંકી દે અને એવું કરતા થકા ભિક્ષા દે તે લેવી અથવા પરઠવા યોગ્ય પદાર્થને ભિક્ષામાં લેવા. **૧૪.** વિશિષ્ટ ખાદ્ય પદાર્થોને માંગીને કે દીનતા કરીને લેવા અથવા જે પદાર્થ સ્વાભાવિક રીતે જ્યાં સુલભ ન હોય તેવા પદાર્થની યાચના કરવી. **૧૫.** એષણાના ૪૨ દોષોમાંથી કોઈ દોષથી યુક્ત આહારાદિ લેવાં.

**(૫)** આ દોષો જો અજાણતા લાગે, તો તેની પ્રતિક્રમણથી શુદ્ધિ થાય છે. કોઈ વિશિષ્ટ દોષ(આધાકર્મી સચેત આદિ)થી યુક્ત આહાર ભૂલથી આવી જાય તો ખબર પડવા છતાં ખાવો એ પણ સ્વતંત્ર દોષ છે. તેથી તેવા આહાર આદિને

યોગ્ય સ્થાનમાં પરઠવામાં આવે છે પરંતુ ખાવામાં આવતા નથી. **(૬)** જાણીને લગાડેલ દોષોનું સ્વતંત્ર પ્રાયશ્ચિત્ત(તપ આદિ) પણ હોય છે. **(૭)** પ્રતિક્રમણના સમય સિવાય અર્થાત્ ગોચરીએથી આવ્યા પછી પણ આ પાઠનો કાયોત્સર્ગ કરવામાં આવે છે.

**સ્વાધ્યાય પ્રતિલેખન–પ્રતિક્રમણ સૂત્ર :– (૧)** સ્વાધ્યાય સમાપ્તિ તથા પ્રતિલેખન સમાપ્તિ પછી કાયોત્સર્ગ કરી આ સૂત્ર પર ચિંતન કરી પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**(૨)** દિવસ-રાત્રિના પ્રથમ અને અંતિમ પ્રહર, એમ ચારેય પ્રહર સ્વાધ્યાય કરવાનો કાળ છે. તેમાં યથાસમયે સ્વાધ્યાય ન કરવો તેને પણ અહીં અતિચાર દર્શાવેલ છે. આ ચારેય સમયે સાધુ-સાધ્વીજીએ સૂત્રોનો સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ.

**(૩)** સાધુના સંયમ ઉપયોગી જે પણ ઉપકરણ–વસ્ત્ર, પાત્ર, રજોહરણ, પૂંજણી આદિ તથા પુસ્તક, પાના , ડંડા આદિ સકારણ રાખવામાં આવતાં ઉપકરણોની બંને સમય પ્રતિલેખના કરવામાં આવે છે– ૧. સવારે અને ૨. સાંજે અર્થાત્ પ્રથમ પ્રહરમાં અને ચોથા પ્રહરમાં.

**(૪)** પ્રતિલેખન જતનાપૂર્વક તથા વિધિપૂર્વક કરવામાં આવે છે, આવું વિધિયુક્ત પ્રતિલેખન સર્વથા ન કર્યું હોય કે અવિધિ, અજતનાથી કરેલ હોય તો તેનું પ્રતિક્રમણ તથા પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે. તેમજ સ્વાધ્યાય ન કરવાથી તથા અવિધિએ કે નિષેધ કરેલ સમયે સ્વાધ્યાય કરવાથી પણ પ્રાયશ્ચિત્ત આવે છે. તે જ રીતે પ્રમાર્જન (પૂંજવા સંબંધી) પ્રતિક્રમણ પણ આ સૂત્રથી થાય છે.

**તેત્રીસ બોલ પ્રતિક્રમણ સૂત્ર :–** સાધુ આચારના અનેક પ્રકીર્ણક વિષયોને અહિંયા ૧ થી ૩૩ સુધીની સંખ્યાના (આધારે) સંગ્રહ કરેલ છે. આ બધા જ બોલોમાં કહેવામાં આવેલ આચારના વિધિ નિષેધરૂપ વિષયોમાં કોઈ પ્રકારની સ્ખલના થઈ હોય, અતિચાર દોષ લાગ્યા હોયતો તેનું ચિંતન-સ્મરણ કરી આ સૂત્રથી પ્રતિક્રમણ કરવામાં આવે છે. આ પાઠમાં આવેલા વિષયોનું વિભાજન આ પ્રમાણે છે–

**વિધિરૂપ વિષય–** સમિતિ, ગુપ્તિ, મહાવ્રત, બ્રહ્મચર્યની ૯ વાડ, યતિ ધર્મ, પડિમાઓ શ્રમણની તથા શ્રાવકની, પચ્ચીસ ભાવના, સત્તાવીસ અણગાર ગુણ, અઠ્યાવીસ આચાર પ્રકલ્પ તથા બત્રીસ યોગ સંગ્રહ આદિ. **નિષેધરૂપ વિષય–**





અસંયમ, દંડ, બંધ, શલ્ય, ગર્વ, વિરાધના, કષાય, સંજ્ઞા, વિકથા, ક્રિયા, કામગુણ, ભય, મદ, ક્રિયાસ્થાન, અબ્રહ્મ, સબળ દોષ, અસમાધિ સ્થાન, પાપ સૂત્ર, મહામોહ બંધ સ્થાન, તેત્રીસ આશાતના. **જ્ઞેય વિજ્ઞેય વિવેક રૂપ વિષય–** ૬ કાયા, ૬ લેશ્યા, જીવના ચૌદ ભેદ, પરમાધામી, સૂયગડાંગ સૂત્રના અધ્યયનો, જ્ઞાતા સૂત્રના અધ્યયનો, ત્રણ છેદ સૂત્રોના ઉદ્દેશક(અધ્યયન), ૨૨ પરીષહ, ૨૪ દેવતા, ૩૧ ભેદ સિદ્ધોના. આ ભેદ તથા અધ્યયન જાણવા યોગ્ય તેમજ વિવેક કરવા યોગ્ય છે. **ઉભય રૂપ વિષય–** ચાર ધ્યાનમાં બે ધ્યાન વિધિરૂપ છે, બે ધ્યાન નિષેધરૂપ છે. આ પ્રકારે તેત્રીસ બોલ સુધી સમગ્ર આચારના સંગ્રહિત વિષયોમાં જાણવા યોગ્ય જાણ્યા ન હોય, આચરણ કરવા યોગ્યનું આચરણ ન કર્યું હોય, ત્યાગવા યોગ્યનો ત્યાગ ન કર્યો હોય, વિવેક કરવા યોગ્યનો વિવેક ન કર્યો હોય, સહન કરવા યોગ્યને સહન ન કર્યું હોય ઈત્યાદિ આપણી વિવિધ ભૂલોનું અને કર્તવ્યોનું જ્ઞાન કરાવનાર આ તેત્રીસ બોલનું સૂત્ર છે.

**નિર્ગ્રંથ પ્રવચન શ્રદ્ધાન, નમન અને પ્રતિક્રમણ સૂત્ર :– (૧)** આ સૂત્રમાં નિર્ગ્રંથ પ્રવચન એટલે વીતરાગ ધર્મનું મહત્ત્વ બતાવ્યું છે. ૨૪ તીર્થંકરોને તથા સમસ્ત શ્રમણ ગુણ યુક્ત મહાત્માઓને નમસ્કાર કરવામાં આવ્યું છે. તેમજ પોતાની શ્રદ્ધા, સંયમની પ્રતિજ્ઞાનું સ્મરણ તથા તેનું પ્રતિક્રમણ કરવામાં આવ્યું છે.

**(૨)** આ વીતરાગ ધર્મ સત્ય, અનુત્તર, શ્રેષ્ઠ, હિતાવહ, મુક્તિદાતા તથા સમસ્ત દુઃખોથી છોડાવનાર છે. આ ધર્મના આચરણ તથા શ્રદ્ધામાં સ્થિત પ્રાણી એક દિવસ અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે.

**(૩)** તેથી આ ધર્મની અંતરમનથી સમજપૂર્વક શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરવી જોઈએ તથા લગનીપૂર્વક તેનું પાલન કરવું જોઈએ.

**(૪)** સૂત્રમાં પ્રતિજ્ઞા તેમજ પ્રતિક્રમણ યોગ્ય વર્ણિત સ્થાન–**૧.** અસંયમ ત્યાગ–સંયમ ધારણ **૨.** અબ્રહ્મચર્ય ત્યાગ–બ્રહ્મચર્ય ધારણ **૩.** અકલ્પનીય ત્યાગ–કલ્પનીય આચરણ **૪.** અજ્ઞાનત્યાગ–જ્ઞાન ધારણ-વૃદ્ધિ **૫.** અક્રિયા(અનુદ્યમ) ત્યાગ–ક્રિયા(ઉદ્યમ) ધારણ **૬.** મિથ્યાત્વ ત્યાગ–સમ્યક્ત્વ ધારણ **૭.** અબોધિ ત્યાગ–બોધિ ધારણ **૮.** ઉન્માર્ગ ત્યાગ–સન્માર્ગ ગ્રહણ.

જે પણ દોષ યાદ હોય કે યાદ ન હોય તે બધાનું પ્રતિક્રમણ થાય છે, તેમાંથી કોઈ પાપોનું પ્રતિક્રમણ પૂર્વ પાઠોના ઉચ્ચારણ ચિંતનમાં ન થઈ શક્યું હોય, તેનું અહિંયા સમુચ્ચયરૂપે પુનઃ પ્રતિક્રમણ આ પાઠથી કરવામાં આવે છે.

**(૫) શ્રમણગુણ :–** જતના કરનાર, પાપોથી દૂર રહેનાર, ઈન્દ્રિયોને વશમાં રાખનાર, ભાવી ફળની ઈચ્છા-આકાંક્ષા ન કરનાર, સુદૃષ્ટિથી સંપન્ન, કપટ પ્રપંચથી મુક્ત, આવા ગુણ સંપન્ન સાધુ અઢી દ્વીપના પંદર કર્મ ભૂમિ ક્ષેત્રોમાં હોય છે. આ શ્રમણો મુખ્યરૂપે મુખવસ્ત્રિકા, રજોહરણ, પૂંજણી, વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોને રાખનાર હોય છે, મુખ્ય પાંચ મહાવ્રતોને ધારણ કરનાર હોય છે અને વિશાળ દૃષ્ટિએ જોતાં અઢાર હજાર શીલ-ગુણોને ધારણ કરનારા, નિર્દોષ પરિપૂર્ણ સંયમનું પાલન કરનારા હોય છે. આવા ગુણોના ધારક સાધુને આ સૂત્રથી ભાવપૂર્વક વંદન કરવાની સાથે મસ્તક ઝુકાવીને વંદન પણ કરવામાં આવે છે.

**પ્રશ્ન–૮ : સર્વ જીવ ક્ષમાપના પાઠનું મહત્ત્વ કઈ રીતે છે ?**

**જવાબ– (૧)** વ્રત શુદ્ધિરૂપ પ્રતિક્રમણની સાથે-સાથે હૃદયની પવિત્રતા, વિશાળતા અને સમભાવોની વૃદ્ધિ હેતુ ક્ષમાપના ભાવની પણ આત્મ ઉન્નતિમાં પરમ આવશ્યકતા છે. તેથી પ્રતિક્રમણ અધ્યાયના સમસ્ત સૂત્રો પછી આ ક્ષમાપના સૂત્ર આપવામાં આવેલ છે. ***આ સૂત્રનું પાંચમા આવશ્યકના 'કાયોત્સર્ગ'માં ચિંતન-મનન કરી આત્માને વિશેષ વિશુદ્ધ બનાવી શકાય છે.***

**(૨)** આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે પૂર્ણ સરળતા અને શાંતિની સાથે, સમસ્ત પ્રાણીઓના અપરાધોને ઉદાર ચિંતન સાથે માફ કરી પોતાના મન-મસ્તિષ્કને તેમના પ્રત્યે પરમ શાંત અને પવિત્ર બનાવી લેવું જોઈએ.

**(૩)** અહંભાવ દૂર કરી પોતાની યત્કિંચિત ભૂલોનું સ્મરણ કરી, સ્વીકાર કરી, તેનાથી સંબંધિત આત્માઓની સાથે લઘુતાપૂર્વક(નમ્રતાપ્રર્વક) ક્ષમા યાચના કરી, તેમના હૃદયને શાંત કરવાનો પોતાનો ઉપક્રમ(પ્રયત્ન) કરી લેવો જોઈએ.

**(૪)** આપણી મનોદશા એવી બની જવી જોઈએ કે જગતના સમસ્ત પ્રાણીઓની સાથે મારી મૈત્રી જ છે, કોઈની પણ સાથે અમૈત્રી કે વેર વિરોધ ભાવ નથી. જે પણ કોઈ વેર ભાવ ક્ષણિક બની ગયેલ હોય તેને દૂર કરી ભૂલાવી દેવો જોઈએ અને સમભાવ દ્વારા માનસમાં મૈત્રીભાવ સ્થાપિત કરી દેવો જોઈએ. આ રીતે પ્રસ્તુત પાઠમાં સમસ્ત આત્મ દોષોની આલોચના, નિંદા, ગર્હા, આદિ સમ્યક પ્રકારે કરવાનું સૂચન છે. તેમજ મન, વચન અને કાયાના પ્રતિક્રમણનો ઉપસંહાર કરતાં થકાં અંતમાં ૨૪ તીર્થંકરોને વંદન કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૯ : પાંચમા આવશ્યકમાં આવેલ પાઠનો ભાવાર્થ શું છે ?**

**જવાબ– (૧)** આ સૂત્ર **तस्स उत्तरी करणेणं** શબ્દથી શરૂ થાય છે, તેથી તેને





**તસ્સઉત્તરીનો પાઠ** પણ કહેવામાં આવે છે. પ્રત્યેક કાયોત્સર્ગ પહેલાં આ સૂત્રનું ઉચ્ચારણ કરવામાં આવે છે. તેથી આ **કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર** છે.

**(૨)** કાયોત્સર્ગ એક આભ્યંતર તપ છે. આત્માને શ્રેષ્ઠ-ઉન્નત બનાવવા માટે, અકૃત્યોના પ્રાયશ્ચિત કરવા માટે, આત્માને વિશુદ્ધ અને દોષ રહિત બનાવવા માટે, આત્મ ચિંતન કરવા માટે તથા પાપ કર્મોનો વિશેષ ક્ષય કરવા માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે. આમાં કાયાના સંચારનો ત્યાગ કરવામાં આવે છે, સ્થિર રહેવામાં આવે છે, તો પણ સ્વાભાવિક અનેક કાયિક પ્રક્રિયાઓ અને કાયિકવેગ રોકી શકાતા નથી, તેનો આગાર પણ કાયોત્સર્ગમાં રહે છે.

**(૩)** તે આગાર આ પ્રમાણે છે– **૧.** ✓ાસ લેવો **૨.** ✓ાસ છોડવો **૩.** ખાંસી **૪.** છીંક **૫.** બગાસું **૬.** ઓડકાર **૭.** વાયુનિસર્ગ **૮.** ચક્કર આવવા **૯.** મૂર્ચ્છા આવવી **૧૦.** સૂક્ષ્મ અંગ સંચાર **૧૧.** સૂક્ષ્મ ખેલ–કફ સંચાર **૧૨.** સૂક્ષ્મ દૃષ્ટિ સંચાર.

**(૪)** આવી ઉપરોક્ત શારીરિક આવશ્યક પ્રક્રિયાથી કાયાનો સંચાર થવા છતાં પણ કાયોત્સર્ગની મર્યાદાનો ભંગ થતો નથી, કાયોત્સર્ગની વિરાધના થતી નથી.

**(૫)** અન્ય કોઈ પણ આત્મિક ચંચળતા, અસ્થિરતાને કારણે કાયિક સંચાર કરવાથી કાયોત્સર્ગની મર્યાદાનો ભંગ થઈ જાય છે.

**(૬)** કાયોત્સર્ગમાં કાયાને સ્થિર રાખવામાં આવે છે, વચનથી પૂર્ણ મૌન રહેવામાં આવે છે તથા ચિંતન-મનન પણ લક્ષિત વિષયમાં જ કેન્દ્રિત કરવામાં આવે છે અર્થાત્ જે લક્ષ્યથી કાયોત્સર્ગ કરવામાં આવે છે, તેમાં જ ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે. જ્યારે ચિંતનનું કોઈ પણ પ્રકારનું લક્ષ્ય ન હોય ત્યારે શુદ્ધ અર્થાત્ વિકલ્પ કે ચિંતન રહિત, નિર્વિકલ્પ કાયોત્સર્ગ કરવામાં આવે છે, તેમાં પૂર્ણ યોગ વ્યુત્સર્જન કરવામાં આવે છે.

**(૭)** કાયોત્સર્ગનો વિષય કે સમય પૂર્ણ થવા પર 'નમો અરિહંતાણં' શબ્દના ઉચ્ચારણ સાથે તેને પૂર્ણ કરવામાં આવે છે, સમાપ્ત કરવામાં આવે છે અર્થાત્ કાયોત્સર્ગ પાળવામાં આવે છે.

**(૮)** પ્રતિક્રમણમાં મુખ્ય રૂપે બે કાયોત્સર્ગ હોય છે– **૧.** અતિચાર ચિંતન **૨.** તપ ચિંતન અથવા ક્ષમાપના ચિંતન.

***[નોંધ :– અતિચાર ચિંતનના પાઠો અને ક્ષમાપના ચિંતનનો પાઠ સૂત્રમાં છે પરંતુ તપ ચિંતનનો પાઠ સૂત્રમાં નથી. તેનાં ચિંતન માટે જિજ્ઞાસુ પાઠક આગમ સારાંશખંડ–૮માં આવશ્યક સૂત્રના પરિશિષ્ટ વિભાગમાં જુએ.]***

## પ્રશ્ન–૧૦ : છઠ્ઠા આવશ્યકમાં આવેલ ૧૦ પ્રત્યાખ્યાનના પાઠનો ભાવાર્થ શું છે અને તેમાં કહેલ આગારોનું વિશ્લેષણ શું છે ?

**જવાબ– (૧)** પ્રતિક્રમણ અને વિશુદ્ધિકરણ પછી તપ રૂપી પ્રાયશ્ચિત્ત સ્વીકારવું, એ પણ આત્મા માટે પુષ્ટિકારક થાય છે. તપથી વિશેષ કર્મોની નિર્જરા થાય છે, તેથી આ છઠ્ઠા આવશ્યકમાં ઈત્વરિક અનશન તપરૂપ ૧૦ પ્રત્યાખ્યાનના પાઠ કહેવામાં આવેલ છે. તેમાં સંકેત પ્રત્યાખ્યાન પણ છે અને અદ્ધા પ્રત્યાખ્યાન પણ છે.

**નમસ્કાર સહિતં(નવકારસી) :–** પ્રારંભના પ્રથમ પ્રત્યાખ્યાનના પાઠમાં 'સહિયં' શબ્દનો પ્રયોગ થયો છે, જે 'ગંઠી સહિયં', 'મુટ્ઠિ સહિયં'ના પ્રત્યાખ્યાન જેવો છે. તેથી **સહિત** શબ્દની અપેક્ષાએ આ સંકેત પ્રત્યાખ્યાન થાય છે. સંકેત પ્રત્યાખ્યાનોમાં કાળની નિશ્ચિત મર્યાદા હોતી નથી, તે સંકેતમાં નિર્દિષ્ટ વિધિએ ગમે ત્યારે પૂર્ણ કરી લેવામાં આવે છે. કાળ મર્યાદા ન હોવાથી સંકેત પ્રત્યાખ્યાનોમાં સર્વ સમાધિ પ્રત્યયિક આગાર હોતો નથી, કારણ કે પૂર્ણ સમાધિ ભંગ થવાની અવસ્થા પહેલાં જ સંકેત પચ્ચક્ખાણ ગમે ત્યારે પાળી શકાય છે.

તદ્નુસાર નવકારસીના પાઠમાં પણ આ આગાર કહેવામાં આવેલ નથી અને નમસ્કાર સહિતં શબ્દ પ્રયોગ કરવામાં આવેલ છે. તેથી આ અદ્ધા પ્રત્યાખ્યાન નથી પરંતુ સંકેત પ્રત્યાખ્યાન છે અર્થાત્ તેમાં સમયની કોઈ પણ મર્યાદા હોતી નથી, સૂર્યોદય પછી ગમે ત્યારે નવકાર મંત્ર ગણી આ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવામાં આવે છે. બાકી બધા (૯) અદ્ધા પ્રત્યાખ્યાન છે.

નવકારસી પ્રખ્યાખ્યાનમાં ચારે ય આહારનો ત્યાગ હોય છે, તેમજ બે આગાર હોય છે, (૧) ભૂલથી ખાઈ લેવાય (૨) અચાનક પોતાની મેળે જ મોઢામાં ચાલ્યું જાય, તો આગાર.

***[નોંધ :– વર્તમાન પરંપરાઓમાં નવકારસીને અદ્ધાપ્રત્યાખ્યાન માનવામાં આવે છે જેમાં તેનો સમય ૪૮ મિનિટનો નિશ્ચિત કરેલ છે. માટે વર્તમાન રૂઢ પ્રત્યાખ્યાનની અપેક્ષાએ તે પાઠના પ્રારંભમાં णमुक्कार सहियंના સ્થાને नमुक्कारसीयं બોલવું યોગ્ય થાય છે અને આગાર બેના સ્થળે ત્રણ બોલવા જોઈએ. અર્થાત્ તેમાં सव्व समाहि वत्तियागारेणं આગાર વધારે બોલવું જોઈએ.]***

આ રીતે ૪૮ મિનિટની નવકારસીને પરંપરા સત્ય કે રૂઢ સત્ય સમજી શકાય.





આ સૂત્રનું આગમોચિત અને વ્યવહારોચિત નામ છૂટીને રૂઢ નામ પ્રચલિત છે. યથા– (૧) આગમિક નામ **नमस्कार सहितं** (૨) વ્યવહારોચિત નામ **णमुक्कारसी** અને (૩) રૂઢનામ– **नवकारसी** ।

**પોરસી :–** દિવસના ચોથાભાગને એક પોરસી કહે છે, સૂર્યોદયથી લઈ પા દિવસ વીતે ત્યાં સુધી ચારેય આહારનો ત્યાગ કરવાને 'પોરસી પ્રત્યાખ્યાન' કહે છે. પોરસી આદિ ૯ પ્રત્યાખ્યાનોમાં હીનાધિક વિવિધ આગાર છે.

**પૂવાર્દ્ધ(પુરિમઙ્ઢ) :–** બે પોરસી. તેમાં સૂર્યોદયથી અડધા દિવસ સુધી ચારેય આહારનો ત્યાગ હોય છે.

**એકાસણું :–** તેમાં એક સ્થાને બેસી એક વખત ભોજન કરવામાં આવે છે, તે સિવાયના સમયમાં ત્રણેય આહારનો ત્યાગ હોય છે. માત્ર અચેત પાણી લઈ શકાય છે.

**એક સ્થાન(એકલ ઠાણા) :–** તેમાં એક વાર, એક સ્થાને ભોજન કરવા સિવાય બાકીના સમયે ચારેય આહારનો ત્યાગ કરવામાં આવે છે, અર્થાત્ આહાર-પાણી એક સાથે જ લેવામાં આવે છે.

**નીવી :–** તેમાં એકવાર રૂક્ષ(વિગય રહિત) આહાર કરવામાં આવે છે, પાંચે ય વિગયોનો અને મહાવિગયનો ત્યાગ હોય છે. એકવારના ભોજન સિવાય ત્રણેય આહારનો ત્યાગ હોય છે. અચેત પાણી દિવસે પી શકાય છે. ખાદિમ-સ્વાદિમનો આ તપમાં સર્વથા ત્યાગ હોય છે.

**આયંબિલ :–** તેમાં એક વાર ભોજન કરવામાં આવે છે, જેમાં એક જ અથવા જે મળે તે રૂક્ષ પદાર્થને અચેત પાણીમાં ડુબાડી-ભીંજાવી નીરસ બનાવી ખાઈ તથા પી શકાય છે. અન્ય કાંઈપણ ખાઈ શકાતું નથી. એક વારના ભોજન સિવાય દિવસમાં જરૂરિયાત અનુસાર અચેત પાણી લઈ શકાય છે.

**ઉપવાસ :–** તેમાં સૂર્યોદયથી લઈ બીજા દિવસના સૂર્યોદય સુધી ચારેય આહારનો ત્યાગ કરવામાં આવે છે. પરંપરાથી દિવસમાં અચેત પાણી પીવાય છે.

**દિવસ ચરિમ :–** ભોજનપછી ચોથા પ્રહરમાં જ્યારે ચારેય આહારનો ત્યાગ કરવામાં આવે છે, તેને દિવસ ચરિમ પ્રત્યાખ્યાન કહે છે. આ પ્રત્યાખ્યાન સૂર્યાસ્ત પહેલાં ગમે ત્યારે લઈ શકાય છે. આ પ્રત્યાખ્યાન હંમેશા કરી શકાય છે અર્થાત્ આહારના દિવસે અથવા આયંબિલ, નીવી તેમજ તિવિહાર ઉપવાસમાં પણ આ

દિવસ ચરિમ પ્રત્યાખ્યાન કરી શકાય છે. તેમાં સૂર્યાસ્ત સુધીનો અવશેષ સમય તેમજ પૂર્ણ રાત્રિનો કાળ નિશ્ચિત હોય છે, તેથી આ પણ અદ્ધા પ્રત્યાખ્યાન છે. તેથી આ પ્રત્યાખ્યાન પાઠમાં 'સર્વ સમાધિ પ્રત્યયિક' આગાર કહેવામાં આવે છે.

**અભિગ્રહ :–** આગમ નિર્દિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી વિશિષ્ટ નિયમ અભિગ્રહ કરવા અને અભિગ્રહ સફળ ન થતાં ધારેલ તપસ્યા કરવી. આવા અભિગ્રહ મનમાં ધારણ કરવામાં આવે છે, પ્રગટ કરવામાં આવતા નથી. સમય પૂર્ણ થયા પછી આવશ્યક હોય તો જ કહેવામાં આવે છે.

આ દશ પ્રત્યાખ્યાનોમાંથી કોઈપણ પ્રત્યાખ્યાન કરવાથી આ છટ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક પૂર્ણ થાય છે.

**દસ પ્રત્યાખ્યાનના ૧૫ આગારોના અર્થ :–**

**(૧) અણાભોગ :–** પ્રત્યાખ્યાનની વિસ્મૃતિથી અર્થાત્ ભૂલથી અશનાદિને ચાખવાનું અથવા ખાવા-પીવાનું થઈ જાય તો આગાર.

**(૨) સહસાકાર :–** વૃષ્ટિ થવાથી, દહીં આદિ મંથન કરતાં, ગાય આદિ દોહતાં, મોઢામાં ટીપાં-છાંટા પડી જાય તો આગાર.

**(૩) પ્રચ્છન્નકાળ :–** સઘન વાદળ આદિના કારણે પોરસી આદિનો બરાબર નિર્ણય ન થવાથી સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તેનો આગાર.

**(૪) દિશા મોહ :–** દિશા ભ્રમના કારણે પોરસી આદિનો બરાબર નિર્ણય ન થવાથી સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તો તેનો આગાર.

**(૫) સાધુ વચન :–** 'પોરસી આદિનો સમય પૂર્ણ થઈ ગયો' – આ પ્રકારે કોઈ સાધુ (સભ્ય પુરુષ)ના કહેવાથી સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તો આગાર.

**(૬) સર્વ સમાધિ પ્રત્યયાગાર :–** સંપૂર્ણ સમાધિ ભંગ થઈ જાય અર્થાત્ આકસ્મિક રોગાતંક થઈ જાય તો તેનો આગાર.

**(૭) મહત્તરાગાર :–** ગુરુ આદિની આજ્ઞાનો આગાર.

**(૮) સાગારિકાગાર :–** ગૃહસ્થના આવી જવાથી સાધુને સ્થાન પરિવર્તન કરવાનો આગાર(એકાસણામાં)

**(૯) આકુંચન પ્રસારણ :–** હાથ-પગ આદિ ફેલાવવાનો અથવા સંકુચિત કરવાનો આગાર(એકાસણામાં)

**(૧૦) ગુર્વભ્યુત્થાન :–** ગુરુ આદિના વિનય માટે ઊભા થવાનો આગાર.





**(૧૧) પારિષ્ઠાપનિકાગાર :–** વધેલ આહાર પરઠવો પડે તેમ હોય તો તેને ખાવાનો આગાર.(વિવેક રાખવા છતાં પણ ગોચરીમાં આહાર અધિક આવી જાય, આહાર વાપર્યા પછી પણ શેષ રહી જાય તો ગૃહસ્થ આદિને દેવો કે રાત્રે રાખવો એ સંયમ વિધિ નથી, તેથી એવો આહાર પરઠવા યોગ્ય હોય છે. તે ખાવાનો અનેક પ્રત્યાખ્યાનમાં સાધુને આગાર રહે છે. ગૃહસ્થને આ આગાર હોતો નથી.)

**(૧૨) લેપાલેપ :–** શાક, ઘી આદિથી લિપ્ત વાસણમાં રાખેલો કે તેવા પદાર્થને સ્પર્શેલો ગૃહસ્થ વહોરાવે, તેનો આગાર.

**(૧૩) ઉત્ક્ષિપ્ત વિવેક :–** રૂક્ષ આહાર ઉપર રાખેલા સૂકા ગોળ આદિને ઉઠાવીને દે તો તે લેવાનો આગાર.

**(૧૪) ગૃહસ્થ સંસૃષ્ટ :–** દાતાના હાથે, આંગળી આદિએ લાગેલ ગોળ-ઘી આદિનો લેપ માત્ર રૂક્ષ આહારમાં લાગી જાય તેનો આગાર.

**(૧૫) પ્રતીત્ય પ્રક્ષિત :–** કોઈ કારણો અથવા રિવાજથી કિંચિત અંશ માત્ર વિગય લગાડવામાં આવે તો તેનો આગાર. જેમ કે બાંધેલા લોટ પર ઘી લગાડવામાં આવે છે, પાપડ કરતી વખતે તેલ ચોપડવામાં આવે છે. દૂધ કે દહીંના વાસણ ધોયેલ ધોવણ પાણી ઈત્યાદિ આ પદાર્થોનો નિવીમાં આગાર હોય છે.

**નોંધ :–** કયા પ્રત્યાખ્યાનમાં કયા કયા આગાર છે તે મૂળ પાઠ જોઈને જાણવાનો પ્રયત્ન કરવો, તેની સંખ્યા આ પ્રકારે છે–

| ક્રમ | તપનામ | આગાર | ક્રમ | તપનામ | આગાર |
|---|---|---|---|---|---|
| ૧. | નવકારસીમાં | ૨ | ૬. | નિવીમાં | ૯ |
| ૨. | પોરસીમાં | ૬ | ૭. | આયંબિલમાં | ૮ |
| ૩. | પૂર્વાર્ધ–પુરિમડ્ઢમાં | ૭ | ૮. | ઉપવાસમાં | ૫ |
| ૪. | એકાસણામાં | ૮ | ૯. | દિવસ ચરિમમાં | ૪ |
| ૫. | એકલઠાણામાં | ૭ | ૧૦. | અભિગ્રહમાં | ૪ |

નવકારશીમાં સર્વસમાધિ પ્રત્યયિક આગાર હોતો નથી, બાકી બધામાં હોય છે. પરિઠાવણિયાગાર પાંચમાં હોય છે, પાંચમાં ન હોય. (૧) એકાસણુ (૨) એકલઠાણુ (૩) નીવી (૪) આયંબિલ (૫) ઉપવાસમાં હોય છે. મહત્તરાગાર બેમાં હોતા નથી–નવકારસી અને પોરસીમાં, બાકીના આઠમાં હોય છે. પ્રતીત્ય

પ્રક્ષિત આગાર માત્ર નીવીમાં જ હોય છે. લેપાલેપ, ઉત્ક્ષિપ્તવિવેક, ગૃહસ્થ-સંસૃષ્ટ આ ત્રણ આગાર આયંબિલ અને નીવી આ બે પ્રત્યાખ્યાનોમાં જ હોય છે. અણાભોગ અને સહસાગાર આ બે આગાર બધા જ પ્રત્યાખ્યાનોમાં હોય છે.

**પ્રશ્ન–૧૧ : છઠ્ઠા આવશ્યકમાં આવેલ અંતિમ મંગલપાઠ સિદ્ધ સ્તુતિનો અર્થ–ભાવાર્થ શું છે ?**

**જવાબ– (૧)** આ સૂત્રમાં પ્રથમ શબ્દ **નમોત્થુણં** છે, આ કારણે આ સૂત્રને 'નમોત્થુણંનો પાઠ' પણ કહેવામાં આવે છે.

**(૨)** શકેન્દ્ર આદિ ઈન્દ્ર દેવલોકમાં પણ તીર્થંકરોને તથા સિદ્ધોને આ સૂત્રપાઠથી સ્તુતિ સાથે નમસ્કાર કરે છે. આ કારણે આ સૂત્રનું નામ 'શક્રસ્તવ' પણ છે.

**(૩)** આ પાઠમાં કેટલાક સ્તુતિ શબ્દ અરિહંતને માટે લાગુ પડે છે, કેટલાક શબ્દ સિદ્ધોને માટે અને કેટલાક શબ્દ બંનેને માટે છે તથા કેટલાક શબ્દ અપેક્ષાથી બંનેમાં ઘટિત કરવામાં આવે છે.

**(૪)** ઘણા લોકોમાં એવો ભ્રમ પણ પ્રચલિત છે કે ત્રીજુ નમોત્થુણં ગુઢને કરવામાં આવે છે, પરંતુ આગમમાં ગુઢને માટે નમોત્થુણંનો આ પાઠ પૂરો બોલવામાં આવતો નથી. કેવળ 'નમોત્થુણં' એક જ શબ્દ બોલવામાં આવે છે, બાકી બીજા શબ્દો જ બોલવામાં આવે છે.

**(૫)** આ સૂત્રના અંતમાં **ઠાણં સંપાવિઉકામાણં** પાઠ બોલવાથી સૂત્રોક્ત બધાં જ ગુણો તીર્થંકરોમાં ઘટિત થઈ જાય છે.

**ઠાણં સંપત્તાણં** કહેવાથી થોડાક ગુણ સિદ્ધોમાં ઘટિત થઈ જાય છે, બાકી બધાં ગુણોને અપેક્ષાથી કલ્પિત કરીને સિદ્ધોમાં ઘટિત કરી શકાય છે.

અરિહંતાણં, ભગવંતાણંથી શરૂ કરી સર્વજ્ઞ સર્વદર્શી સુધીના બધા ગુણ સ્વાભાવિક રૂપે તીર્થંકર અરિહંત ભગવંતોમાં ઘટિત થાય છે. સાર એ છે કે સિદ્ધોના ગુણ તીર્થંકરોમાં ભાવિ નયની અપેક્ષા અને અરિહંતોના ગુણ તીર્થંકર સિદ્ધોમાં ભૂત નયની અપેક્ષા અધ્યાહાર કરીને સ્વીકાર કરવામાં આવ્યા છે.

**સ્તુતિગત ગુણ :–** ધર્મની આદિ કરવાવાળા, સ્વયં સંબુદ્ધ, પુઢષોત્તમ, ઉત્તમ સિંહ, કમળ તેમજ ગંધ હસ્તિની ઉપમાવાળા, લોકના નાથ, લોકમાં જ્ઞાન પ્રકાશ કરવાવાળા, જીવોને શરણ, બોધિ અને ધર્મ દેવાવાળા, ધર્મના ચક્રવર્તી, વીતરાગી, શ્રેષ્ઠ જ્ઞાન દર્શનના ધારક, સર્વજ્ઞ-સર્વદર્શી, સ્વયં તરવાવાળા અને બીજાને બોધ દઈને તારનાર, અવ્યાબાધ સુખના સ્થાનરૂપ મોક્ષ ગતિને પ્રાપ્ત કરેલ અથવા





કરનાર ઈત્યાદિ. આ ગુણોનો નિર્દેશ કરવાની સાથે જ સૂત્રના પ્રારંભમાં અને અંતમાં જિને✓ર ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

**પ્રશ્ન–૧૨ : શ્રાવક પ્રતિક્રમણના પાઠ કયા છે ?**

**જવાબ–**આવશ્યક સૂત્રના ૬ આવશ્યકમાં શ્રમણ પ્રતિક્રમણના પાઠો છે. શ્રાવકના ૧૨ વ્રતોના પાઠ, ૬ આવશ્યક પછી ચૂલિકા રૂપે છે. એમ નિર્યુક્તિ ભાષ્ય વ્યાખ્યાઓથી જ્ઞાત થાય છે. બાકીના બધા પાઠ શ્રમણ પ્રતિક્રમણના એટલે કે આવશ્યક સૂત્રના ૬ આવશ્યકમાં છે તે જ કોઈક શબ્દ પરિવર્તન કરી સ્વીકારવાના છે, જેમ કે– **સવ્વં સાવજ્જં જોગં**ના સ્થાને **સાવજ્જં જોગં. જાવજ્જીવાએ**ના સ્થાને **જાવનિયમં. તિવિહં તિવિહેણં**ના સ્થાને **દુવિહં તિવિહેણં. ચરિત્તે**ના સ્થાને **ચરિત્તા ચરિત્તે. અસમણ પાઉગ્ગો**ના સ્થાને **અસાવગપાઉગ્ગો.** આ રીતે શબ્દ બદલ કરીને બધા જરૂરી પાઠ સમજી લેવાના છે.

આવશ્યક સૂત્રના મૂળપાઠ લેખન પ્રકાશનમાં ચૂલિકા રૂપે શ્રાવકના ૧૨ વ્રતના પાઠ ભૂલથી છૂટી જાય છે. માત્ર શ્રાવક પ્રતિક્રમણમાં તે પાઠો લઈ લેવાય છે. જેમ દશવૈકાલિકની બે ચૂલિકા છે તેમ આવશ્યકની ચૂલિકા રૂપ બાર અણુવ્રતના પાઠ તેની સાથે રાખવા જોઈએ. વ્યાખ્યાકારોએ તે પાઠોને ચૂલિકા રૂપે કહીને વ્યાખ્યા કરી છે. આ રીતે શ્રાવક પ્રતિક્રમણ પણ આવશ્યક સૂત્રમાં છે તેમ સમજવું જોઈએ.

***આગમ જિજ્ઞાસુ વાચકને આ આગમ પ્રશ્નોત્તર ઉપયોગી થશે. છતાં જિન આગમ અને જિનવાણીથી ઓછું, અદકું કે વિપરીત લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.......સંકલનકાર–ભાષાંતરકાર.***

***નોંધ– જિજ્ઞાસાની વિશેષ પૂર્તિ માટે જ્ઞાની ગુઢજનોનો સમાગમ કરવો.***

॥ આવશ્યક સૂત્ર સંપૂર્ણ ॥

। ચાર મૂલ સૂત્ર સંપૂર્ણ ।

॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૧૦ સંપૂર્ણ ॥

# પરિશિષ્ટ

**પ્રશ્ન– સારાંશ સાહિત્ય વિષે ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જયંત મુનિ મ.સા. નું મંતવ્ય શું છે ?**

જવાબ– પેટરબારથી આવેલા પત્રમાં પૂજ્ય મહારાજશ્રીના ભાવો આ પ્રમાણે છે– મહામનીષી ત્રિલોકઋષિજી દ્વારા ''સારાંશ સાહિત્ય'' પ્રકાશિત થઈ રહ્યું છે. જેમાં ક્રમશઃ બત્રીસ આગમનું સંપાદન થયું છે. આ સાહિત્ય આગમોનો સારભૂત છે, એટલું જ નહીં પરંતુ કેટલાક ક્રાંતિબીજોનું વાવેતર પણ એમાં છે. મુનિશ્રીની વિચારધારા સોળઆના જૈનાગમને અનુકૂળ હોવા છતાં રૂઢિવાદની ''શલ્ય ચિકિત્સા'' કરનારી છે, તે નિર્વિવાદ સત્ય છે.

મુનિશ્રીનું ચિંતન અને મનન નિર્ભેળ, સ્પષ્ટ અને સંયમિત ભાષામાં સત્યનું નિરૂપણ કરે છે. તેમને કોઈ પ્રકારનો સંપ્રદાય મોહ કે બીજા કોઈ અવરોધ માન્ય નથી. તેઓ સૌનું પોતપોતાના સ્થાને સન્માન જાળવીને પણ;પરંપરામાં જે વૈપર્ય આવ્યું છે, તેના પર ''કરારો'' પ્રહાર કરે છે અને ભગવાન મહાવીર સ્વામીના એક અપ્રતિબદ્ધ સંત તરીકે મહાવીર દર્શનનું સાંગોપાંગ તેમજ આગમને આધારે ઉદ્‌ઘાટન કરે છે; જે વાંચતા આનંદ ઉપજાવે છે.

જોકે સંપ્રદાયથી બંધાયેલા અને પારંપરિક વિચારધારામાં જકડાયેલા વ્યક્તિ કે વ્યક્તિ સમૂહને કદાચ ન ગમે, વિરોધાત્મક પણ લાગે અને મહાવીર દર્શનથી આ સાહિત્ય નિરાળું છે, વિરોધી છે, તેવું કહેવા માટે તે લોકો લલચાય પણ ખરા ! પરંતુ જે રીતે સૂર્યોદય થતા સહજ અંધારૂ નાશ પામે છે, તે રીતે સાચી સમ્યગ્ધારા પ્રકાશિત થતાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થવાનો જ છે. અત્યારે જૈન જગતને ફરીથી જાગવાની તક મળી છે.

આ સાહિત્ય દ્વારા રૂઢિવાદથી મુક્ત થવાના નામે નવા વર્ગને સ્વચ્છંદી બનાવવાનો ઉદ્દેશ ઝલકતો નથી પરંતુ આગમ મનીષી મુનિશ્રીનું સારાંશ સાહિત્ય ભગવાન મહાવીર સ્વામીના ત્રૈકાલિક હિતદર્શનની સાથે જોડીને રૂઢિવાદની સીમાઓથી પર થઈ વ્યાપક દર્શન કરાવે છે.





**મંગલકામના :–** મહા મનીષી ત્રિલોકઋષિજી ! આપનો આ પ્રયાસ સફળ થાય તેમ અમો ઈચ્છીએ છીએ. કારણ કે આપના ચિંતનની દરેક પંક્તિમાં ક્રાંતિના બીજો સંચિત રહેલા છે. આગમોની સત્યતાપૂર્ણ ઋજુભરી ભાવનાઓ પર અને આગમ નિર્મળ પ્રરૂપણા ઉપરપરંપરાનો જે જંગ લાગી રહેલ છે અને દુરાગ્રહના વાદળો છવાઈ ગયા છે તેનું નિવારણ કરવા માટે આપનો આ સાહિત્યિક ભગીરથ પુઢષાર્થ આગમના મૌલિક બીજોને (ગૂઢ તત્ત્વોને) અવશ્ય નવપલ્લવિત કરશે.

ooooo

*◆ જે સાધુ કે સાધ્વી આચારાંગ અને નિશીથ સૂત્ર અર્થ સહિત કંઠસ્થ કરે નહીં કે ભૂલી જાય તો તે જિન શાસનના આચાર્ય આદિ કોઈપણ પદના અધિકારી નથી અને પદ ગ્રહણ કર્યા પછી પણ આ શાસ્ત્રોને ભૂલી જાય તો તેને પદરિક્ત કરાય છે.*

*◆ આચારાંગ-નિશીથ સૂત્રને કંઠસ્થ ધારણ ન કરનારા કે ભૂલી જનારા સાધુ-સાધ્વી સંઘાડા પ્રમુખ બનીને વિચરણ પણ ન કરી શકે.*

*◆ આચાર્ય ઉપાધ્યાયને યુવા સાધુ-સાધ્વીનું પરીક્ષણ કરતા રહેવું જોઈએ કે તેઓ આ બે સૂત્રો ભૂલી તો ગયા નથી અને ભૂલી જાય તો તેનું કારણ પૂછી યોગ્ય પ્રાયશ્ચિત્ત દેવું.–વ્યવહાર સૂત્ર ।*

*◆ સંભવતઃ ૧૪૦૦૦ જૈન શ્રમણ–શ્રમણીઓમાં ૩૦–૪૦ શ્રમણ પણ આચારાંગ નિશીથ સૂત્રના ધારણ કરનાર હશે નહીં, છતાં પણ મુખી બનીને વિચરણ કરે છે, પદ ધારણ કરે છે, તેઓનું તે આચરણ આગમ વિપરીત છે તોપણ તેઓ આ આગમની વાતનો સ્વીકાર કરી શકતા નથી.*

# સૌજન્ય દાતાઓની શુભ નામાવલી

(૧) શ્રી લલિતચંદ્ર મણીલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૨) શ્રી જીતેન્દ્રભાઈ મનસુખલાલ(સિયાણીવાળા), સુરેન્દ્રનગર
(૩) શ્રી શાહ કાંતિલાલ નાગરદાસ પરિવાર, સુરેન્દ્રનગર
(૪) શ્રી હરખચંદભાઈ લાલજી સાંવલા(પ્રાગપરવાળા), ન્યૂ બોમ્બે
(૫) શ્રી રમણિકલાલ નાનચંદજી દોશી, સુરેન્દ્રનગર
(૬) શ્રી દેવસીભાઈ તલકસી પરિવાર, સુરેન્દ્રનગર. હસ્તે : નિતીનભાઈ
(૭) શ્રી અરવિંદભાઈ ચિમનલાલ સંઘવી, અમદાવાદ
(૮) શ્રી અનોપચંદભાઈ મંગલજી મોરબીયા, ગાંધીનગર
(૯) શ્રી કિશોરભાઈ ખેતાણી, અમદાવાદ, મુંબઈ
(૧૦) શ્રી બિપીનભાઈ અમોલખભાઈ શાહ, અમદાવાદ
(૧૧) શ્રી ચિમનલાલ ઉમ્મેદચંદ શેઠ, અમદાવાદ
(૧૨) શાહ હરખચંદ માડણ, (ભચાઉ–કચ્છ)મુંબઈ
(૧૩) શ્રી વિનોદકાંત હરિલાલ, મુજફ્ફરનગર
(૧૪) શ્રી નલિનકાંત મોતીચંદ દોશી, રાજકોટ
(૧૫) શ્રી જયવંતભાઈ જસાણી, મુંબઈ–ઘાટકોપર
(૧૬) શ્રી પ્રદ્યોત દફતરી, બોરીવલી(વેસ્ટ) મુંબઈ
(૧૭) શ્રી લતાગૌરી યશવંતરાય અજમેરા, રાજકોટ
(૧૮) શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
(૧૯) શ્રી ચંદ્રિકા મણિલાલ વોરા, ગામ ખારોઈ, વાગડ
(૨૦) શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
(૨૧) શ્રી સાધ્વી સુબોધિકા(ભદ્રા) જૈન ટ્રસ્ટ, આકોલા
(૨૨) શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણમહિલા મંડળ, આકોલા
(૨૩) શ્રી જયંતીલાલ ભાઈચંદ શાહ, સુરત





(૨૪) શ્રીમતી મંગલાબેન નગીનદાસ તુરખીયા(સુદામડાવાળા) બોરીવલી, મુંબઈ
(૨૫) શ્રી પાર્શ્વવીર વાડીલાલ અજમેરા, રાજકોટ
(૨૬) શ્રી કિરીટભાઈ મણીલાલ શેઠ, અમરોલી–સુરત
(૨૭) શ્રી હીરેન મણીલાલ શેઠ, અમરોલી–સુરત
(૨૮) શ્રી નટવરલાલ મણીલાલ કુવાડીયા, જોરાવરનગર–સુરેન્દ્રનગર
(૨૯) શ્રી મનસુખલાલ પોપટલાલ ચુડગર, સુરેન્દ્રનગર
(૩૦) શ્રી વાડીલાલ મોહનલાલ શાહ, મુંબઈ
(૩૧) શ્રી મંજુલાબેન નગીનદાસભાઈ લાઠિયા, મલાડ–મુંબઈ
(૩૨) શ્રી જયંતિલાલ હીરાચંદ દોશી, જામનગર
(૩૩) શ્રી હીરજી લખમશી વિશરીયા, મુલુંડ–મુંબઈ
(૩૪) શ્રીમતી ઝવેરબેન ડુંગરશી વોરા, અમર સન્સ. બાંદ્રા(મુંબઈ)
(૩૫) શ્રી જયંતીલાલ વલ્લભજી ખારા(ગોંડલવાળા), નાસિક
(૩૬) શ્રી રશ્મિબેન વસંતભાઈ દેસાઈ, બેંગલોર
(૩૭) શ્રી કનકકુમાર બીલખીયા, બેંગલોર
(૩૮) શ્રી મનહરલાલ એલ. પારેખ, બેંગલોર
(૩૯) શ્રીમતી નિરૂબેન નિરંજનભાઈ દોશી, રાજકોટ
(૪૦) શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
(૪૧) શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
(૪૨) શ્રીમતી કિનીતાબેન દિલીપકુમાર ગાંધી, રાજકોટ
(૪૩) શ્રી કીર્તિભાઈ ચંપકલાલ બોરડીયા, બોરીવલી–મુંબઈ
(૪૪) શ્રીમતી નલીનીબેન રામભાઈ ગામ્બટુ(દર્શન ઈંગ્લીશ કલાસીઝ) રાજકોટ
(૪૫) શ્રી વિશ્વ અભ્યુદય જ્ઞાન મંદિર, રાજકોટ
(૪૬) સ્વ. શાંતિલાલ છોટાલાલ શાહ, (સાયલાવાળા) અમદાવાદ
(૪૭) શ્રી ધીરેન્દ્ર પ્રેમજી સંઘોઇ, માટુંગા–મુંબઈ

**(૪૮)** શ્રી ઝવેરીલાલ મેઘજી દેઢિયા(ગુંદાલા–કચ્છ), વાસી–નવી મુંબઈ

**(૪૯)** શ્રીમતી કુસુમબેન હરકિસનભાઈ જસાણી

**(૫૦)** ડો. વિજયભાઈ શાંતિલાલ દફતરી, રાજકોટ

**(૫૧)** સ્વ. નૌતમલાલ ધીરજલાલ પારેખ, હૈદરાબાદ

**(૫૨)** સ્વ. અસૌ. લીલાવંતીબેન નૌતમલાલ પારેખ, હૈદરાબાદ

**(૫૩)** શ્રીમતી ઉષાબેન પ્રવીણભાઈ હરીલાલ કામદાર, રાજકોટ.

**(૫૪)** શ્રી ભારત દેસાઈ, મિલન મેટલ્સ, કલકત્તા

**(૫૫)** શ્રી પ.પૂ. હર્ષસાગરજી મ.સા. પૂના

**(૫૬)** શ્રી નરેન્દ્રભાઈ શાહ, મુંબઈ

**(૫૭)** શ્રી શરદભાઈ શાંતિલાલ શાહ, અંધેરી–મુંબઈ

**(૫૮)** શ્રી મધુબેન.પી. દોશી, ગોંડલ

**(૫૯)** શ્રી ઝવેરીલાલ અમરચંદ પારેખ, રાજકોટ

**(૬૦)** શ્રી મનહર પ્લોટ સ્થા.જૈન સંઘ, રાજકોટ. હઃ ડોલરભાઈ બી. કોઠારી (પ્રમુખશ્રી)

**(૬૧)** શ્રી સુશીલા ઈન્દુલાલ ભીમજી બદાણી, રાજકોટ. હાલ– ઈથોપિયા (આફ્રિકા)

**(૬૨)** શ્રી પ્રતિક્રમણ મંડળ–મહાવીર નગર, રાજકોટ.

**(૬૩)** શ્રી સંજય કાંતિલાલ પારેખ, રાજકોટ (ભાયાવદર), હાલ : સુદાન.

**(૬૪)** શ્રી દીપક પી. સંગોઈ, માટુંગા, મુંબઈ

***સર્વે દાતાઓનો ધન્યવાદ સાથે આભાર...............દલપતભાઈ રામાનુજ***
***મોબા. ૦૯૮૯૮૦ ૩૭૯૯૬***





## ગુજરાતી સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| (૧) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ–૧, ૨ | ૨૦–૦૦ |
| (૨) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ–૩, ૪ | ૨૦–૦૦ |
| (૩) | ચૌદ નિયમ | ૨–૦૦ |
| (૪) | બારવ્રત | ૨–૦૦ |
| (૫) | જૈન શ્રમણોની ગોચરી તથા શ્રાવકાચાર | ૫–૦૦ |
| (૬) | બત્રીસ આગમોનો ગુજરાતી સારાંશ (૮ ભાગોમાં) | ૪૦૦–૦૦ |
| (૭) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી (દસ ભાગોમાં–સંપૂર્ણ ૩૨ આગમ) | ૬૦૦–૦૦ |
| (૮) | વૈજ્ઞાનિક માન્યતા અને જૈનાગમ દૃષ્ટિ | ૨–૦૦ |

## પ્રાપ્તિ સ્થાન : સન્ ૨૦૧૨ થી

**હિન્દી સાહિત્ય :**

**શ્રી વિમલકુમારજી નવલખા**
C/o. નવલખા ટેકસટાઈલ ટ્રેડર્સ,
પોસ્ટ– પીપોદરા (જી.આઈ.ડી.સી)
તાલુકા–માંગરોલ,
જિલ્લા– સૂરત(ગુજરાત)
(મો–૦૯૪૨૬૮૮૩૬૦૫)

**ગુજરાતી સાહિત્ય :**

**શ્રી પ્રકાશમુનિજી મ.સા.**
તુરખિયા રેડીમેઈડ, મેઈન રોડ,
સુરેન્દ્રનગર–૩૬૩ ૦૦૧
(ફોન–(૦૨૭૫૨)૨૨૬૪૫૭
(મો– ૦૯૬૨૪૭૧૧૫૯૬)